મહેકતા ફૂલ

નહજુલ બલાગાહની હદીસો



(ભાગ-૨)

-: ઈ-પ્રકાશક :-

FOUNTAIN OF AHLULBAIT A. FOUNDATION

મહેકતા ફુલ

(ભાગ-૨)

નહજુલ બલાગાહમાંથી હઝરત
અમીરુલ મોઅમેનીન અલી ઇબ્ને
અબી તાલિબ અ.સ.ના નાના
નાના સુગંધિત ફૂલો.

-: ઈ-પ્રકાશક :-
FOUNTAIN OF AHLULBAIT A.
FOUNDATION
palsani76@gmail.com
+91 8652047200

-: કિતાબનું નામ :-

મહેકતા ફૂલ (ભાગ-૨)

-: તરજુમો અને તલખીસ :-

મૌલાના રિઝવાનઅલી પલસાણીયા.
મૌલાના મોહમ્મદતકી હાફીઝ.

-: ઈ-પ્રકાશક :-

FOUNTAIN OF AHLULBAIT A. FOUNDATION
palsani76@gmail.com
+91 8652047200

અનુક્રમણિકા

216. શોહરત 11

217. માણસની સાચી ઓળખ.....16

218. દોસ્તીમાં કમજોરીનું કારણ....21

219. લોભ-લાલચ.....24

220. અનુમાન થકી ફેઆરસલો.....28

221. ખરાબમાં ખરાબ ભાતું.....32

222. મહાન 37

223. શરમ અને હયા 42

224. મહાન મર્તબાઓ 47

225. ઈર્ષા 58

226. લાલચ.....61

227. ઈમાનની હકીકત 66

228. દુનિયાનો ગમ.....70

229. સંતોષની તાકાત - સારા અખલાક 82

230. ભાગીદારી થકી ફાયદો.....87
231. ન્યાય અને એહસાન.....90
232. આપી અને મેળવો.....94
233. જંગની શરૂઆત ન કરો.....97
234. સ્ત્રી-પુરુષની સિફતોનો અસર
.....101
235. અક્કલમંદ અને જાહિલ કોણ?
.....106
236. દુનિયા.....109
237. ઇબાદતના પ્રકાર.....111
238. સ્ત્રીઓની બુરાઈ.....115
239. આળસ અને ચુગલખોરી....119
240. હરામ અને ગસ્બી માલનો અસર
.....122
241. ઝાલિમની સજા.....125
242. પરહેઝગારી.....128

243. જવાબ 133
244. શુક્ર 136
245. શક્તિ 140
246. કુફ્રાને નેઅમત..... 142
247. બક્ષિસ 145
248. હુસ્ને ઝન્ન (સારા વિચારો) . 148
249. બહેતરીન અમલ 151
250. અલ્લાહની ઓળખાણ 155
251. કડવાશ અને મીઠાશ 159
252. વાજિબ વસ્તુઓની મસ્લહત 163
253. ખોટી કસમ..... 177
254. રાહે ખુદામાં ખર્ચ કરવાનું મહત્વ 180
255. ગુસ્સો 187
256. ઈર્ષા 193

257. હાજત પૂરી કરવી 197
258. સદકો 203
259. ગદ્દારી 207
260. પરીક્ષા 211
261. બેવફા સાથી 217
262. હારિસ બિન હવત 221
263. બાદશાહના સાથી 226
264. બીજા સાથે ભલાઈ 229
265. આલિમની વાતનો અસર 232
266. જવાબ 236
267. કાલની વ્યાધિ ન કરો 239
268. દોસ્તી અને દુશ્મની 244
269. જિંદગી દુનિયાની કે આખેરતની 246
270. જવાહિરાત 252

271. ચોરીની સજા 256
272. બિદઅત..... 259
273. નસીબ 264
274. ઇલ્મ અને યકીન 270
275. લાલચ..... 273
276. રિયાકારી (દેખાવ)..... 277
277. અલગ પ્રકારની કસમ 280
278. પાબંદી સાથે કરો ભલે ઓછું 282
279. વાજિબનું મહત્વ..... 286
280. આખેરત..... 289
281. અક્કલ 292
282. ગફલત..... 296
283. જાહિલ અને આલિમ 300
284. બહાનું નહીં ચાલે 304

285. સમયનો સદુપયોગ 307
286. ખરાબ દિવસ..... 313
287. કઝા કદર..... 317
288. ઇલ્મનું મહત્વ..... 321
289. દીની ભાઈ 325
290. અલ્લાહની નાફરમાનીથી બચો
..... 336
291. પુરસો 341
292. રસૂલની કબર ઉપર વિલાપ 348
293. મૂર્ખ સાથે વ્યવહાર ન રાખો352
294. પૂર્વ-પશ્ચિમનો અંતર 355
295. દોસ્ત અને દુશ્મન..... 360
296. દુશ્મનને નુકસાન..... 365
297. નસીહત..... 369
298. અલ્લાહનો ડર 373

299. તૌબા 378
300. આસાન હિસાબ-કિતાબ 382
301. સંદેશો 388
302. દુઆ હંમેશા કરો 392
303. દુનિયાની ઓલાદ 398
304. અલ્લાહનો મોકલેલ 403
305. ઝિના (વ્યભિચાર) 410
306. મોતનો નક્કી સમય 412
307. માલથી લગાવ 415
308. સગપણ 420
309. મોમિન બંદાઓની આશંકાઓ 425
310. અલ્લાહ ઉપર વિશ્વાસ 429
311. ઈમામ અ.ની બદદુઆ 436
312. દિલથી અમલ 440
313. કુરાનમાં બધી વસ્તુ 446

314. બુરાઈથી બદલો. 451
315. સુંદર લખાણ. 455
316. મોમિનોના સરદાર અને... .. 458
317. લોકોના ભડકાવવામાં ન આવવું 466
318. જંગમાં ઇમામની જીત 470
319. ગરીબી અને મોહતાજી 474
320. સવાલ શા માટે પૂછવો? 480
321. ઇમામ અલી અ.સ.ને સલાહ 483
322. કુફ્રાની સ્ત્રીઓ..... 487
323. જંગે નહરવાન..... 489
324. ગવાહ અને ફૈસલો કરનાર 493
325. મુહમ્મદ ઇબ્ન અબૂબક્રની શહાદત 499
326. બહાનું નહીં ચાલે 503
327. સાચી કામયાબી 507

328. ગરીબોનો હિસ્સો 512
329. માફી માંગવા કરતાં બહેતર 517
330. કુફ્રાને નેઅમત..... 520
331. અક્કલમંદની ખુસૂસિયત 523
332. રાજાનું કામ 527
333. મોમિનની સિફ્તો 529
334. મોતની યાદ..... 539
335. તમારા બે ભાગીદાર..... 543
336. વચન પૂરું કરવું 548
337. અમલની જરૂરત..... 552
338. બે પ્રકારના ઇલ્મ 556
339. હુકુમતને અભિપ્રાય 558
340. પાકદામની અને શુક્ર..... 561
341. ઝાલિમ અને મઝલૂમ..... 565
342. સૌથી મોટી દૌલત..... 569

343. પોતાના આમાલનો કૈદી 572
344. મોટી ખોટ 581
345. અનોખી પાકદામની 587
346. માંગવું 591
347. ચાપલુસી અને હસદ 597
348. સૌથી ખરાબ ગુનાહ 601
349. સારા અને ખરાબ ગુણ 606
350. ઝાલિમની નિશાનીઓ 620

હિક્મત ૨૧૬

શોહરત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે સત્તા મળી જાય છે ત્યારે અત્યાચાર કરવા લાગે છે. (જે પોતાની ઇચ્છાઓ સુધી પહોંચી જાય છે તે ઘમંડ કરવા લાગે છે).

આ હદીસમાં ઇમામે ઘણા લોકોની અસલિયત બતાવી છે; જ્યારે કોઇ પોતાની ઇચ્છા મુજબ સત્તા સુધી પહોંચે છે, ત્યારે તે સત્તાનો દુરુપયોગ કરવા લાગે છે.

ઇન્સાન પાસે જ્યારે પણ અલ્લાહની નેઅમતો આવે, ભલે પછી તે સત્તા રૂપે હોય કે દૌલત રૂપે, લોકો સાથે ઓળખાણ રૂપે હોય કે પછી ઇલ્મ અને ડિગ્રીઓ રૂપે, ત્યારે જો તે (તેનો) સાચો શુક્ર અદા

કરે તો અલ્લાહનો પસંદીદા બંદો બની જાય છે. સત્તા આવે તો બીજાઓને ધમકાવવું, માલ આવે તો બીજાઓને નીચા સમજવું, ઇલ્મ આવે ત્યારે બીજાઓને અભણ અને જાહિલ સમજવું વગેરે સિફ્તો માણસમાં ઘમંડી હોવાની નિશાની છે. જે રીતે શૈતાન અલ્લાહની બારગાહથી દૂર થયો, તે જ રીતે (આવો) ઇન્સાન પણ અલ્લાહથી દૂર થઈ જાય છે.

ઇતિહાસ પણ આવા બનાવોની સાક્ષી પૂરે છે. જેમ કે ફિરઔન, નમરૂદ, શદ્દાદ, કારૂન જેવા ઘણા લોકો હલાક થયા તેનું કારણ પણ એ જ હતું કે સત્તા મળી તો દુરુપયોગ કરવા લાગ્યા; માલ મળ્યો

તો અલ્લાહના બંદાઓના હકોને હકદારો સુધી પહોંચતા રોકવા લાગ્યા; ઇલ્મ મળ્યું તો તેને ફક્ત અને ફક્ત પોતાની દૌલત વધારવા માટે વાપરવા લાગ્યા. એનો નતીજો એ આવ્યો કે ઝમાનામાં મૌજૂદ નબીનો વિરોધ કર્યો, કતલ કરવાની કોશિશો કરી, તકલીફો આપવામાં કોઈ પ્રકારની ઉણપ ન રહેવા દીધી. અને ઇતિહાસ એ પણ ગવાહી આપે છે કે ઇમામ અ.સ.ની ઇમામતનો ઇન્કાર પણ સત્તા લાલચુ લોકોએ કર્યો. અને અંતમાં બેઇમાન થઈ દુનિયાથી જાય છે. અને કબ્રના કીડાઓનો ખોરાક બની જાય છે.

પરંતુ જે ઇમાનદાર હોય તેને પૂરી દુનિયાની હુકુમત આપવામાં

આવે તો પણ તેનામાં બિલકુલ ફેરફાર જોવા મળતો નથી, કેમકે તે સમજે છે કે આ બધી જ વસ્તુઓ ફાની (નાશવંત) થવાની છે અને તેનું તેને યકીન છે. (તે) દુનિયાની કોઈ પણ વસ્તુને મહત્ત્વ નથી આપતા, તે તો ફક્ત આખેરત ઉપર ધ્યાન રાખીને અમલ કરે છે. તેમને કોઈ ફર્ક પડતો નથી કે તેમની પાસે કયો ઓહદો છે અને કેટલા પૈસા છે.

જ્યારે મૌલા અલી અ.સ.ને જાહેરી હુકુમત મળી ત્યારે ઇમામ પાસે બધી જ વસ્તુઓ હોવા છતાં આ હુકુમતને કંઈ પણ મહત્ત્વ આપ્યું નહીં અને બિલકુલ સાદગીવાળી જિંદગી ગુજારી.

આપ હઝરત બધાની જેમ સાદી જિંદગી ગુજારતા હતા, રાત્રે ઇબાદત કરતા, ગરીબ અને જરૂરતમંદ લોકોની મદદ કરતા, મઝલૂમ ઉપર અત્યાચાર થયો હોય તો તેને ઇન્સાફ અપાવતા. દુનિયામાં આજ સુધી મૌલા અલી અ.સ. જેવી કોઈએ હુકુમત નથી કરી. આપના સમયમાં લોકો પાસે જિંદગી જીવવાની બહેતરીન જરૂરિયાતો લગભગ બધા પાસે હતી. કોઈ પણ ભૂખ્યું અને ઘર વગર રહ્યું હોય તેવું જોવા મળ્યું નથી.

ઇમામ અ.સ.એ આ દુનિયાને મકસદ નહીં, બલ્કે આખેરત માટે ભાથું બનાવીને લોકો ઉપર સત્તા કરી.

આ દુનિયામાં જે સમય અને નેઅમતો છે તેનો સદુપયોગ કરીને અલ્લાહ અને મુહમ્મદ વ આલે મુહમ્મદ (અ.સ.)ની ખુશીનું કારણ બનવું જોઈએ.

હિકમત ૨૧૭

માણસની સાચી ઓળખ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: હાલતના બદલાવ (ઊંચનીચ)માં ઇન્સાનની સાચી ઓળખાણ થાય છે.

આ હદીસમાં ઇમામ બયાન કરવા ચાહે છે કે જ્યારે ઇન્સાનની જિંદગીમાં સંજોગો બદલાય, જ્યારે ખુશી અને ગમ અથવા આરામ અને સખ્તીના દિવસો આવે, ત્યારે

ઇન્સાનની સાચી પરખ થાય છે કે તે સોનું છે કે કોલસો.

ઇન્સાનનું એક ઝાહિર (બાહ્ય દેખાવ) હોય છે અને એક બાતિન (આંતરિક સ્વભાવ). ક્યારેક ઇન્સાનનું ઝાહિર અને બાતિન બંને સરખું હોય છે, ક્યારેક ઝાહિરમાં સારો હોય છે અને અંદરથી ખરાબ.

તો આ હદીસ કહેવા માંગે છે કે જ્યારે ઇન્સાનની જિંદગીમાં દલદલ અને તોફાન આવે અથવા એકદમ હાલાત બદલાય અને પાવર કે માલ મળી જાય ત્યારે ઇન્સાનની સાચી ઓળખાણ થાય છે અને તેનું ઝાહિર અને બાતિન બંને એક જેવું થઈ જાય છે; જ્યારે કે સામાન્ય

દિવસોમાં તેની ઓળખાણ નથી થતી.

તારીખ અને ઇતિહાસમાં અમુક લોકો આપણને જોવા મળે છે કે તે શરૂઆતમાં તો ઘણા સારા હતા પરંતુ સમય વીતવાની સાથે તે દુનિયાની મોહક જાળમાં ફસાઈ જાય છે; જ્યારે કે તેઓ પહેલા દુનિયાને ખરાબ બોલતા હતા. આ પ્રમાણે (તેઓ) દુનિયા અને આખેરત બંનેમાં નુકસાન ઉઠાવે છે. એ મુજબ બીજું ઉદાહરણ લઈએ કે જે માણસ આપણો ઘણો સારો દોસ્ત અને સાથી હતો પરંતુ જ્યારે તેના પાસે અચાનક માલ-દૌલત આવી જાય અથવા કોઈ પ્રકારનો પાવર મળી જાય તો નજીકના સબંધીઓને ભૂલી

જાય છે; એટલે કે જેવા જ હાલાત બદલાયા તેવી જ પોતાની હકીકત બતાવી દીધી.

નેક માણસ એ હોય છે કે જે હર હાલમાં નેક હોય.

જ્યારે ઇમામ અલી અ.સ. હુકુમત ઉપર બેસે છે ત્યારે ઇમામ કહે છે: અત્યાર સુધી તમે ઘણી મજા કરી; હવે તમને ખબર પડશે કે કોણ સાચું છે અને કોણ ખોટું; કોણે લોકોનો હક ગસ્બ કર્યો (હડપ કર્યો) અને કોણ અમીર બની ગયું. જેઓએ બીજાનો હક ગસ્બ કર્યો છે તે બધા પાસેથી માલ લઈ જેનો હક છે તેને આપવામાં આવશે અને તે લોકો કેવા ઇમાનદાર છે (તેની) ખબર પડી જશે.

અલ્લાહ તઆલા કુરઆન મજીદમાં, સૂરઃઆલે ઇમરાન, આયત નં. ૧૪૦-૧૪૧માં ફરમાવે છેઃ જો તમને (જંગે ઉહદમાં) ઘા લાગ્યો છે તો તે લોકોને પણ એવો જ ઘા (જંગે બદ્રમાં) લાગી ચૂક્યો છે; અને આવા દિવસો અમે લોકો વચ્ચે વારા ફરતી લાવ્યા કરીએ છીએ, અને (આ અણધારી હાર) એ માટે (હતી) કે ઇમાન લાવનારા કોણ છે તે અલ્લાહ જાણી લે અને તમારામાંથી જ અમુક (લોકોને) સાક્ષી કરી લે; અને એ માટે પણ (કે) અલ્લાહ ઇમાન લાવનારાઓની પરીક્ષા લઈ અલગ પાડી નાખે અને નાફરમાનોને (પોતાના) આશીર્વાદથી

વંચિત રાખે. અને અલ્લાહ ઝુલમગારોને દોસ્ત રાખતો નથી.

હિકમત ૨૧૮

દોસ્તીમાં કમજોરીનું કારણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: દોસ્તનું બીજા દોસ્ત પ્રત્યે ઈર્ષા રાખવું એ દોસ્તીમાં કમજોરી (ની નિશાની) છે.

આ નુરાની હદીસમાં ઇમામ અ.સ. ફરમાવે છે કે સાચી દોસ્તીમાં કોઈ એકબીજાથી ઈર્ષા નથી કરતું અને જો ઈર્ષા કરે છે તો તે દોસ્તી ફક્ત નામની દોસ્તી છે, સાચી દોસ્તી નથી.

કેમકે સાચો દોસ્ત એ છે કે જે પોતાના માટે પસંદ કરે તે જ પોતાના દોસ્ત માટે પસંદ કરે.

તો પછી દોસ્તની કામિયાબી ઉપર શા માટે હસદ કરવો જોઈએ? જે હસદ અને ઈર્ષા કરે તેની દોસ્તીમાં ખોટ છે.

સાચો દોસ્ત એ છે જે પોતાના દોસ્તને વધારે સફળ થવા માટે મદદ કરે; અને પોતાના દોસ્તની સફળતા ઉપર ખુશ થાય, ન કે દોસ્ત માટે બૂરું ચાહે.

કેવો દોસ્ત હોવો જોઈએ? તેના વિશે ઇમામ હસન અ.સ. ફરમાવે છે: દોસ્તી એવા લોકો સાથે કરો કે જે તમને બુલંદી તરફ લઈ જાય. જ્યારે તમે તેની ખિદમત કરો તો તે તમારું ધ્યાન રાખે, જ્યારે તમે મદદ માંગો તો તે તમારી મદદ કરે, જ્યારે તમે કોઈ વાત કહો તો એ તમારી

વાતને સાચી માને, અને જ્યારે હક વાત કહો તો તમારો સાથ અને સહકાર આપે. તમે જ્યારે એમની પાસે હાથ લંબાવો તો એ પણ તમારી તરફ હાથ લંબાવે, અને જ્યારે તમારામાં કોઈ કમજોરી જુએ તો તેને છુપાવવાની કોશિશ કરે અને તમારા સારા કાર્યોને બયાન કરે. જ્યારે તેને કોઈ વસ્તુની જરૂરત પડે તો તેને (માંગ્યા વગર) આપે, પછી ભલે તે મોઢેથી બોલે પણ નહીં, અને જો તેને કોઈ પરેશાની આવે તો તેને પણ દુખ થાય. (બિહારુલ અનવાર, ભાગ ૪૪, પેજ ૧૩૮)

હિક્મત ૨૧૯

લોભ-લાલચ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: મોટે ભાગે અક્કલ ખરાબ થવાનું કારણ લોભ અને લાલચ રૂપી વીજળી ચમકવાના લીધે હોય છે.

આ હદીસમાં બયાન કરવામાં આવ્યું છે કે અક્કલનું ખરાબ થવાનું કારણ લોભ અને લાલચ છે.

જો ઇન્સાન પાસે અક્કલ હોય તો તે સમજે છે કે સારું શું છે અને ખરાબ શું છે. પણ જેની પાસે અક્કલ નથી હોતી તેને કંઈ ખબર નથી પડતી અને તે બધું જ કરે છે, પછી ભલે તે સારું હોય કે ખરાબ. કેમકે તે દુનિયાનો લોભી છે, તે બધા જ એવા કામો કરે છે કે જેથી તેની દુનિયા સારી થઈ

જાય. માલ અને દૌલતની લાલચ તેને હક અને સાચી વાતથી દૂર કરી દે છે અને તે બરબાદ થઈ જાય છે.

જ્યારે ઇન્સાન લાલચુ બની જાય છે ત્યારે તેની અક્કલ કામ કરવાનું બંધ કરી દે છે. અને હદીસમાં છે કે અક્કલ જ તમને સારા રસ્તા ઉપર લઈ જાય છે, કેમકે અક્કલ હાદી (માર્ગદર્શક) છે, તે સારો રસ્તો દેખાડે છે. અને જ્યારે અક્કલમાં લાલચ આવી જાય તો તે શું સારું છે અને શું ખરાબ, તે સમજી શકતો નથી. કરબલાના મૈદાનમાં યઝીદની ફોજમાં જે લોકો આવ્યા હતા તે બધાને લાલચ હતી; પૈસા, દુનિયા વગેરે જોઈતું હતું.

અને આ લાલચના ચક્કરમાં તેઓ ઇમામ હુસૈન અ.સ., કે જે રસૂલે ખુદા (સ.અ.વ.)ના નવાસા હતા અને દીને ઇસ્લામના વારિસ હતા, તેમને શહીદ કરી નાખે છે કારણ કે યઝીદ તરફથી તેઓને લાલચ આપવામાં આવી હતી કે માલ આપશે, ઘર આપશે, હુકુમત આપશે. પરંતુ તે લોકોને કશું પણ મળ્યું નહીં અને ઇમામની શહાદતની સજા પણ ભોગવવી પડી. એટલે દુનિયા અને આખેરત બંને બરબાદ થઈ ગઈ.

લાલચમાં એવું લાગે છે કે ફાયદો થશે, પણ નુકસાન ઉઠાવવું પડે છે. એટલે દિમાગમાંથી લાલચ બિલકુલ કાઢી નાખવી જોઈએ. લાલચી ઇન્સાનને કંઈ નથી મળતું, દુનિયા

પણ નથી મળતી અને આખેરત પણ નથી મળતી.

બીજી અમુક હદીસોમાં લાલચ વિશે આ રીતે બયાન કરવામાં આવ્યું છે: ૧ - લાલચ તમને હંમેશા માટે ગુલામ બનાવી દે છે, જે બીજાના ઇશારા ઉપર ચાલે. ૨ - લાલચ તમને ઝિલ્લતની સાંકળમાં બાંધી નાખે છે, (લાલચીની) કોઇ ઇજ્જત નથી. ૩ - લાલચ દુનિયા અને આખેરત બંનેમાં નુકસાન પહોંચાડે છે. (નહજુલ બલાગાહ અને ગુરરુલ હિકમ)

ઇન્સાન લાલચ એ વસ્તુ માટે કરે છે જે તેના હાથમાં નથી અને તે લેવા માટે કોશિશ કરે છે. હવે

કોને ખબર છે કે આ કોશિશ કામિયાબ થવાની છે કે નહીં?

તો પછી શા માટે જે વસ્તુ મળવાનું યકીન નથી તે માટે પોતાને બરબાદ કરવો જોઈએ? અને દુનિયા અને આખેરત બરબાદ કરવી જોઈએ?

લાલચુ ઇજ્જત પણ ખોઈ બેસે છે અને ઇમાન પણ ખોઈ નાખે છે.

હિકમત ૨૨૦

અનુમાન થકી ફેસલો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: એને ઇન્સાફ ન કહેવાય જેમાં ફકત અનુમાન (ગુમાન) લગાવીને ફેસલો આપી દેવામાં આવે.

આ નુરાની હદીસમાં ઇમામ અ.સ.એ એક સામાજિક વસ્તુ ઉપર

રોશની નાખી છે : કોઈ પણ બાબતમાં કોઈના માટે ફેસલો ન આપો જ્યાં સુધી તમારી પાસે યકીન ન આવી જાય.

કુરઆન અને હદીસમાં આવ્યું છે કે તમે કોઈના માટે ખરાબ વિચાર ન લાવો.

કુરઆન મજીદના સૂરએ હુજુરાત, આયત ૧૨માં છે : (અય લોકો કે જે ઇમાન લાવ્યા છો, તમે વધારે પડતા ગુમાનથી બચીને રહો, કેમકે તેમાંના અમુક ગુમાન ગુનાહ છે).

ઇમામ અલી અ.સ. એક હદીસમાં ફરમાવે છે: જ્યારે પણ કોઈ ઇન્સાન બોલે તો જ્યાં સુધી તેનો સાચો અર્થ કાઢવાની શક્યતા

હોય ત્યાં સુધી સાચો અર્થ કાઢો અને ફસાદ ન ફેલાવો. (હિકમત ૩૬૦)

કેમકે શંકા અને અનુમાન ઇન્સાનને ગુમરાહ કરી દે છે.

ક્યારેક ઇન્સાન એવા સારા આદમી ઉપર શંકા કરે છે કે જેનાથી હંમેશા ભલાઈ અને સારા કામો જ જોયા હોય છે, ફક્ત એક શંકાના લીધે તેની બધી જ ભલાઈ અને નેકીઓ ભૂલાઈ જાય છે, અને વર્ષોનો વિશ્વાસ સેકન્ડોમાં તૂટી જાય છે. તો શું આવો ફેસલો સારો કહી શકાય?

ઇમામ અલી અ.સ. બીજી એક હદીસમાં શંકા વિશે ફરમાવે છે : સારા લોકો વિશે શંકા ખૂબ જ મોટો

ગુનોહ છે અને બહુ જ મોટો ઝુલ્મ છે. (ગુરરુલ હિક્મ, હદીસ પદ્૭૫)

ઉપર દર્શાવેલી કિતાબમાં મૌલા અલી અ.સ. ફરમાવે છે : સૌથી ખરાબ લોકો એ છે જે શંકાના લીધે કોઈ ઉપર ભરોસો નથી કરતા અને બીજા તમામ લોકો પણ તેના આવા ખ્યાલો અને કાર્યોના લીધે તેની ઉપર ભરોસો નથી કરતા. (ગુરરુલ હિક્મ, હદીસ પદ્૭૫)

કોઈ પણ ઇન્સાન જ્યારે શક કરે છે તો તે બીજા ઉપર ઝુલ્મ અને અત્યાચાર કરી રહ્યો હોય છે, તો શંકા અને અનુમાનથી બચવું પણ મોટી નેકી છે.

હિક્મત ૨૨૧

ખરાબમાં ખરાબ ભાતું

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ખરાબમાં ખરાબ ભાતું કયામતના દિવસે ખુદાના બંદા ઉપર ઝુલ્મ અને અત્યાચાર કરવું છે.

આ દુનિયા મુસાફિરખાનું છે; અહીંયા આપણે મુસાફર છીએ અને હંમેશની જગ્યા એટલે આખેરત માટે ભાતું ભેગું કરવાનું છે જે સારા કાર્યો કરશે તેનું ભાતું સારું હશે અને જે ખરાબ કાર્યો કરશે, લોકોનો માલ લૂંટશે, બેઇમાની કરશે, લોકોનો હક ખાઈ જશે, આ બધી જ વસ્તુ ઝુલ્મમાં આવે છે ફક્ત કોઈને મારવું જ ઝુલ્મ નથી. ઝુલ્મ તે દરેક વસ્તુને કહેવાય જેનો જે લાયક ન હોય ત્યાં તેને રાખવું અને

આ બંદા માટે બહુ જ ખરાબ ભાતું છે.

કુરઆન મજીદ સૂરએ બકરા આયત ૧૯૭માં આવ્યું છે તમે ભાતું તૈયાર કરો અને તમારું બેહતરીન ભાતું તકવા અને પરહેઝગારી છે.

ગુનાહના બે પ્રકાર છે : એક એવા ગુનાહ કે જેનું નુકસાન ફક્ત પોતાના સુધી છે; તેવા ગુનાહ જો અલ્લાહ પાસે માફી માંગે તો માફીને પાત્ર છે.

ગુનાહનો બીજો પ્રકાર બીજા ઉપર અત્યાચાર કરવો; જ્યાં સુધી જેને હેરાન કર્યો હોય, માફ નહીં કરે ત્યાં સુધી અલ્લાહ પણ માફ નહીં કરે એટલે જ ઇમામ આ

ઝુલ્મને ખૂબ જ મોટો અઝાબ કહે છે.

સમજદાર ઇન્સાન માટે જરૂરી છે કે જ્યારે દુનિયાથી જાય તો એવી રીતે જાય કે તેના દામન ઉપર કોઈ પ્રકારના ગુનાહ અને ઝુલ્મ ન હોય. જો કોઈ ઝુલ્મ કરશે તો તેને દુનિયામાં અને આખેરત બંને જગ્યાએ અઝાબ થશે.

ઇમામ અલી અ.સ. ખુત્બા નં ૧૭૬માં ફરમાવે છે :

એ ઝુલ્મ કે જે ઇન્સાનથી કોઈ પણ દિવસ જુદા નહીં થાય (એટલે જેનો અઝાબ મળતો રહેશે) તે એકબીજાને મારવું છે અને તેના માટે ઇસ્લામમાં ખાસ સજા રાખવામાં આવી છે. (અસલી સજા તો

આખેરતમાં છે જે બહુ જ ખતરનાક અને દર્દનાક છે)

હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે : કયામતના દિવસે ઇન્સાનના દરેક સારા અને ખરાબ આમાલ જાહેર થશે ત્યારે દરેક અમલને એક સૂરતમાં લાવવામાં આવશે અને જે પ્રકારનો ઝુલ્મ કર્યો હશે તે મુજબ ઝાલિમ પાસે આવી ઊભો રહી જશે. (કાફી ભાગ ૨ પેજ ૩૩૨)"

ઇમામ બાકિર અ.સ. એક હદીસમાં ફરમાવે છે : મારા બાબાએ મને આખરી સમયે વસિયત કરી અને ફરમાવ્યું કે જેનો કોઈ સાથ આપવાવાળો અને મદદગાર ન હોય

તેના ઉપર કોઈ દિવસ ઝુલ્મ કરવો નહીં. (કાફી ભાગ ૨ પેજ ૩૩૧)"

એક વાત અહીંયા બતાવવી જરૂરી સમજું છું જ્યારે પણ ઇમામ પોતાના દીકરાને કોઈ વસિયત અથવા નસીહત કરે છે તો તે ઇમામને સંબોધીને બધા ઇન્સાનો સુધી પયગામ પહોંચાડવાનો મકસદ હોય છે; ઇમામ તો માસૂમ હોય તેઓથી કોઈ ભૂલ થતી નથી તે આપણને સમજાવવા માટે હોય છે; અને આખરી સમયમાં વસિયત કરે છે એટલે તે ખૂબ જ અગત્યની વાત હોય તે સમજાવવા માંગે છે અને આપણી ચિંતા ઇમામને કેટલી છે તે આ વાતથી સમજાય છે.

હિક્મત ૨૨૨

મહાન

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: મહાન માણસ (કરીમ ઇન્સાન) લોકોના કામોને જોઈને પણ અજાણ્યો બની જાય છે.

આ હદીસમાં ઇમામ ફરમાવે છે કે જ્યારે કોઈ મહાન ઇન્સાન બીજામાં કોઈ નાપસંદ વસ્તુ જુએ છે; તો તે જોઈને પણ અજાણ બની જાય છે જેથી તે માણસની ઇઝ્ઝત અને આબરૂ ચાલી ન જાય, ઇસ્લામમાં બીજાની ઇઝ્ઝત સાચવવા માટે ઘણો ભાર આપવામાં આવ્યો છે, તે માટે જ ગીબતને હરામ કરવામાં આવી છે.

ઇમામ અલી અ.સ. માલિકે અશ્તરને જ્યારે પત્ર લખે છે તો

તેમાં આપ ફરમાવે છે : બધા સાથે નરમીથી પેશ આવો ચાહે તે તમારાથી નજીક હોય કે દૂર, અને લોકોની ભૂલોને નજરઅંદાજ કરો, કેમકે ઘણા લોકોમાં કંઈકને કંઈક ભૂલ હોય છે, અને તેઓની ભૂલોને છુપાવીને રાખો.

અલ્લાહનો એક ગુણ છે સત્તારુલ ઉયૂબ; એટલે લોકોની ભૂલોને છુપાવનાર, અને અલ્લાહ પણ ચાહે છે કે તેના બંદાઓ પણ એકબીજાની ભૂલો છુપાવે.

હઝરત ઇમામ મુસા કાઝિમ અ.સ. પાસે એક આદમી આવે છે : અય ઇમામ! મારી જાન તમારી ઉપર ફિદા; એક મોમિન ભાઈએ એક ખરાબ કામ કર્યું છે જે તમે

પસંદ નથી કરતા અને તેના આ કાર્યને ૫૦ લોકો કરતાં પણ વધારે બયાન કરી રહ્યા છે

તો ઇમામ ફરમાવે છે : આવી વાતોમાં તમે તમારા કાન અને આંખો બંધ કરી દો અને આવી વાતો ઉપર યકીન ન રાખો ભલે પછી ૫૦ લોકો કસમ ખાઈને ગવાહી આપે કે આ માણસે આ બુરાઈ કરી છે અને તે ના પાડે તો તે ભાઈની વાત માનો.

ક્યારે પણ કોઈની બુરાઈને જાહેર ન કરો, જેના થકી તેની ઇઝ્ઝત ખતમ થઈ જાય, અને તે બુરાઈ લોકોમાં ફેલાઈ જાય. જે માણસ કોઈની બુરાઈ ફેલાવશે તો આ આયતનો હકદાર બનશે. (સૂરએ નૂર આયત ૧૯)"

જે કોઈ ચાહે કે મોમિનોની વચ્ચે બુરાઈ ફેલાય તો તેને દુનિયા અને આખેરતમાં ખતરનાક અઝાબ આપવામાં આવશે; અને બેશક અલ્લાહ બધી જ વસ્તુ જાણે છે અને તમે કંઈ નથી જાણતા. (બિહારુલ અનવાર ભાગ ૭૨ પેજ ૨૧૪)"

અમુક લોકો શૈતાનના વસવસામાં આવી ગુનાહ કરી લે છે અને લોકોને ખબર પણ પડી જાય છે. હવે લોકો તેના ગુનાહને યાદ રાખી લે છે જ્યારે કે ગુનાહની સજા આપવી અલ્લાહનું કામ છે, પણ લોકો તેને બદનામ કરતા ફરે છે; જ્યારે કે આપણને ખબર નથી હોતી કે તે ઇન્સાને કદાચ અલ્લાહ પાસે

માફી માંગી લીધી હોય અને આપણને તેની માફીની ખબર ન હોય.

અને આપણે તે બુરાઈ યાદ કરીને તેને બૂસ્ંભલું કહેતા રહીએ તો પછી ખરાબ કોણ તે ઇન્સાન કે જે બુરાઈ ફેલાવે છે તે?

એટલે કહેવામાં આવ્યું છે કે કોઈની બુરાઈને ફેલાવો નહીં, તેને ઢાંકો; શું ખબર તે ઇન્સાને અલ્લાહ પાસે માફી માંગી લીધી હોય.

તો લોકોનું જાહેર તરફ નજર કરો; તેમના અંદર શું છે તેના તરફ ધ્યાન ન આપો. જે બીજાની જિંદગીમાં દખલગીરી કરશે તો લોકો તેની જિંદગીમાં પણ દખલગીરી કરશે; એટલે કોશિશ કરીએ કે

બીજાના ઐબો અને ભૂલોને છુપાવીએ જેથી ખુદા પણ આપણી ભૂલોને છુપાવે.

હિક્મત ૨૨૩

શરમ અને હયા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જે હયા અને શરમના કપડાથી પોતાને ઢાંકી લે તેની બુરાઇ લોકો સામે નથી આવતી.

આ હદીસમાં હયા અને શરમ વિષે પ્રકાશ પાડવામાં આવ્યો છે જે કોઇ શરમ રાખતું હશે તે ગુનાહ કરતાં ડરશે.

ગુનાહ કરવાની હિંમત કોણ કરે છે? જેની પાસે શરમ નથી હોતી તે, જે લોકો પાસે શરમ હોય છે તે ગુનાહ નથી કરતા અથવા અમુક

સમયે ગુનાહ તો કરે છે પણ શરમ છે તો છુપાવવાની કોશિશ કરે છે એટલે કહેવામાં આવ્યું છે કે જેની પાસે શરમ છે તે પોતાની બુરાઈને ઢાંકી રાખે છે

ઇમામ જાફર સાદિક અ.સ. એક હદીસમાં બહુ જ સારી રીતે હયાની વ્યાખ્યા પર પ્રકાશ પાડે છે અને હયા કેટલી જરૂરી છે તે બયાન કરે છે,

આપના એક સહાબી કે જેનું નામ મુફઝઝલ હતું તેને ફરમાવે છે : અય મુફઝઝલ! આ સિફત ઉપર નજર નાખ જે અલ્લાહ તઆલાએ ફકત ઇન્સાનને આપી છે અને જાનવર આ સિફતથી વંચિત છે. જેની પાસે આ સિફત છે તેઓનો

મરતબો ખૂબ જ ઊંચો અને બુલંદ થઈ જાય છે અને તે સિફ્તનું નામ છે હયા.

જો શરમ અને હયા ન હોત તો ઇન્સાન મહેમાનોનું સ્વાગત ન કરત અને તેનું ધ્યાન ન રાખત; ઇન્સાન વાયદાનું પાલન ન કરત; ઇન્સાન બીજા લોકોની જરૂરત પૂરી ન કરત; ઇન્સાન સારા કાર્યોની પાછળ ન જાત; અને ખરાબ અને બુરા કાર્યોથી બચીને ન રહેતો હોત, અને ઘણા બધા કામો જે વાજિબ છે તે પણ અમુક લોકો શરમના લીધે કરે છે! જો શરમ ન હોત તો લોકોમાં બાપનો હક અદા ન કરત, સિલા રહેમ ન કરત, લોકોની અમાનત પાછી ન આપત, અને કોઈ

પણ બુરાઈ કરવાથી પરહેઝ ન કરત,

શું તે નથી જોયું? કે અલ્લાહે ઘણીબધી સારી સિફતો બયાન કરી છે જે ઇન્સાન માટે ફાયદાકારક અને લઈ જનાર છે એટલે અલ્લાહે તેનો હુકમ આપ્યો છે? (બિહારુલ અનવાર ભાગ ૩ પેજ ૮૧)"

આ હદીસથી જાણવા મળે છે કે ખાલી બુરાઈથી નહીં, સારા અને વાજિબ કામ કરવા માટે પણ આ શરમ મજબૂર કરે છે

એક બીજી હદીસમાં આપણા છેલ્લા નબી હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે કે જેની પાસે શરમ નથી તેની પાસે ઇમાન નથી.

(શર્હે નહજુલ બલાગાહ ઇબ્ને અબીલ હદીદ ભાગ ૧૯ પેજ ૪૭)"

અને આ હયા અને શરમ ઔરતો અને માબહેનો માટે વધારે જરૂરી છે

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે : હયા અને શરમના દસ ભાગ છે તેમાંથી નવ ભાગ ઔરતો માટે અને એક ભાગ મર્દો માટે છે. (મીઝાનુલ હિક્મત ભાગ ૧ પેજ ૭૨૦)"

ઔરતો માટે હયા ખૂબ જ જરૂરી છે, જો સ્ત્રીઓ પાસેથી શરમ ખતમ થઈ જાય તો સમાજમાં કેટલા મોટા મોટા ગુનાહ અને ફિત્ના ઊભા થાય.

એ જ પ્રમાણે મર્દો માટે પણ હયા જરૂરી છે અને કુરઆન મજીદમાં

મર્દોને નજરો ઝુકાવીને રાખવાનો હુકમ આપ્યો છે.

હિકમત ૨૨૪

મહાન મર્તબાઓ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: વધારે પડતી ખામોશી હયબત (ધાક-વિસ્મય)નું કારણ બને છે; ન્યાય કરવાથી દોસ્ત વધે છે; ઉદારતા અને મહેરબાનીથી ઇઝઝતમાં વધારો થાય છે; નમ્રતાથી નેઅમતો સંપૂર્ણ થાય છે; બીજા લોકોનો ભાર ઉપાડવાથી (મદદ કરવાથી) ઓહદો અને સરદારી મળે છે; ન્યાયને પસંદ કરી ફેસલો આપવાથી દુશ્મન ઉપર જીત પ્રાપ્ત થાય છે અને મૂર્ખ લોકો સામે સબ્ર કરવાથી મદદગાર વધે છે.

આ નુરાની કલામમાં ઇમામ સાત વસ્તુ બયાન ફરમાવે છે.

૧- ચૂપ રહેવું હયબત અને ધાકનું કારણ બને છે. કેવી રીતે? કેમકે ચૂપ રહેવું અક્કલમંદી અને હોશિયારીની નિશાની છે

જ્યાં સુધી મોઢું બંધ રહે છે ત્યાં સુધી સામેવાળાને ખબર નથી પડતી કે તે ઇન્સાન કેવો છે તેની ધાક અને હયબત બાકી રહે છે. બીજી વસ્તુ ઇન્સાન જ્યારે ચૂપ રહે છે તો સામેવાળાને એ ખબર નથી પડતી કે આ ઇન્સાન પાસે ઓછું ઇલ્મ છે કે વધારે અને લોકો તેનાથી ડરીને રહે છે

એટલે જ તો કહેવામાં આવ્યું છે ન બોલવામાં નવ ગુણ; અને જ્યારે

ઝબાન ખુલે છે તો ખબર પડે છે કે કોલસાની ખાણ છે કે સોનાની.

અને જીભથી ૩૦ મોટા મોટા ગુનાહો થાય છે; તો જો ઇન્સાન ચૂપ રહેશે તો તે ગુનાહોથી બચી જશે અને તેનો દબદબો પણ બાકી રહેશે.

એક હદીસમાં મળે છે કે એક વખત એક અરબ રસૂલે ખુદા સ.અ.વ. પાસે આવે છે; તો આપ હઝરત ફરમાવે છે: શું હું તને એક એવી વાત ન બતાવું જેના થકી તને હિદાયત મળે અને તું જન્નતમાં દાખલ થઈ શકે?

અરબે કહ્યું: હા! જરૂર બયાન કરો અલ્લાહના રસુલ સ.અ.વ.! રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવ્યું:

અલ્લાહે તને જે વસ્તુ આપી છે તેમાંથી લોકોને દાન કર, મદદ કર.

અરબ: હું પોતે મોહતાજ છું; કેવી રીતે દાન કરી શકું? જન્નતમાં જવા માટે બીજું શું કરું?

રસૂલ સ.અ.વ.: જેની ઉપર ઝુલ્મ થતો હોય તેની મદદ કર.

અરબ: હું કમજોર છું; બીજાની મદદ નથી કરી શકતો.

રસૂલ સ.અ.વ.: જેની પાસે ઇલ્મ ન હોય તેને તાલીમ આપ અને સારી સલાહ આપ.

ત્યાર પછી રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું કે સારી વાતો સિવાય મોઢું ન ખોલ; હું તને કેવી રીતે ખુશખબરી ન આપું જન્નતની? જો જન્નતમાં જવું હોય તો આ વાત ઉપર

અમલ કર. (કાફી ભાગ ૨ પેજ ૧૧૩)"

અહીંયા જે ચૂપ રહેવાની વાત છે તે નકામું બોલવા માટે છે; ન કે હક બોલવા માટે, ઇલ્મ આપવા માટે, અમ્ર બિલ મઅરુફ વગેરે... માટે. જ્યાં બોલવાની જરૂરત છે ત્યાં જરૂર બોલવું જોઈએ અને ન બોલવું અને ચૂપ રહેવું ગુનાહ છે.

૨- ન્યાય બધા માટે કરવાનો છે ભલે પછી તે ગરીબ હોય કે અમીર, દોસ્ત હોય કે દુશ્મન, સગો હોય કે પારકો, આપણો હોય કે પારકો. બધા સાથે ન્યાય કરવાનો છે; કોઈ સાથે ભેદભાવ જહન્નમ તરફ ધકેલી શકે છે.

કિતાબ મીઝાનુલ હિકમતમાં ન્યાય વિષે નાની નાની ૨૦ હદીસ નકલ કરવામાં આવી છે; તેમાંથી અહીંયા અમુક હદીસનું બયાન કરવામાં આવે છે.

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: સૌથી સારી ફઝીલત ન્યાય કરવું છે; બહેતરીન સવાબ ન્યાય કરવામાં છે; ન્યાય કરવાથી ઇખ્તેલાફ દૂર થાય છે અને એકતામાં વધારો થાય છે.

૩- દાન કરવાથી ઇઝઝતમાં વધારો થાય છે.

દાન અને મદદ ફક્ત માલથી જ નથી થતો; જે કંઈ વસ્તુને આપવાથી સામેવાળાની જરૂરત

પૂરી થાય અને મુસીબત દૂર થાય તેને પણ દાન કહે છે.

ઇમામ અલી અ.સ ફરમાવે છે: જે કોઇ નેકી કરવામાં આળસ કરે તે બેઇઝઝત થશે અને જે કોઇ લોકોની મદદ કરશે તેની ઇઝઝતમાં વધારો થશે (ગુરરુલ હિકમ, હદીસ નં. ૮૫૬૧)

૪- નમ્રતા અલ્લાહની નેઅમતોને સંપૂર્ણ કરી દે છે.

નમ્રતાથી નેઅમતોમાં વધારો થાય છે; કેમકે જ્યારે અલ્લાહ જુએ છે કે મારો આ બંદો બધાની સાથે સારો વ્યવહાર રાખે છે, કોઇ દિવસ કોઇને પરેશાન નથી કરતો, બધાની સાથે નરમીથી પેશ આવે છે; તો અલ્લાહ બીજી વધારે નેઅમતો

આપીને તેને સંપૂર્ણ કરી દે છે, અને તેની ઇઝઝતમાં પણ વધારો કરે છે.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: લોકોમાં અલ્લાહની નજીક સૌથી નેક બંદો એ છે જે મહાન હોવા છતાં નમ્રતાથી પેશ આવે. (બિહારુલ અનવાર ભાગ ૭૪ પેજ ૧૭૯)

અલ્લાહની બંદગી દિલથી કરવાના નતીજામાં તેની અંદર નમ્રતા આવી જાય છે ભલે પછી તે નમાઝ, રોઝા અને માસૂમીન અ.સ.ની ઝિયારત હોય યા અન્ય કોઈ નેકી. પરંતુ શરત છે કે આ બધું ખુલૂસ સાથે કરવામાં આવ્યું હોય.

૫- બીજાઓનો ભાર (બીજાઓની તકલીફો દૂર કરવાથી) ઉપાડવાથી સરદારી મળે છે.

લોકોમાં સરદારી મેળવવા માટે સૌથી પહેલાં જરૂરી છે કે લોકોની જરૂરિયાત મુજબ તકલીફો આસાન કરવાની કોશિશ કરે; જ્યારે લોકોનો ભાર ઉપાડે છે ત્યારે લોકો પણ તેવા ઇન્સાનને ચાહવા લાગે છે અને સરદાર બનાવી દે છે; અને જે માણસ બીજાના દુ:ખને મહેસૂસ નથી કરતો તેને કૌમ પણ સરદાર નથી બનાવતી.

ઇમામ જાફર સાદીક અ.સ. ફરમાવે છે: જેની પાસે આ ત્રણ વસ્તુ છે તે સરદાર અને લીડર બની શકે છે:

૧- ગુસ્સો પી જવો; ૨- ભૂલ માફ કરવી; ૩- લોકોની જાન અને માલ દ્વારા મદદ કરવી. (બિહારુલ અનવાર ભાગ ૭૫ પેજ ૨૩૦)

૬- દુશ્મનથી જીતવું હોય તો ન્યાયથી કામ લો.

દુશ્મન ત્યારે આપણાથી જીતે છે કે જ્યારે તેની પાસે આપણા વિરુદ્ધ કોઈ સબૂત હોય; જ્યારે કોઈ ઇન્સાન ન્યાયથી કામ કરે છે તો તેને ચાહવાવાળા પણ વધારે હોય છે; અને જેના ચાહવાવાળા વધારે હોય તેનું દુશ્મન પણ કંઈ બગાડી શકતો નથી.

હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: ન્યાય અખત્યાર કરો જેથી હંમેશા સરદારી કરો.

(બિહારુલ અનવાર ભાગ ૭૪ પેજ ૧૬૬)

અદાલત અને ન્યાયના લીધે જ આસમાન અને જમીન તેની જગ્યાએ બાકી છે; હુકુમતો પણ ન્યાયના લીધે જ ટકે છે.

૭- છેલ્લી વસ્તુમાં કહેવામાં આવ્યું કે મૂર્ખ લોકો સામે સબ્રથી કામ લો.

આ હદીસની જેમ જ ૨૦૬ નં. હિકમતમાં બયાન થયું છે કે મૂર્ખ સામે ન થાવ; તેને કોઈ જવાબ ન આપો; અને તેના સામે સબ્ર કરો.

ઇમામ અલી અ.સ ફરમાવે છે: ઇન્સાનની ખૂબસૂરતી સહનશીલતા અને સબ્રમાં છે.

બીજી હદીસમાં સહનશીલતા વિષે અને સબ્ર વિષે ફરમાવે છે કે સબ્ર અને સહનશીલતા જ્યારે બદલો ન લઈ શકતા હોય તેનું નામ નથી.

પરંતુ સબ્ર એ જગ્યાએ કરવો જોઈએ જ્યારે આપણે તેને બધી રીતે જવાબ આપી શકતા હોઈએ છતાં તેને માફ કરીએ. (ગુરરુલ હિકમ, હદીસ ૬૪૩૭)

હિકમત ૨૨૫

ઈર્ષા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: અજબ થાઉં છું કે ઈર્ષા કરનાર શરીરના સુખ પર ઈર્ષા કેમ નથી કરતો?

ઈર્ષા એક એવી બીમારી છે જે ઇન્સાનનું ઇમાન અને શરીર બંનેને ખતમ કરી નાખે છે.

ઇન્સાનનું શરીર અને રૂહ બંને મળેલા છે એટલે જ્યારે રૂહને તકલીફ થાય છે ત્યારે શરીરને પણ તકલીફ પહોંચે છે; તો જરૂરી છે કે ઇન્સાન પોતાની રૂહને સલામત અને તંદુરસ્ત રાખવા માટે ઈર્ષા, ગીબત, ચુગલી જેવી રૂહાની બીમારીઓથી બચે.

ઇમામ અ.સ. આ મુબારક કલામમાં ફરમાવે છે કે ઈર્ષા શારીરિક અને માનસિક બંને રીતે નુકસાન પહોંચાડે છે; જો બીજાઓના લીધે ઈર્ષા ન છોડી શકતા હોય તો કમસેકમ પોતાના

ઉપર રહેમ ખાઈને ઈર્ષાને છોડી દે જેથી પોતે તંદુરસ્ત રહી શકે.

ઈર્ષાળુ શા માટે મજૂરની તંદુરસ્તી ઉપર ઈર્ષા નથી કરતો? તેની તંદુરસ્તી પર ઈર્ષા કરવી જોઈએ જેથી પોતાની તંદુરસ્તી માટે કોશિશ કરે.

તંદુરસ્તીની કદર ત્યાં સુધી નથી રહેતી જ્યાં સુધી બીમારી ન આવે; જો બીમારી આવ્યા પહેલાં શરીરનો ખયાલ રાખવામાં આવે અને તેનો શુક્ર કરવામાં આવે; તો બીજાઓ વિષે ઈર્ષા કરીને સેહતને ખરાબ નહીં કરે.

ઈર્ષા કરવાથી ઘણા બધા નુકસાન થાય છે જેના વિષે ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ઈર્ષા

તમારી જીભ, દિલ અને શરીરને નુકસાન પહોંચાડે છે; એની સિવાય બીજું કંઈ નથી. (બિહારુલ અનવાર ભાગ ૭૦ પેજ ૨૫૬)

બીજી એક હદીસમાં ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ઈર્ષા તમારા આરામ અને ચૈનને ખતમ કરી દે છે. (બિહારુલ અનવાર ભાગ ૭૦ પેજ ૨૫૬)

હિકમત ૨૨૬

લાલચ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: લાલચી હંમેશા ઝિલ્લતમાં ફસાયેલો રહે છે.

આ નુરાની કલામમાં ઇમામ અ.સ. ફરમાવે છે કે લાલચ એક ખરાબ ગુણ છે અને લાલચું કોઈ દિવસ આગળ વધી શકતો નથી.

લાલચની સામે સંતોષ હોય છે અને સંતોષી માણસ બીજાઓ પાસે શું છે તેની ચિંતા નથી કરતો; પોતાની પાસે જે હોય છે તેના ઉપર અલ્લાહનો શુક્ર કરીને સંતોષ માને છે; તેમાં જ ઇઝઝત અને માનને સાચવી રાખે છે.

લાલચી ઇન્સાનની દુનિયા અને આખેરત બંને ખરાબ થઈ જાય છે; તે દુનિયામાં પણ કંઈ હાસલ નથી કરી શકતો અને આખેરતમાં પણ કશું હાસલ નથી કરી શકવાનો.

હદીસમાં છે કે જે સંતોષી હશે તેને ઇઝઝત મળશે અને જે લાલચું હશે તે ઝલીલ થશે (ઉસુલે કાફી, ભાગ ૮, પેજ ૧૮૧)

બીજી એક હદીસમાં છે કે અલ્લાહે જે આપ્યું છે તેના ઉપર સંતોષ રાખવો મોટી માલદારી છે (કાફી, ભાગ ૯, પેજ ૧૩૯)

અલ્લાહ તઆલાએ જનાબે દાઉદ અ.સ.ને વહી કરી,

અય દાઉદ! મેં પાંચ વસ્તુને પાંચ વસ્તુમાં રાખી છે; પરંતુ લોકો તેને બીજી જગ્યા તલાશ કરે છે.

૧- ઇલ્મને ભૂખ અને કોશિશમાં રાખ્યું છે; પરંતુ લોકો તેને ભરેલા પેટ અને આરામમાં શોધે છે.

૨ ઇઝઝત મારી પૈરવીમાં રાખી છે; પરંતુ લોકો તેને બાદશાહ અને માલદારોની ચોખટમાં શોધે છે.

૩- સંપત્તિ અને ઓછી જરૂરતો સંતોષમાં રાખી છે; પરંતુ લોકો તેને વધારે માલમાં શોધે છે.

૪- મારી ખુશી નફ્સની મુખાલેફ્તમાં રાખેલી છે; પરંતુ લોકો નફ્સની પૈરવી કરવામાં શોધે છે.

૫- આરામ જન્નતમાં રાખ્યો છે; પરંતુ લોકો તેને દુનિયામાં તલાશ કરે છે.

આ લોકો પોતાના મકસદ સુધી નથી પહોંચી શકવાના.

(બિહારુલ અનવાર ભાગ ૭૫ પેજ ૪૫૩)

બીજી વસ્તુ ઇમામ અ.સ.ના કલામમાં સારા અખલાકને નેઅમત બતાવવામાં આવી છે; બેશક સારા અખલાક એક મોટી નેઅમત છે;

બધા પાસે આ નેઅમત નથી હોતી અને જેની પાસે સારા અખલાક હોય છે તેના અખલાક જોઈને બીજા પણ સારા બનવાની કોશિશ કરે છે. આપણા રસુલ સ.અ.વ.નો અખલાક જોઈને ઘણા બધા મુસલમાન થયા અને હ.રસુલે ખુદા સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે: જન્નતમાં સૌથી વધારે એ લોકો હશે જેનો અખલાક સારો હશે અને પરહેઝગાર હશે. (કાફી, ભાગ ૨, પેજ ૧૦૦)

કયામત દિવસે જેનો અખલાક સારો હશે તેને બેહિસાબ સવાબ મળશે.

તો જરૂરી છે કે સારા અખલાકની સુગંધથી ઘર અને સમાજમાં ખુશ્બૂ ફેલાવે.

આજના ઝમાનામાં નજર કરીએ તો રસુલ સ.અ.વ.ના માનવાવાળાના અખલાક નબી સ.અ.વ.ની તાલીમ જેવા નથી જોવા મળતા; જે અફસોસની વાત છે.

હિકમત ૨૨૭

ઈમાનની હકીકત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે આપ અ.સ.ને કોઈએ ઈમાન વિષે સવાલ પૂછ્યો; તો આપે ફરમાવ્યું: ઈમાન એટલે દીનને દિલથી સમજવું (જેને અકીદો પણ કહેવાય છે); અને જે દિલમાં છે તેને જીભથી બયાન કરવું અને અવયવો થકી અમલ કરવું ઈમાન છે.

ઇમામ અલી અ.સ. ઈમાનની હકીકત નાના એવા જુમલામાં સારી

રીતે સમજાવી દીધી; ઈમાન એટલે દીનની ઓળખાણ દિલ અને દિમાગ સાથે હોવી જોઈએ એટલે કે જેટલી પણ વસ્તુ ઇસ્લામમાં છે તેને અક્કલથી સમજે અને દિલથી કબૂલ કરે અને પછી જીભથી ઇકરાર કરીને અમલ કરે.

ઈમાન એક એવું વૃક્ષ છે જેનું મૂળ અલ્લાહ, રસૂલ, ઇમામ, અને કયામતની ઓળખાણ છે જેને આપણે ઉસુલે દીન પણ કહી શકીએ છીએ. ઉસુલે દીનને અક્કલથી સમજવું જોઈએ અને દિલમાં અકીદો રાખવો જોઈએ; અને જ્યારે આપણે આ બધી જ વસ્તુ ઓળખી ગયા તો તેને અમલના મૈદાનમાં લાવવું જોઈએ; અને જો કોઈ અમલ

કરવામાં એટલે નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ, વગેરે... કરવામાં કોતાહી અને આળસ કરે તો તેના ઇમાનમાં ખોટ છે અને તેનું ઇમાન કમજોર છે.

તો આ હદીસનો અર્થ એ થાય છે કે જે અમલ નથી કરતા તેની પાસે ઇમાન નથી અથવા તે ઇમાનના દરજ્જામાં ખૂબ જ નીચે છે; પછી ભલે તે દિલથી બધી જ વસ્તુ જાણતા હોય અને સમજતા હોય.

કુરઆનમાં સૂરએ અન્ફાલ આયત ૨ થી ૪માં આવ્યું છે કે "મોમીન ફક્ત એ લોકો છે જેઓ અલ્લાહનું નામ સાંભળે એટલે તરત જ ડરવા લાગે અને જ્યારે

અલ્લાહની આયત તેની સામે પઢવામાં આવે તો તેઓનું ઇમાન વધવા લાગે છે; ફક્ત અલ્લાહ ઉપર ભરોસો રાખે છે; નમાઝ કાયમ કરે છે; જે પણ તેઓને આપ્યું છે તેમાંથી ઇન્ફાક અને દાન કરે છે અને બેશક આ તે લોકો છે જેઓ ઇમાનદાર છે અને આ લોકોનો દરજ્જો અલ્લાહ પાસે છે મગફિરત, ઇઝ્ઝત, અને રોઝી થકી.”

તો આયત થકી ખબર પડે છે કે ઇમાન દિલમાં જે પણ હોય; તેની સાથે સાથે અમલના મૈદાનમાં પણ હોવું જરૂરી છે.

હદીસમાં ઇમાન વિષે બયાન થયું છે કે: ઇમાન એટલે અલ્લાહના હુકમની પૈરવી કરવી અને

અલ્લાહની નાફરમાની ન કરવી; એટલે દરેક નાના-મોટા ગુનાહથી પોતાને બચાવે. (કાફી ભાગ ૨ પેજ ૩૩)

ઇમામ જાફર સાદીક અ.સ. ફરમાવે છે: ઇમાનના દસ દરજ્જા છે: મિકદાદ આઠમાં દરજ્જામાં; અબુઝર નવમાં દરજ્જામાં અને સલમાન દરજ્જામાં છે (બિહારુલ અનવાર, ભાગ ૨૨, પેજ ૩૪૧)

હિકમત ૨૨૮

દુનિયાનો ગમ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જે દુનિયાની તકલીફોથી દુખી થાય છે તે અલ્લાહે નક્કી કરેલી તકદીરથી નારાજ છે; જે મુસીબતમાં શિકાયત કરે તે અલ્લાહની શિકાયત કરે છે; અને જે માલદાર પાસે તેના માલ-

દૌલતના લીધે ઝૂકે તો તેનું ૨/૩ ઇમાન બરબાદ થઈ જાય છે; અને જે કુરઆન મજીદની તિલાવત કરવા છતાં મૃત્યુ પછી જો દોઝખમાં નાખવામાં આવે તો તેણે અલ્લાહની આયતોની મજાક ઉડાવી હશે; જેના દિલમાં દુનિયાની મોહબ્બત ભરાઈ જાય તો તેમાં આ ત્રણ વસ્તુઓ આવી જાય છે:

૧- એવો ગમ કે જેનાથી તે દૂર નહીં થાય;

૨- એવી લાલચ કે જે તેને છોડશે નહીં;

૩- અને એવી ઉમ્મીદો અને ઈચ્છાઓ કે જે કદી પૂરી ન થાય.

આ નુરાની કલામમાં ઇમામ પાંચ બુરાઈઓ તરફ ઈશારો કર્યો છે

૧- દુનિયાની પરેશાની અને મુસીબતના લીધે દુખી થવું એટલે તે અલ્લાહના ફૈસલાથી ખુશ નથી; કેમકે આ દુનિયામાં અલ્લાહની મરજી સિવાય કંઈ થતું નથી; જો અમુક કારણસર કોઈ વસ્તુ ન મળી અથવા ખતમ થઈ અથવા નુકસાન થયું હોય તો તેના લીધે નારાજ થવાની જરૂર નથી; નહીં તો અલ્લાહના ફૈસલાનો વિરોધ કર્યો ગણાશે.

મુસીબતો બે પ્રકારની હોય છે: એક જેના ઉપર આપણી કોઈ હોશિયારી કે તદબીર નથી ચાલતી; અને બીજી કે જે આપણા ગુનાહો અને કર્મોના લીધે હોય છે.

અહીંયા ઇમામ અ.સ.એ જેના તરફ ઈશારો કર્યો છે તે એવી મુસીબતો છે જ્યાં આપણો અખત્યાર નથી; જેમ કે ધરતીકંપ, વાવાઝોડું યા અચાનક આવનારી મુસીબતો વગેરે.

અને ઘણી મુસીબતો એવી છે જેના જિમ્મેદાર આપણે પોતે છીએ અને તે આપણા ગુનાહો અને કર્મનો બદલો હોય છે; જેમકે અગર કોઈ સગાં-વહાલાંથી સંબંધ તોડી નાખે તો જિંદગી અને રોઝી ઓછી થઈ જાય વગેરે...

કોઈ પણ મુસીબત આવે ત્યારે વિચાર કરે અને જ્યાં તૌબા કરવાની જરૂરત હોય ત્યાં તે મુજબ અને જ્યાં મુસીબત પર સબ્ર

તથા શુક્ર કરવાનું હોય ત્યાં એ મુજબ કરીને અલ્લાહ ઉપર ભરોસો અને ઉમ્મીદ સાથે આગળ વધવું જોઈએ.

હંમેશા ધ્યાનમાં રાખવું કે આ દુનિયા મુસીબતોનું ઘર છે અલ્લાહની મરજી વિરુદ્ધ જીવવાના બદલે અલ્લાહના કહેવા મુજબ દુખ અને સુખમાં જિંદગી વિતાવવી સાચી કામયાબી છે.

૨- પરેશાનીમાં લોકો પાસે જઈને ફરિયાદ કરે તે પણ યોગ્ય નથી; પોતાની હાલતની લોકો સામે ફરિયાદ કરવાની મનાઈ કરવામાં આવી છે; જ્યારે લોકો પાસે ફરિયાદ કરવામાં આવે એનો અર્થ થાય છે કે અલ્લાહની લોકો સામે

શિકાયત કરી; જે કોઈ પણ રીતે યોગ્ય નથી.

પરંતુ જો મુસીબતમાં રસ્તો કાઢવા માટે કોઈથી વાત કરવામાં આવે તો તેમાં કંઈ વાંધો નથી.

મુસીબત હોય કે આરામ અલ્લાહની બારગાહમાં પહોંચીને જ રસ્તો નીકળે છે.

હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: હવામાન અને વાતાવરણની બુરાઈ ન કરો; કેમકે આ પહાડ, વાતાવરણ, દિવસ, રાત, અલ્લાહના હુકમ પ્રમાણે ચાલે છે; જે કોઈ આ કુદરતી વસ્તુનો વિરોધ કરશે તે ગુનેહગાર છે; અને તમે જે આ વસ્તુ માટે લઅનત કરો તો એ તમારા તરફ પાછું ફરશે. (મન લા

યહઝરલહુલ ફકીહ, ભાગ ૧, પેજ ૫૪૪)

૩- માલદાર સામે તેની દોલતના લીધે ન ઝૂકવું; એટલે ખોટી રીતે તેના ઝુલ્મ ઉપર પણ ખુશ થવું, અથવા તેના સામે પોતાને ઝલીલ કરવો, વગેરે... આ રીતે કરવાથી ઇમાન ખતમ થઈ જશે.

ફક્ત અલ્લાહ સામે ઝૂકવાનો હુકમ છે; કેમકે માલદારને પણ અલ્લાહે આપ્યું છે તો અલ્લાહ સિવાય બીજા કોઈ સામે શા માટે ઝૂકવું? જેની ઇસ્લામમાં મનાઈ કરવામાં આવી છે; બીજા સામે ઝૂકવું એક પ્રકારનું શિર્ક છે અને જે અલ્લાહ સિવાય બીજા કોઈ સામે

ઝૂકે છે તો તેનું ઇમાન અને દીન બરબાદ થઈ જાય છે.

૪- કુરઆન પઢવાવાળા જહન્નમમાં જશે જો તે કુરઆનની આયતોની મજાક ઉડાડશે.

જે લોકો કુરઆન પઢે અને જે કંઈ કુરઆનમાં લખેલું છે તેની ઉપર યકીન રાખે અને અમલ કરે તો આવા લોકો જન્નતમાં દાખલ થશે.

મજાક ઉડાવવાની ઘણી રીત હોય છે; તેમાંથી જે લોકો કુરઆન તો પઢે તેની ઉપર અમલ ન કરે અને કુરઆનનો એહતેરામ ન કરે તેઓ અમલના મૈદાનમાં મજાક ઉડાવે છે; જેમકે કુરઆનમાં નમાઝનો હુકમ છે પરંતુ નમાઝ નથી પઢતા, શરાબ પીવાની મનાઈ કરવામાં આવી છે

તેમ છતાં શરાબ પીવે તો તે કુરઆનની મજાક ઉડાવી કહેવાશે; કુરઆનમાં આવ્યું છે ઉલિલ અમ્રની પૈરવી કરો પણ લોકો નથી કરતા તો આવા લોકો કુરઆનની મજાક ઉડાવી રહ્યા છે અને તેઓનું ઠેકાણું જહન્નમ છે.

છેલ્લે એક ખૂબ જ સરસ હદીસ આપણા છેલ્લા નબી સ.અ.વ. ફરમાવે છે કે કુરઆન એ સમય સુધી પઢો જ્યાં સુધી તમે ગુનાહથી બચો છો; અને જો તમે ગુનાહથી નથી બચી શકતા તો કુરઆન ન પઢો. (મીઝાનુલ હિકમત, હદીસ પ૨૦૧)

૫- જેના દિલમાં દુનિયાની મોહબ્બત ભરેલી છે તો તેની અંદર આ ત્રણ વસ્તુઓ આવી જાય છે:

૧- એવો ગમ કે જેનાથી તે દૂર નહીં થાય;

૨- એવી લાલચ કે જે તેને છોડશે નહીં;

૩- અને એવી ઉમ્મીદો અને ઈચ્છાઓ કે જે કદી પૂરી ન થાય.

જો દુનિયાની મોહબ્બત હશે તો એક દિવસ જ્યારે તેની પાસે માલ હશે તો તે ખુશ અને બીજા દિવસે જ્યારે તેની પાસે માલ નહીં હોય તો નારાજ અને ગમગીન રહેશે; તે દુનિયા કમાવા માટે બહુ જ મહેનત કરશે અને જ્યારે નહીં મળે તો તે નારાજ થશે. કર્ઝની ભરપાઈ કરી

શકીશ કે નહીં? કર્ઝ લઉં કે કેમ? આ બધી વસ્તુ તેની રૂહને પરેશાન કર્યા કરશે જેથી તે ગમગીન રહેશે.

બીજી વસ્તુ લાલચ છે જે તેને બરબાદ કરી દેશે; જેટલી પણ વસ્તુ તેની પાસે આવશે તેનાથી તેનું કોઈ દિવસ દિલ અને મન નહીં ભરાય..... આ લાલચ કદી પૂરી થવાની નથી અને તેની રાત-દિવસનો આરામ બરબાદ કરી દેશે.

અને ત્રીજી વસ્તુ વધારે પડતી આશાઓ અને ઈચ્છાઓ; અમુક વખત તો એવી એવી ઈચ્છાઓ હોય છે કે હજારો વર્ષ પણ જિંદગીના ઓછા પડે અને આ ઈચ્છાઓ ઇન્સાનની ઇઝ્ઝત અને આબરૂને

પણ ખતમ કરી દે છે અને દિલના આરામને ખતમ કરી દે છે.

ખુશ નસીબ છે તે લોકો જે સંતોષી છે અને સબર કરે છે અને અલ્લાહે આપેલ વસ્તુ ઉપર ખુશ થાય છે અને આવી બધી ખરાબ સિફતોથી પાક છે અને આરામની જિંદગી ગુજારે છે.

છેલ્લે એક હદીસમાં જનાબે ફાતેમા ઝહરા સ.અ. ફરમાવે છે કે દુનિયાની મોહબ્બત ગમ અને પરેશાનીમાં વધારો કરે છે; ઝોહદ અને સંતોષ આ બંને ચીજ શરીર અને રૂહને સુકૂન આપે છે (બિહારુલ અનવાર, ભાગ ૭૦, પેજ ૯૧)

હિકમત ૨૨૯

સંતોષની તાકાત - સારા અખલાક

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: સંતોષથી મોટી કોઇ દોલત નથી અને સારા અખલાકથી વધીને મોટી કોઇ નેઅમત નથી.

ઇમામ અ.સ.ને જ્યારે કુરઆનની આ આયત વિષે પૂછવામાં આવ્યું કે "અમે પવિત્ર હયાત અતા કરશું"; તો આ આયતમાં પવિત્ર હયાત એટલે શું? તો ઇમામે ફરમાવ્યું કે 'સંતોષ'.

સંતોષ બાદશાહ સમાન છે અને સારા અખલાક મોટી નેઅમત છે.

સંતોષી બીજા કોઇનો મોહતાજ નથી રહેતો અને જે તેના પાસે છે તેમાં જ સુકૂન સાથે જિંદગી ગુજારે

છે અને અલ્લાહે જે આપ્યું તેના ઉપર રાજી રહે છે.

સંતોષ એક એવી દોલત છે કે જે કદી ખતમ નથી થતી.

ઇમામ સાદીક અ.સ. હદીસમાં ફરમાવે છે: જેની પાસે આ ૧૨ વસ્તુઓ હોય તેને અલ્લાહનો શુક્ર કરવો જોઈએ; અને જો ન હોય તો અલ્લાહ પાસે માંગે.

૧ તકવા; ૨ સંતોષ; ૩ સબ્ર; ૪ શુક્ર; ૫ ધીરજ; ૬ સહનશીલતા; ૭ શરમ; ૮ સખાવત; ૯ બહાદુરી; ૧૦ ગેરત; ૧૧ નેકી; ૧૨ સચ્ચાઈ અને અમાનતદારી (કાફી, ભાગ ૨, પેજ ૫૬)

બીજી એક હદીસમાં છે કે અલ્લાહે જે આપ્યું છે તેના ઉપર

સંતોષ રાખવો મોટી માલદારી છે (કાફી, ભાગ ૯, પેજ ૧૩૯)

અલ્લાહ તઆલાએ જનાબે દાઉદ અ.સ.ને વહી કરી,

અય દાઉદ! મેં પાંચ વસ્તુને પાંચ વસ્તુમાં રાખી છે; પરંતુ લોકો તેને બીજી જગ્યા તલાશ કરે છે.

૧- ઇલ્મને ભૂખ અને કોશિશમાં રાખ્યું છે; પરંતુ લોકો તેને ભરેલા પેટ અને આરામમાં શોધે છે.

૨ ઇઝઝત મારી પૈરવીમાં રાખી છે; પરંતુ લોકો તેને બાદશાહ અને માલદારોની ચોખટમાં શોધે છે.

૩- સંપત્તિ અને ઓછી જરૂરતો સંતોષમાં રાખી છે; પરંતુ લોકો તેને વધારે માલમાં શોધે છે.

૪- મારી ખુશી નફ્સની મુખાલેફ્તમાં રાખેલી છે; પરંતુ લોકો નફ્સની પૈરવી કરવામાં શોધે છે.

૫- આરામ જન્નતમાં રાખ્યો છે; પરંતુ લોકો તેને દુનિયામાં તલાશ કરે છે.

આ લોકો પોતાના મક્સદ સુધી નથી પહોંચી શક્વાના.

(બિહારુલ અનવાર ભાગ ૭૫ પેજ ૪૫૩)

બીજી વસ્તુ ઇમામ અ.સ.ના કલામમાં સારા અખલાકને નેઅમત બતાવવામાં આવી છે; બેશક સારા અખલાક એક મોટી નેઅમત છે; બધા પાસે આ નેઅમત નથી હોતી અને જેની પાસે સારા અખલાક હોય છે તેના અખલાક જોઈને બીજા પણ

સારા બનવાની કોશિશ કરે છે. આપણા રસુલ સ.અ.વ.નો અખલાક જોઈને ઘણા બધા મુસલમાન થયા અને હ.રસુલે ખુદા સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે: જન્નતમાં સૌથી વધારે એ લોકો હશે જેનો અખલાક સારો હશે અને પરહેઝગાર હશે. (કાફી, ભાગ ૨, પેજ ૧૦૦)

કયામત દિવસે જેનો અખલાક સારો હશે તેને બેહિસાબ સવાબ મળશે.

તો જરૂરી છે કે સારા અખલાકની સુગંધથી ઘર અને સમાજમાં ખુશ્બૂ ફેલાવે.

આજના ઝમાનામાં નજર કરીએ તો રસુલ સ.અ.વ.ના માનવાવાળાના અખલાક નબી

સ.અ.વ.ની તાલીમ જેવા નથી જોવા મળતા; જે અફસોસની વાત છે.

હિકમત ૨૩૦

ભાગીદારી થકી ફાયદો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જેની તરફ રોઝીનું રુખ હોય તેની સાથે ભાગીદારી કરો; કેમકે આ માલદાર થવાનો સારામાં સારો રસ્તો અને ખુશ નસીબ બનવાનો પણ સારો આધાર છે.

અમુક તફસીર કરનાર આલિમોનું માનવું છે કે અમુક લોકોના નસીબ સારા હોય છે; તે કોઈ પણ કામમાં અથવા કોઈ પણ જગ્યાએ હાથ મૂકે તો તેને ફાયદો જ થાય છે નુકસાન નથી થતું અને

મહેનત કર્યા વગર તેના નસીબમાં ખુશી હોય છે.

અને અમુક લોકો એવા હોય છે કે જે ખૂબ જ મહેનત કરે છે તો પણ તેને યોગ્ય ફાયદો નથી થતો.

પરંતુ અમુક બીજા આલિમોનું કહેવું એ છે કે આ વાત યોગ્ય નથી; અને તેનો વિરોધ કરે છે; અને કહે છે : જો કોઈ સરખી રીતે વિચાર અને આયોજન સાથે કામ કરે તો ફાયદો થાય છે; અને જે લોકો કામ કરવામાં આળસ કરે અને મહેનત ન કરે એટલે તેઓને ફાયદો નથી થતો.

જો આપણને કોઈ વસ્તુમાં લાભ થાય તો બીજા લોકોને પણ ફાયદો પહોંચાડવો જોઈએ; એવું ન થવું

જોઈએ કે બીજાઓ સુધી તેનો લાભ ન પહોંચે; બીજાને પણ આપણી જેમ ધંધો અને કારોબાર કરતા શીખવવું જોઈએ જેથી બીજા લોકો પણ ખુશ રહે.

બીજી એક હદીસમાં ઇમામ સાદીક અ.સ. ફરમાવે છે: દોસ્તી અને કારોબાર એવા સાથે કરો જે સારા અને નેક લોકો હોય (કાફી, ભાગ ૫, પેજ ૧૫૮)

હંમેશા લોકોને પોતાની શક્તિ મુજબ લાભ પહોંચાડવો મોટી ઇન્સાનિયત છે.

હિક્મત ૨૩૧

ન્યાય અને એહસાન

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: કુરઆનની આ આયત વિષે આપને પૂછવામાં આવ્યું; "ઇન્નલાહ યાઅમુરુ બિલ અદલે વલ એહસાન"; (અલ્લાહે ન્યાય અને એહસાન કરવાનો હુકમ આપ્યો છે.) અદલ એટલે ઇન્સાફ છે, અને એહસાન એટલે નેકી કરવી અને દાન કરવું છે.

સૂરએ નહલ આયત ૯૦ વિષે જ્યારે ઇમામ અલી અ.સ.ને પૂછવામાં આવ્યું તો આપે ન્યાય અને ઇન્સાફમાં ધ્યાન રાખવા ફરમાવ્યું એટલે લોકોના હકનું ધ્યાન રાખવું; અને એહસાન એટલે વધારે નેકીઓ કરવી.

જ્યારે આ ૯૦ નંબરની આખી આયત જોઈશું તો ત્રણ વસ્તુનો હુકમ આપવામાં આવ્યો છે અને ત્રણ વસ્તુની મનાઈ કરવામાં આવી છે.

જે ત્રણ વસ્તુનો હુકમ આપવામાં આવ્યો છે તે અદલ, એહસાન અને સગા સંબંધીઓની મદદ કરવી છે.

અને જે ત્રણ વસ્તુની મનાઈ કરવામાં આવી તે ખરાબ કાર્યો, અલ્લાહે મનાઈ કરેલી વસ્તુઓ અને ઝુલ્મો અત્યાચાર કરવો છે.

જે સમાજ આ આયત ઉપર અમલ કરશે તો એ સમાજમાં કોઈ પણ તકલીફ અને પરેશાની નહીં આવે. આ કુરઆનની એવી આયત છે જેમાં દુનિયામાં રહેવાના તમામ

હુકમ બયાન કરી દેવામાં આવ્યા છે.

અમુક લોકો જ્યારે આ આયતની તફ્સીર કરે છે ત્યારે અદલને વાજિબ વસ્તુ અને એહસાનને મુસ્તહબ વસ્તુ કહે છે.

જો સમાજમાં આરામ અને શાંતિ જોઈતી હોય તો ન્યાય અને ઇન્સાફ્ જરૂરી છે; અને જે સમાજમાં ન્યાય નથી હોતો ત્યાં ઝુલ્મ અને અત્યાચાર હોય છે અને તે સમાજ પરેશાનીમાં રહે છે; અને જો ન્યાય થકી લોકો સાથે ભલાઈ કરવામાં આવે તો તે સમાજ બુલંદી તરફ્ જાય છે.

ઉસ્માન બિન મઝઊન જે એક ખૂબ જ મશહુર સહાબી હતા તે કહે

છે: હું ઇસ્લામ લાવ્યો ત્યારે શરૂઆતમાં ખાલી જાહેરી ઇસ્લામ કબૂલ કર્યો હતો; હજી દિલથી કબૂલ કર્યું ન હતું; ત્યારે હું એક વખત રસૂલે ખુદા સ.અ.વ. પાસે બેઠો હતો અને આપ હઝરત કંઈ વિચારી રહ્યા હતા અને પછી આસમાન તરફ જુએ છે. મને લાગ્યું આપ હઝરત પાસે અલ્લાહ તરફથી કંઈ પયગામ આવ્યો લાગે છે. પછી આપ હઝરત કહે છે કે જિબ્રઈલ આવેલા અને આ આયત નાઝીલ કરેલી. ઉસ્માન કહે છે: જ્યારે મેં આ આયત સાંભળી તો મારા દિલમાં એવી જગ્યા કરી લીધી કે હું દિલોજાનથી એક સાચો મુસલમાન બની ગયો.

હિકમત ૨૩૨

આપી અને મેળવો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જે પોતાના ટૂંકા હાથે આપે છે તેને મહાન અને લાંબા હાથે મળે છે.

આ હદીસની આગળ સૈયદ રઝી ફરમાવે છે: કે આ હદીસ આપણને એ સમજાવવા માંગે છે કે જે માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરીએ ભલે પછી તે ઓછો હોય; તો પણ અલ્લાહ તઆલા તેનો મોટો બદલો આપે છે.

આ હદીસમાં જે 'બે હાથ'નો ઉલ્લેખ થયો છે તેનો અર્થ બે નેઅમત થાય છે.

એક બંદાના હાથને ટૂંકી નેઅમત અને બીજી ખુદાઈ હાથને મહાન નેઅમત ગણવામાં આવી છે.

કેમકે અલ્લાહની નેઅમત બંદાઓની સરખામણીમાં હજારો ગણી વધારે બહેતર હોય છે અને બધી જ નેઅમતોનું મૂળ અલ્લાહની અતા છે.

આ નુરાની કલામમાં બયાન કરવામાં આવ્યું છે કે જે નેઅમત લોકોને બંદા તરફથી મળે છે અને જે નેઅમત અલ્લાહ તરફથી મળે છે તેમાં ઘણો તફાવત છે; બંદો જે કંઈ આપશે તે પોતાની હેસિયત મુજબ હશે અને તે અલ્લાહની કુદરત સામે બહુ જ ઓછું છે જેનો મુકાબલો અલ્લાહની અતા સામે કોઈ હેસિયત નથી રાખતો. કુરઆન મજીદમાં એકના બદલામાં દસ ગણું અથવા તેનાથી પણ વધારે અતા કરવાનું

બયાન થયેલ છે, (સૂરએ અનામ, આયત ૧૦; જે કોઈ એક નેકી કરશે તો તેને દસ ગણો ફાયદો મળશે.)

બીજી એક આયતમાં દાન અને નેકી કરવાનો ફાયદો આ રીતે બયાન કરવામાં આવ્યો છે "તેઓનો દાખલો એવો છે કે જેઓ પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે; એવા એક દાણાના દાખલા જેવો છે જેમાંથી સાત ડુંડા નીકળે અને દરેક ડુંડામાં સો દાણા હોય; અને અલ્લાહ જેના માટે ચાહે છે વધારો કરી દે છે; અને અલ્લાહ વિશાળતાવાળો અને જાણનાર છે. (સૂરએ બકરા, ૨૬૧)

તો ક્યારેક અલ્લાહ નેકીનો બદલો ૭૦૦ ગણો પણ આપે છે.

આ બધી નેકીનો ફાયદો ત્યારે મળે છે જ્યારે ફક્ત અલ્લાહ માટે લોકોને ફાયદો પહોંચાડ્યો હોય અને નિસ્વાર્થ ભલાઈ કરી હોય.

હિકમત ૨૩૩

જંગની શરૂઆત ન કરો.

ઇમામ અલી અ.સ. પોતાના ફરઝંદ ઇમામ હસન અ.સ.ને ફરમાવે છે: તમે કોઈને જંગ માટે ન લલકારો; અને જો તમને કોઈ લલકારે તો તરત જ જવાબ આપો; કેમકે જંગ માટે લલકારનાર ઝાલિમ હોય છે અને જે ઝાલિમ હોય છે તે હર હાલમાં તબાહ થાય છે.

સૌથી પહેલાં એક વાત અહીંયા બતાવવી જરૂરી સમજું છું. જ્યારે

પણ ઇમામ પોતાના દીકરાને કોઈ વસિયત અથવા નસીહત કરે છે તો તે સંબોધન થકી બધા ઇન્સાનો સુધી આ પયગામ પહોંચાડવાનો હેતુ હોય છે. ઇમામ તો માસૂમ હોય છે; તેઓથી કોઈ ભૂલ થતી નથી અને ઇમામ આપણને આ વાત સમજાવવા માંગતા હોય છે.

ઇમામ કહે છે: તમે કોઈને જંગની દાવત ન આપો અને જંગની શરૂઆત ન કરો; પરંતુ જો કોઈ જંગ માટે લલકારે તો સામેવાળાને ખતમ કરી નાખો અને આળસ ન કરો; અને જે પણ શરૂઆત કરે છે તે બાગી અને ઝાલિમ હોય છે અને ઝાલિમ જરૂર બરબાદ થવો જોઈએ.

અને અહીંયા જે મુકાબલા અને જંગની વાત છે તે જંગના મૈદાનની વાત છે; કોઈ એકલો હોય અને તે ઝઘડા માટે બોલાવે તેના માટે નથી.

મુસલમાન લોકોને હુકમ આપવામાં આવ્યો હતો કે કોઈ દિવસ જંગની શરૂઆત ન કરો અને મૈદાન છોડીને ભાગો નહીં; અને ચૂપ રહેવાની પણ મનાઈ કરવામાં આવી હતી; અને ચૂપ રહેવું એટલે સામો જવાબ ન દેવો તે હારની નિશાની હતી.

જંગે ખંદકનો વાકિઓ તો યાદ હશે જ્યારે ઉમર ઇબ્ને અબ્દ વુદ્દ વારંવાર મુસલમાનોને જંગની દાવત આપતો હતો પરંતુ અહીંયા મુસલમાનના લશ્કરમાંથી કોઈ જવા

માટે તૈયાર ન હતું; ત્યારે મૌલા અલી અ.સ. જાય છે અને તેનો જવાબ એ રીતે આપે છે કે મૈદાનમાં તેને કતલ કરી નાખે છે. ત્યારે હ.રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: ખંદકના દિવસે ઇમામ અલી અ.સ.નું તલવાર ચલાવવું સકલાઈન (દુનિયા અને આખેરત)ની ઇબાદત કરતાં વધારે અફઝલ છે. (ઇકબાલુલ આમાલ, પેજ ૪૬૭)

યાદ રાખવું જોઈએ કે મોમીન મોમીનનો ભાઈ હોય છે; તે કોઈ દિવસ અલી અ.સ.ના ચાહવાવાળાથી લડાઈ ઝઘડો નથી કરતો. અગર કોઈ લડાઈ કરે તો પોતાના મોમીન હોવા પર વિચાર કરવો જોઈએ.

હિકમત ૨૩૪

સ્ત્રી-પુરુષની સિફતોનો અસર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: અમુક ગુણ જે સ્ત્રીઓ માટે સારા છે પરંતુ પુરુષો માટે ખરાબ છે: કાયરતા (ડરપોક); ગર્વ; કંજૂસી.

જો સ્ત્રી ડરપોક હશે તો દરેક આવનાર ખતરાથી ડરીને રહેશે. જો સ્ત્રી ઘમંડી હશે તો તેના ઉપર કોઇ કાબુ નહીં મેળવી શકે. જો સ્ત્રી કંજૂસ હશે તો તે પોતાનો અને પોતાના પતિના માલને સંભાળીને રાખશે. આ હદીસમાં સ્ત્રી અને પુરુષના ગુણ બયાન કરવામાં આવ્યા છે. જે ગુણ પુરુષ માટે ખરાબ છે તે જ ગુણ સ્ત્રીઓ માટે સારા છે. તેમાં ખાસ ત્રણ ગુણ વિષે ઇમામ ફરમાવ્યું છે: કંજૂસી પુરુષ

માટે ખરાબ ગુણ છે. જો પુરુષ કંજૂસ હશે તો તેના ઘરના લોકોને તેમજ સમાજને નુકસાન પહોંચશે. અને જો સ્ત્રી સખી બની જશે તો તેના પતિના માલને બેફામ ઉડાવશે, ઘરના ખજાનાને ખાલી કરી દેશે; જેના લીધે ઘરની પરિસ્થિતિ ખરાબ થઈ જશે. જો કંજૂસ હશે તો બજારમાં જઈ જેમ તેમ પૈસા ખર્ચ નહીં કરે પોતાના પતિના પૈસાને બચાવશે અને ભેગા કરશે. તકબ્બુર પુરુષ માટે ઘમંડ એક ખરાબ ગુણ છે. તેનું નુકસાન સૌથી પહેલાં તેને પોતાને જ થાય છે અને તેની આગળ વધવાની શક્તિ અટકી જાય છે; કેમકે તે પોતાને સૌથી વધારે સારો ગણવા લાગે છે. સ્ત્રીને ઘમંડી

હોવું જોઈએ. કોના માટે? શું તેના પતિ સામે કે ખાનદાન સામે? નહીં. અહીંયા ઘમંડી તે પારકા મર્દો સામે જે લોકો સ્ત્રીઓને થોડાક એવા હસતા મુસ્કુરાતા જોઈને પોતાની ખરાબ વાસનાનો શિકાર બનાવે છે. જો સ્ત્રીમાં ઘમંડ હશે તો તે પોતાની પાસે પોતાના શોહર સિવાય કોઈને આવવા નહીં દે. જો સ્ત્રી ઘમંડી હશે તો તેના તરફ પારકા લોકોને નજર ઊંચી કરીને જોવાની પણ હિંમત નહીં થાય. પરંતુ સ્ત્રીને પોતાના પતિ સામે નરમ અને ખુશ અખલાક રહેવું જોઈએ. ડરપોક પુરુષને હંમેશા બહાદુર હોવું જોઈએ; તેમાં જ તેની ઇઝઝત છે અને જો આ સિફ્ત ઔરતોમાં હોય

તો તે સારો ગુણ કહેવાશે. તેના લીધે દરેક નાની મોટી ભૂલ કરવા પહેલાં વિચારશે. ઔરત માટે ડરપોક હોવું સારું છે કેમકે જો તે ડરશે તો પાકીઝા રહેશે અને ખતરાથી બચશે અને કોઈ એવી જગ્યાએ ઉપર નહીં જાય જ્યાં જવાથી બદનામીનો ડર લાગતો હોય અને કોઈ એવું કામ નહીં કરે જેનાથી તેનું અને તેના ખાનદાનનું નામ બદનામ થાય. આ હદીસ સ્ત્રીઓની હિફાઝત માટે છે જેથી સમાજ પાક રહે અને સ્ત્રીઓ ખરાબ મર્દોથી પોતાને બચાવી શકે. ક્યારેક સ્ત્રીને બહાદુર પણ બનવું જોઈએ જેવી રીતે તારીખે ઇસ્લામમાં છે કે જ્યારે હઝરત રસૂલે ખુદા સ.અ.વ.

જંગે ઓહદમાં ઝખ્મી થયા ત્યારે જનાબે ફાતેમા સ.અ. જંગે ઓહદના મૈદાનમાં જઈને આપના પિતાના માથા ઉપર જે લોહી વહી રહ્યું હતું તેની મરહમ પટ્ટી કરી; એ જ રીતે શાદીના કિંમતી કપડાં ગરીબને આપી મદદ કરી હતી, (કેમકે તે પોતાના હતા); અને જનાબે ઝયનબ સ.અ. કુફા અને શામમાં જ્યારે જરૂરત પડી ત્યારે ખુત્બાઓ આપી લોકોને સાચી હકીકતથી વાકેફ કરી ઇન્કલાબ લાવ્યા હતા. આ અમુક ઉદાહરણથી સમજાય છે કે જો ઝમાનાના નબી અને ઇમામ માટે અથવા દીન માટે બહાર નીકળવું પડે તો ઇસ્લામી તાલીમ મુજબ જરૂર નીકળી શકે છે. અને અમુક

ગુણ એવા છે જે પુરુષ અને સ્ત્રી બંનેમાં હોવા જોઈએ જેમકે પરહેઝગારી, ઇબાદત, અલ્લાહ, રસૂલ અને ઇમામોની પૈરવી, અમ્ર બિલ મઅરુફ, નહીં અનીલ મુન્કર, ઇલ્મ હાંસલ કરવું વગેરે...

હિકમત ૨૩૫

અક્કલમંદ અને જાહિલ કોણ?

ઇમામ અલી અ.સ.ને પૂછવામાં આવ્યું કે અક્કલમંદ કોને કહેવાય? તો આપ અ.સ.એ ફરમાવ્યું: અક્કલમંદ એ છે જે દરેક વસ્તુને તેની સાચી જગ્યા પર રાખે.

પછી આપને પૂછવામાં આવ્યું કે જાહિલ કોને કહેવાય? તો આપે ફરમાવ્યું: કે મેં બયાન કરી દીધું.

સૈયદ રઝી કહે છે કે જાહિલ તે છે જે વસ્તુને તેની જગ્યા પર ન રાખે.

ઇમામ અહીંયા અક્કલમંદની સિફ્તની સાથે સાથે જાહિલની સિફ્ત પણ બયાન કરી આપી; અક્કલમંદ એ છે જે દરેક વસ્તુને તેની સાચી જગ્યા પર રાખે; અને જાહિલ આના વિરુદ્ધમાં કરે.

ઇમામે અહીંયા એક કલામમાં અક્કલમંદ અને જાહિલ બંનેની ઓળખાણ કરાવી.

અક્કલમંદ દરેક વસ્તુને સંજોગ મુજબ તેની સાચી જગ્યા રાખશે; ભલે પછી બોલવાનું હોય કે ખામોશી હોય, વસ્તુ મૂકવાની હોય કે

હટાવવાની હોય, બયાન કરવું હોય કે ન હોય.

અને જાહિલને ઓળખવો હોય તો જે અક્કલમંદના વિરુદ્ધ કામો કરે. તેને એ ખબર નથી હોતી કે કયા સંજોગોમાં કઈ વસ્તુ બોલવી કે ખામોશ રહેવું કે પછી કયારે કયું કામ કઈ જગ્યાએ અંજામ આપવું; ભલે પછી તે વાજિબ અને હરામ કામોમાં હોય કે પછી હક અને નાહકમાં હોય; તેને ખબર હોતી નથી.

બીજી એક હદીસમાં ઇમામ અલી અ.સ. ફરમાવે છે: અક્કલમંદ એ છે જે વચલો રસ્તો અખત્યાર કરે છે જેનાથી કામ બગડતું નથી; જ્યારે કોઈ વાયદો કરે તો તેને વફા કરે

અને ગુસ્સાના સમયે સહનશીલ બને. (ગુરરુલ હિકમ, હદીસ ૨૧૩૦)

હિકમત ૨૩૬

દુનિયા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ખુદા કસમ! મારી નજરમાં તમારી આ દુનિયા કોઢાળના હાથમાં સૂવરના આંતરડાઓથી પણ બદતર છે.

ઇમામ અ.સ.એ આ હદીસમાં દુનિયાના એવા માલની કિંમત વિષે વાત કરી છે જે ઇન્સાનને દુનિયાદારી તરફ ખેંચીને લઈ જાય છે; એટલે સૂવર પોતે એક એવું જાનવર છે જેને જોઈને નફરત આવે છે અને તેનાથી વધારે ગંદી જગ્યા તેનું પેટ છે જેમાં ફક્ત ગંદગી જ ગંદગી હોય છે.

ઇમામ અ.સ.એ આ દુનિયાની ઓળખાણ અલગ અલગ જગ્યાએ કરી છે; એક જગ્યાએ આ દુનિયાની મિસાલ જાનવરના નાકના પાણી, જાનવરના હાડકા તથા તેનાથી પણ બદતર કહી છે; અને એક જગ્યાએ પગના ચપ્પલ કરતાં પણ બદતર ગણવામાં આવી છે.

આ મિસાલો તે ઇન્સાન માટે છે જે આ દુનિયાને ફક્ત પોતાનો મકસદ ગણે છે અને ફક્ત જાનવરોની જેમ પેટ ભરે છે.

જે દુનિયાને અલ્લાહ, રસૂલ અને ઇમામોની પૈરવીનો ઝરિયો બનાવે છે તેના માટે દુનિયા અને આખેરતની કામિયાબી છે.

હિકમત ૨૩૭

ઇબાદતના પ્રકાર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: અમુક લોકો અલ્લાહની ઇબાદત સવાબ માટે કરે છે; આ ઇબાદત વેપારીઓની છે. અમુક લોકો અલ્લાહની ઇબાદત અઝાબના ડરના લીધે કરે છે; આ ઇબાદત ગુલામની છે. અમુક લોકો અલ્લાહની ઇબાદત શુક્ર કરવા માટે છે; આ ઇબાદત આઝાદ ઇન્સાનની છે.

આ હદીસમાં ઇમામ અ.સ. ઇબાદતના ત્રણ પ્રકાર બયાન કર્યા છે

૧- સવાબ (જન્નત)ની લાલચમાં;

૨- દોઝખના ડરના લીધે;

૩- તો અમુક લોકો અલ્લાહના શુક્ર અને બંદગીના લીધે.

આ ત્રણે ઇબાદત કરનારા છે પરંતુ ત્રણેમાં ફરક છે કે જે લોકો સવાબ અને જન્નતના શોખમાં ઇબાદત કરે છે તેઓ એ દરજ્જો પ્રાપ્ત નથી કર્યો જે હોવો જોઈએ; કેમકે આ લોકો વેપારીની જેમ અલ્લાહની ઇબાદત કરે છે એક વસ્તુ આપીને બીજી વસ્તુ પ્રાપ્ત કરવા ચાહે છે.

બીજા પ્રકારની ઇબાદત કરનારે પણ એ દરજ્જો પ્રાપ્ત નથી કર્યો જે હોવો જોઈએ; કેમકે આ લોકો એક ગુલામ અને નોકરની જેમ ડરના લીધે અલ્લાહની ઇબાદત કરે છે; અને જો ઇબાદત નહીં કરીશું

તો અલ્લાહ દોઝખમાં નાખશે તેવો ડર તેઓના દિલમાં સમાયેલ હોય છે.

ત્રીજા પ્રકારની ઇબાદતનો દરજ્જો સૌથી વધારે છે; કેમકે જેવી રીતે ઇબાદત કરવી જોઈએ તે પ્રમાણે છે. આ લોકો અલ્લાહની મોહબ્બતમાં ઇબાદત કરે છે અને અલ્લાહની ઓળખાણ રાખી જેવી રીતે ઇબાદત કરવાનો હક છે તેવી રીતે ઇબાદત કરે છે; આ પ્રકારની ઇબાદત ઉચ્ચ દરજ્જો રાખે છે અને આ આઝાદ ઇન્સાનની ઇબાદત છે જેમાં ન તો લાલચ છે અને ન તો કોઈ પ્રકારનો ખૌફ.

એક હદીસમાં ઇમામ અલી અ.સ. ફરમાવે છે: અય મારા

અલ્લાહ! હું તારા ડરથી કે જન્નતની લાલચથી તારી ઇબાદત નથી કરતો; પરંતુ તું ઇબાદત કરવાના લાયક છે એટલે હું તારી ઇબાદત કરું છું. (બિહારુલ અનવાર, ભાગ ૬૭, પેજ ૧૮૬)

આવી ઇબાદતનો શોખ ત્યારે બંદામાં આવશે જ્યારે તેની મઅરિફત વધારે હશે. અલ્લાહની મઅરિફત મેળવવા અલ્લાહની બનાવેલી વસ્તુઓ ઉપર વિચાર કરવો અને તેનો શુક્ર કરવો જોઈએ.

માટે કોશિશ એ હોવી જોઈએ કે અલ્લાહની ઇબાદત મઅરિફત સાથે થાય અને જે રીતે ઇબાદત કરવાનો હક છે એ મુજબ

અલ્લાહની ઇબાદત કરીએ. જ્યારે આ પ્રમાણે ફક્ત ખુદાની ઇબાદત થશે તો તેનો અસર જિંદગીમાં ચોક્કસ જોવા મળશે.

હિકમત ૨૩૮

સ્ત્રીઓની બુરાઈ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: સ્ત્રી સંપૂર્ણપણે હાનિકારક છે અને તેમાં સૌથી મોટી ખરાબી એ છે કે તેની વગર કોઈ રસ્તો પણ નથી.

આ હદીસ તમામ સ્ત્રીઓ માટે નથી જે સ્ત્રીઓ સારી નથી તેના માટે ઇમામે ફરમાવ્યું છે. જે સ્ત્રીઓ સારી નથી હોતી તે પોતાની સાથે બીજાઓને પણ મોટું નુકસાન પહોંચાડે છે. તેમની નજરમાં ફક્ત દુનિયાદારી અને પોતાની ઈચ્છાઓને પૂરું કરવું જ હોય છે અને

આખેરતનું કોઈ મહત્વ નથી; તેમનો મકસદ ફક્ત દુનિયા મળી જાય અને તે દુનિયા માટે કોઈ પણ રસ્તો અખત્યાર કરી લે છે. ઇતિહાસમાં એવી સ્ત્રીઓનું લાંબું લિસ્ટ છે તેમાંથી ઇમામ હસન અ.સ.ને ઝેર આપનાર, જનાબે હમઝાનું જીગર ચાવનાર, જંગે જમલમાં ઇમામ અલી અ.સ. વિરુદ્ધ જંગના મૈદાનમાં આવનાર; આ ઉપરાંત નજર કરીએ તો નબી સ.અ.વ.ને સતાવનાર પણ અમુક સ્ત્રીઓ હતી.

અને ઇતિહાસમાં અમુક સારી સ્ત્રીઓ પણ જોવા મળે છે.

તે બધી મહાન સ્ત્રીઓમાં ખાસ ચાર નામ પયગમ્બર સ.અ.વ.એ બયાન કર્યા છે: જ.ફાતેમા ઝહરા

સ.અ.; જ.ખદીજતુલ કુબ્રા; જ.મરયમ અને જ.આસિયા.

કુરઆન મજીદમાં પણ નેક સ્ત્રીઓ વિષે આયતો નાઝીલ થઈ છે કે જે કોઈ નેક કામ કરશે ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી; અને જો તે મોમિન હશે તો તેને પાક પાકીઝા જિંદગી અતા કરવામાં આવશે અને તેઓને તેમના સારા અમલ પ્રમાણે બદલો આપવામાં આવશે (સૂરએ નહલ, આયત ૯૭)

બીજી એક આયતમાં પણ આવ્યું છે: જે પુરુષ કે સ્ત્રી અલ્લાહને વધારે યાદ કરશે અલ્લાહ તેને માફ કરશે અને તેઓને મોટો બદલો આપવામાં આવશે (સૂરએ અહઝાબ, આયત ૩૫)

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: જ્યારે બંદાઓ ઇમાનમાં ઉચ્ચ દરજ્જા સુધી પહોંચે છે ત્યારે તેમના દિલમાં સ્ત્રી પ્રત્યે માન વધી જાય છે (બિહારુલ અનવાર, ભાગ ૧૦૦, પેજ ૨૨૮)

તો નતીજો એ નીકળે છે કે સ્ત્રીઓ બે પ્રકારની છે:

જે અલ્લાહ રસૂલ સ.અ.વ.ની વાતને માને તે નેક સ્ત્રી છે અને તેવી સ્ત્રીઓ ઇઝઝતના લાયક છે.

અને જે સ્ત્રી અલ્લાહ, રસૂલની વાતોનો ખયાલ ન રાખે અને બીજાની આખેરત બરબાદ કરે તેણીઓને ચોક્કસ રીતે ખરાબ ગણવામાં આવે છે.

હિકમત ૨૩૯

આળસ અને ચુગલખોરી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જે માણસ આળસ કરે છે તે પોતાના હકને બરબાદ કરે છે; અને જે ચુગલી કરનારની વાત ઉપર ભરોસો કરે છે તે પોતાનો દોસ્ત ગુમાવી બેસે છે.

આ નુરાની કલામમાં બે વસ્તુ બયાન થઈ છે:

એક, જે કોઈ આળસ કરશે તે કોઈ દિવસ કામયાબ નહીં થાય; અને તે પોતાના હકને પણ બરબાદ કરી દેશે. જો ઇન્સાનને કામયાબ થવું હોય તો આળસ મૂકી કામ કરતું રહેવું જોઈએ. આળસ બહુ જ ખરાબ છે. લોકો દુનિયાના કામમાં પણ કરે છે અને દીનના મામલામાં

પણ કરે છે. જો દુનિયાના કામોમાં કરશે તો દુનિયા જશે અને દીનના મામલામાં કરશે તો આખેરત ખરાબ થશે; જેમ કે અમુક લોકો નમાઝમાં સુસ્તી કરે છે કે પછી પઢી લેશું, અથવા અમુક લોકો તૌબા કરવામાં આળસ કરે છે; તેમાં શૈતાન પોતાનું કામ કરી જાય છે અને ભુલાવી દે છે.

બીજી વસ્તુ આ કલામમાં બયાન થયું છે કે અહીંયાની વાત ત્યાં અને ત્યાંની વાતો અહીં કરનાર ઉપર ભરોસો ન કરો; નહીં તો તેના લીધે તમે તમારા દોસ્તો અને સગા સંબંધીઓને ગુમાવી બેસશો.

હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: શું હું તમને સર્વથી ખરાબ લોકો કોણ છે તે બતાવું?

લોકોએ કહ્યું: હા, યા રસુલુલ્લાહ સ.અ.વ.!

આપે ફરમાવ્યું: ચાડી ખાનાર એટલે કે જેઓ લોકોમાં એકબીજાની બુરાઈ કરે છે અને ભાગલા પાડે છે; તેમજ જેઓ બેગુનાહ લોકોના ઐબ તલાશ કરે છે.

(મન લા યહઝરહુલ ફકીહ, ભાગ ૪, પેજ ૩૭૪)

કામયાબીમાં જે મોટી રુકાવટ બને છે તેવી બે વસ્તુ ઇમામે બયાન ફરમાવી છે: એક આળસ અને બીજું ચાડી ચુગલી.

હિકમત ૨૪૦

હરામ અને ગસ્બી માલનો અસર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: એક ગસ્બી પથ્થર ઘરને બરબાદ કરવા માટે કાફી છે.

સૈયદ રઝી કહે છે: આવી જ એક હદીસ આપણા છેલ્લા નબી સ.અ.વ. તરફથી પણ બયાન થઈ છે; મને આ વાતથી કોઈ તાજુબ્બ ન થયું કેમકે બંને એક જ જગ્યાએથી ઇલ્મ પ્રાપ્ત કર્યો છે.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં ફરમાવે છે: જે કોઈ હરામ માલ કમાય અથવા બીજા કોઈ પાસેથી બળજબરીથી માલ લૂંટે અથવા કોઈની રજા વગર કોઈનો માલ વાપરવા લાગે તે પણ ગસ્બી

પત્થરની જેમ જ કહેવાય; અને તેની બરબાદી માટે કાફી છે.

એક બહુ મોટા આલિમ કહે છે: આ હદીસ ફક્ત ઘર બનવા માટે નથી. જો કોઈ હરામ માલથી કંઈ પણ ખાય-પીવે અથવા કોઈ પણ રીતે નાહક માલ ભેગો કરીને વપરાશમાં લે તેની ઇબાદત તેને કંઈ પણ ફાયદો નહીં પહોંચાડે; અને તે હંમેશાં નુકસાનમાં રહેશે; આ નુકસાન દુનિયા અને આખેરત બંનેમાં થાય છે.

મર્હૂમ તબરસી મજમઉલ બયાનમાં ફરમાવે છે કે મેં કુરઆનની આ આયત કે જે સૂરએ નમ્લમાં બયાન થઈ છે તેનાથી સમજ્યો છું કે ઝુલ્મ અને સિતમ તમારા ઘરને બરબાદ

કરી દેશે (હવે આ ઘરો તેઓના છે જેઓએ ઝુલ્મ અને સિતમ કર્યો એટલે બરબાદ થઈ ગયા અને વિરાન પડેલા છે અને બેશક આ એક રોશન નિશાની છે તેઓ માટે કે જેઓ એક વિચારવાવાળી કોમ છે.)

છેલ્લે એક હદીસ હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: હરામ માલથી કમાયેલી વસ્તુથી ઇમારતો ન બનાવો; કેમકે તે બરબાદ થઈ જાય છે. (ઇબ્ને અસાકિર, ભાગ ૫૯, પેજ ૨૯૬)

જો ઘરથી બરકતો ખતમ થઈ ગઈ હોય; ઘરમાં રહેનારના વચ્ચે માહોલ તંગ અને કંકાસ ખતમ ન થતા હોય તો આ તરફ પણ વિચાર

કરવો કે કોઈ નાહક અને હરામ માલ તો ઘરમાં નથી આવી ગયો ને!!

હિકમત ૨૪૧

ઝાલિમની સજા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: મઝલુમનો દિવસ (કયામત) ઝાલિમ માટે વધારે સખત હશે જે ઝાલિમનો મઝલુમ માટે હોય છે.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં ઝાલીમો અને અત્યાચાર કરનારાઓને સખતીથી સમજાવે છે કે જો તમે કોઈ ઉપર ઝુલ્મ કરશો તો કયામતમાં તમારાથી બદલો લેવામાં આવશે ત્યારે ઝુલ્મ કરનાર માટે બહુ જ સખત હશે. કયામતમાં જ્યારે ઝાલીમને સજા આપવામાં આવશે ત્યારે ફક્ત એક વખત સજા

નહીં પરંતુ વારંવાર સજા આપવામાં આવશે. ઝુલ્મ કરનાર માટે આખેરત સિવાય આ દુનિયામાં પણ સજા મળશે. સૂરએ હજ આયત ૪૫માં આ વિષે બયાન થયું છે: "કેટલા બધા શહેરો છે જેમને અમે વિરાન અને બરબાદ કરી દીધા કેમકે તેઓ ઝાલિમ હતા."

હદીસમાં છે કે ઝુલ્મ કરનાર પાસેથી નેઅમતો છીનવી લેવામાં આવશે અને તેને હલાક કરવામાં આવશે (ગુરરુલ હિકમ, હદીસ ૧૦૪૧૧)

હજાજે સકફી કે જે મોટો ઝાલિમ હાકેમ હતો લોકો ઉપર બહુ જ ઝુલ્મ કરતો હતો શીઆઓને શોધી શોધીને શહીદ કરતો; પણ

એક વખત બહુ જ નેક અને ઇમાનદાર માણસ કે જેમનું નામ સઇદ હતું તેને તે કતલ કરવા માટે બોલાવે છે અને તેને જે દિશામાં કતલ કરવા માટે લઈ જતા તો તે કુરઆનની આયતની તિલાવત કરતા: કે અલ્લાહ મારી આ હાલતને જુએ છે અને તને પણ જુએ છે.

પછી સઇદ દુઆ કરે છે કે મારું આ કતલ તારા હાથે આખરી કતલ હોય. અને થયું પણ તેવું કે જનાબે સઇદની શહાદત પછી તે હજાજ બીમાર થઈ જાય છે અને મોટા મોટા તબીબ પણ તેનો ઇલાજ નથી કરી શકતા અને છેલ્લે તે ખરાબ

હાલતમાં આ દુનિયાથી વાસિલે જહન્નમ થાય છે.

યાદ રાખવું જોઈએ કે ઝુલ્મ ચાહે નાનો હોય કે મોટો તેની સજા ભોગવવી પડશે.

હિકમત ૨૪૨

પરહેઝગારી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ખુદાથી ડરો ભલે ઓછું હોય; અને પોતાના અને અલ્લાહના વચ્ચે શરમ રાખો ભલે થોડીક હોય.

ઇમામ આ નુરાની કલામમાં જે લોકોનું ઇમાન કમજોર છે તેને ફરમાવે છે કે તમે તકવા અને પરહેઝગારી અખત્યાર કરો ભલે થોડીક જ કેમ ન હોય. તમે અલ્લાહથી શરમ રાખો ગુનાહ કરતી વખતે એ ધ્યાન રાખો કે અલ્લાહ

જુએ છે અને અલ્લાહની શરમ રાખો.

જેની પાસે ઇમાન નથી હોતું તેઓ અલ્લાહનો એહતેરામ નથી કરતા અને ખબર છે કે અલ્લાહ જોઈ રહ્યો છે તે છતાં બુરાઈ કરે છે અને ખુદાની પરવાહ નથી; જો તેઓ થોડીક પણ શરમ રાખશે તો ગુનાહોથી બચી શકશે.

જે પરહેઝગાર બની જાય છે તે ગુનાહો છોડી દે છે જેના લીધે તેનો દરજ્જો પણ અલ્લાહના નજીક ઊંચો થતો જાય છે.

અને જો કોઈથી ગુનાહ થઈ ગયા હોય અને તૌબા કરે તો મહેરબાન અલ્લાહ તેને માફ કરી દે

છે. કુરઆનમાં સૂરએ તોબા આયત ૧૦૨ છે:

"અને બીજા એ લોકો કે જેઓએ પોતાના ગુનાહનો એઅતેરાફ કર્યો અને તેઓ સારા અને ખરાબ કાર્યોને ભેગા કરી દીધા; તો અલ્લાહ બહુ જ જલ્દી તેની તૌબા કબૂલ કરશે અને અલ્લાહ મોટો માફ કરવાવાળો અને મહેરબાન છે."

મર્હૂમ મુગનિયા કહે છે એવું લાગી રહ્યું છે ઉપર દર્શાવેલી હદીસ આપણા ઝમાના માટે છે; કેમકે આજના સમયમાં શહેવતપરસ્તી તેમજ ગુનાહ કરવા બિલકુલ આસાન બની ગયું છે જેની પાસે થોડુંક પણ ઇમાન હશે તેને ઇન્શાલ્લાહ નજાત મળી જશે. પછી

મર્હૂમ મુગનિયા રસૂલે ખુદા સ.અ.વ.ની આ હદીસ નકલ કરે છે: લોકો માટે એક ઝમાનો એવો આવશે કે પોતાના દીન ઉપર બાકી રહેનારા એવા હશે કે જેઓ પોતાની હથેળી ઉપર આગનો કોલસો રાખેલો છે. (બિહારુલ અનવાર, ભાગ ૭૪, પેજ ૯૯)

એટલે કે આજના સમયમાં જો આપણા પાસે થોડુંક એવું ઇમાન પણ બાકી હશે તો તે પણ ગુનાહથી બચવા માટે કાફી છે.

બીજી એક હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: જે લોકો તે (આજના) સમયમાં અલ્લાહની બંદગી કરશે તો અલ્લાહ તેને ૫૦ લોકોનો સવાબ અતા કરશે. એક

સહાબીએ પૂછ્યું કે તે સમયના ૫૦ લોકો કે અત્યારના ૫૦ લોકોનો? તો આપ હઝરત ફરમાવે છે: તમારી જેવા ૫૦ લોકોનો સવાબ મળશે. (બિહારુલ અનવાર, ભાગ ૨૮, પેજ ૪૭)

જે માણસ મોટા ગુનાહથી બચીને રહેશે તો પછી તેના નાના ગુનાહોને માફ કરવામાં આવશે. બસ જરૂરી છે અલ્લાહનો એહતેરામ કરે અને ગુનાહોથી બચવા માટે અલ્લાહથી મદદ ચાહે; અલ્લાહ પણ જરૂર તેની મદદ કરશે અને તેના દીન અને ઇમાનને બચાવીને રાખશે.

યાદ રાખવું જોઈએ કે ગુનાહ એવી મુસીબત છે જેનો અઝાબ લાંબા સમય સુધી રહે છે.

હિક્મત ૨૪૩

જવાબ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે એક સવાલ માટે ચારે તરફથી જવાબ વધી જાય ત્યારે સાચો જવાબ છુપાઈ જાય છે.

ઇમામ અ.સ. અહીંયા આ નુરાની કલામમાં ફરમાવે છે: જ્યારે એક સવાલના જવાબ વધારે આવવા લાગે ત્યારે ધ્યાન રાખવું; સાચો જવાબ લોકોના વધારે પડતા નકામા જવાબોના લીધે છુપાઈ જાય છે.

આનું ઉદાહરણ તરીકે જોઈએ તો ઘણી વખત સવાલ-જવાબના પ્રોગ્રામમાં જોવા મળ્યું છે કે લોકો જાણતા હોય કે ન હોય પોતાની અક્કલ પ્રમાણે જવાબ આપવા લાગે

છે; તેમાં સાચો જવાબ છૂટી જાય છે અને બીજી બહેસ અને વાતચીતમાં ઉતરી જાય છે; જેમાં અસલ વાત છૂટી જાય અથવા ભુલાઈ જાય છે.

જવાબ આપવાના આદાબ

કદી પણ કોઈ પણ વસ્તુનો જવાબ જલ્દી ન આપો

અમુક વખત ચૂપ રહેવું પણ જવાબ હોય છે; ખાસ કરીને જ્યારે તમને જવાબ ન આવડતો હોય તો ચૂપ રહેવું બહેતર છે.

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: 'નથી આવડતું' એમ કહેવું પણ અડધું ઇલ્મ છે. (ગુરરુલ હિકમ, ૬૭૫૮)

અમુક લોકો જાણતા હોય કે ન જાણતા હોય તેમને જવાબ દેવો જ જોઈએ. હદીસમાં એવા માણસોને પાગલ કહેવામાં આવ્યા છે.

જેને સવાલ પૂછવામાં આવેલો હોય તે જ જવાબ આપે; નહીં તો સત્યમાં અસત્ય મળી જશે; તેનો નતીજો ભયંકર આવી શકે છે.

છેલ્લે એક હદીસ જે હિક્મત નં. ૮૫માં બયાન થયેલી છે: જે કોઈ આ વાક્ય યાદ નથી કર્યું 'મને નથી ખબર', તો તેણે પોતાને કતલ કરવા માટે તૈયાર કર્યો છે.

હિકમત ૨૪૪

શુક્ર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: દરેક નેઅમતોમાં અલ્લાહનો અધિકાર છે; જે તેની નેઅમતોના હકને અદા કરશે અલ્લાહ તેની નેઅમતોમાં વધારો કરશે; અને જે હક અદા કરવામાં આળસ કરશે તે પોતાની નેઅમતોને તબાહ કરી દે છે.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં શુક્ર અદા કરવાનો એક નવો રસ્તો અપનાવવાનું કહે છે; એટલે નેઅમતોનો હક અદા કરવો પણ શુક્ર છે. આ પ્રકારનો શુક્ર, જીભની સાથે સાથે દિલ અને અમલથી શુક્ર કરવો છે એટલે અલ્લાહની નેઅમતોથી

જરૂરતમંદોની મદદ કરવી; સગાં-વહાલાઓ સાથે સારો વ્યવહાર કરવો; કોઈ બીમાર જરૂરતમંદની જરૂરતને પૂરી કરવી; દીન અને મઝહબના કાર્યોમાં આપવું; તેમજ યતિમોની સરપરસ્તી કરવી વગેરે...

આ પ્રકારની મદદ કરવી અલ્લાહની આપેલ નેઅમતોનો હક અદા કર્યો ગણાશે અને આ અલ્લાહનો એક પ્રકારનો શુક્ર કહેવાય.

અલ્લાહે જેટલી નેઅમતો આપી છે તે બધી જ નેઅમતોનો અલગ અલગ શુક્ર છે: આંખ, કાન, હાથ, અક્કલ તેમજ માલ-દૌલત વગેરે... તેનો શુક્ર એ છે કે અલ્લાહ જે મુજબ હુકમ આપ્યો છે તે રીતે

નેઅમતોનો ઉપયોગ કરવો; તો જ સાચો અલ્લાહનો શુક્ર અદા કર્યો કહેવાશે.

દરેક નેઅમતોનો અલગ અલગ શુક્ર છે. ઝબાનથી શુક્ર કરવાનો એક અલગ મરતબો છે ઇમામ સાદિક અ.સ ફરમાવે છે: (બધી જ વસ્તુનો શુક્ર છે અને ઇન્સાન જો ઝબાનથી ખુલૂસ સાથે કહે અલ્હમ્દુલિલ્લાહ રબ્બિલ આલમીન તો તે પણ શુક્ર અદા કર્યો ગણાશે. (કાફી, ભાગ ૨, પેજ ૯૫))

અલ્લાહ તરફથી જ તમામ નેઅમતો આપણને મળી છે તેના બદલ શુક્ર અદા કરવો જોઈએ અને તેમાં પણ અલ્લાહનો અધિકાર છે. જો તે નેઅમતો થકી કોઈ કારે ખૈર

કર્યું તો અલ્લાહનો શુક્ર કરવો જોઈએ.

અને જો અલ્લાહે આપેલ નેઅમતો માંથી આપણે કંઈ નેક કામ ન કર્યું, કોઈની મદદ ન કરી તો કુફ્રાને નેઅમંત કરી કહેવાય અને પછી આપણી પાસે જે કંઈ છે તે ખતમ થતા વાર નહીં લાગે.

કુરઆન મજીદમાં કોમે સબાનું બયાન થયું છે કે અલ્લાહે તેઓને ખૂબ જ વધારે નેઅમતો આપી હતી; પરંતુ તેઓ અલ્લાહનો શુક્ર અદા ન કર્યો અને અલ્લાહે જ્યાં નેઅમતો ખર્ચ કરવાનું કહ્યું હતું તેમ ન કર્યું; તેના લીધે તેઓ પાસેથી બધી જ નેઅમતો લઈ લેવામાં આવી અને તેઓ બરબાદ થઈ ગયા.

ઇમામ સાદિક અ.સ ફરમાવે છે : અલ્લાહે આપેલ નેઅમતોનો યોગ્ય રીતે ઉપયોગ કરો અને કુફરાને નેઅમંતથી ડરો; નહીં તો આ નેઅમતો તમારી પાસેથી લઈને બીજા કોઈને સોંપી દેવામાં આવશે. (કાફી, ભાગ ૪, પેજ ૩૮)

હિકમત ૨૪૫

શક્તિ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે શક્તિ વધી જાય છે તો ઇચ્છાઓ ઘટી જાય છે.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં ફરમાવે છે: જ્યારે જિંદગીમાં નસીબ સારા થઈ જાય અથવા પહેલેથી જ બધી જ વસ્તુ હાંસલ કરી શકે તેવા ખાનદાનમાં

રહેતા હોય ત્યારે ઇન્સાન ઇચ્છાઓ વધવી ન જોઈએ; ઘટવી જોઈએ.

એટલે જ્યારે ઇન્સાન પાસે બધી જ વસ્તુ ખરીદવાની અને હાંસલ કરી લેવાની શક્તિ આવી જાય તો પછી તેને કોઇ પણ વસ્તુમાં રસ અને મન નથી હોતું; કેમકે જે ભી વસ્તુ તેને જુએ છે તે લઈ શકે છે અને જે ચાહે તે કરી શકે છે. તેની પાસે કોઈ પણ વસ્તુ આવે તો પણ ખુશી નથી મળતી અને કોઈ પણ વસ્તુ જાય ત્યારે પણ અફ્સોસ નથી કેમકે તેની પાસે બધી જ વસ્તુ લેવાની શક્તિ છે એટલે તેની ઇચ્છાઓ ઘટી જાય છે.

દરેક પ્રકારની શક્તિ અને કુદરતમાં આ મુજબ હોય છે. જેના

પાસે કુદરત આવી જાય તો બીજાને પકડવામાં જલ્દી નથી કરતો; જઈ જઈને ક્યાં જશે?

હિકમત ૨૪૬

કુફ્રાને નેઅમત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: નેઅમતો ખતમ થવાથી ડરો; કેમકે જે વસ્તુ નીકળી જાય છે તે ફરી પાછી નથી મળતી.

જે કંઈ વસ્તુ આજે આપણી પાસે છે તેની કદર કરો; જો કાલે આપણી પાસે ન રહે તો અફસોસ ન કરવો પડે.

આજે આપણે જવાન છીએ; કાલે આ જવાની નથી રહેવાની. આજે આપણે તંદુરસ્ત છીએ; કાલની નથી ખબર. આજે આપણી પાસે દોલત છે; કાલની નથી ખબર. તો જે પણ

વસ્તુ આપણી પાસે આજે છે તેનો સદુપયોગ કરીએ જેથી કાલે જો ન રહે તો અફસોસ ન થાય.

આપણી પાસે જે પણ નેઅમતો છે ચાહે તે પોતાની પર્સનલ હોય અથવા સમાજમાં હોય અથવા બીજી કોઈ પણ રીતે હોય ઇન્સાનને તેની કદર કરવી જોઈએ; અને જે કોઈ તે નેઅમતોની કદર કરશે અલ્લાહ તેમાં વધારો કરશે અને જો કોઈ તેની કદર નહીં કરે અને કુફ્રાને નેઅમંત કરશે તો પછી તેને પરેશાની અને તકલીફો સહન કરવી પડશે

ઇમામ અલી રઝા અ.સ એક હદીસમાં નેઅમતોની આ રીતે વ્યાખ્યા કરે છે:

નેઅમતો તે ઊંટ જેવી છે કે જેને બાંધીને રાખવામાં આવેલો હોય અને જ્યાં સુધી ઊંટનો માલિક તેની સાથે સારો વ્યવહાર કરે છે તો તે ઊંટ તેની પાસે રહે છે; અને જ્યારે ઊંટનો માલિક તેની સાથે ખરાબ રીતે પેશ આવે એટલે તે ઊંટ ત્યાંથી ભાગી જાય છે (કાફી, ભાગ ૪, પેજ ૩૮)

કુરઆન મજીદમાં પણ આવ્યું છે કે અલ્લાહ તઆલા ત્યાં સુધી એ કોમની હાલત નથી બદલતો જ્યાં સુધી પોતે કોમ પોતાની હાલત ન બદલે. (સૂરએ રઅદ, આયત ૧૧)

હિકમત ૨૪૭

બક્ષિસ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ભેટ આપવી સગાવટ કરતાં પણ વધારે મહેરબાનીનું કારણ બને છે.

ઇમામ આ નુરાની કલામમાં ફરમાવે છે: જો તમે કોઈને ભેટ આપો અથવા બીજી કોઈ રીતે કોઈની મદદ કરો તો સગાં-વહાલાં જ્યાં કામ નહીં આવે ત્યાં જેના સાથે મહેરબાની કરી હશે તેઓ મુસીબતના સમયે આવીને ઊભા રહી જશે.

જ્યારે કોઈ એક જરૂરતમંદને આપે તો તેની નજરમાં મોટો ફરિશ્તો છે; સગા સંબંધી કરતાં પણ વધારે મહાન છે; કેમકે જે કામ સગાં-વહાલાંનું હતું ધ્યાન રાખવાનું એ

કામ પારકાએ કરીને તકલીફ માંથી નજાત આપી.

બક્ષિસ થકી સામેવાળાને પોતાનો હમદર્દ બનાવી શકે છે.

અને આ એક એવી સિફત છે જે અલ્લાહ પાસે છે:

અલ્લાહ ફરમાવે છે: હું બક્ષિસ કરવામાં બધા કરતાં પહેલો છું અને આખીર સુધી રહેવાનો છું અને આ કામ માટે હું ફખર નથી કરતો.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: સખાવત જન્નતના ઝાડ માંથી એક ઝાડ છે અને તેની એક ડાળ દુનિયામાં લટકેલી છે; અને જો કોઈ દાન અને બક્ષિસ કરે છે તે આ ડાળની સાથે જોડાઈ જાય છે અને તેને જન્નત સુધી લઈ જાય

છે.(બિહારુલ અનવાર, ભાગ ૬૮, પેજ ૩૫૨)

રસૂલે ખુદા સ.અ.વ. બીજી એક હદીસમાં સખાવત કરનાર સાથે બીજી ત્રણ સિફતોનું બયાન કરે છે:

ઇન્સાન ચાર પ્રકારના હોય છે: સખી; કરીમ; બખીલ; અને લઇમ.

સખી: તે છે જે પોતે પણ ખાય છે અને બીજા લોકોને પણ દાન કરે છે.

કરીમ: જે પોતે ફાયદો નથી ઉપાડતો પરંતુ બીજા લોકોને અતા કરે છે, દાન કરે છે.

બખીલ: એ છે જે પોતે ખાય છે પણ બીજા કોઈને નથી આપતો.

લઇમ: એ છે જે પોતે પણ કંઈ નથી ખાતો અને બીજાને પણ કંઈ

નથી આપતો.(બિહારુલ અનવાર, ભાગ ૬૮, પેજ ૩૫૨)

આપણા ઇમામ અને ઓલિયા કરીમ હતા અને કરીમનો એક બીજો અર્થ એ થાય છે કે તમે તેમની પાસે કંઈ માંગો તેના પહેલાં આપે છે.

હિકમત ૨૪૮

હુસ્ને ઝન્ન (સારા વિચારો)

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જે તમારા પ્રત્યે સારું વિચારે (હુસ્ને ઝન્ન રાખે) તો તેના વિચારોને સાચા કરી આપો.

ઇમામ આ કલામમાં ફરમાવે છે: જો કોઈ ઇન્સાન તમારાથી સારી આશા અને સારી ઉમ્મીદ રાખે તો તેની ઉપર ખરા ઊતરો; કેમકે જ્યારે એ તમારી પાસે સારી ઉમ્મીદ લઈને

આવ્યો છે તો તમે તેની ઉમ્મીદ સાચી સાબિત કરો અને માયુસ ન કરો.

જેવી રીતે હુસ્ને ઝન્ન રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે એ જ રીતે સુએ ઝન્ન એટલે લોકો માટે ખરાબ વિચારો બદગુમાની રાખવાની મનાઈ કરવામાં આવી છે.

અલ્લાહ તઆલા કુરઆન મજીદમાં સૂરએ હુજુરાત આયત ૧૨માં ફરમાવે છે: બીજા પ્રત્યે સુએ ઝન્ન (બદગુમાની) ન રાખો; કેમકે અમુક વખત આવા ખરાબ વિચાર પણ ગુનાહ બની જાય છે.

બીજી એક હદીસમાં ઇમામ અ.સ. ફરમાવે છે: જે કોઈ બીજા માટે બદગુમાની કરે છે તે બધાથી

ડરે છે (ગુરરુલ હિકમ, હદીસ ૫૩૩૩)

ઇમામ એક બીજી હદીસમાં ફરમાવે છે: જ્યાં સુધી મુમકિન હોય બીજા લોકોની વાતનો સારો અર્થ લો. (કાફી, ભાગ ૨, પેજ ૩૬૨)

રિવાયતમાં મળે છે કે અલ્લાહ અમુક દોઝખીઓને એટલા માટે દોઝખથી કાઢીને જન્નતમાં લઈ જશે; કેમકે તેઓ કહેશે કે અમને તારાથી આવી ઉમ્મીદ ન હતી કે તું અમને દોઝખમાં નાખીશ.

અલ્લાહ પ્રત્યે પણ સારા ગુમાન રાખો અને લોકોથી પણ સારો વિચાર રાખો.

બીજા પ્રત્યે સારા વિચારો રાખવાથી સમાજમાં ઘણા

ઝઘડાઓનો અંત આવે છે. જો કોઈ તમારા માટે સારું વિચારતા હોય તો તેની મદદ કરી તેમાં ખરા ઊતરો. આ એક બહેતરીન નેકી છે.

હિકમત ૨૪૯

બહેતરીન અમલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: બહેતરીન અમલ એ છે કે જેને અંજામ આપવા માટે તમારા નફ્સને મજબૂર કરવું પડે.

ઇમામ આ કલામમાં ફરમાવે છે: જો તમારો બહેતરીન અમલ જોવો હોય કે કયો છે; તો જે કામ કરવા માટે તમારું દિલ અને નફ્સ તૈયાર ન હોય અથવા આળસ થતી હોય તો તે નેક અમલ અંજામ આપો. તો તે તમારો બહેતરીન અમલ છે. દા.ત. નમાઝ માટે, કોઈની મદદ

માટે, કોઈની નસીહત સાંભળવા માટે જો મન તૈયાર ન હોય તો તેને મજબૂર કરો. જો આ રીતે કરશો તો તમારો અમલ શ્રેષ્ઠ અમલ હશે.

જો તમારું મન ગુનાહ કરવાનું અથવા અલ્લાહની નાફરમાની કરવાનું થાય તો તમે તેની સાથે અંદર અંદર લડો અને ગુનાહ તરફ ન જાઓ; તો તમારું આ કામ બહેતરીન કામ છે.

જે વસ્તુને તમારા અંદરનો શૈતાન કરવાથી રોકે અને તમે તેની સાથે લડીને તે કામ અંજામ આપો તો તે બહેતરીન કામ છે.

આવા મતલબવાળી એક હદીસ રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે:

બહેતરીન આમાલ એ છે કે જેને કરવું અઘરું હોય (જેને કરવામાં તકલીફો સહન કરવી પડે). (બિહારુલ અનવાર, ભાગ ૬૭, પેજ ૧૯૧)

એટલે જે કંઈ તમે બહેતરીન કામ અને અમલ કરવા માંગો છો જો તેમાં મહેનત અને તકલીફ વધારે હોય તો સમજી લેવું આ કાર્ય તમારું બહેતરીન કામ છે.

અને તમે જે કંઈ સારા કામ કરો અને તકલીફ ન આવે તો તેમાં સવાબ તો છે પણ ઓછો છે; પણ જો એ કામમાં તકલીફ વધારે પડે તો તમને સવાબ વધારે મળે છે અને આ કામ તમારું બહેતરીન કામ ગણવામાં આવે. જેમકે નમાઝે શબ

સવારે ઊઠીને પઢવા અઘરું કામ છે; પણ જો સવારે સહેરના સમયે ફજર પહેલાં ઊઠો અને નમાઝે શબ પઢો તો તમને વધારે સવાબ મળશે અને આ કાર્યમાં સવાબ પણ વધારે મળશે.

અમલ સાથે નિયત પણ સારી હોવી જોઈએ. જ્યારે આપણે નિયત સારી રાખીશું તો પછી ધીમે ધીમે તે અમલના સવાબ સુધી પણ પહોંચી શકીશું; તો પહેલા આપણે આવા સારા કામની નિયત કરવી જોઈએ પછી તે અમલ સુધી પહોંચી શકીએ છીએ; અને નિયત સારી હોય તો પણ સવાબ મળે છે; તો આપણે નિયત સારી કરીને પણ સવાબ હાંસલ કરવો જોઈએ; પછી ધીમે

ધીમે સારા અમલ કરી તે નિયતને સંપૂર્ણ કરવી જોઈએ.

જો સમાજને સુધારવા માટે અથવા સારા કામો કરવા માટે ઘણી રુકાવટો ઊભી થતી હોય તો ગભરાઈને તે અલ્લાહ માટે કરવામાં કામને છોડી ન દેવું જોઈએ; બલ્કે તે કામો મક્કમતા સાથે અંજામ આપવા જોઈએ; ત્યારે તેનો અજર પણ અલ્લાહ પાસે વધારે છે.

હિક્મત ૨૫૦

અલ્લાહની ઓળખાણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: અલ્લાહને ઇરાદાના તૂટવાથી અને નિય્યતો બદલવાથી અને હિમ્મતો હારી જવાથી ઓળખ્યો છે.

અમુક વખત એવું બને છે કે આપણે કોઈ કામ માટે મક્કમ ઇરાદો

કર્યો હોય પણ છેલ્લે તે કામ નથી થતું અથવા તેની જગ્યા બીજું કોઈ કામ થઈ જતું હોય છે અને ખબર પણ નથી પડતી કે આ કેવી રીતે થયું. એવું પણ બને છે કે જ્યાં વિચાર્યું પણ ન હોય ત્યાંથી સારો એવો લાભ અને ફાયદો થાય.

એ જ રીતે નુકસાન માટે આપણે તે કામ સમજી વિચારીને આગળ વધારી રહ્યા હતા; પણ અચાનક નુકસાન થવાની ખબર આવે તો ક્યારેક ક્યારેક આપણે જે ઇરાદો કર્યો હોય તે બદલાઈ જાય છે; અને તે ઇરાદો બદલનાર બીજું કોઈ નહીં અલ્લાહ છે; અને ઇરાદો તૂટવાથી ખબર પડે છે કે બધી જ વસ્તુ અલ્લાહના હાથમાં અને તેની

કુદરતમાં છે. આ રીતે પણ અલ્લાહની ઓળખાણ હાંસલ થાય છે.

ઇમામ પણ અહીંયા અલ્લાહની ઓળખાણની રીત બયાન કરે છે.

એ જ પ્રમાણે આપણે નિયત કંઈ કરી હોય ત્યાર પછી અચાનક નિયત બદલાઈ જાય છે; તો માનવું જોઈએ કે તે નિયતને બદલનાર પણ અલ્લાહ છે.

અને એવું પણ બને છે કે હિંમતથી કામ કરી રહ્યા હોય અને અચાનક હિંમત હારી જતા હોઈએ છીએ.

અમુક આલિમોનું કહેવું છે: ઇરાદો, નિયત અને હિંમત આ ત્રણે વસ્તુ અલગ અલગ જગ્યાએ ભલે

વાપરવામાં આવી હોય પણ બધા જ શબ્દનો એક જ અર્થ કરી શકાય છે.

હદીસો અને કુરઆન મજીદ થકી પણ સમજવા મળે છે કે ઇન્સાન અને તેના દિલની વચ્ચે અલ્લાહ છે અને બધાને અલ્લાહ પાસે પાછું જવાનું છે.

અંતમાં ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. એક હદીસમાં ફરમાવે છે: મારા જદ્દ ઇમામ અલી અ.સ. પાસે એક માણસ આવે છે અને પૂછે છે કે તમે કેવી રીતે અલ્લાહને ઓળખ્યા?

ઇમામ ફરમાવ્યું: મેં ખુદાને કામ તૂટવાથી અને મારા ઇરાદા બદલવાથી ઓળખ્યો. ક્યારેક એવું

બન્યું કે મેં એક કામ કરવાનું વિચાર્યું અને તે ન થયું એટલે હું સમજી ગયો કે કુદરત અલ્લાહના હાથમાં છે (તોહીદે સદૂક, પેજ ૨૮૮)

અલ્લાહની મઅરિફત માટે કોઈ મોટી ફિલોસોફીની જરૂરત નથી; જો આપણી જિંદગીમાં અને ચારે તરફ નજર કરીશું તો દરેક વસ્તુમાં ખુદાની ઓળખાણની નિશાનીઓ દેખાશે.

હિકમત ૨૫૧

કડવાશ અને મીઠાશ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: દુનિયાની કડવાશ આખેરતની મીઠાશ છે અને દુનિયાની મીઠાશ આખેરતની કડવાશ છે.

આ હદીસમાં ઇમામ આપણને સમજાવે છે કે જો દુનિયામાં સખતી

બરદાસ્ત કરીશું જેમ કે ઇબાદત, ઇતાઅતે ખુદા અથવા અલ્લાહની રાહમાં જેહાદ, શૈતાનના કામોનો વિરોધ, હજની તકલીફો, ઝકાત અને ખુમ્સ, અને હરામથી બચવું વગેરે... આ વસ્તુઓને અંજામ આપવામાં મોમીન માટે સખતી જરૂર છે; પરંતુ આ કામો જેટલા અંજામ આપવા કડવા લાગે છે આખેરતમાં તેટલા જ મીઠાં અને ખુશગવાર લાગશે. અમુક લોકો માટે દુનિયાનું જીવન સખતીઓના લીધે ઝેર કરતાં પણ કડવું લાગતું હોય છે; પણ તેને નાઉમ્મીદ થવાની જરૂરત નથી. તેને આ તમામ સખતીઓ બદલ આખેરતમાં એવી મીઠાસ નસીબ થશે કે તેની કોઈ મિસાલ નથી.

અને જો કોઈ દુનિયામાં અલ્લાહની નાફરમાની, ગુનાહ, તેમજ હરામ કમાઈથી ખુશ રહેવા માંગશે તો તેને આખેરતમાં કડવી અઝાબ વાળી અને સખત જિંદગી ગુજારવી પડશે; જ્યારે કે જહન્નમનો એક દિવસનો અઝાબ કોઈ સહન નહીં કરી શકે. આપણને ફૈસલો કરવાનો છે કે દુનિયામાં અલ્લાહની નાફરમાની કરીને ટૂંકી મુદ્દત માટે ખુશીથી જિંદગી ગુજારવી છે કે ઇતાઅતે ખુદા કરીને હંમેશા માટે ખુશી સાથે દુનિયા અને આખેરતમાં રહેવું છે? જો નાફરમાની કરીશું તો હજારો વર્ષ જહન્નમના અઝાબની કડવાશ ચાખવી પડશે.

હોશિયાર માણસ દુનિયાની થોડી એવી મીઠાશ માટે આખેરતની હંમેશા માટેની કડવાશ કબૂલ નથી કરતો.

ઇમામ અલી અ.સ. ખુત્બા નં. ૧૭૪માં ફરમાવે છે: જન્નત સખતીઓમાં અને જહન્નમ નફ્સની ઇચ્છાઓમાં છે.

હકમાં થોડીક તકલીફ અને પરેશાની જરૂર હોય છે; પણ તેનું ફળ ખૂબ જ મીઠું હોય છે

જો નબીની જિંદગીનો ઇતિહાસ વાંચીશું તો જોઇશું કે જનાબે યુસુફ અ. ઝૂલેખાના ગુનાહ તરફ બોલાવવાથી પણ તેની વાત ન માની અને ગુનાહ ન કર્યા. ઝુલૈખાની વાત ન માની તેના બદલામાં આપને ઘણી

તકલીફો પડી, જેલમાં ધકેલવામાં આવ્યા; પરંતુ છેલ્લે આ દુનિયામાં બાદશાહત મળી; અને આખેરતમાં પણ કામયાબી મળશે.

અલ્લાહની ઇતાઅતમાં જેને લઝઝત મળી ગઈ તેને પછી દુનિયાની કોઈ લઝઝતમાં મજા નહીં મળે.

હિકમત ૨૫૨

વાજિબ વસ્તુઓની મસ્લહત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: અલ્લાહે ઇમાનને વાજિબ કર્યું જેથી દિલને શિર્કથી પાક રાખે; અલ્લાહે નમાઝને વાજિબ કરી જેથી ઘમંડ અને તકબ્બુરથી બચાવે; અલ્લાહે ઝકાતને લોકોની રોઝી વધારવા માટે વાજિબ કરી છે; રોઝા રાખવાનો હુકમ એ માટે આપવામાં

આવ્યો જેથી સાચા અને મુખલિસ બંદાઓની ઓળખાણ થઈ શકે; હજને વાજિબ કર્યું જેથી દીનને તાકાત મળે; જેહાદને ઇસ્લામની બુલંદી માટે; અમ્ર બિલ મઅરૂફને લોકોને સુધારવા માટે; નહીં અનીલ મુન્કરને ગુમરાહ લોકોની રોકટોક માટે; સિલારહેમ મદદગાર વધારવા માટે; કિસાસ (શરીઅત પ્રમાણે બદલો)ને લોહીલુહાણથી બચવા માટે; હદને જારી કરવાનો હુકમ આપ્યો જેથી હરામથી બચી શકો; દારૂથી રોકવામાં આવ્યા જેથી અક્કલ સલામત રહે; અને ચોરીથી બચવાનો હુકમ આપ્યો જેથી ઇઝ્ઝત બાકી રહે; ઝિનાથી બચવાનો હુકમ જેથી નસબ સલામત રહે; લવાતથી બચવાનો જેથી નસલ બાકી રહે; હકની ગવાહી આપવાનો જેથી

ગુમરાહીથી બચી શકે; જૂઠથી બચવાનો જેથી સચ્ચાઈ જળવાઈ રહે; અમન અને શાંતિ રાખવાનો હુકમ જેથી ખતરાથી બચી રહે; અને અમાનતની હિફાઝત સમાજ અને મિલકતની વ્યવસ્થા માટે રાખવામાં આવી છે; અને ફરમાબરદારીને ઇમામતની અઝમત માટે રાખવામાં આવી છે.

આ હિકમતમાં શરીઅતે ઇસ્લામીના ૨૦ હુકમો શા માટે વાજિબ છે તેની મસ્લહત બયાન થઈ છે.

૧ અલ્લાહે ઇમાનને શિર્કથી દિલને પાક રાખવા માટે વાજિબ કર્યું છે; એટલે જે કોઈ અલ્લાહ એક હોવાનું ઇમાન રાખશે તો તેનું દિલ શિર્કથી પાક થઈ જશે અને

તે કોઈ પણ મૂર્તિ વગેરે...ની પૂજા નહીં કરે. અને અલ્લાહે બધા નબીઓને આ દુનિયામાં એટલા માટે જ મોકલ્યા છે કે ઇન્સાનને શીર્ક અને બુરાઈઓથી દૂર રાખે અને અલ્લાહની સાચી ઓળખાણ કરાવે. બધા નબીઓ લોકોને સૌથી પહેલી જે વસ્તુની લોકોને તાલીમ આપી તે અલ્લાહને એક માનો અને અલ્લાહ ઉપર ઇમાન લઈ આવવું હતું. જે આ હુકમને માન્યો તે અલ્લાહની બધી જ વાત માની અને અલ્લાહે જે હુકમ આપ્યો તેનું પાલન કર્યું.

૨ અલ્લાહે નમાઝને ધમંડથી પાક રાખવા માટે વાજિબ કરી અને નમાઝ પઢવાથી ઘણા બધા ફાયદાઓ અને બરકત મળે છે;

તેમાંથી એક એ છે કે ઇન્સાન જો નમાઝ પઢશે તો ઘમંડથી બચી શકશે. નમાઝ ઇન્સાનને નમ્રતા શીખવે છે; અલ્લાહના સામે સજદો કરવાથી તેની બુઝુર્ગી યાદ આવે છે અને એહસાસ થાય છે દરેક રીતે કિબરીયાઈનો હક તો ફક્ત અને ફક્ત અલ્લાહને શોભે છે; તેથી પોતાના અંદર ઘમંડથી બચે છે; અને નમાઝ ઇન્સાનને બુરાઈ અને ગુનાહથી બચાવે છે આ વાત કુરઆનમાં પણ બયાન થઈ છે.

૩ અલ્લાહે ઝકાતને લોકોને રોઝી માટે નક્કી કરી છે અને તફસીર કરવાવાળા આલિમો આની બે તફસીર કરી છે: ઝકાત નીકળવાથી ગરીબ લોકોને ફાયદો

થાય છે; જો દુનિયામાં બધા ઝકાત કાઢે તો કોઈ ફકીર બાકી ન રહે. અને બીજી તફસીર એ છે કે જે કોઈ ઝકાત કાઢે છે અલ્લાહ તેની રોઝીમાં વધારો કરે છે અને તેની જાન અને માલને નુકસાનથી બચાવે છે.

૪ રોઝા રાખવાનો હુકમ એ માટે આપવામાં આવ્યો જેથી સાચા અને મુખલિસ બંદાઓની ઓળખાણ થઈ શકે. બધી જ ઇબાદત માટે ઇખ્લાસ જરૂરી છે. ઇખ્લાસ એટલે તે કામ ફકત અલ્લાહ માટે અંજામ આપવું; બીજા કોઈને દેખાડવા માટે ન હોય; અને રોઝો એક એવી ઇબાદત છે કે જેમાં જાહેરી અવયવોને કંઈ કરવાનું નથી; જ્યાં સુધી ઇન્સાન

પોતે ઝબાનથી ન કહે ત્યાર સુધી કોઈને ખબર પણ નહીં પડે કે આ ઇન્સાન રોઝા રાખ્યો છે કે નહીં; અને જો કોઈ રોઝો રાખે છે તો તે મુત્તકી અને પરહેઝગાર બને છે.

૫ હજને દીનની મજબૂતી માટે નક્કી કરી છે; એટલે જ્યારે ઇન્સાન હજ ના મોસમમાં પૂરી દુનિયામાં એક જગ્યાએ ભેગા થાય છે અને એક અવાજમાં અલ્લાહને પુકારે છે અને શૈતાનને ધિક્કારે છે ત્યારે આ તાકાત અને કુવ્વત જોઈને દુશ્મન સમજે છે કે આ લોકો એક થઈ જાય તો કેટલા શક્તિશાળી થઈ જશે.

૬ જેહાદને ઇસ્લામની બુલંદી અને ઊંચાઈ માટે રાખી છે; એટલે

જો ઇસ્લામના દુશ્મન, મુસલમાનને ખતમ કરવા ચાહે તો તમે પોતાને બાકી રાખવા માટે અને બુલંદી સુધી પહોંચવા માટે જેહાદ કરો. અને જો જેહાદ નહીં કરો તો તમને અને ઇસ્લામને દુશ્મન નુકસાન પહોંચાડશે.

૭ અમ્ર બિલ મઅરૂફ લોકોને સુધારણા માટે છે; જો લોકો નેકી કરવું બંધ કરી દે તો તેનું નુકસાન કોઈ એક વ્યક્તિ માટે નહીં બલ્કે બધા જ મુસલમાનોને નુકસાન થશે; તે સમયે દરેક ઉપર અમ્ર બિલ મઅરૂફ કરવું વાજિબ થઈ જશે.

૮ નહીં અનીલ મુન્કર એટલે લોકોને બુરાઈથી રોકવું; જે કોઈ ગુનાહ કરે તેને રોકવો વાજિબ છે

જેવી રીતે અમ્ર બિલ મઅરૂફ બધા ઉપર વાજિબ છે તે જ રીતે નહીં અનીલ મુન્કર બધા ઉપર વાજિબ છે અને લોકોને બુરાઈથી હરામ કામથી રોકવા જોઈએ. (અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનીલ મુન્કર તેની શરતો સાથે વાજિબ થાય છે)

૯ સિલારહેમ એટલે સગાં-વહાલાં સાથે સારો વ્યવહાર રાખવો. જે કોઈ સિલારહેમ કરનાર એકબીજાની મદદ કરે છે અને તેના લીધે તેના ઉપર અલ્લાહની ખાસ નજર હોય છે જેના ઘણા બધા ફાયદા છે અને સિલારહેમ કરવાથી ઉંમરમાં અને માલમાં પણ વધારો થાય છે.

૧૦ કિસાસ લોકોની જાન બચાવવા માટે રાખી છે. કુરઆનમાં આવ્યું છે: કિસાસ તમારી જિંદગી છે.

૧૧ હદ જારી કરવી. હદ જારી કરવાથી ઇન્સાન ગુનાહોથી બચે છે અને હદ જારી કરવાના ડરથી સમાજમાં ક્રાઇમ અને સામાજિક ગુનાહો ઓછા થાય છે.

૧૨ દારૂને ન પીવાના ઘણા લાભ છે; તેમાંથી સૌથી મોટો લાભ છે કે અક્કલ સલામત રહે છે. દારૂ તેમજ જે વસ્તુથી નશો થતો હોય તે અક્કલને ખરાબ કરી દે છે અને બધા જ ગુનાહોનું મૂળ કહેવાય છે.

૧૩ ચોરી કરવાથી બચો. કોઈ પણ પ્રકારની ચોરી હોય તેને મોટો ગુનાહ ગણવામાં આવે છે.

૧૪ ઝિનાથી બચવું જોઈએ જે એક મોટો ગુનાહ છે. જે ઘરમાં અથવા સમાજમાં આ ગુનાહ થાય છે તે સમાજ અને તે સમાજની ઓલાદ બદતરીન હોય છે અને તેમાં અઝાબ રૂપે અચાનક મોતનું પ્રમાણ પણ લોકોમાં વધી જાય છે.

૧૫ લવાત (પુરુષ પુરુષ સાથે અથવા સ્ત્રી સ્ત્રી સાથે ગલત કામ કરે). આ પણ એક મોટો ગુનાહ છે અને આ કામ ઇન્સાનની નસલ બરબાદ કરે છે. જ. લુતની કૌમમાં આ ખરાબી હતી અને અલ્લાહે

તેમના ઉપર અઝાબ મોકલ્યો અને બધા હલાક થઈ ગયા.

૧૬ બાતિલની સામે હકની ગવાહી આપવી; એટલે ખોટાને સાચા હોવાની સાક્ષી પૂરવી. જ્યારે હકને આંખોથી જોવો તો ગવાહી આપવી વાજિબ છે; પછી તે દોસ્ત માટે હોય કે દુશ્મન માટે. સાચી હકીકતની ગવાહી ન આપવી ગુનાહે કબીરા છે.

૧૭ ખોટું બોલવું જેનાથી પોતાનું અને સમાજનું મોટું નુકસાન થાય છે. જ્યાં સુધી ઝબાનને ખોટું બોલવાથી રોકવામાં નહીં આવે ત્યાં સુધી તે મહાન મરતબા સુધી નહીં પહોંચી શકે. ઇઝ્ઝત, દીન, ભરોસો અને ઇમાન બધું જ ખોટું બોલનાર

પાસેથી ચાલ્યું જાય છે. જ્યાં ખોટું નહીં હશે ત્યાં સચ્ચાઈ સમાજ માં આવી જશે.

૧૮ અમન અને શાંતિ રાખવી જેથી ખતરાથી બચી શકાય. અમન અને શાંતિ એક મોટી નેઅમત છે. જ્યાં શાંતિ હશે તે જગ્યાએ લોકો ડર વગર આરામથી જીવી શકશે; જેના લીધે પોતાની તરક્કી રોજેરોજ વધતી જશે; અને જે જગ્યા ચોરી, લડાઈ, ઝઘડા... હશે ત્યાંના લોકો ડરમાં રહેશે અને હંમેશાં ખતરાનો એહસાસ કરશે.

૧૯ અમાનતદારી દુનિયામાં વ્યવસ્થા માટે રાખી છે જ્યાં સુધી દુનિયામાં અમાનતદારી હશે ત્યાં સુધી લોકોનો નિઝામ સહી હશે.

૨૦ ઇમામની ઇતાઅત અને ફરમાબરદારી રાખી જેથી તેમની અઝમત લોકોમાં જાહેર થાય. લોકો જ્યાં સુધી અલ્લાહ, રસૂલ અને અહલેબયત અ.ની ઇતાઅત નહીં કરે ત્યાં સુધી સારો સમાજ નહીં બની શકે.

દીને ઇસ્લામમાં દરેક હુકમ પાછળ કોઈને કોઈ ઇન્સાનનો લાભ સમાયેલો છે; ચાહે તેના વિષે આપણે જાણતા હોય કે ન જાણતા હોય.

હિક્મત ૨૫૩

ખોટી કસમ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે પણ કોઈ ઝાલિમ પાસેથી કસમ લો તો આ રીતે કસમ લો અને કહો: "અલ્લાહની કુવ્વત અને તાકતથી બેઝાર છે." જે આ રીતે ખોટી કસમ ખાશે તો જલ્દી સજા મળશે. અને જ્યારે તે કહે: "કસમ તે અલ્લાહની કે જેના સિવાય બીજો કોઈ ખુદા નથી", તો તેને જલ્દી સજા નહીં મળે કેમકે તે અલ્લાહની એકતા અને તેની વહદાનીયતને કબૂલ કરે છે.

કસમની ઘણી રીત છે અને ઝાલિમથી અમુક ખાસ રીતે કસમ ખવરાવવી છે; તેનું કારણ પણ ઇમામ સમજાવે છે. જો અલ્લાહની

કુવ્વત અને તાકતની બેઝારી ધ્યાનમાં રાખી કસમ ખાવામાં આવે તો અલ્લાહ ખોટા અને ઝાલીમને જલ્દી સજા આપે છે; કેમકે હવે તે અલ્લાહના રહમાન અને રહીમનો ઝિક્ર નથી કરતો. જો રહમાન કહીને કસમ ખાય તો અલ્લાહ તેના પર અઝાબ નથી કરતો કે જે મને રહમાન કહે તેના ઉપર કેવી રીતે અઝાબ કરું?

એટલે ઇમામ અ.સ. અહીંયા એ પણ સમજાવે છે કે જેમાં અલ્લાહના વખાણ અથવા અલ્લાહની વહદાનીયત હોય તેવી વસ્તુમાં સજા જલ્દી નથી આપતો.

ઇમામ સાદિક અ.સ.ના સમયમાં મન્સુર દવાનેકી પાસે એક વ્યક્તિ

આવ્યો અને ઇમામ અ.સ.ની વિરુદ્ધ ફરિયાદ કરી અને કાન ભર્યા કે શું એક સમયમાં બે હાકેમ હોઈ શકે ખરા? તમે અહીંયા અને મદીનામાં ઇમામ જાફર સાદિક અ. લશ્કર ભેગું કરે છે લોકોને તમારા વિરુદ્ધ જમા કરે છે." મન્સુર દવાનેકી ઇમામ અ.સ.ને બોલાવે છે. જ્યારે ઇમામ આવ્યા અને ઇમામને પૂછ્યું તો ઇમામ ફરમાવ્યું: તે ખોટું બોલે છે. તે ખોટું બોલનાર વ્યક્તિ પોતાને ખોટા હોવાનો ઇન્કાર કરે છે ત્યારે ઇમામ ફરમાવ્યું: આ રીતે કસમ ખા, "અલ્લાહની હવલ અને કુવ્વતની કસમ ખા." અને તે વ્યક્તિ આ મુજબ કસમ ખાધી અને તરત જ

તેની ઉપર અઝાબ આવ્યો અને તે ત્યાંને ત્યાં અઝાબથી હલાક થયો.

ખોટી કસમ ખાવી નહીં અને ઝાલિમ લોકો પાસેથી આવી કસમ લેવડાવવી જેથી તે સુધરી જાય.

કસમ વિષે છે કે સાચી પણ કસમ ખાવાથી પરહેઝ કરવો જોઈએ.

હિકમત ૨૫૪

રાહે ખુદામાં ખર્ચ કરવાનું મહત્વ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: અય આદમ અ.ના પુત્ર! પોતાના માલનો પોતે જ વારસદાર બન; અને તું ચાહે છે કે તારા માલને તારા મર્યા પછી નેક કામમાં ખર્ચ કરવામાં આવે તેને તું પોતે જ જિંદગીમાં જ ખર્ચ કર.

ઇમામ અ.નો આ કલામ આજના ઝમાનામાં પણ ઘણા લોકોની દિલની ઇચ્છાઓ બયાન કરે છે કે તમારા માલના પોતે જ વારસદાર બનો; અને જો ચાહો કે તમારી મોત પછી તમારો માલ નેક કામોમાં ખર્ચ કરવામાં આવે તો તેને જિંદગીમાં જ ખર્ચ કરી દો.

આજે જ શા માટે ખર્ચ નથી કરતા અને કાલનો ઇન્તેઝાર કરો છો?

અને જો કોઈ માલની વસિયત પણ કરે.

ઇસ્લામ પણ નેક કામ માટે વસિયત કરવાનું કહ્યું છે અને જ્યારે પણ કોઈ વસિયત કરે ત્યારે તે ફક્ત ત્રીજો ભાગ વિષે વસિયત

કરી શકે છે. બાકીનો બધો માલ વારસદારોનો છે અને કુરઆન મજીદમાં આ વાતનો ઉલ્લેખ થયો છે (સૂરએ બકરા, આયત ૧૮૦).

મોમિન માટે જરૂરી છે કે તે પોતાનો નેક વસી નક્કી કરે જેથી જે વસિયત કરવામાં આવી છે તેની ઉપર અમલ થઈ શકે.

અને જોવામાં તો એવું આવે છે કે લોકો વસિયત ઉપર અમલ નથી કરતા અથવા અમુક સગા સંબંધીઓ રુકાવટ ઊભી કરે છે અને અમુક પોતાની મરજી પ્રમાણે ખર્ચ કરે છે પરંતુ જેવી રીતે વસિયત કરનારે વસિયત કરી હોય તેવી રીતે રાહે ખુદામાં ખર્ચ કરવામાં નથી આવતો. આ હદીસમાં ઇમામ અ.સ. એ જ

ફરમાવે છે કે તમે જે ચાહો છો કે તમારી પછી કાલે ખર્ચ કરવામાં આવે તે આજે જ ખર્ચ કરી નાખો જેથી તેનો સવાબ પણ વધારે મળે અને કોઈ એવી જગ્યાએ ખર્ચ કરો જે વર્ષો સુધી બાકી રહે જેમકે હોસ્પિટલ, મસ્જિદ, મદ્રેસાઓ, ગરીબ જરૂરતમંદ માટે ઘર, ઇલ્મ વગેરે...

એક રિવાયતમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: તમારી જિંદગીમાં તમે જે રાહે ખુદામાં ખર્ચ કરો છો તેનો સવાબ વધારે છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

જે કોઈ મોત આવવાના સમયે સો દિરહમ સદકો આપે તેની કરતાં બહેતર છે કે પોતાની હયાતીમાં એક દિરહમ સદકો આપે. (દિરહમ એટલે ચાંદીનો એક સિક્કો)

(નમુને મઆરીફ઼ ઇસ્લામી, પેજ ૪૧૯)

મદીનામાં એક દોલતમંદ મરવા પહેલાં વસિયત કરે છે કે મર્યા પછી મારી ખજૂરની ગોદામને રસૂલે ખુદા સ.અ.ના હાથે જરૂરતમંદને દાન કરવામાં આવે.

જ્યારે તે ઇન્સાન મરી ગયો તો રસૂલે ખુદા સ.અ. તે ગોદામની બધી જ ખજૂર ગરીબોને દાન કરી દીધી; અને પછી છેલ્લે એક બે નંગ

ખૂણામાં પડેલી હતી તેના તરફ ઈશારો કરીને કહે છે:

ખુદાની કસમ! જો તે પોતાની જિંદગીમાં આ ખજૂરથી કોઈ ગરીબની મદદ કરી હોત તો મેં જે મારા હાથે આ તમામ ખજૂર આપી તેના કરતાં પણ વધારે સવાબ મળત.

બીજી એક હદીસમાં ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: તમારા આખેરતના સફરની તૈયારી પોતે જ કરો. તેના માટે જે પણ સફરનું ભાતું તૈયાર કરવું હોય તે કરો; કેમકે આ સફર ખૂબ જ લાંબો છે અને તમે પોતે જ વસી બનો અને બીજા કોઈ ઉપર તમારું કામ ન

છોડો કે એ તમારી માટે સારું કામ અંજામ આપે.

(કાફી, ભાગ ૭, પેજ ૬૫)

ગુજરાતીમાં કહેવત છે: "હાથે તે સાથે." જો આપણને નેક કામ કરવાનું મન ન થતું હોય તો શું વારસદારને મન થશે?

એટલે પોતે એવા સારા કામ અંજામ આપીને જવું કે આંખો ભલે બંધ થઈ જાય પરંતુ તેનો સવાબ હંમેશા માટે જારી રહે.

હિકમત ૨૫૫

ગુસ્સો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ગુસ્સો એક પ્રકારનું પાગલપન છે; કેમકે ગુસ્સો કરનાર પાછળથી અફસોસ જરૂર કરે છે અને જો તે અફસોસ ન કરે તો ખરેખર તેનું પાગલપણું વધી ગયું છે.

ઇમામ અ.સ. આ હદીસમાં ગુસ્સો અને તેની અસરને બયાન ફરમાવે છે. ગુસ્સાથી મોટું નુકસાન થાય છે અને ગુસ્સામાં જ્યારે હોય તો પાગલમાં અને ગુસ્સો કરનારમાં કોઈ ફરક રહેતો નથી. બંનેની અક્કલ કામ કરતી બંધ થઈ જાય છે તેથી પાગલપનની નિશાનીઓમાંથી છે; જો ગુસ્સો કરનારને પોતાના કર્યા ઉપર પછતાવો ન થાય તો સમજી

લેવું કે સાચા અર્થમાં પાગલ બની ગયો છે જે બહુ જ ખરાબ કહેવાય અને તેના ઇલાજની જરૂરત છે.

જ્યારે પણ ગુસ્સો આવે ત્યારે અક્કલ કામ કરવાનું બંધ કરી દે છે; અને એટલે જ જ્યારે કોઇ ગુસ્સામાં હોય તો ઊંધી સીધી વાતો બોલવા લાગે છે અથવા ઊંધા સીધા કામો કરવા લાગે છે; અને પછી તે અફસોસ કરે છે કે ગુસ્સો ન કર્યો હોત તો સારું હતું અને જે ઇન્સાન વધારે ગુસ્સો કરે છે તેની અક્કલ ધીમે ધીમે ખતમ થવા લાગે છે; તો જ્યારે ગુસ્સો આવે તેને કંટ્રોલ કરવો જોઈએ; નહીં તો દુનિયા અને આખેરત બંનેનું નુકસાન કરશે.

અલ્લાહ કુરઆનમાં સૂરએ શૂરા આયત ૩૭માં ફરમાવે છે: (ઇમાનદાર લોકો એ છે જ્યારે તેને બીજા ઉપર ગુસ્સો આવે તો તે સામેવાળી વ્યક્તિને માફ કરી દે છે અને પોતાનો ગુસ્સો પી જાય છે).

બીજી એક આયતમાં પણ છે: મોમીન તે છે જે ખુશ હોય કે નારાજ અલ્લાહની રાહમાં માલ ખર્ચ કરે છે અને જ્યારે ગુસ્સો આવે ત્યારે તેને કંટ્રોલ કરે છે અને લોકોને માફ કરે છે (સૂરએ આલે ઇમરાન, આયત ૧૩૪).

ગુસ્સાનો અસર પણ બહુ જ ખરાબ હોય છે અને જો ગુસ્સાને છોડી દઈએ તો મોટી મોટી જંગ ખતમ થઈ શકે છે. એક શખ્સ

રસૂલે ખુદા સ. પાસે આવે છે અને કહે છે: મને નસીહત કરો. આપ હઝરત ફરમાવે છે: ગુસ્સો ન કરો. તે શખ્સ ત્યાંથી પોતાના ગામે ચાલ્યો જાય છે. ત્યાં થોડાક સમય પછી એક બીજા કબીલા સાથે જંગની તૈયારી શરૂ થાય છે. આ ભાઈ જંગની તૈયારી કરી લીધી પણ આખરી સમયમાં રસૂલ સ.ની વાત યાદ આવી 'ગુસ્સો ન કરો' એટલે તે પોતાની તલવાર નીચે રાખે છે અને સામેવાળા લોકો પાસે જઈને વાતચીત કરીને ઠંડા દિમાગથી જંગ ખતમ થાય છે. કહે છે: અમારા તરફથી જેટલું પણ નુકસાન થયું છે તેને હું ભોગવવા તૈયાર છું. મારો માલ તમે લઈ લો. અને સામેવાળા

માની ગયા અને મોટા ખૂનખરાબાથી બધા બચી ગયા.

ગુસ્સો બહુ જ ખતરનાક વસ્તુ છે જ્યારે કોઈને ગુસ્સો આવે છે ત્યારે તે સામેવાળી વ્યક્તિને કોઈ પણ કારણ વગર નુકસાન પહોંચાડે છે; ફક્ત સામેવાળાને નહીં બલ્કે સૌથી મોટું નુકસાન પોતાની ઝાતને અને તંદુરસ્તી ઉપર પડે છે.

ગુસ્સા થકી સમાજમાં તલાક, ખૂનખરાબા, કતલ, ઇઝ્ઝત પામાલ થવી, વગેરે થવા લાગે છે. ગુસ્સાને કંટ્રોલ કરવું જોઈએ.

સવાલ છે કે શું દરેક પ્રકારના ગુસ્સા ખરાબ છે?

જવાબ છે: ના.

જે ગુસ્સો દીન અને તરબિયત માટે હોય અથવા દીનને બચાવવા માટે હોય તે ગુસ્સો સારામાં સારો ગુસ્સો છે. જો દીનના એહતેરામને પામાલ થતા જુએ અને ગુસ્સો ન આવે તો તે બેગેરત ગણાશે.

આપનું લખાણ મળ્યું, હિક્મત ૨૫૬ થી ૨૬૦. આ ભાગમાં ૫ હિક્મત છે. હું તમારા સૂચનો મુજબ વિરામચિહ્નો અને અન્ય જરૂરી સુધારાઓ પર ખાસ ધ્યાન આપીને પ્રૂફરીડિંગ કરી રહ્યો છું. "નેઅમતો", "નેઅમત", "કુફ્રાને નેઅમંત" શબ્દોને જેમ છે તેમ જ રાખ્યા છે.

હિક્મત ૨૫૬ થી ૨૬૦ નું સુધારેલું લખાણ નીચે મુજબ છે:

હિક્મત ૨૫૬

ઈર્ષા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: શરીરની તંદુરસ્તી ઓછી ઈર્ષામાં છે.

ઈર્ષા એક એવી બીમારી છે જેના લીધે તંદુરસ્તી ખતમ થઈ જાય છે અને પોતાનું નુકસાન કરે છે.

ઈર્ષા એટલે અલ્લાહે જે વસ્તુ બીજાઓને આપી છે તે જોઈ શકતો નથી અને તે ચાહતો હોય છે કે સામેવાળી વ્યક્તિ પાસેથી ખતમ થઈ જાય અથવા લઈ લેવામાં આવે અને તે અંદરોઅંદર બળતો રહે છે; અને આ કારણ થકી તેના શરીરને મોટું નુકસાન પહોંચે છે.

ઇમામ અ.સ. આ નાના એવા કલામમાં એક મોટી વસ્તુ બયાન કરી છે. જો કોઈને તંદુરસ્ત રહેવું

હોય તો તે હસદ અને ઈર્ષા ઓછી કરે; કેમકે ઇન્સાનનું શરીર અને રૂહ બંને એકબીજાની સાથે કોન્ટેક્ટમાં છે જ્યારે રૂહ બીમાર થાય છે તો તેનો અસર તરત જ શરીર ઉપર દેખાય આવે છે અને વધારે પડતી ઇન્સાનમાં બીમારીઓ આવે છે તે તેના રૂહ થકી જ આવી હોય છે. અમુક ડોક્ટરનું કહેવું છે: પેટની જેને પણ બીમારી હોય છે તે વધારે ખોટી ચિંતા થકી હોય છે; જેમ કે ગભરાહટ થવી, દિલની બીમારી, ડાયાબિટીસ તે સિવાય પેટની જુદી જુદી બીમારીઓ.

રૂહની બીમારી થકી જ થતી હોય છે અને ઈર્ષા રૂહને બધાં

કરતાં વધારે બીમાર કરે છે જે ઇન્સાનના રાત દિવસનો આરામ છીનવી લે છે; ત્યાર પછી તેનો અસર શરીર ઉપર દેખાય આવે છે.

અને કુરઆન મજીદમાં પણ સૂરએ ફલકમાં આવ્યું છે કે: "યા અલ્લાહ! મને ઈર્ષા કરવાવાળાઓના ઈર્ષાથી બચાવ."

દુશ્મનોના વધારે પડતા કામો પણ તેની ઈર્ષાના લીધે હોય છે અને તે થકી તે બીજા લોકોને ખતમ કરવા અથવા તકલીફ આપવા માંગતા હોય છે.

ઇમામ સાદિક અ.સ ફરમાવે છે: ઇન્સાનનો દીન આ ત્રણ કારણોથી બરબાદ થઈ જાય છે: ઈર્ષા, સ્વાર્થ અને ઘમંડ.

બીજી એક હદીસમાં છે: ઈર્ષા ઇન્સાનનું ઇમાન ખાઈ જાય છે જેવી રીતે આગ લાકડીને ખાઈ જાય છે.

ઈર્ષાની જગ્યાએ રશ્ક કરવું જોઈએ; જેની ઇસ્લામમાં રજા છે.

રશ્ક એટલે બીજા વ્યક્તિ પાસે જે સારી નેઅમત છે તેની જેવી અથવા તેની કરતાં સારી નેઅમંત અલ્લાહ પાસે ચાહવી અને તેના માટે કોશિશ કરવી; પરંતુ તેને મેળવવા કોઈનું બૂરું ન ચાહવું.

હિકમત ૨૫૭

હાજત પૂરી કરવી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અય કુમૈલ! તમારા ઘરવાળાઓને હુકમ આપો અખલાક અને સારી આદતો શીખવા માટે દિવસે ઘરેથી નીકળે અને રાત્રે જે લોકો સૂઇ ગયા છે તેમની જરૂરતો અને હાજતો પૂરી કરવા નીકળે. કસમ તે ઝાતની જે દરેકની અવાજ સાંભળે છે; જે કોઇ લોકોના દિલને ખુશ કરશે તો અલ્લાહ તે ખુશીથી એક એવી ખાસ નેકી પૈદા કરશે કે જયારે કોઇ તકલીફ આવશે તો આ નેકી જલ્દીથી તે તકલીફને દૂર કરી દેશે જેવી રીતે પારકા ઊંટને (પોતાની જગ્યાથી) દૂર કરવામાં આવે છે."

ઇમામ અ.સ. આ કલામમાં કુમૈલ ઇબ્ને ઝિયાદ નખઇ કે જે આપના એક ખાસ સહાબી હતા; જેઓ મુત્તકી અને પરહેઝગાર હતા તેમને આ કલામમાં બે વસ્તુ બયાન કરે છે અને ઇમામ અ.સ. જ. કુમૈલના ઝરિયાથી તમામ લોકો સુધી આ પયગામ પહોંચાડે છે.

અય કુમૈલ! તમારાં કુટુંબ અને ઘરવાળાઓને હુકમ આપો કે તેઓ દિવસના સારા કામો અને નેકી શીખવાનો પ્રયાસ કરે અને રાત્રે લોકોની હાજત અને જરૂરત પૂરી કરવાનો પ્રયાસ કરે અને કોઈને ખબર ન પડે તેવી રીતે બીજાની મદદ કરે; અને જો કોઈ લોકોને દિલથી ખુશ કરશે તો અલ્લાહ

કસમ! અલ્લાહ તેના માટે એક એવી સારી નેકી બનાવશે જે તેની હંમેશાં હિફાઝત કરશે અને મુસીબતમાં નેકી કરનારની હિફાઝત કરશે.

આ હદીસમાં જીવવાનો એક મકસદ એ પણ બયાન કર્યો છે કે પોતાનું ઇમાન વધારવા માટે સારા અખલાક અને સારા વ્યવહાર માટે જેવી રીતે પણ શીખી શકતા હોય ઇલ્મ હાંસલ કરે; અને ઇલ્મ થકી પોતાને નેક બનાવે; બીજા લોકોના અનુભવથી શીખતો રહે; અને બુરાઈઓથી દૂર રહે; અને લોકોની મદદ કેવી રીતે અને ક્યારે કરવી તે પણ શીખે.

એટલે જે કોઈ ફક્ત પોતાને સુધારે અને પોતાની જિંદગીને સારી બનાવવા પાછળ મહેનત કરે અને બીજાનું ન વિચારે તે ઇસ્લામથી દૂર છે; કેમકે ઇસ્લામ પોતાની સાથે બીજાનું પણ ધ્યાન રાખવાનો હુકમ આપે છે.

બીજાની હાજત પૂરી કરવી એવી મોટી નેકી છે કે જેના સાથે નેકી કરવામાં આવી છે તે દિલથી ખુશ થઈ જાય તો મદદ કરવાવાળા ઉપર જ્યારે કોઈ મુસીબત આવે તો તે નેકીને તકલીફો દૂર કરવાનું કારણ બનાવે છે.

ચાહે દુનિયાની તકલીફ હોય કે પછી આખેરતનો અઝાબ હોય. દિવસમાં કંઈક શીખતાં રહો અને

રાત્રે જે લોકોના ઘરમાં ચુલ્હો ન સળગ્યો હોય તેમના માટે બંદોબસ્ત કરે; યા બીજી પરેશાનીઓમાં ઘેરાઈ ગયો હોય તો રાતના અંધારામાં દૂર કરે જેથી બીજાઓને ખબર પણ ન પડે અને ઇઝ્ઝત સાથે તેની જરૂરત પણ પૂરી થઈ જાય.

હદીસમાં છે કે પાડોશીની મદદ કરો જો તે ભૂખ્યા પેટે સૂઈ ગયો અને તમે પેટ ભરીને સૂતા હોય તો તમે મુસલમાન નથી. અહીંયા ખબર પડે છે કે પોતાની સાથે સાથે આજુબાજુના લોકોનું પણ ધ્યાન રાખે.

મોમિનની હાજત પૂરી કરવાનો સવાબ બેહિસાબ હદીસમાં બયાન કરવામાં આવ્યો છે. આપના છેલ્લા

નબી સ.અ.વ. ફરમાવે છે: જે કોઈ મોમિન ભાઈને ખુશ કરે તો તે મને ખુશ કર્યો અને જે કોઈ મને ખુશ કર્યો તે અલ્લાહને ખુશ કર્યો છે.

અલ્લાહની નજીક બહેતરીન નેકી મોમિનને ખુશ કરવું છે.

હદીસમાં છે કે મોમિનની હાજત પૂરી કરવી મસ્જીદે હરામ ખાનએ કાબામાં એતેકાફ કરવા કરતાં પણ બહેતર છે.

અને જો કોઈ નેકી કબૂલ થઈ ગઈ તો કયામતના દિવસે તે નેકી તેની સાથે કબરની બહાર નીકળશે અને બધી જ જગ્યાએ તેને બચાવશે અહીંયા સુધી કે તેને જન્નતમાં લઈ જશે.

હિક્મત ૨૫૮

સદકો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે ગરીબ થઈ જાવ તો સદકો આપી અલ્લાહ સાથે વેપાર કરો (રાહે ખુદામાં ખર્ચ કરો).

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં ગરીબી ફકીરી દૂર કરવાનો રસ્તો બતાવે છે કે જ્યારે તમારી હાલત ખરાબ થઈ જાય અને તકલીફમાં આવી જાવ તો ચિંતા ન કરો; સદકો આપો અને રાહે ખુદામાં ખર્ચ કરો જેથી અલ્લાહ તેના બદલામાં મદદગાર બની જાય.

હદીસોમાં સદકો આપવાના ઘણા લાભો બયાન થયા છે; જેમાંથી બીમારી, પરેશાની તેમજ ગરીબી દૂર

થાય છે, રોઝીમાં વધારો થાય છે, કર્ઝ અદા થાય છે.....

આપણા નબી એક હદીસમાં ફરમાવે છે: જરૂરતમંદોને વધારે સદકો આપો જેથી તમારી રોઝીમાં પણ ખૂબ જ વધારો થાય.

અને જે કોઈ સદકો નહીં આપે અથવા રાહે ખુદામાં ખર્ચ નહીં કરે તો તેના વિશે અલ્લાહ કુરઆનમાં ફરમાવે છે: "અલ્લાહની રાહમાં ખર્ચ કરો અને જો નહીં કરશો તો તમે પોતાને પોતાના હાથે હલાક કરો છો અને જો નેકી કરશો તો અલ્લાહ નેકી કરવાવાળાઓને દોસ્ત રાખે છે." (સૂરએ બકરા, આયત ૧૯૫)

બીજી એક આયતમાં છે: "અય ઇમાન લાવનારાઓ! જે તમને રોઝી

આપવામાં આવી છે તેમાંથી દાન કરો." (સૂરએ બકરા આયત ૨૫૪)

દાન યા સદકો ફક્ત માલ થકી જ નથી થતો તેના સિવાય પણ ઘણી વસ્તુઓ હદીસોમાં બયાન થઈ છે.

એક વખત નબી સ. ફરમાવ્યું કે મુસલમાનને દરરોજ સદકો આપવો જોઈએ.

કોઈએ કહ્યું: "યા રસુલલ્લાહ! દરરોજ તો કોણ આપી શકે?"

નબી સ. ફરમાવ્યું: રસ્તામાં જે પથ્થરથી કોઈને નુકસાન થતું હોય તો તેને હટાવવું પણ સદકો છે; કોઈને રસ્તો બતાવવો; સલામ કરવી; બીમારને જોવા જવું; નેકી તરફ બોલાવવું અને બુરાઈથી

રોકવું પણ સદકો છે. (બિહારુલ અનવાર, ભાગ ૭૫, પેજ ૫૦)

આ વસ્તુઓ સિવાય ઇમામોની હદીસોમાં ઘણી બધી વસ્તુઓને સદકો ગણવામાં આવ્યો છે.

પોતાની ઝબાનને ગાળ તેમજ ગીબત અને બીજા ગુનાહોથી બચાવવું;

બે માણસોમાં સુલેહ કરાવવી;

સવારી (ગાડી) પર માણસ હોય તેને પગે ચાલતા માણસની ઇઝઝત કરવી;

સારી વસ્તુઓની તાલીમ આપવી;

બીજાઓ સાથે સારી રીતે વાતો કરવી;

પાણી પીવડાવવું;

પછાત વર્ગના લોકોને આગળ લાવવામાં મદદરૂપ બનવું;

પોતાના ઘરમાં બાલ-બચ્ચાઓ સાથે મહેરબાની ભર્યો વર્તાવ કરવો.

ટૂંકમાં કહીએ કે યથાશક્તિ મુજબ બીજાને મદદરૂપ બનવાનું નામ સદકો છે.

હિકમત ૨૫૯

ગદ્દારી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ગદ્દારો સાથે વફાદારી કરવી અલ્લાહ સાથે ગદ્દારી છે; અને ગદ્દાર સાથે ગદ્દારી અલ્લાહ સાથે વફાદારી છે.

જે વિશ્વાસઘાત અને ગદ્દારી કરે તેની સાથે કોઇ દિવસ વફાદારી કરવી નહીં; અને તેઓ સાથે બીજી વખત કોઇ કામ કરવું નહીં; અને

ગદ્દારોથી દૂર રહેવામાં અને ગદ્દારો સાથે બેવફાઈ કરવામાં જ ભલાઈ છે.

જે ગદ્દારી કરે તેના સાથે ગદ્દારી કરો; અને તેવું કરવામાં કોઈ ગુનાહ નથી; જેથી તેને પણ ખબર પડે કે કોઈ સાથે ગદ્દારી કરવી કેટલી ખરાબ વસ્તુ છે.

સૂરએ અન્ફાલ આયત ૫૮માં આવ્યું છે:

"જો તમને કોઈ કોમ વિષે વાયદાખિલાફીનો ડર છે તો તેઓ સાથે એ જ રીતે વાયદો તોડી નાખો જેવી રીતે તેઓ તોડે છે. બેશક અલ્લાહ વિશ્વાસઘાત કરવાવાળાને પસંદ નથી કરતો."

આ આયત યહૂદીઓ માટે છે જે વારંવાર વાયદો તોડતા હતા; તો આયતમાં આવ્યું છે: જો તેઓએ વાયદો તોડ્યો છે તો તમે પણ તેમની સાથે વાયદો તોડી નાખો.

અહીંયા એ વસ્તુનું જરૂર ધ્યાન રાખવાનું છે કે સામેવાળા ઉપર યકીન હોવું જોઈએ કે તે એ વાયદો તોડ્યો છે. ખાલી શક અને ગુમાન રાખીને તમે કોઈ સાથે વાયદો તોડો તો તે સારી વસ્તુ નથી.

અને જો કોઈ તમારી સાથે વફાદારી કરે છે તો તેની સાથે વફાદારી કરવી.

એટલે જ કહેવામાં આવ્યું છે: કે કોઈ સાથે વાયદો કરો તો વફા કરો. આપણા છેલ્લા નબી સ.અ.વ.

ફરમાવે છે: જે કોઈ અલ્લાહ અને કયામત ઉપર ઇમાન રાખતો હોય તેના માટે જરૂરી છે કે જ્યારે પણ કોઈ વાયદો કરે તેને વફા કરે.

એક શખ્સ ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ.થી પૂછે છે કે આખા દીને ઇસ્લામનો ખુલાસો બતાવો? ઇમામ ફરમાવે છે:

હક બોલો; ઇન્સાફ સાથે ફેસલો આપો; અને વાયદો વફા કરો.

જે ફાસિકો વાયદો પૂરો નથી કરતા તેમના સાથે વાયદો પૂરો કરવો ગદ્દારી કહેવાશે; અને જે લોકો પૂરો કરતા હોય તેઓ સાથે વચન તોડવું ન જોઈએ. ભલે કોઈ પણ ધર્મના હોય.

હિકમત ૨૬૦

પરીક્ષા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: કેટલાય લોકો એવા છે જેઓને અલ્લાહે નેઅમતો આપી પરંતુ તેઓ ગાફિલ બની ગયા; અને કેટલાય લોકો એવા છે જેઓના ગુનાહોને અલ્લાહે છુપાવ્યા તો તેઓ ઘમંડી બની ગયા; તેઓ પોતાના વિષે સારી વાતો સાંભળીને છેતરાઈ ગયા; અલ્લાહ તરફથી મોહલત આપવા કરતાં મોટી કોઈ પરીક્ષા નથી.

સૈયદ રઝી કહે છે: આવી એક હદીસ આગળ ૧૧૬ નં.માં પણ આવી ગઈ છે; પણ અહીંયા થોડાક ફાયદાવાળા શબ્દ સાથે બયાન કરવામાં આવી છે.

આ હદીસમાં ચાર વસ્તુઓ બયાન કરવામાં આવી છે:

૧- કેટલાક લોકો નેઅમતો મળવાથી બધી જ વસ્તુ ભૂલી જાય છે અને અલ્લાહથી ગાફિલ બની જાય છે.

૨- જ્યારે અલ્લાહ ગુનાહોને છૂપાવે તો તે ઘમંડ કરવા લાગે છે.

૩- જ્યારે લોકો તેની તારીફ કરવા લાગે તો તે છેતરાઈ જાય છે

૪- મોહલત થકી અલ્લાહ લોકોની પરીક્ષા લે છે તેથી ગાફિલ ન બની જવું.

અમુક વખત એવું થાય છે કે જ્યારે ઇન્સાન પાસે નેઅમતો વધવા લાગે છે તો તે અલ્લાહને ભૂલીને ઘમંડ અને તકબ્બુર કરવા લાગે છે

અને લોકો પણ તેની વાહ વાહ કરતા હોય છે; પરંતુ તે ગાફિલ બની જાય છે કે અલ્લાહે તેને આ મોહલત આપી છે અને અલ્લાહ તેની આ રીતે પરીક્ષા લે છે કે આ ઇન્સાન ક્યાં જઈ રહ્યો છે? શું આ નેઅમતો મળવા પછી ઇતાઅતમાં જિંદગી ગુજારે છે કે નાફરમાનીમાં? જો અલ્લાહની નાફરમાનીમાં જિંદગી વીતવા લાગે તો સમજી જવું કે જેણે નેઅમતો સમજે છે તે નેઅમંત નથી બલ્કે તે અઝાબ તરફ ધકેલાઈ રહ્યો છે.

અને બીજી વસ્તુ એ બયાન કરવામાં આવી છે કે અલ્લાહ તેઓના ગુનાહોને છુપાવીને રાખે છે; કેમકે અલ્લાહ સત્તારુલ ઉયૂબ છે

એટલે કે લોકોના ઐબને છુપાવનાર. જ્યારે ઇન્સાન ખૂબ જ વધારે ગુનાહ કરવા લાગે છે અને તૌબા નથી કરતો અને હક તરફ ન આવે તો અલ્લાહ તે પડદાને તેના ઉપરથી હટાવી લે છે; જ્યારે કે તે પોતાના ઘમંડના લીધે એમ સમજી રહ્યો હતો કે મારું કોઈ કાંઈ બગાડી નહીં શકે. જ્યારે હદને પાર કરે છે તો લોકોની સામે તેની હકીકત જાહેર થઈ જાય છે; છેવટે તે પોતાના ગુનાહોના લીધે લોકોમાં બદનામ થઈ જાય છે.

અને ક્યારેક તો શૈતાનની છેતરપિંડીમાં આવી જાય છે અને કહે છે: "જો હું ગુનાહ કરું છું તો પણ અલ્લાહ મને નેઅમતો આપે છે.

એનો મતલબ અલ્લાહ મારાથી નારાજ નથી." જ્યારે કે આ વાત તેના દિમાગમાં શૈતાન નાખી હોય છે અને તે અલ્લાહની નાફરમાનીમાં વધારે ડૂબતો જાય છે; અને અલ્લાહથી દૂર થતો જાય છે; તે શૈતાનના કબઝામાં પૂરી રીતે આવી ગયો હોય છે.

તો કોઈ દિવસ પણ ઘમંડ કરવો નહીં. "કારૂન"નું નામ તો સાંભળ્યું હશે? તેની પાસે કેટલી બધી દોલત હતી એ સમયમાં તે એ ઘણી બધી વસ્તુ બનાવી હતી. ગુરુર અને ઘમંડમાં રહ્યો. બધી જ વસ્તુ મારી પાસે છે; મને હવે કંઈ નહીં થાય; પણ અચાનક અઝાબે ઇલાહી તેની

ઉપર નાઝીલ થયો અને બધી જ વસ્તુ ખતમ.

અલ્લાહ તઆલા લોકોને નેઅમતો આપી પરીક્ષા લે છે અને તેના સાથે મોહલત આપીને પણ પરીક્ષા લે છે.

ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ. સજ્જાદિયાની દુઆએ મકારેમુલ અખલાકમાં ફરમાવે છે: "અય અલ્લાહ! મારી રોઝીમાં વધારો કર પરંતુ મોહલત આપીને મારું ઇમ્તેહાન ન લે."

હિક્મત ૨૬૧

બેવફા સાથી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: આ હદીસ ઇમામે એ સમયે બયાન કરી જ્યારે મુઆવિયા (લ.અ.) અંબાર નામની જગ્યા ઉપર હમલો કર્યો જે સીરિયાના બોર્ડર ઉપર હતું. ત્યારે ઇમામ પોતે તે જગ્યા ઉપર જવા માટે રવાના થયા અહીંયા સુધી કે આપ તે જગ્યા સુધી પહોંચી ગયા અને લોકોને પણ ખબર પડી એટલે લોકો પણ પોતાને ઇમામ સુધી પહોંચાડે છે અને કહે છે : "યા અમીરુલ મોમિનીન! અમે દુશ્મનોને હરાવી દઈશું. તમે જાવ." ત્યારે આપ ફરમાવે છે: "તમે તમારી પોતાની પરેશાની દૂર નથી કરી શકતા તો કેવી રીતે બીજા લોકોની પરેશાની દૂર કરશો? મારી ખિલાફત પહેલાં

લોકો હાકેમની શિકાયત કરતા અને આજે હું લોકોની ફરિયાદ કરું છું કે (કોઈ મારો સાથ નથી આપતું) અને એવું લાગે છે હું પ્રજામાંથી છું અને તમો હાકેમ છો. તમો હુકમ આપો અને હું તેને સાંભળું."

મર્હૂમ સૈયદ રઝી કહે છે: આ એક મોટા ખુત્બાનો ભાગ છે જેને અમે ખુત્બાઓના ભાગમાં બયાન કરેલ છે. આપના સહાબીઓ માંથી બે સહાબી આગળ આવે છે અને કહે છે: "અમે બંને આપની ખિદમતમાં હાજર છીએ, આપ હુકમ આપો." તો આપ હઝરત ફરમાવે છે: "તમે બે ભાઈઓથી હું જે ચાહું છું તે ન થઈ શકે (તેના માટે એક મોટી ફોજની જરૂરત છે)."

અહીંયા જે ખુત્બાનો ઝિક્ર કરવામાં આવ્યો છે તે ૨૭ નં. ખુત્બો છે.

થયું એ હતું કે મુઆવિયા (લ.અ.)એ પોતાની શૈતાની હરકત થકી ઇરાકના લોકોની પરીક્ષા લેવા માટે અને ખાસ ઇમામના સહાબીઓની પરીક્ષા લેવા માટે અચાનક અંબાર નામની જગ્યાએ એક હમલો કર્યો અને ત્યાં અમુક લોકોને મારી નાખ્યા અને અમુકને ઘાયલ કર્યા અને લોકોનો માલ લૂંટ્યો જેવી રીતે પહેલાના ઝાલિમ બાદશાહો કરતાં એવી રીતે આ મુઆવિયા પણ કરે છે.

અને જ્યારે ઇમામને આ ખબર મળી એટલે ઇમામ પોતે જ તે

જગ્યાએ પહોંચી જાય છે અને બહુ જ નારાજ પણ થાય છે કે શા માટે તમે આ વસ્તુનું ધ્યાન નથી રાખતા અને દુશ્મન હમલો કરી દે છે. ત્યારે ઇમામ આ ખુત્બો બયાન કરે છે જે ૨૭ નં. ખુત્બો છે.

કેમકે આ હમલો ઇરાકના લોકોની લાપરવાહીના લીધે થયો હતો અને ઇમામ અહીંયા આવો ખુત્બો આપીને લોકોના જવાબની રાહ જોતા હતા કે લોકો મારી વાતનો શું જવાબ આપે છે. પરંતુ બધા જ ખામોશ અને ચૂપ હતા સિવાય બે ભાઈઓ.

થોડાક સમય પછી ઇમામના આ ખુત્બાનો અસર જોવા મળ્યો અને સઇદ બિન કૈસ હમદાનીના લશ્કર

નીચે ૮૦૦૦ લોકો તૈયાર થાય છે અને મુઆવિયાના લશ્કર ઉપર અંબાર નામની જગ્યાએ હમલો કરે છે અને સીરિયાના લોકો ત્યાંથી ભાગી જાય છે; અને ઇમામના લશ્કરની જીત થાય છે.

દરેક સંજોગોમાં ઇમામ અ.સ.નું અનુસરણ જરૂરી છે.

હિકમત ૨૬૨

હારિસ બિન હવત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: આ હદીસ હારિસ બિન હવત માટે છે. જ્યારે આ શખ્સ હક તરફથી બાતિલ રસ્તા ઉપર ચાલ્યો ગયો ત્યારે તે ઇમામ અ.સ. પાસે આવીને કહ્યું: "તમે એમ સમજો છો કે શું હું પણ જમલના લશ્કરને ગુમરાહ સમજું છું?"

ત્યારે ઇમામ ફરમાવે છે: "અય હારિસ! તે નીચેની તરફ તો જોયું પરંતુ ઉપર નથી જોયું એટલે જ તું હેરાન અને પરેશાન છે (જો તે મારી તરફ મારા સાથી જે અસહાબ અને અન્સાર માંથી છે તેની તરફ જોયું હોત તો હકને ઓળખી લીધો હોત). તું હકને ઓળખી ન શક્યો એટલે હક ઉપર ચાલવાવાળાને પણ ન ઓળખી શક્યો અને બાતિલને પણ ન ઓળખી શક્યો અને તને ખબર ન પડી કે બાતિલ ઉપર કોણ છે."

ત્યારે હારિસ પોતાની સફાઈ માટે કહેવા લાગ્યો: "હું તો સઅદ બિન વકાસ સાથે અને અબ્દુલ્લાહ બિન ઉમર સાથે છું એટલે હું બંને ગ્રુપમાંથી કોઈ સાથે નથી."

ઇમામ જવાબમાં ફરમાવે છે: "તે બંને શખ્સ સઅદ અને અબ્દુલ્લાહ હકનો સાથ નથી આપ્યો અને બાતિલની પણ મદદ નથી કરી (તે બંને ખોટા રસ્તા પર છે)."

પહેલા હકને ઓળખો પછી તેનો સાથ આપો. આ શખ્સ પહેલા ઇમામના લશ્કરમાં હતો પછી ગુમરાહ થઈ ગયો; અને કહેવા લાગ્યો: "બંનેમાંથી કોઈનો સાથ નથી આપતો, તો શું હું ઠીક છું?" તો ઇમામ કહ્યું: "જ્યારે બે ટોળા હોય એક સાચું અને બીજું ખોટું તો સાચા ગ્રૂપનો સાથ જરૂર આપો."

જંગે જમલના સમયે ત્રણ ગ્રુપ થઈ ગયા હતા.

પહેલું ગ્રુપ: ઇમામ અલી અને મોમિન લોકોનું કે જે હક અને બાતિલની ઓળખાણ રાખતા હતા અને જે બયઅત કરી હતી તેની ઉપર બાકી હતા અને તલહા અને ઝુબૈરે જે આગ લગાડી હતી તેને ખામોશ કરવા માટે ઇમામ સાથે બસરા ગયા હતા.

બીજું ગ્રુપ: જે તલહા, ઝુબૈર, આયેશા અને મુઆવિયાની ચાલમાં ગુમરાહ થઈ ગયા હતા અને ઇમામ સાથે જે બયઅત કરી હતી તે તોડી નાખી અને ઇમામ સામે જંગ કરવા માટે ઊભા થઈ ગયા.

અને ત્રીજું ગ્રુપ કે જે નાનું હતું, જે કોઈ તરફ ન હતું અને પોતાને તટસ્થ સમજતા હતા એ પણ બાતિલ

ઉપર કહેવાય; કેમકે હકનો સાથ જેઓએ ન આપ્યો તેઓ સઅદ અને અબ્દુલ્લાહ બિન ઉમર હતા.

હવે અહીંયા આ હારિસ કહે છે કે મને એમ લાગે છે કે જમલમાં હું ન આવ્યો તો મેં કંઈ ખોટું નથી કર્યું.

તો ઇમામે પોતાની નસીહત થકી સમજાવી દીધું કે તું હકનો સાથ ન આપ્યો એટલે બાતિલ સાથે હતો; કેમકે જ્યારે બે ટોળા વચ્ચે લડાઈ થાય ત્યારે એક સાચું તો બીજું ખોટું હોય છે. બંને માંથી એક જ હક છે તેનો સાથ દેવો જરૂરી છે. જંગે જમલમાં ઇમામ અલી અ.સ હક ઉપર છે તે બધાને ખબર છે અને સામે જંગે જમલવાળા બાતિલ ઉપર

હતા; પરંતુ હકનો સાથ ખુશનસીબ લોકો જ આપી શક્યા.

હિક્મત ૨૬૩

બાદશાહના સાથી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: બાદશાહો સાથે રહેવાવાળો સિંહ પર સવારી કરનાર જેવો છે; લોકો તેના મરતબા પર ગર્વ કરે છે પરંતુ તેને સરખી રીતે ખબર છે કે કેવી (ખતરનાક) જગ્યાએ બેઠો છે.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં એ લોકો વિષે બયાન કરે છે જેઓ બાદશાહ અને લીડરોની આજુબાજુ હોય છે; લોકો તો એમ સમજે છે કે આ લોકો તો મજા કરે છે પરંતુ એ જગ્યા તેઓ માટે કેટલી ખતરનાક છે તેણે એ લોકો જ સમજી શકે છે.

ઇતિહાસ પણ આ વાતની ગવાહી આપે છે કે હંમેશા હાકેમ લોકો પાસે જેઓ રહેતા તેઓ વધારે ખતરામાં રહેતા. લોકો એમ સમજે છે કે તેઓ હાકેમ પાસે છે એટલે જે કામ કરવું હોય તે કરાવી શકે છે, દોસ્તોને આરામ વાળી જિંદગી અપાવી શકે; પરંતુ ખતરો પણ વધારે તેમની માટે જ છે. જો કોઈ વખત ખોટો ડિસિઝન લેવાઈ ગયો હોય તો હાકેમ અને પ્રજા બંને તેની જ ભૂલ સમજે છે. પ્રજા કહે છે કે આ લોકોએ હાકેમને સરખી રીતે વાત ન બતાવી. હાકેમ પણ એ સમજે છે કે પ્રજા સુધી તેઓએ લાભ નથી પહોંચાડ્યો એટલે આ દરબારીઓના માથા ઉપર હંમેશાં

તલવાર લટકતી હોય છે. કયારેક તેઓના પાસેથી ઓહ્દો લઈ લેવામાં આવે; તો કયારેક નાના એવા કારણ થકી હાકેમ તેમને મોતની સજા આપે તેની ખબર નથી.

એટલે કોઈ દિવસ બીજાનો દુનિયાનો ઓહદો જોઈને તેની લાલચ ન કરો; કેમકે તે કેટલી પરેશાનીમાં છે તેના સિવાય બીજું કોઈ નથી જાણતું.

દુનિયાના હાકેમોના કેટલાય નજીક કેમ ન હોય નાની એવી ભૂલ થવાથી હાકેમો દૂર કરી દે છે; પરંતુ મહેરબાન અલ્લાહની નજીકી હંમેશા બુલંદી અપાવે છે; જો ભૂલ થાય તો મોટો મહેરબાન અલ્લાહ માફ કરી દે છે.

કોશિશ કરો કે અલ્લાહના નજીક થઈએ.

હિકમત ૨૬૪

બીજા સાથે ભલાઈ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: બીજાઓના બચી ગયેલા લોકો સાથે ભલાઈ કરો જેથી તમારા પાછળ બચી ગયેલા લોકો સાથે ભલાઈ કરવામાં આવે.

આ હદીસમાં બયાન કરવામાં આવ્યું છે જ્યારે કોઈ મરી જાય તો તેમના પછી ઘરમાં જે યતીમ, વિધવા તથા તેમના સગાંસંબંધી હોય તેમનું ધ્યાન રાખો; તેમની સાથે ભલાઈ કરો; તેમની જરૂરતો પૂરી કરો; જેથી તમારા પછી તમારા પાછળ તમારા બાલ-બચ્ચાઓના સાથે પણ ભલાઈ કરવામાં આવે.

સૂરએ નિસા આયત ૯માં પણ આ વસ્તુનો ઝિક્ર થયો છે: (લોકોને તે વાતનો ડર હોવો જોઈએ કે તે પોતાના પછી પોતાની ઓલાદને મદદ વગર મૂકીને જાય અને તેઓ માટે ચિંતા થાય (કે તેમનું શું થશે?) તો તેઓને અલ્લાહથી ડરવું જોઈએ અને સીધી-સીધી વાતો કરવી જોઈએ).

જો તમે તમારી ઓલાદ અને સગાંસંબંધીઓની ચિંતા કરો છો તો તમારે બીજા લોકોની ઓલાદ અને સગાંસંબંધીઓની ચિંતા કરવી જોઈએ. જો તમે બીજાઓની મદદ કરશો તો તમારી પણ બીજા લોકો મદદ કરશે.

આ આયતમાં કહેવામાં આવ્યું છે: જે કોઈ યતીમ અને કમજોર મુસલમાન સાથે ખરાબ વ્યવહાર કરશે તો તેમની ઓલાદ અને સગાંસંબંધીઓ સાથે તેવો જ ખરાબ વ્યવહાર થશે; અને જો આપણે આપણામાં, બાપ અથવા સગાંસંબંધો સાથે સારો વ્યવહાર રાખીશું તો પછી આપણી ઓલાદ પણ આપણી સાથે અને બીજા સગાંસંબંધીઓ સાથે સારો વ્યવહાર રાખશે; અને જો આપણે ખરાબ વ્યવહાર રાખીશું તો આપણી સાથે પણ આપણી ઓલાદ ખરાબ વ્યવહાર કરશે અને ત્યારે કહીશું કે કાશ મેં મારા વડીલનું ધ્યાન રાખ્યું હોત તો મારી ઓલાદ પણ મારું ધ્યાન રાખત.

છેલ્લે એક હદીસમાં ઇમામ ફરમાવે છે: જો તમે કોઈ યતીમનું ધ્યાન રાખશો તો તમારા યતીમોનું તમારી પછી બીજું કોઈ ધ્યાન રાખશે.

અલ્લાહના ત્યાં કોઈ પણ નેકીનો બદલો બેકાર નથી જતો. બીજા સાથે નેકી કરવી હકીકતમાં પોતાના માટે નેકી છે.

હિકમત ૨૬૫

આલિમની વાતનો અસર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્ઞાનીઓની વાતો સાચી હોય તો તે દવા છે અને જો ખોટી હોય તો તે બીમારી છે.

ઇમામ અહીંયા એ વાત તરફ ધ્યાન દોરે છે કે જ્યારે કોઈ ઇલ્મ રાખનાર અને પોતાને જ્ઞાની

સમજતો હોય તે પોતાની વાતોમાં સચ્ચાઈ રાખશે તો તેની વાતો લોકો માટે દવા બની જશે અને લોકોને ફાયદો પહોંચાડશે; અને જો તે કોઈ ખોટી વાત કરશે અથવા ભૂલ કરશે તો તેની વાત લોકો માટે બીમારી બની જશે.

એટલે જ્યારે કોઈ આલિમ અથવા જાણકાર ઇન્સાન વાત કરે બયાન કરે તો એ વસ્તુ ધ્યાનમાં રાખે કે કોઈ ખોટી વાત લોકો સુધી ન પહોંચે; નહીં તો તેનો અસર ખરાબ થશે.

એક આલિમની ભૂલ એક આલમ (દુનિયા)ને બગાડી શકે છે; એટલે જ કહેવામાં આવ્યું છે – નીમ હકીમ ખતરે જાન અને નીમ મુલ્લા ખતરે

ઇમાન – (જો ડોક્ટર બરાબર નહીં હોય તો જાન ખતરામાં છે અને જો મુલ્લા બરાબર ન હોય તો ઇમાન ખતરામાં છે.)

એક હદીસમાં ઇમામ ફરમાવે છે: આલિમની ભૂલ કશ્તી તૂટવા બરાબર છે જેના લીધે કશ્તી પણ ડૂબી જાય છે અને કશ્તીમાં સવાર લોકો પણ ડૂબી જાય છે.

કયામતમાં અમુક લોકોને ગુનાહોના લીધે હાજર કરવામાં આવશે તો તેઓ કહેશે: "અમે તો અમારા બુઝુર્ગોના લીધે ગુમરાહ થઈ ગયા. અમે તો તેમની વાતો માનતા અને તે જે કહેતા એ કરતા હતા."

સૂરએ અહઝાબ આયત ૬૭માં આવ્યું છે: "યા અલ્લાહ! અમે

અમારા સરદારોની પેરવી કરતા હતા અને તેઓએ અમોને ગુમરાહ કર્યા."

ઇમામનો આ કલામ આલિમો અથવા જ્ઞાની લોકો માટે ચેતવણી છે: જો સારી વાત કરી તો તેનાથી બીમાર સમાજને દવાની જેમ ફાયદો પહોંચશે અને જો ખરાબ અને ખોટી વાત કરી તો તે ઝેર સમાન બની જશે જેથી લોકોના અકીદા અને અમલ ખતરામાં પડી જશે.

આજના સમયમાં એની વાત સાંભળવી જેની વાતો સાચા ડોક્ટરની જેમ હોય; નહીં તો ગુમરાહ કરનાર આપણામાં અને બીજાઓમાં ઘણા લોકો છે જે

અહલેબયત અ.ના રસ્તાથી દૂર કરે છે.

હિકમત ૨૬૬

જવાબ

ઇમામ અલી અ.સ. પાસે એક માણસ આવે છે અને ઇમાન વિષે સવાલ કરે છે; તો આપ અ.સ. ફરમાવ્યું કે:

"તું કાલે મારી પાસે આવજે જ્યારે લોકો હાજર હોય ત્યારે તને બતાવીશ જેથી બીજા લોકો પણ સાંભળી શકે અને જો તું ભૂલી જા તો બીજા લોકો યાદ રાખે; કેમકે કલામ (બોલ) ભાગતા ઊંટની જેમ છે જે એકના હાથમાં આવી જાય તો બીજાના હાથમાંથી નીકળી જાય છે."

સૈયદ રઝી કહે છે: પછી ઇમામ અ.સ. ઇમાનના ચાર ભાગવાળી હદીસ તેને બયાન કરે છે જે આપણે હિકમત નં. ૩૧માં બયાન કરી ચૂક્યા છે.

અહીંયા આ કલામમાં આપણે શરૂઆતમાં કહ્યું કે એક માણસ ઇમામ પાસે આવે છે અને ઇમાન વિષે સવાલ પૂછે છે. સવાલ પૂછનારનું નામ અમ્માર યાસિર બયાન કરવામાં આવ્યું છે.

અમ્માર યાસિર નબી સ.ના સાચા સહાબી હતા અને નબી અ.ની બધી વાતો ઉપર અમલ કરતા હતા. તેમના વિષે નબી સ. ફરમાવ્યું હતું કે એક બાગી ગિરોહ શહીદ કરશે. મુઆવિયાના હાથે જંગે

સિફ્ફીનમાં શહીદ થયા. એક વખત આપ જ્યારે ઇમામ અ.સ. પાસે હતા ત્યારે બધાં કરતાં મહત્વનો સવાલ ઇમાન વિષે ઇમામને પૂછે છે ત્યારે ઇમામ કહે છે: "જલ્દી ન કરો. કાલે લોકોની સામે ઇમાનની વ્યાખ્યા બયાન કરીશ. જો તમે ભૂલી જાવ તો બીજા લોકો યાદ રાખે." ઇમામ ચાહતા હતા કે જે ખૂબ જ અગત્યની વાત છે તેને હું બધા સુધી પહોંચાડું જેથી આવતી નસલો સુધી આ વાત યાદ રહે.

એટલે જ્યારે પણ કોઈ મહત્વની વાત અથવા મહત્વનું કામ હોય તો લોકો સુધી પહોંચાડવું જોઈએ.

ઇમાનના ચાર ભાગ છે: સબ્ર, યકીન, ન્યાય, અને જેહાદ

આ હદીસની માહિતી હિક્મત નં. ૩૧માં બયાન થઈ ચૂકી છે.

હિક્મત ૨૬૭

કાલની વ્યાધિ ન કરો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અય આદમના ફરઝંદ! (કાલના) દિવસની ચિંતાનો બોજ આજના દિવસ ઉપર ન નાખો કે જે હજુ સુધી આવ્યો નથી. જો એક દિવસ પણ તારી જિંદગીનો બાકી હશે તો અલ્લાહ તારી રોઝીને જરૂર તારા સુધી પહોંચાડશે."

ઇમામ અ.સ. આ હદીસમાં ફરમાવે છે કે તમે બહુ વધારે કાલની ચિંતામાં આજનો દિવસ ખરાબ ન કરો; જેમ આજે અલ્લાહ દરેક રીતે ધ્યાન રાખ્યું અને રોઝી

આપી છે એ જ પ્રમાણે કાલે પણ અલ્લાહ ધ્યાન રાખશે.

આ હદીસનો મતલબ એ નથી કે પોતાના ભવિષ્ય માટે તથા બાલ-બચ્ચાઓ માટે ન વિચારો. વિચારવું જોઈએ; પરંતુ તેની ખોટી ચિંતા ન કરો.

જનાબે સલમાન ફારસી કે જે ઇસ્લામને ખૂબ જ સરખી રીતે જાણતા અને સમજતા હતા તેમની જિંદગીમાં આવ્યું છે કે જ્યારે તેમની પાસે પૈસા આવતા ત્યારે તે આખા વર્ષનું અનાજ લઈ લેતા અને તેની માટે બધી જ વ્યવસ્થા કરતા કે ખરાબ ન થઈ જાય. જ્યારે કોઈ માણસ જનાબે સલમાન ફારસીને પૂછ્યું: "તમે શા માટે આવી રીતે

કરો છો?" ત્યારે જવાબમાં ફરમાવે છે: "જ્યારે ઇન્સાન જુએ છે કે ભવિષ્ય સારું નથી તો તેના દિલમાં ખરાબ વિચારો આવવા લાગે છે અને જ્યારે કાલનો દિવસ અને ભવિષ્ય સુંદર અને સારું જુએ છે તો તેના દિલને સુકૂન અને આરામ મળી જાય છે. તો એનો મતલબ એ નથી કે કાલ માટે મહેનત અને કોશિશ ન કરવી જોઈએ અને પછી કાલે અને ભવિષ્યમાં પરેશાન થઈએ."

અક્કલમંદ ઇન્સાન કાલ અને ભવિષ્યનું વિચારી આગળ કામકાજ વધારે છે જેથી તેનું અને તેના ખાનદાનનું ભવિષ્ય સારું બને.

આ હદીસમાં જે વસ્તુનો ખાસ વિરોધ કરવામાં આવ્યો છે તેનો અર્થ એ છે કે કાલના ચક્કરમાં તમે આજની જિંદગી બરબાદ ન કરો. હવે આપણી પાસે જે છે તેમાં કંજૂસી કરીએ કે આજે તો મારી પાસે છે કાલે શું થશે અને તેના ચક્કરમાં આજે કંઈ ન ખાય અને ન ખર્ચ કરે. આ રીતે પોતાની અને પોતાના ખાનદાનની જિંદગી ખરાબ કરવી નહીં. જો અલ્લાહે આપેલું બધું હોય તો જિંદગી સારી રીતે ગુજારવી જોઈએ; અને કાલ માટે શું થશે તેનો અફસોસ ન કરવો?

ઇમામ અ.સ. એક બીજી હદીસમાં ફરમાવે છે: બેશક તમારા નસીબમાં જેટલું છે એટલું જ તમને

મળશે; અને જો તમારા પાસે વધારે આવી ગયો હોય તો તેમાં બીજાઓના ખજાનચી છો; એટલે તેમાં બીજાઓનો હક છે જેને તમારે પહોંચાડવાનો રહેશે.

બીજી એક હદીસમાં છે: તમારી દુનિયા માટે એવી રીતે કામ કરો કે તમે હંમેશા રહેવાના છો (એટલે તેની માટે વધારે મહેનત કરો) અને આખેરત માટે એવી રીતે અમલ કરો કે કાલે મરવાના છો (એટલે વધારે સારા અમલ કરો જેથી કાલે મોત આવી જાય તો કબરમાં અને કયામતના દિવસે કંઈ વાંધો આવે નહીં).

તો આજે સારી જિંદગી ગુજારો; કાલની શું ખબર? જો સારું કરશો

અને સારું વિચારશો તો સારું ફળ મળશે. સારું જીવો અને સારું જીવવા દો.

હિકમત ૨૬૮

દોસ્તી અને દુશ્મની

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: દોસ્તની સાથે એક ખાસ હદ સુધી દોસ્તી કરો; કદાચ તમારો એ દોસ્ત દુશ્મન બની જાય અને દુશ્મનો સાથે એક ખાસ હદ સુધી દુશ્મની કરો; કેમકે કદાચ એ તમારો દોસ્ત બની જાય.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં ફરમાવે છે: કે દોસ્ત બનાવવામાં અને દુશ્મની કરવામાં ધ્યાન રાખવું જોઈએ; ન બહુ જ વધારે દોસ્તી કરવી કે જ્યારે દુશ્મન થઈ જાય તો પછતાવવું પડે

અને દુશ્મનીમાં પણ બહુ જ આગળ ન નીકળી જવું કે પછી તે દોસ્તી કરવી હોય તો બધા જ રસ્તા બંધ થઈ ગયા હોય.

આ દુનિયામાં આપણને જોવા મળે છે કે દોસ્ત હંમેશાં દોસ્ત નથી રહેતા અને દુશ્મન હંમેશાં દુશ્મન નથી રહેતા; સમય અનુસાર દોસ્ત દુશ્મન અને દુશ્મન દોસ્ત બની જાય છે તો ઇમામ અ.નો આ કોલ હંમેશાં યાદ રાખવાથી કદી પણ પછતાવો નહીં થાય.

ઇમામ સાદિક અ.સ. દોસ્તો સાથે દોસ્તી કંઈ હદ સુધી અને કેવી દોસ્તી રાખવી જોઈએ તે વિષે ફરમાવે છે: "તમે તમારા દોસ્તને બધી જ રાઝની વાત ન કહો. જો

તે કોઈ વખત તમારો દુશ્મન બની જાય તો તમને નુકસાન ન પહોંચાડી શકે. અને એટલી હદ સુધી દુશ્મની પણ ન કરવી કે પછી દોસ્તી કરવી હોય તો રસ્તા બંધ થઈ જાય."

હિકમત ૨૬૯

જિંદગી દુનિયાની કે આખેરતની

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: દુનિયામાં કામ કરનાર લોકોના બે પ્રકાર છે:

એક દુનિયા માટે કામ કરે છે અને તેઓને દુનિયાની મશગુલિયત આખેરતને ભુલાવી દીધી છે. તેઓ ડરે છે કે મારી પછી મારા સગાંસંબંધીઓ ગરીબ થઈ જશે; જ્યારે કે તેઓ પોતાની જિંદગી આરામથી પસાર કરી રહ્યા છે. આ

પ્રકારના લોકો બીજાના ફાયદા માટે પોતાની જિંદગી બરબાદ કરે છે.

બીજા પ્રકારના લોકો દુનિયામાં રહી આખેરત માટે કામ કરે છે અને આ લોકોને કોઈ પણ તકલીફ વગર દુનિયા પણ મળી જાય છે અને આ રીતે દુનિયા અને આખેરત બંને પ્રાપ્ત કરી લે છે; અને બંને વસ્તુના માલિક બની જાય છે; અને અલ્લાહની નજીક ઇઝ્ઝત હાસલ કરી લે છે અને અલ્લાહ પાસે જે પણ ચાહે છે અલ્લાહ તેને અતા કરે છે.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં દુનિયામાં રહેતા બે પ્રકારના લોકો વિષે બયાન ફરમાવે છે: એક જે ફક્ત દુનિયા માટે

જિંદગી ગુજારે છે જેઓ નુકસાનમાં છે.

અને બીજા જે આખેરત માટે આ દુનિયામાં જિંદગી ગુજારે છે તો તેને દુનિયા અને આખેરત બંને વસ્તુ મળે છે.

અને અલ્લાહ ઇઝ્ઝત પણ આપે છે અને તેની બધી જ દુઆઓ પણ અલ્લાહ કબૂલ કરે છે.

તો હવે જરૂરી છે કે સમજદાર માણસ આખેરત માટે જિંદગી ગુજારે જેથી બંને વસ્તુ મળી જાય.

અમુક નાદાન લોકો ફક્ત દુનિયા કમાવવાના ચક્કરમાં જ રહે છે તે સવારથી સાંજ સુધી, રાત દિવસ મહેનત તો કરે છે જેથી તેની ઓલાદ અને ખાનદાન આરામથી

રહી શકે પણ પોતાની આખેરતના કામ ઉપર બિલકુલ ધ્યાન નથી આપતા. ન હલાલ અને હરામની પરવાહ કરે છે કે ન અલ્લાહની ઇતાઅત તરફ ધ્યાન આપે છે.....

અને બીજા પ્રકારના લોકો જે આ દુનિયામાં રહી આખેરત માટે જિંદગી ગુજારે છે તો આ લોકોને દુનિયામાં વધારે મહેનત કર્યા વગર આસાનીથી દુનિયા મળી જાય છે અને આખેરતમાં પણ સારી જિંદગી મળે છે તેમજ બંને જગ્યાના માલિક બની જાય છે.

ઇમામ બાકિર અ.સ. અને ઇમામ જાફરે સાદિક અ.સ. આ વિષય ઉપર અલગ અલગ હદીસમાં આ રીતે રોશની નાખે છે: લોભી અને

લાલચી ઇન્સાન રેશમના કીડા જેવા હોય છે જે આજુબાજુની જગ્યાને જેટલી બંધ કરવાની કોશિશ કરે છે તો તેની માટે બહારની વસ્તુ દૂર થઈ જાય છે અને પછી તે અંદર ફસાઈ જાય છે અને પછી તે આ તકલીફના કારણે પોતાની જાન ગુમાવી બેસે છે.

અને પછી આ કલામની આગળ ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે જનાબે લુકમાનને પોતાના દીકરાને નસીહત કરતા ફરમાવે છે:

"અય ફરઝંદ! તારા પહેલાં પણ આ દુનિયામાં લોકો રહેતાં હતા અને તેઓએ પોતાની ઓલાદ માટે મહેનત કરી માલ ભેગો કર્યો અને જેની માટે માલ ભેગો કર્યો હતો એ પણ

ચાલ્યા ગયા અને એ માલ પણ ખતમ થઈ ગયો. તો તું બંદો છો [અલ્લાહનો] અને અલ્લાહે હુકમ આપ્યો છે કે અમલ કરો અને જો અમલ કરશો તો તેનો બદલો અને ફળ મળશે. તો અમલ કરો અને અમલનો પૂરેપૂરો બદલો મેળવો અને દુનિયામાં ઘેટાં-બકરાં જેવી જિંદગી ન ગુજારો; જે આ દુનિયામાં રહેવા માટે ખૂબ જ વધારે ખોરાક લે છે અને મરવાના સમયે જાડા થઈ જાય છે (અને પછી તેનો માલિક ઝબ્હ કરી ખાઈ જાય છે)."

તો દુનિયાને નદીના પુલ જેવો સમજો અને તેના ઉપરથી ગુજરી જાવ કે પછી ફરી વખત કદી નથી આવવાનું.

હિક્મત ૨૭૦

જવાહિરાત

બયાન થયું છે કે ઉમર ઇબ્ન ખત્તાબની ખિલાફતના સમયે ખાનએ કાબામાં વધારે જવાહિરાત હોવાની જાણકારી આપવામાં આવી. અમુક લોકો એ મશવરો આપ્યો કે તે જવાહિરાતને લઈ લો અને મુસલમાનના લશ્કર ઉપર વાપરીને તેની રવાનગી માટે ખર્ચ કરવામાં આવે તો વધારે અજર મળશે. આમ પણ ખાનએ કાબાને તે જવાહિરાતની શું જરૂરત છે? ઉમરે તેને વેચવાનો ઇરાદો કર્યો; અને ઇમામ અલી અ.સ.ને આ વિષે સવાલ પૂછવામાં આવ્યો તો તેના જવાબમાં ઇમામ અલી અ.સ.એ આ રીતે ફરમાવ્યું:

જ્યારે આ કુરઆન રસૂલે ખુદા સ.અ.વ. ઉપર નાઝિલ થયું ત્યારે માલના ચાર પ્રકારના હતા:

૧- મુસલમાનોનો પોતાનો માલ. નબી સ. તેમના વારસદારોને તેમના હિસ્સા મુજબ ખર્ચ કરવાનો હુકમ આપ્યો.

૨- માલે ગનીમત - જે જંગમાંથી મળેલ હોય; તેને જરૂરતમંદ લોકો સુધી પહોંચાડવામાં આવતો.

૩- ખૂમ્સ કે જે માટે ખાસ હુકમ બયાન કરવામાં આવેલ છે.

૪- ઝકાત અને સદકા; કે જેની માટે ખાસ શરતો છે અને તેને પણ મુસ્તહક લોકો સુધી પહોંચાડવાનો હુકમ છે.

અને આ ખાનએ કાબાના જવાહિરાત નબી સ.અ.વ.ના ઝમાનામાં પણ હતા; પરંતુ અલ્લાહે

તેને એમ જ રાખવાનો હુકમ આપ્યો હતો; અને આવું કોઈ ભૂલી ગયા હોય એવું નથી અને કોઈથી છુપાયેલું પણ ન હતું.

"એટલે (અય ઉમર!) અલ્લાહ અને રસૂલે જેવી રીતે તેને તેની જગ્યાએ બાકી રહેવા દીધું; તું પણ બાકી રાખ અને તેને ખર્ચ ન કર."

જ્યારે ઇમામ અ.સ. તરફથી (ઉમર) આ જવાબ સાંભળે છે તો તે કહે છે: "જો તમે ન હોત તો હું રૂસ્વા થઈ ગયો હોત." અને જવાહિરાતને તેની જગ્યાએ બાકી રાખે છે.

ઇમામ પાસે જ્યારે કોઈ પણ પોતાનો મુશ્કેલ સવાલ લઈ આવતું જેવી રીતે અહીંયા ઉમર કાબામાં જે સોનું ચાંદી અને જવાહિરાત માટે સવાલ પૂછવા આવ્યો તો ઇમામ

કુરઆન તરફ રૂજુઅ કર્યું એટલે કુરઆનથી જવાબ આપ્યો અને કુરઆનમાં બધી જ વસ્તુનો જવાબ મોજૂદ છે તે બયાન કર્યું.

હવે સવાલ કોઈ પણ વસ્તુ માટે હોય ચાહે તે પોતાના માલ માટે હોય; વારસા માટે હોય; ખુમ્સ માટે હોય; ઝકાત માટે હોય; ઓરતોના માલ અને વારસા માટે હોય વગેરે... કુરઆનમાં બધી જ વસ્તુનો જવાબ છે. અને આજના ઝમાનામાં મુજતહિદો પોતાના ફતવા કુરઆન મજીદના હુકમ મુજબ આપણા સુધી પહોંચાડે છે; એટલે જ તેના ઉપર અમલ કરવો એહકામમાં દીનની પાબંદી કરવી ગણાશે.

અને જો કુરઆનમાં કોઈ માલ માટે હુકમ આપવામાં નથી આવ્યું તો ભુલાઈ નથી ગયું; બલ્કે તે વસ્તુ જેમ છે તેવી રીતે રહેવા દેવાનું કહેવામાં આવ્યું છે; અને અહીંયા હુકમ નથી આવ્યો એનો મતલબ છે કે એ માલ વાપરવો હરામ છે. આજના ઝમાનામાં મુજતહિદને પૂછીને અમલ કરવો જોઈએ.

હિકમત ૨૭૧

ચોરીની સજા

બે માણસોને ઇમામ અલી અ.સ. પાસે લાવવામાં આવ્યા જેઓ બયતુલમાલમાંથી ચોરી કરી હતી અને તે બંનેમાંથી એક બયતુલમાલનો ખાદીમ (ગુલામ) હતો અને બીજો કોઈ માણસનો ખાદીમ (ગુલામ) હતો.

ઇમામ અલી અ.સ. તેઓ બંને માટે અલગ અલગ હુકમ આપે છે. જે બયતુલમાલનો ખાદીમ હતો તેના માટે ફરમાવે છે કે તે ખુદાના માલમાંથી છે એટલે તેની ઉપર કોઈ હદ અને સજા નથી કેમકે એક ખુદાના માલે બીજા માલે ખુદાને ખાધો છે; અને બીજા ગુલામને હાથ કાપવાની સજા આપવામાં આવે.

ઇમામ અલી અ.સ. અહીંયા એક હુકમ આપ્યો છે કે જ્યારે કોઈ બયતુલમાલનો ખાદીમ કે (જે જંગના મૈદાનમાં ગુલામીમાં આવ્યા હોય) પોતે પણ બયતુલમાલમાંથી છે તેને કંઈ સજા નથી કેમકે તે પોતે પણ અલ્લાહના માલમાંથી છે અને તેણે અલ્લાહનો માલ ખાધો છે અને જો

તેને સજા આપવામાં આવે તો બયતુલમાલમાં વધારે નુકસાન થાય તે માટે તેની માટે સજા નથી પણ તેને બીજી કોઇ રીતે અદબ શીખવવામાં આવે જેથી તે બીજી વખત ચોરી ન કરે.

અને જે બીજો ગુલામ કોઇનો ખાદીમ હતો તે બયતુલમાલમાંથી ચોરી કરી એટલે તેને ઇસ્લામી સજા દેવામાં આવે અને ચોરીની સજા હાથ કાપવા છે (હાથની આંગળીઓ કાપવી છે).

ઇમામ અલી અ.સ.નો આ ફૈસલો ઊંડો વિચાર માંગે છે.

હિકમત ૨૭૨

બિદઅત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જો આ લપસણી દુનિયામાં મારા પગ જામી ગયા તો હું ઘણી વસ્તુઓને બદલી નાખીશ.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં એ તરફ ઇશારો કરે છે કે જે હુકમો ઇસ્લામમાં હતા અને તેને રસૂલ સ.અ.વ. પછી ખલીફાઓએ પોતાની મરજીથી બદલી નાખ્યાં; અને અમુક નવા કાનૂન જે ઇસ્લામમાં ન હતા તે દાખલ કરી દીધા.

ઇમામ અ.સ. પાસે સમય ઘણો ઓછો હતો અને તેમાં જે ત્રણ ખલીફાઓએ દીનમાં મનમાની કરીને તબદિલી કરી હતી અને બિદઅત

ફેલાવી હતી તેને ઇમામ એ જ પ્રમાણે પાછા કરવાની ઇચ્છા જાહેર કરે છે કે જે રીતે નબી સ.ના ઝમાનામાં એહકામો હતા.

પરંતુ ઇમામ પાસે સમય ઘણો ઓછો હતો અને તેમાં પણ ત્રણ મોટી મોટી જંગ લડવાની જરૂરત પડી અને લોકોએ પણ ઇમામ અ.નો સાથ ન આપ્યો; એટલે ઇમામ ફરમાવ્યું: "જો મારી પાસે થોડોક સમય હોત તો આ બધી પરેશાનીઓનો અંત લાવત, અને બિદઅતો પણ ખતમ કરી નાખત."

ઇમામ અલી અ.સ. પોતાના એક ખુત્બામાં આ વાતનો ઝિક્ર પણ કરે છે: "મારી પહેલાં જે લોકો સત્તામાં હતા અને ખલીફા હતા તે લોકોએ

પોતાની ખિલાફતના સમયમાં રસૂલની સુન્નત બદલી નાખી અને સમજી વિચારીને જાણીજોઈને ખોટા રસ્તા ઉપર ગયા, અને ઇસ્લામી એહકામના વિરુદ્ધમાં ગયા, સુન્નત બદલી નાખી. અને જો હું લોકોને કહું કે તમે પહેલાની જેવા થઈ જાવ જેવી રીતે રસૂલે ખુદા સ.અ.વ.ના ઝમાનામાં હતા તો લોકો મને મૂકીને ચાલ્યા જાત અને હું એકલો થઈ જાત અથવા અમુક મારા ખાસ શિયા મારી સાથે બાકી રહેત."

જે બિદઅત ઉપર લોકો અમલ કરવા લાગ્યા હતા તેમાંથી અમુક અહીંયા બયાન કરવામાં આવે છે:

૧- અરબ અને અજમમાં (ગૈર-અરબ) ઊંચ નીચ પ્રમાણે ફેરફાર.

૨- મુસલમાનોમાં એક સરખું બયતુલમાલ વહેંચવાનું બંધ થઈ ગયું અને પાર્ટી બાજી થઈ ગઈ (પહેલાં બધા જ મુસલમાનોને એક સરખું મળતું).

૩- હજ તમત્તોઅ બંધ કરી દીધી.

૪- મુતાઅ બંધ કરાવી દીધા.

૫- રમઝાન મહિનામાં નમાઝે તરાવિહ શરૂ કરાવી.

૬- ((હય્યા અલા ખૈરીલ અમલ))ની જગ્યાએ ((અસ્સલાતો ખૈરૂમ મિનન નોમ)) કરી નાખ્યું.

ઇમામ ચાહતા હતા આ બિદઅતો અને બીજી બધી વસ્તુ જે ઇસ્લામમાં ભેળવી દેવામાં આવી હતી તે ખતમ કરી નાખે; પરંતુ ઇમામ પાસે સમય

અને સાચા વફાદાર લોકોની કમી હતી; અને ઇમામ સામે મોટા મોટાઓ જંગ કરી; જેથી આ બધી બિદઅતોને ખતમ કરવાનો સમય ન મળ્યો.

ઇમામ તો ચાહતા હતા જેવો ઇસ્લામ રસૂલના સમયમાં હતો એવો ફરી વખત આવી જાય અને લોકોમાં ઊંચ નીચનો ફેરફાર ન રહે બધા જ આપસમાં ભાઈ ભાઈ બની રહે; પણ ઇસ્લામના દુશ્મનો નહોતા ચાહતા કે ઇસ્લામ કામયાબ થાય એટલે તેઓએ ઇમામની સામે જંગ ચાલુ કરી.

હિકમત ૨૭૩

નસીબ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જાણી લો કે અલ્લાહ કોઈ પણ બંદાને નક્કી થયેલ રિઝક કરતાં વધારે નથી આપતો ભલે પછી તે વધારે હોશિયાર કે ચાલાક હોય કે મહેનતું હોય; જે તકદીરે ઇલાહીમાં નક્કી થયેલ છે તેટલું જ મળવાનું છે; અને જો કોઈ બંદો કમઝોર અને બેચારો હોય તો તેના નસીબમાં જેટલું લવ્હે મેહફૂઝમાં લખેલું છે તેનાથી કોઈ રોકી શકતું નથી.

આ હકીકતને સમજવાવાળા અને આ વાત ઉપર અમલ કરનારા બધાં કરતાં ફાયદામાં છે અને જેઓ આ વાતમાં શક કરે તેઓ નુકસાનમાં છે. ઘણા લોકો એવા છે

જેમને આ બધી નેઅમતો મળી પરંતુ આ નેઅમતો તેમને આહિસ્તા-આહિસ્તા મુસીબતો તરફ લઈ ગઈ; અને ઘણા લોકો ગરીબી અને ફકીરીની જિંદગી ગુજારે છે પરંતુ તેમની સાથે અલ્લાહની મહેરબાની રહી છે. તેથી અય સાંભળનાર! અલ્લાહનો શુક્ર વધારે કર અને ઉતાવળ ન કર. તારા નસીબમાં જેટલું રિઝક છે તેના પર સંતોષ કર.

ઇમામ અ.સ. અહીંયા ફરમાવે છે: જે મળ્યું તેમાં સંતોષ રાખો અને લાલચુ ન બનો; ગુનાહના રસ્તા થકી માલને વધારવા મહેનત ન કરો; તમે ગમે એટલી મહેનત કરો તમારા નસીબમાં જે લખાઈ ગયું છે

એટલું જ મળવાનું છે ન વધારે ન ઓછું.

અને જે લોકો કામ નથી કરી શકતા અથવા ઓછું કરે છે અથવા વિચાર શક્તિ વધારે નથી રાખતા; તેના નસીબમાં જેટલું લખેલું છે એટલું જ મળવાનું છે તેને કોઈ રોકી શકવાનું નથી.

કોને કઈ રીતે અને કેટલું રિઝક મળવાનું છે તે બધું જ લવ્હે મેહફૂઝમાં લખેલું (આસમાનમાં જે કિતાબ છે તેમાં લખેલ છે) અને આપણા ઇમામો અને નબીઓ તેની ખબર રાખે છે; અને જે લોકો આ વાત ઉપર યકીન રાખશે તે ફાયદામાં રહેશે અને વધારે વ્યાધિ

નહીં કરે; હરામ અને હલાલ બંને ભેગું કરવાની કોશિશ નહીં કરે.

અને જે આ વાત નહીં માને અથવા શક કરશે તે નુકસાનમાં છે; અને તેને વધારે મળવાનું પણ નથી.

લાલચુ માણસ જેના નસીબમાં વધારે રિઝક નથી; તે સવારથી સાંજ સુધી હાથપગ મારે છે; પણ તેના નસીબમાં નથી તો તેને નથી મળવાનું.

અને જેઓ માટે અલ્લાહે જેટલું નક્કી કરેલ છે તેમાં સંતોષ રાખે અને લાલચ નથી કરતા તેઓ ફાયદામાં રહે છે.

અને એક વાત વારંવાર કહેવામાં આવી છે: આ હદીસનો

મતલબ એ નથી કે હાથ ઉપર હાથ રાખી બેસી જાવ; નહીં.

હલાલ રિઝક કમાવવાનો હુકમ છે અને તે વાજિબાતમાંથી છે. હદીસમાં ઝિક્ર છે કે હલાલ રોઝી કમાવવું બહેતરીન ઇબાદતમાંથી છે.

આ હદીસથી મુરાદ કે માણસ એટલી દોડધામ કરવા લાગે કે તેના બીજા જાએઝ રિશ્તા અને બીજી જવાબદારીઓને ભૂલી જાય એ બરાબર નથી. ઇન્સાન રિઝકની પાછળ એટલો વ્યસ્ત ન થવું જોઈએ કે તે બધું ભૂલી જાય; અલ્લાહની ઇબાદત પણ ન કરે અને કોઈનું ધ્યાન પણ ન રાખે.

બલ્કે કોશિશ સાથે એ યાદ રાખવાનું છે કે જે અલ્લાહે નસીબ કરેલું છે તે મળીને રહેશે.

ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: જે કોઈ પોતાના બાલ-બચ્ચાઓ માટે મહેનત કરે અને રિઝક કમાવવા જાય તો તેનો સવાબ અલ્લાહની રાહમાં મુજાહિદનો છે. (મુજાહિદ એ ઇન્સાનને કહેવાય છે જે જંગમાં તો જાય છે પણ જંગ જીતીને આવે છે).

અમુક લોકો પાસે માલ તો હોય છે; પણ તે હંમેશાં પરેશાનીમાં રહે છે; બેચેન હોય છે; તો તેનો શું ફાયદો?

અને અમુક લોકો પાસે માલ નથી પરંતુ અલ્લાહ તેની ઉપર મહેરબાન હોય છે.

તો અલ્લાહનો શુક્ર કરો અને શુક્ર કરવામાં ઉતાવળ કરો; એટલે તમારા નસીબમાં જે છે એ તમને જલ્દી મળી જાય અને આરામ અને સુકૂન વાળી જિંદગી ગુજારી શકો.

હિક્મત ૨૭૪

ઇલ્મ અને યકીન

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: તમારા ઇલ્મને જિહાલત અને તમારા યકીનને શક્ન બનાવો; જ્યારે જાણી (ઇલ્મ) લીધું તો અમલ કરો અને યકીન થઈ ગયું તો આગળ વધો.

ઇમામ અ.સ. નુરાની કલામમાં જાણકાર લોકોને ફરમાવે છે કે જો તમારી પાસે ઇલ્મ આવી ગયું અને તમે જાણી લીધું છે તો તેના ઉપર અમલ કરો અને જિહાલતથી બચો;

અને જ્યારે લોકો પાસે આંખ અને કાન છે તો તેનો ઉપયોગ કરો અને જો આંખ અને કાનનો ઉપયોગ ન કર્યો તો તેને આંધળા અને બેહરા કહેવામાં આવે છે. એ જ રીતે જો કોઈ પોતાના ઇલ્મથી ફાયદો ન ઉપાડે તો તેની કોઈ કિંમત નથી.

અને જે વસ્તુ ઉપર યકીન હોય તો તે તરફ આગળ વધવું જોઈએ તેમાં શક ન કરો. દા. ત. યકીન છે કે આ ખોરાકમાં ઝેર છે તો ભલે પછી તે ખોરાક ભાવતો હોય તેને હાથ ન લગાવો? યકીન હોય કે ખરાબ કરશો તો તેની સજા મળશે તો પછી ખરાબ શા માટે કરવું? એ જ રીતે જો યકીન છે કે કયામત

આવવાની છે તો તેની માટે તૈયારી કેમ નથી?

યકીન છે કે અલ્લાહ રસૂલ અને અહલેબયત અ. આપણા અમલને જોઈ રહ્યા છે તો પછી ગુનાહ શા માટે કરવા?

યકીન છે કે અલ્લાહ ઉપર જે ભરોસો કરશે અલ્લાહ તેને કામયાબી આપશે તો શા માટે અલ્લાહ સિવાય બીજાઓ ઉપર ભરોસો કરવો?

જો ઇલ્મ અને યકીન બંને સાથે હશે તો આગળ વધવામાં આસાની રહેશે અને આગળ વધી શકશે.

હિકમત ૨૭૫

લાલચ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: લાલચ નદીના કિનારે લઈ જાય છે પરંતુ તરસ બુઝાવ્યા વગર પાછી મોકલી આપે છે; જવાબદારીનો બોજ અપાવે છે પરંતુ જવાબદારી પૂરી નથી કરતી; અને વધારે પડતું એવું પણ બને છે પાણી પીવા જાય છે તો પાણી પીતા પીતા ગળામાં અટકી જાય છે; અને જેટલા પ્રમાણમાં ઇન્સાનને કોઈ વસ્તુ પ્રિય હોય છે તેને ગુમાવવાનું દુખ વધારે થાય છે; અને લાંબી લાંબી ઇચ્છાઓ આંધળી બનાવી દે છે; અને જે નસીબમાં હોય છે તે કોશિશ વગર પણ મળી જાય છે.

આ હદીસમાં ૬ વસ્તુઓ બયાન થઈ છે અને બધી જ એકબીજાથી જોડાયેલી છે:

૧. લાલચુ માણસ તે વસ્તુ પાછળ ભાગે છે જે તેને મળવાનું નથી તો પણ લાલચમાં તેની પાછળ ભાગે છે; જેમ કે એક માણસ રણમાં દૂરથી રેતીને પાણી સમજે છે અને તે પાણી સુધી પહોંચવાની કોશિશ કરે છે પણ તે પાણી નથી હોતું અને તે વધારે તરસ સાથે પાછો ફરે છે.

૨. લાલચ માણસને જવાબદાર તો બનાવે છે પરંતુ તે સાચી જવાબદારી પૂરી નથી કરી શકતો.

૩. ઘણી વખત એવું પણ બને છે કે માણસ પાણી પાછળ ભાગે છે

પણ પાણી નથી મળતું અને તે જાન ગુમાવી બેસે છે અથવા જો તેને પાણી મળી પણ જાય તો તેની તરસ વધારે હોવાના લીધે એટલું વધારે અને જલ્દી-જલ્દી પાણી પીવે છે કે પાણી ગળામાં અટકી જાય છે અને તે પોતાની જાન ગુમાવી બેસે છે.

૪. લાલચુ માટે તે વસ્તુને હાસલ કરવું મહત્વનું બની જાય છે; અને તેને હાસલ કરવા લોકો આપસમાં હરીફાઈ કરવા લાગે છે; અને તે વસ્તુ હાથમાં ન આવવાથી તે પરેશાન થઈ જાય છે અને તે અફસોસ કરતો રહી જાય છે કેમકે જેના નસીબમાં હતું તેને મહેનત કર્યા વગર મળી ગયું હોય છે. દુનિયામાં લાલચુ લોકો આ પ્રકારના હોય છે.

૫. લાલચુ લાંબી લાંબી ઉમ્મીદો રાખે છે અને તે ઇચ્છાઓના કારણે આંધળો થઈ જાય છે એટલે તેની પોતાની નજીકની વસ્તુ અને આજુબાજુની વસ્તુ નથી દેખાતી; અને દૂરની વસ્તુના ચક્કરમાં તે આંધળો બની જાય છે.

૬. છેલ્લી વસ્તુમાં બયાન કરવામાં આવ્યું છે કે માણસ ભલે ખૂબ જ વધારે મહેનત કરે હાથપગ મારે પણ તેના નસીબમાં જે વસ્તુ નથી એટલે તેને નથી મળવાની એટલે નથી મળવાની. અને બીજો માણસ જેને બિલકુલ આશા ન હતી પરંતુ તેના નસીબમાં હોય છે એટલે તેને મળી જાય છે. લાલચુ ઇન્સાન હંમેશાં બીજી વસ્તુઓની આશામાં

પોતાની પાસે જે વસ્તુઓ હાજર છે તેનાથી પણ વંચિત રહે છે અને હાજર વસ્તુઓનો પણ લાભ નથી ઉપાડી શકતો; જેના લીધે ન તે આજ ખુશ હોય છે અને ન પછી ખુશ થાય છે.

હિકમત ૨૭૬

રિયાકારી (દેખાવ)

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અય અલ્લાહ! હું એ વાતથી તારી પાસે પનાહ માંગુ છું કે લોકો માટે જાહેરમાં સારો બનીને રહું અને મારું અંદર કે જે તારા માટે છે તે સારું ન હોય; જ્યારે કે હું લોકોને દેખાડવા માટે પોતાને સુંદર બનાવું જેની તું બધી જ ખબર રાખે છે. આ રીતે હું લોકોની સામે તો સારો બનતો રહું પરંતુ તારી સામે મારા

ખરાબ અમલ કરતો રહું. આ મુજબ તારા બંદાઓથી નજીક તો થઈશ પરંતુ તારી ખુશનુદીથી દૂર થતો જઈશ. તારી નજીકી નહીં મળી શકે."

ઇમામ અહીંયા રિયાકારી અને દેખાવ કરવાની મનાઈ ફરમાવે છે; અને અલ્લાહ પાસે દુઆ કરે છે કે મને આ કામથી તારી પનાહમાં રાખજે; હું તારી પાસે મદદ માંગુ છું કે આવા દેખાવથી બચીને રહું. લોકોને દેખાડવા માટે સુંદર બનીને રહું પણ અંદરથી હું સારો ન હોઉં. લોકોને દેખાડવા માટે કામ કરું પણ અંદરથી તારાથી નજીક ન થયો હોઉં.

જે લોકો નેકીઓને લોકોને દેખાડવા માટે કરે છે તો તેમને

લોકોની વાહ વાહ તો મળી જશે પરંતુ અલ્લાહની ખુશી પ્રાપ્ત નહીં થાય; અને જે દિવસે લોકો વાહ વાહ કરવાનું મૂકી દેશે તો તે નેકી કરવાનું પણ છોડી દેશે; કેમકે લોકો તેની વાહ વાહ નથી કરતા. આ તેના માટે મોટું નુકસાન થશે; અને જો અલ્લાહ માટે કરશે તો તે નેકી અલ્લાહની ખુશી માટે હંમેશા કરતો રહેશે.

ઇમામ અ.સ. આ શબ્દો થકી આપણા સુધી પયગામ પહોંચાડવા માંગે છે કે જ્યારે ઇમામ તો માસૂમ છે અને તેનાથી બધી જ બુરાઈ દૂર છે.

જો ઇમામ માસૂમ હોવા છતાં આ મુજબ દુઆ કરતા હોય તો આપણને

તો વધારે અલ્લાહની બારગાહમાં રિયાકારીથી બચવાની દુઆ કરવી જોઈએ અને સાથે કોશિશ પણ કરવી જોઈએ.

કેમકે જેઓ અલ્લાહને સિવાય લોકો માટે કામ અથવા અમલ કરશે તો તે અલ્લાહથી નજીક થવાના બદલે દૂર થઈ જશે અને શિર્કથી નજીક થશે અને અલ્લાહની ખુશનુદી કદી પણ પ્રાપ્ત કરી શકે નહીં.

હિકમત ૨૭૭

અલગ પ્રકારની કસમ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: એ જાતની કસમ જેના થકી આપણે બાકી અંધારી રાતને પસાર કરી અને રાત પૂરી થતા જ ચમકતો

દિવસ જાહેર થશે અને આ કાર્ય હંમેશા આજ પ્રમાણે ચાલતું રહેશે.

કસમની અંદર આ એક બહેતરીન કસમ કહેવામાં આવી છે. આ કસમમાં અંધારી રાતનો ઝિક્ર કરવામાં આવ્યો છે અને સાથે સાથે કહેવામાં આવ્યું છે કે અંધારી રાત બાકી નથી રહેવાની. આ રાત ગુજરી જશે અને પછી ચમકતો દિવસ આવશે.

જ્યારે કોઈ હસે છે તો આજ પ્રમાણે હસે છે તેના હોઠ ખુલી જાય છે અને સફેદ દાંત દેખાવા લાગે છે.

તફસીર કરવાવાળા અમુક આલિમો આ વાતને આ મુજબ બયાન કર્યું છે કે એક સમય એવો

આવશે કે આ કુફ્ર અને શિર્ક વાળી દુનિયા એક દિવસ ખતમ થઈ જશે અને ઇસ્લામ આખી દુનિયામાં ફેલાઈ જશે.

અંધારા પછી અજવાળું.

દુખ પછી સુખ.

તકલીફ પછી આરામ.

કોઈ દિવસ નાઉમ્મીદ ન થવું જોઈએ. એક દિવસ જરૂર આવશે જેના લીધે જમીન ઉપર અજવાળું આવી જશે.

હિકમત ૨૭૮

પાબંદી સાથે કરો ભલે ઓછું

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ઓછો અમલ જે પાબંદી સાથે કરવામાં આવે તે વધારે બહેતર છે તે વધુ અમલ કરતા જેનાથી કંટાળો આવે.

ઇમામ અ.સ. અહીંયા ફરમાવે છે કે કોઈ એવો અમલ જે મોટા મોટા અથવા લાંબા લાંબા કરવામાં આવે પરંતુ તે વધારે દિવસ ન ટકે, ફક્ત થોડીક મુદ્દત માટે હોય તેના કરતાં ઓછો અમલ જે પાબંદી સાથે હંમેશા કરવામાં આવે તે બહેતર છે; કેમકે લાંબા લાંબા અમલ વધારે દિવસ સુધી અંજામ નહીં આપી શકે થાકી જશે અને અંતમાં કંટાળીને મૂકી દેશે. ઇમામ અ.સ. એ તરફ ઇશારો ફરમાવે છે કે ભલે થોડોક અમલ કરો પરંતુ હંમેશા જારી રહે તેના તરફ ધ્યાન આપો.

એ જ મુજબ અગર કોઈ કામકાજમાં પણ આ વસ્તુ તરફ ધ્યાન આપે તો એક જ દિવસમાં

વધારે કામથી થાકી જશે; પરંતુ જો થોડું થોડું કરવામાં આવે અને હરરોજ થાય તો જરૂર કામયાબી મળે છે.

હદીસમાં છે કે ઓછું કામ જે હંમેશાં માટે હોય તો એ કામથી બહેતર છે જે વધારે તો છે પણ કંટાળાવાળું હોય.

અહીંયા હદીસમાં બધી જ વસ્તુનો ઉલ્લેખ છે ચાહે તે દુનિયાનું કોઈ કામ હોય યા ઇબાદતનું હોય. આપણે જે કરીએ ઓછું અને થોડુંક કરીએ પણ દિલથી કરીએ તે સારું છે. આપણે એક નાનો સૂરો પઢીએ પણ જો સમજીને સરખી રીતે ઉચ્ચાર અદા કરીને દિલથી પઢીએ તો તે બહેતર છે એ આખું કુરઆન

પઢવાથી જે ઊંઘતા-ઊંઘતા અને આળસથી પઢવામાં આવે; કેમકે જ્યારે એક સૂરો અથવા એક નાનું એવું કામ સરખી રીતે જેવી રીતે અંજામ આપવું જોઈએ સરખી રીતે દિલથી અંજામ આપીશું તો તે કામમાં અને તે ઇબાદતમાં મજા આવશે.

ઇસ્લામ એક આસાન દીન છે અને બધા જ લોકોના ઇમાનનો દરજ્જો અલગ અલગ છે. ઇસ્લામમાં મુસ્તહબ અમલ વધારે છે પણ જેટલું કરી શકે કાફી છે. લોકોને વધારે મુસ્તહબમાં ન નાખવા જોઈએ; નહીં તો મુસ્તહબના ચક્કરમાં વાજિબ પણ છૂટી જશે.

અંતમાં આપણા આખરી નબી સ.ની હદીસ જેમાં આપ હઝરત

ફરમાવે છે: ઇન્સાનની રૂહ અમુક સમય પછી કંટાળી જાય છે અને માણસને નથી ખબર કે તેની રૂહ હવે કેટલું કામ કરી શકશે. તો લોકો માટે બહેતર છે એવી ઇબાદત કરે જે તમારા માટે મુમકિન હોય અને તે હંમેશા કરી શકતો હોય; કેમકે બહેતરીન કામ એ છે જે હંમેશા બાકી રહે ભલે પછી ઓછું જ હોય.

હિકમત ૨૭૯

વાજિબનું મહત્વ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે સુન્નત કામો વાજિબ કામોને નુકસાન પહોંચાડે ત્યારે સુન્નત કામને છોડી દો.

અમુક લોકો સુન્નત કામો ઉપર હદથી વધારે ભાર આપતા હોય છે

અને એ ભૂલી જાય છે કે આ કાર્યના લીધે વાજિબ છૂટી જાય છે કે જેને કરવું જરૂરી છે. જો આ વાજિબ કાર્ય નહીં કરે તો તેની સજા મળશે; તેના વિષે પૂછપરછ થશે; પરંતુ સુન્નત નહીં કરે તો કંઈ વાંધો નહીં આવે.

આપણા માટે દીનની પાબંદી કરવી જરૂરી છે ભલે તે કામ આપણને પસંદ હોય કે ન હોય. ઘણા લોકો એ વસ્તુને વધારે મહત્વ આપે છે જેમાં તેને દુનિયાનો ફાયદો દેખાતો હોય; પરંતુ યાદ રાખવું જોઈએ કે જો સુન્નત કામ કરવાથી વાજિબ તો કોઈ છૂટતું નથી ને? અથવા સુન્નતની આડમાં કોઈ હરામમાં તો ફસાતા નથી ને? જો

સુન્નત કામથી વાજિબ તર્ક થઈ જતું હોય યા હરામ કામમાં ફસાતા હોય તો તેવા સુન્નતનો કોઈ અજર નથી. આને બિલકુલ યોગ્ય ન કહેવાય.

ઇમામ સાદિક અ.સ. એક હદીસમાં ફરમાવે છે: જ્યારે વાજિબ નમાઝનો સમય થઈ જાય તો તે પઢો અને જો એ સમયે તમે કોઈ નાફિલા (સુન્નત)ને છોડી દો તો તેમાં કંઈ પણ નુકસાન નથી (જવાહિરુલ કલામ, ભાગ ૭, પેજ ૨૫૦).

ટૂંકમાં કે વાજિબાતની જગ્યા કોઈ પણ સુન્નત કામ નથી લઈ શકતું. તો સુન્નત કામ ઉપર વાજિબ કામને કુરબાન ન કરવું જોઈએ.

હિકમત ૨૮૦

આખેરત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જેના સામે સફર (આખેરત)ની દૂરી હોય છે તે પોતાને તૈયાર રાખે છે.

આ નાની એવી હદીસમાં ઇમામ અ.સ. આખેરતનું મહત્વ સમજાવ્યું છે; જો લોકો આખેરતને યાદ કરશે તો જ પોતાને તેના માટે તૈયાર કરશે; અને જે કોઈ પોતાના માટે આ દુનિયામાં રહીને આખેરત માટે ભાતું તૈયાર નહીં કરે તો તેને આખેરતમાં પછતાવું પડશે.

આવી જ એક હદીસ હિકમત નં. ૭૭માં બયાન કરવામાં આવી છે: અફસોસ કે તે સમય માટે ભાતું અને તૈયારી ઓછી છે અને રસ્તો ખૂબ જ લાંબો છે.

અને કુરઆનમાં પણ છે કે આખેરતના સફર માટે ભાતું તૈયાર કરો અને સૌથી સારું ભાતું તકવા છે (ગુનાહોથી બચવું છે).

એક વખત ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ. ઠંડીની મોસમમાં વરસાદી રાત્રે પોતાની પીઠ ઉપર એક ગુણી લઈ જઈ રહ્યા હતા. ઇમામને રસ્તામાં એક માણસ મળ્યો જે ઇમામને ઓળખતો હતો. તે કહે છે: "મૌલા! આ ગુણી મારા ગુલામને આપી દો. એ પહોંચાડી દેશે." ઇમામ અ.સ. ફરમાવ્યું: "નહીં, આ ગુણીમાં એક કીમતી ભાતું છે અને હું અત્યારે સફરમાં જઈ રહ્યો છું અને હું ચાહું છું કે આ વસ્તુને હું મારા હાથે એક શાંત જગ્યાએ પહોંચાડું.

જે વસ્તુ મારી છે તેને હું બીજા કોઈની પીઠ ઉપર ભાર દેવા નથી ચાહતો. હું ચાહું છું કે આ કામ પોતે જ કરીને પોતાને લાભ પહોંચાડું." ઇમામે પછી ફરમાવ્યું કે: "ખુદા કસમ! હું તને કહું છું તું અહીંયાથી ચાલ્યો જા."

અમુક દિવસ પછી એ માણસની ઇમામથી મુલાકાત થઈ તો પૂછ્યું કે: "શું મૌલા તમે સફરથી પાછા આવી ગયા?"

ઇમામ ફરમાવે છે: "અય શખ્સ! હું કોઈ દુનિયાના સફર માટે ગયો ન હતો. હું તો આખેરતના સફરની તૈયારી કરી રહ્યો હતો અને આખેરતના સફર માટે જરૂરી છે

કે તમે હરામ કાર્યથી બચો અને રાહે ખુદામાં દાન કરો."

ઇમામોની રીત હતી કે જ્યારે કોઈને દાન કરતા તો બીજાને ખબર પણ ન પડતી. બીજાઓ સાથે એવી રીતે નેકી કરો કે સામે વાળાની ઇઝ્ઝત પણ સચવાઈ જાય અને રાહે ખુદામાં દાન પણ.

હિકમત ૨૮૧

અક્કલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: આંખોથી જોવું હકીકતમાં જોવું નથી; કેમકે કયારેક આંખો જોવામાં ભૂલ કરે છે પરંતુ અક્કલ કે જે તેનાથી નસીહત ચાહે તેને કોઈ દિવસ છેતરતી નથી (સાચી નસીહત કરે છે).

અહીંયા ઇમામ અ.સ. ફરમાવે છે કે બની શકે તમારી આંખો ભૂલ કરે; પણ જો તમે તમારી અક્કલથી સવાલ પૂછો અથવા મશવરો ચાહો તો તમારી અક્કલ તમને હકીકત બયાન કરશે અને તમારી સાથે છેતરપિંડી નહીં કરે.

આંખ જે ભૂલ કરે છે તેને સમજવા માટે અહીંયા એક ઉદાહરણ આપવામાં આવે છે: જ્યારે કોઈ માણસ રણમાં હોય તો તે દૂરથી રણને જુએ છે તો તેને પાણી દેખાય છે જેને મુગજળ કહે છે; પણ જેમ જેમ તે નજીક થતો જાય તેમ તેમ ખબર પડે છે કે આંખો ભૂલ કરી છે કે તે પાણી ન હતું બલ્કે રેતી હતી.

અને એવું નથી કે અક્કલ ભૂલ નથી કરતી; તેનાથી પણ ભૂલ થતી હોય છે પરંતુ જો વિચાર કરે તો ભૂલો ઓછી થાય છે. દરેક રીતે કોશિશ કર્યા પછી જો ભૂલ થાય તો કંઈ વાંધો નથી. માણસ છે; માસૂમ નથી. જ્યારે ભૂલનો એહસાસ થાય તો તેને સુધારી દેવું કમાલના રસ્તા સુધી પહોંચાડે છે.

ઇમામ અ.સ. અહીંયા આપણને એ વસ્તુ સમજાવવા માંગે છે કે દુશ્મનો તમારી સામે જ્યારે ચાલ રમે તો તમારી આંખો જે વસ્તુ જુએ છે તેની ઉપર યકીન ન કરો; સાથે સાથે અક્કલથી પણ વિચારો પછી ફૈસલો કરો. જેમકે જંગે સિફ્ફીનમાં મક્કાર ઉમર ઇબ્ન આસ લોકોની

સામે કુરઆન નેજા ઉપર રાખે છે અને લોકો કુરઆન નેજા ઉપર જોઈ મોટી ભૂલ કરી બેસે છે; અને ઇમામને લોકોએ એકલા મૂકી દે છે; અને જો અહીંયા અમુક લોકોની જેમ બધા જ અક્કલનો ઉપયોગ કર્યો હોત તો લોકો કુરાને નાતિકનો સાથ ન છોડ્યો હોત; ઉમર ઇબ્ન સાદ અને મુઆવિયાની મક્કારી અને છેતરપિંડીને સમજી ગયા હોત.

તો જરૂરી છે લોકો અક્કલથી કામ લે જેથી તે નુકસાનથી બચી શકે અને દુનિયા અને આખેરત બંને જગ્યા ઉપર ફાયદો હાસલ કરે.

અને આજના ઝમાનાના ઉમર ઇબ્ન સાદ જેવા મક્કારોને ઓળખવા અક્કલથી કામ લેવું જરૂરી છે.

હિકમત ૨૮૨

ગફલત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: તમારા અને નસીહતના વચમાં એક ગફલત (ઘમંડ)નો પરદો છે.

ઇમામ પોતાના નુરાની કલામમાં ફરમાવે છે: ગફલત કોતાહીનું નામ છે જેના લીધે નસીહત દિલ સુધી નથી પહોંચતી અને તે કોતાહી નસીહતને કબૂલ કરવામાં રુકાવટ બને છે.

તે ગફલત પોતાના ઓછા ઇલ્મના કારણે હોય કે પછી અનુભવની કમીના લીધે હોય; અથવા દરરોજ આપણી સામે બનતા બનાવોને નજરઅંદાજ કરવું હોય.

દરરોજ આપણા ચારો તરફ જોઈએ છીએ અને લોકોની વાતો

સાંભળીએ છીએ કે ફલાણા ભાઈ દુનિયાથી રૂખસત થયા જેઓ અઢળક માલમિલકત મૂકી ગયા. આવી વાતો દરરોજ સાંભળવા છતાં પણ લોકો હરામ હલાલ કામોમાં ફર્ક કર્યા વગર દુનિયાના કામોમાં એવા મસ્ત છે કે જાણે એમને આ દુનિયાથી કોઈ દિવસ જવાનું જ નથી.

ઇમામ મૂસા કાઝિમ અ.સ.ને એક વખત હારૂન બાદશાહ કહે છે: "કંઈ નસીહત કરો." તો ઇમામ ફરમાવે છે: "આપણી આજુબાજુમાં જેટલી પણ વસ્તુ છે તે આપણી માટે નસીહત છે."

અને અત્યાર સુધી આપણને આપણા નબીઓ અને ઇમામોએ

કેટલી બધી નસીહતો કરી અને હદીસો બયાન કરી. આ બધી વસ્તુ આપણી માટે નસીહત છે. તો પછી શા માટે આપણને કંઈ ફાયદો નથી થતો? અથવા આપણે શા માટે આ સરસ મજાની વાતો જે ઇમામોએ ફરમાવી છે તેનો લાભ નથી લેતા?

ઇમામ અ.સ. તે વસ્તુ જ બયાન કરે છે કે જ્યાં સુધી આ ગફલતનો પરદો નહીં હટે ત્યાં સુધી નુકસાનમાં રહેવાના છો; અને જે દિવસે આ ગફલતનો પરદો હટી જશે ઇન્સાનની દુનિયા અને આખેરત બંને આબાદ થઈ જશે.

કુરઆનમાં પણ આ વાત બયાન કરવામાં આવી છે કે તમારી આ દુનિયાની જિંદગી તમને છેતરે છે.

એવું ન બને કે શૈતાન તમને અલ્લાહની મહેરબાની યાદ અપાવીને છેતરી જાય.

આપણને દરરોજ આ દુનિયામાંથી અલગ અલગ જગ્યા ઉપર (મજલિસ, સમાચાર વગેરે...)થી કંઈ ને કંઈ શીખવા મળે છે અને આપણે ચાહીએ પણ છીએ સુધરી જઈએ; પણ થોડાક સમય પછી તે વાતનો અસર ખતમ થઈ જાય છે અને આપણે પહેલાં જેવા થઈ જઈએ છીએ. શા માટે? કેમકે આ દુનિયાની મોહબ્બત આપણને ગફલતમાં રાખેલ છે જ્યાં સુધી આ દુનિયાની મોહબ્બત આપણા દિલમાંથી નહીં નીકળે ત્યાં

સુધી ગફલતનો પરદો દૂર કરવો મુશ્કિલ છે.

હિકમત ૨૮૩

જાહિલ અને આલિમ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: તમારા અજ્ઞાનીઓ વધુ સંપત્તિ મેળવે છે અને વિદ્વાનોને ભવિષ્યની અપેક્ષા આપવામાં આવે છે.

અહીંયા ઇમામ અ.સ. ફરમાવે છે સમાજમાં જેઓ અજ્ઞાની છે તેઓ દરેક પ્રકારના કામો કરવાના લીધે સંપત્તિ વધુ ભેગી કરી શકે છે; પરંતુ જ્યારે જ્ઞાની (આલિમ) દૌલત માટે વાત કરે તો તેને ફક્ત વચન અને વાયદા આપવામાં આવે છે; અને તેને માલો દૌલત માટે આજ કાલ કરીને ટાળવામાં આવે છે.

બીજો અર્થ કરવામાં આવ્યો છે કે જેઓ અજ્ઞાન છે, શરીયત અને ઇસ્લામની માહિતી નથી રાખતા એટલે તેઓ ખોટા રસ્તા ઉપર છે. જો તેઓને તાલીમ આપવામાં આવે તો કદાચ તેઓ પોતાની ખરાબ આદતોને ત્યજીને સારા રસ્તા ઉપર ચાલવાનો જલ્દીથી ફૈસલો કરી સારા રસ્તા ઉપર ચાલવા લાગે છે; અને જેઓ જાણકાર અને જ્ઞાની છે તેઓ જલ્દીથી ફૈસલો લેવામાં કમજોર છે અને આજ કાલ કરે છે અને જે સમય હતો ફૈસલો લેવાનો તેમના હાથથી ચાલ્યો જાય છે જેના લીધે ફક્ત આશામાં જ જીવે છે.

તો જાણકાર લોકોને ફૈસલો લઈ આગળ વધવું જોઈએ જેથી તેનું

અને સમાજનું ભલું થાય અને જાહિલોને ઇલ્મ અને જ્ઞાન હાસલ કરી સીધા રસ્તા ઉપર લઈ આવે જેથી તેઓની રિઝક-જિંદગી જાએઝ રીતે પસાર થઈ શકે.

એક બીજી હદીસમાં ઇમામ અલી અ.સ. ફરમાવે છે: એ સમયના જાણકાર મુનાફિક, કુરઆનના કારી દેખાવ કરનાર અને જાહિલો આજ કાલમાં સુધરી જઈશ કહી દરરોજ પોતાના કાર્યોને (ખોટા રસ્તા ઉપર) વધારતા જાય છે.

તે સમયના કૌમની બધી જ પરેશાનીનું કારણ ત્રીજા ખલીફાના સમયમાં બયતુલમાલની ખોટી વહેંચણી, ખોટી વ્યવસ્થા, લોકોનો હક પામાલ કર્યો અને ખોટા લોકોના

હાથમાં સત્તા આવી ગઈ. ત્રીજા ખલીફાના સમયમાં વધારે પડતા એલચીઓ લોકોના માલને નાહક લઈ લેતા, લોકો ઉપર ઝુલ્મ કરતા. ત્યારે જાહિલો અન્યાય જોઈ ગુનાહમાં ડૂબી ગયા અને તે સમયના આલિમો આજ કાલમાં ફૈસલો લેશું ફક્ત કહેતા રહી ગયા; અને કોઈ ફૈસલો ન લઈ શક્યા. જો આજના ઝમાનામાં પણ નજર દોડાવીએ તો દેખાશે કે આજે પણ તેવો જ ઝમાનો છે.

જ્યારે જાહિલોના સમાજની સત્તા આવી જાય છે તો તે પોતાના ખોટા ફૈસલા થકી ઇસ્લામ વિરુદ્ધ કામો કરે છે અને પોતાનો ફાયદો જુએ છે; અને આલિમો વિચારતા રહે છે

કે આજે અથવા કાલે આપણે કઈક કરીશું અને એ દિવસ આવતો જ નથી.

હિકમત ૨૮૪

બહાનું નહીં ચાલે

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ઇલ્મ હાસલ કરવાથી બહાના કાઢવાના રસ્તાઓ બંધ થઈ જાય છે.

જે લોકો ઇલ્મ હાસલ કરવામાં અને ઇસ્લામી કાયદા-કાનૂન જાણવામાં બહાના કાઢે છે અને સમજી વિચારીને તેનાથી દૂર રહે છે તેઓ માટે ઇમામ અ.સ.નો આ કલામ ખાસ છે જો કોઈ ઇલ્મ હાસલ કરી લેશે તો તેની માટે બધા જ બહાના બંધ થઈ જશે.

અમુક લોકો જાણવાની કોશિશ કરવા છતાં હકીકત સુધી ન પહોંચી શક્યા હોય તો વાંધો નહીં.

અમુક લોકો એવા છે જેમની પાસે ઇલ્મ છે બધું જ જાણે છે તે છતાં પણ બહાના કાઢતા હોય છે પોતાની ભૂલ કબૂલ કરવા માટે તૈયાર નથી; તો જેઓ જાણી જોઈને ગફલત કરે તો સ્વીકારમાં નહીં આવે; કેમકે ઇલ્મ આવ્યા પછી કોઈ બહાનું નહીં ચાલે; કેમકે ઇલ્મ આવ્યા પછી બહાનાઓના રસ્તાઓ બંધ થઈ જાય છે.

જ્યારે જાણી લઈએ કે હક અને બાતિલ શું છે? તો પછી હકનો સાથ દેવો જોઈએ; ત્યારે કોઈ બહાનું નહીં ચાલે.

જો કોઈ એવું વિચારે કે આપણને જે કરવું હોય કરીએ અલ્લાહ માફ કરનાર છે, આપણી ભૂલ માફ કરી દેશે; તો એવું નથી થવાનું. ઇતિહાસમાં જોઈએ તો જાણ થશે કે કેટલીક કોમ ઉપર અલ્લાહ એટલા માટે અઝાબ મોકલ્યો છે કે તેઓ હકને ઓળખી લીધા છતાં તેને કબૂલ ન કર્યો; અલ્લાહ અને નબીઓની હક વાતોનો ઇન્કાર કર્યો; તેમની નાફરમાની કરી.

ગદીર ખુમના મૈદાનમાં સવા લાખ લોકો સામે ઇમામ અલી અ.સ.ને રસૂલે ખુદા સ.અ.વ. પછી તરત જ ખલીફા હોવાનું એલાન કર્યું હતું; અને રસૂલે અલ્લાહના હુકમ પ્રમાણે ઇમામ અલી અ.સ.ને

ખલીફા બનાવ્યા હતા; તો પણ રસૂલની વફાત પછી લોકોએ આ હક ઉપર અમલ ન કર્યો અને જુદા જુદા બહાના કાઢ્યા. તો શું તે લોકોના બહાના માનવામાં આવશે?

જેઓ હકીકત જાણવા છતાં હકનો સાથ નહીં આપે તે બધા જ લોકો અલ્લાહની નાફરમાની કરી છે અને તેમની સજા મળીને રહેશે.

હિકમત ૨૮૫

સમયનો સદુપયોગ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જેનો સમય પૂરો થઈ ગયો છે તે મોહલત માંગી રહ્યો છે; અને જેને મોહલત મળેલી છે તે આજ કાલ કરીને આળસ કરે છે.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં બે પ્રકારના લોકોનો ઉલ્લેખ ફરમાવે છે:

એક, જેનો સમય ખતમ થઈ ગયો હોય; એટલે તેઓ યા તો કમજોર થઈ ગયા છે અથવા જિંદગીના છેલ્લા દિવસો ગણે છે અથવા બીમાર છે અથવા મોત આવી ગઈ છે અને સજા મળવાનો સમય આવી ગયો છે. તેઓ અલ્લાહ પાસે આ દુનિયામાં રહેવાનો સમય માંગી રહ્યા છે અને પોતાની ભૂલો સુધારવા માટે ફરીથી સજીવન થવાની અપીલ કરી રહ્યા છે; જ્યારે કે તેમની જિંદગીમાં તેઓ પાસે સમય હતો પરંતુ સમયનો

સદુપયોગ નહોતો કર્યો; તો હવે તેઓ સમય માંગી રહ્યા છે.

આ તે લોકો છે જેની માટે કુરઆનમાં આવ્યું છે: (જ્યારે તેઓમાંથી કોઈ પાસે મોત આવી જાય છે ત્યારે તેઓ કહે છે: "યા અલ્લાહ! અમને ફરી પાછા દુનિયામાં મોકલ જેથી અમારાથી જે કામ રહી ગયા છે તે કદાચ અંજામ આપીએ (પરંતુ તેઓ પાછા આ દુનિયામાં આવીને પહેલાની જેમ નાફરમાની જ કરશે)." એટલે અલ્લાહ તેઓને સમય નથી આપતો અને કહે છે: "અત્યાર સુધી તો તમે કંઈ કર્યું નહીં હવે શું કરશો?"

બીજું ગ્રુપ: તે લોકોનું છે જેની પાસે સમય છે અને જે ચાહે આ

દુનિયામાં કરી શકે છે; સારું અથવા ખરાબ, નેકી અથવા ગુનાહ.

આ ગિરોહને સમયની કિંમત નથી અને સમયને બરબાદ કરે છે; અને કહે છે કે આજે નહીં કાલે. એટલે ઇમામ અ.સ. આ લોકો માટે કહે છે કે આવા લોકો આળસના શિકાર થઈ ગયા છે અને જે કાર્ય અંજામ આપવું જોઈએ તેઓ અંજામ નથી આપતા (પરંતુ જે લોકો સમયનો સદુપયોગ કરી નેક કામોમાં સમયને ગુજારે છે તેઓ માટે આ હદીસ નથી).

ઇમામ સજ્જાદ અ.સ. ફરમાવે છે: અમુક લોકો એવા છે કે જેઓ આળસના લીધે પોતાની આરઝુ અને ઇચ્છાઓ બરબાદ કરી નાખી; કેમકે

તેઓ કહેતા હતા કે આજ કરીશ અને કાલ કરીશ અને તેઓનો સમય પૂરો થઈ ગયો.

અમુક જવાન સમજે છે કે આપણી પાસે સમય છે હજુ આપણે જીવવાનું છે. મોત તો બીમાર અને ઘરડા લોકોને આવે છે. તેઓ બિલકુલ ખોટા વહેમમાં છે. ઘણા બધા જવાન રાત્રે સૂતા અને પરંતુ સવારે નથી ઉઠી શક્યા; અને ઘણા બધા રસ્તાના એક્સિડેન્ટમાં મરી ગયા અને જેઓ કહેતા હતા આજે નહીં કાલે અને હજી જિંદગી લાંબી છે પછી ઇબાદત કરીશું અને પછી તૌબા કરીશું તેઓને સમય ન મળ્યો અને આળસના લીધે હલાક થઈ ગયા.

ઇબાદત કદી પણ કઝા ન કરો અને જો ભૂલ થઈ ગઈ તો તરત જ તૌબા કરી લેવી જોઈએ; નહીં તો શૈતાન ભટકાવી દેશે.

રસૂલે ખુદા સ. તેમના સહાબી અબુઝરને ફરમાવે છે: "ઇચ્છાઓને અંજામ આપવામાં આજ અને કાલ કરવાથી બચો. તમે આજ માટે જવાબદાર છો કાલ માટે નહીં; અને જો કાલે જીવતા રહ્યા તો કાલે પણ આજની જેમ કાર્ય અંજામ આપજો અને જો કાલ નસીબ ન થઈ તો પછી શા માટે આજે કાલ માટે પરેશાન થાવ છો? અને કહેવામાં પણ આવશે કે કાલ માટે તમે આળસ નથી કરી (કેમકે કાલ માટે કંઈ કામ રાખ્યું જ નહોતું)."

હિકમત ૨૮૬

ખરાબ દિવસ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: લોકો ક્યારેય પણ કોઈ વસ્તુ માટે વાહ વાહ નથી કરતા સિવાય કે તેનો સમય તે દિવસની બુરાઈને છુપાવીને રાખી છે.

આ હદીસમાં ઇમામ અ.સ. ટૂંકી વાતમાં ઘણું બધું સમજાવી દીધું કે જ્યારે કોઈ બીજાઓની સામે તમારા વખાણ કરે અથવા સારી વસ્તુ બયાન કરે તો જેઓ ઈર્ષા કરવાવાળા છે તેઓ ભડકશે અને તમને નુકસાન પહોંચાડવાની કોશિશ કરશે અને બધા જ લોકો જાણે જ છે કે જેઓ હસદ કરનાર હોય તેમના સામે પોતાની કામયાબીને છુપાવવી જોઈએ જેથી

તેમની દુશ્મની બહાર ન નીકળે. જ. યાકુબ અ.સ. જ. યુસુફ અ.સ.ને સ્વપ્ન બીજાઓને બયાન કરવાની મનાઈ કરી જ્યારે કે તે સપનામાં જ. યુસુફ અ.સ.ની ફઝીલત હતી. સ્વપ્ન ન બયાન કરવાનું કારણ એ હતું કે તેમના જ ભાઈઓ જ. યુસુફ અ.સ.ની ફઝીલત જાણીને હસદના લીધે નુકસાન ન પહોંચાડે અને પછી એવું જ થાય છે.

બીજી તફસીર પણ આ હદીસની બયાન કરવામાં આવી છે કે આ દુનિયાની વસ્તુઓ ખતમ થનાર છે ચાહે માલ હોય કે ઓહદો, તાકાત હોય કે હુકુમત, નામ હોય કે નુમાઈશ, તંદુરસ્તી હોય કે જવાની.

આજે હજારો લોકો વખાણ કરતા હશે; કાલે તેને કોઈ પૂછનાર પણ નહીં હોય.

આજે તાકાત હોવાના લીધે કોઈને હિંમત નથી કે કોઈ મોટા અવાજે સામે બોલે; પરંતુ એ તાકાત પણ ખતમ થઈ જાય છે અને બીમારીમાં છેલ્લા સમયે એક નાની માખીને ઉડાવવાની પણ તાકાત રહેતી નથી.

જ્યારે કોઈ પાસે વધારે નેઅમતો આવી જાય તો લોકો વાહ વાહ કહીને તેના વખાણ કરવા લાગે છે.

કુરઆન મજીદમાં કારૂનની જિંદગીનું બહેતરીન ઉદાહરણ આપવામાં આવેલું છે કે જ્યારે તેના પાસે માલો દૌલત બેહિસાબ આવી

ગઈ તો જે લોકો દુનિયાની લાલચ રાખનાર હતા તેઓ તમન્ના કરવા લાગ્યા કે: "કાશ અમારા પાસે પણ આ બધી વસ્તુઓ હોત!" અને જ્યારે અઝાબ આવ્યો તો કહેવા લાગ્યા કે: "સારું થયું કે એના જેવા નથી."

મતલબ કે ઝમાનો કોઈનો સાથ નથી આપતો. જે સમય છે તેનો સદુપયોગ કરીને કામયાબ થવું જોઈએ.

હિકમત ૨૮૭

કઝા કદર

કોઈએ ઇમામ અલી અ.સ.ને કઝા અને કદર વિષે સવાલ પૂછ્યો તો ઇમામ અ.સ. તેના જવાબમાં ફરમાવ્યું કે: "આ એક અંધારો રસ્તો છે તેમાં કદમ ન વધારો. આ એક ઊંડો દરિયા છે તેમાં ન ઉતરો. આ એક અલ્લાહનું રાઝ છે તેને જાણવાની તકલીફ ન લો."

(કઝા એટલે ખુદાનો ફૈસલો અને કદર એટલે નસીબ)

કઝા અને કદર અકીદાનો એક એવો જરૂરી હિસ્સો છે કે જેના વિષે વર્ષોથી ઘણી બધી કિતાબો લખવામાં આવી છે. આ એવો વિષય છે કે જેને બધા સમજી નથી શકતા તેથી ઇમામે અલ્લાહનું રાઝ કહીને

તેમાં દાખલ થવાથી રોકી લીધા છે. આ વિષયની ચર્ચા ખાસ ફિલોસોફર અને આલિમો માટે છે.

ટૂંકમાં આ રીતે સમજીએ કે જો કોઈ કઝા અને કદર ઉપર યકીન રાખતા એમ સમજે કે આપણે દરેક કામમાં મજબૂર છીએ અને અલ્લાહ આપણને કામો કરવા મજબૂર કરે છે તો આ અકીદો એકદમ ખોટો છે.

જો કોઈનો આ મુજબ અકીદો હોય તો પછી બંદાના કર્મ ઉપર સવાબ અને અઝાબની કોઈ હેસિયત નહીં રહે; તો પછી લોકોને જન્નત અને જહન્નમ કયા આધાર ઉપર આપવામાં આવે? કેમકે બંદો તો નેકી અથવા બુરાઈ કરવામાં મજબૂર હતો; તો જે કામ મજબૂરીમાં

કરવામાં આવે તેના ન તો વખાણ થાય છે કે ન તો મઝમ્મત.

ઇમામ અ.સ. અહીંયા ફરમાવે છે કે જે વસ્તુ અલ્લાહે તમારાથી છુપી રાખી છે તેણે જાણવાની કોશિશ ન કરો; નહીં તો તમે તકલીફમાં, ઊંડા દરિયામાં, અને અંધારી રાતમાં ફસાઈ જશો અને તમને જ વાંધો આવશે; કેમકે જે વસ્તુ તમને બતાવવાની હતી અલ્લાહે છુપાવી લીધી; અને જે વસ્તુ નથી બતાવી તેને જાણવાની કોશિશ ન કરો; કેમકે તે વસ્તુ તમારા સમજવાને લાયક નથી.

કુરઆનમાં છે કે અમે લોકોને રસ્તો બતાવી દીધો છે; ચાહો તો

શુક્રગુઝાર બંદો બને યા નાશુક્રી કરનાર.

એક બીજી આયતમાં છે: અમે લોકોને હિદાયત અને સીધા રસ્તા ઉપર ચાલવાનો ઇખ્તિયાર આપ્યો છે; હવે જેને ઇમાન લાવવું હોય એ લાવે અને જેને ઇમાન ન લાવવું હોય તે ન લાવે.

એટલે અલ્લાહ ઇન્સાનને આઝાદ પૈદા કરેલ છે તેને કોઈ પણ વસ્તુમાં મજબૂર નથી કર્યો. બધા જ સારા અને ખરાબ રસ્તા બતાવ્યા છે અને અલ્લાહ જ્યારે ચાહે આપણી પાસેથી આઝાદી પણ પરત લઈ શકે છે ત્યારે આપણે આ દુનિયાથી રૂખસત થઈ જઈએ છીએ.

ઇમામ જાફર સાદિક અ.સ. એક હદીસમાં કઝા અને કદર વિષે ફરમાવે છે: "અલ્લાહે ન તમને આઝાદ રાખ્યા છે કે ન મજબૂર. તમો આ બંનેની વચમાં છો."

આ વિષય ઉપર આપણે પહેલાં પણ હિકમત નંબર ૭૮માં રોશની નાખેલ છે. જો વધારે માહિતી માટે ત્યાં વાંચી લેવું.

હિકમત ૨૮૮

ઇલ્મનું મહત્વ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે અલ્લાહ કોઈ બંદાને ઝલિલ કરવા માંગે છે તો તેને ઇલ્મથી વંચિત કરી દે છે.

ઇમામ અ.સ. આ હદીસમાં ઇલ્મની ફઝીલત બયાન ફરમાવે છે કે જ્યારે લોકો ગુનાહ કરે છે ત્યારે

અલ્લાહ તેઓને ઇલ્મથી વંચિત કરી દે છે જેથી તેઓ ઝલિલ અને પસ્ત બનીને રહી જાય.

અલ્લાહના દરેક કામ હિકમતથી ખાલી નથી હોતા અને આદિલ પણ છે તો કોઈને કારણ વગર સજા નથી આપતો અને ઇલ્મથી મેહરૂમ રહેવું લોકોના ગુનાહના લીધે છે અને અલ્લાહ તેઓને સજા રૂપે ઇલ્મથી વંચિત કરી દે છે. અને ઇલ્મ હોવું તે ખુદા તરફથી એક ખાસ તોહફા છે તો જેઓ ગુનાહ થકી ઝલિલ થઈ જાય છે તેઓ ઇલ્મથી દૂર થઈ જાય છે. હવે કોઈ એમ કહે અમારે ઇલ્મ હાસલ નથી કરવું તો તે પોતે નહીં પરંતુ તેના ગુનાહ તેને ઇલ્મ હાસલ કરવાથી

રોકે છે અને જેના પાસે ઇલ્મ નથી હોતું તેની કોઈ ઇઝ્ઝત નથી હોતી.

ઇલ્મનું મહત્વ કુરઆન મજીદની આ આયતથી સમજાય છે કે અલ્લાહે પોતાના નામ અને ફરિશ્તાઓના નામ પછી ઇલ્મ રાખનારનો ઉલ્લેખ કર્યો છે: شَهِدَاللهُ أَنَّهُلاَ إِلَهَإِلاَّ هُوَوَالْمَلاَئِكَةُ وَأُوْلُواالْعِلْمِ

અને એક બીજી આયતમાં છે કે અલ્લાહ તાઆલાની નજીક એ લોકોનું મહત્વ ખૂબ જ વધારે છે જેઓ ઇમાન લાવ્યા અને આલિમ છે.

એક વખત ઇમામ અલી નકી અ.સ. પાસે એક આલિમ આવે છે જ્યારે ઇમામ અ.સ. પોતાના સહાબીઓ અને કુટુંબના બુઝૂર્ગો સાથે એક ખાસ જગ્યાએ બેઠા

હતા. ત્યારે આ આલિમ પોતાના ઇલ્મ થકી અહલેબયત અ.ના દુશ્મનોને સારો જવાબ આપી હરાવી દેતો. તે ઇમામ અ.સ.ની આ મજલિસમાં હાજર થાય છે ત્યારે ઇમામ અ.સ. આ આલિમને બહુ જ વધારે ઇઝઝત આપે છે અને જે ખાસ જગ્યાએ ઇમામ બેઠા હતા ત્યાં પોતાની બાજુમાં આ આલિમને બેસાડે છે. તો બીજા લોકો જેઓ ત્યાં હાજર હતા ઇમામને પૂછે છે: "આ માણસને શા માટે એટલું બધું મહત્વ આપ્યું?" તો ઇમામ કહે છે: "તમે કુરઆન નથી પઢ્યું? કુરઆનમાં છે આલિમને ઇઝઝત આપો અને આ એક હકીકી આલિમ છે તો આલિમને મહત્વ આપવું

જોઈએ." એટલે બધા ચૂપ થઈ ગયા.

સૌથી બહેતરીન ઇલ્મ જે અહલેબયત અ.ના બતાવ્યા મુજબ હાસલ કરવામાં આવે અને તૌહીદ તેમજ અહલેબયત અ. બયાન કરવામાં આવે.

હિકમત ૨૮૯

દીની ભાઇ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ગયા ઝમાનામાં મારો એક દીની ભાઇ હતો. તેનું મારી નજરમાં ખૂબ જ વધારે માન એટલા માટે હતું કે તે દુનિયાને મહત્વ આપતાં ન હતા અને પેટની વાત ન માનતા (પેટ પૂજારી ન હતા) અને જે વસ્તુ તેને ન મળતી તેની ઇચ્છા ન કરતા; અને જે વસ્તુ મળી જતી તેને

જરૂરત કરતાં વધારે ન વાપરતા; તે વધારે ચૂપ રહેવું પસંદ કરતા પરંતુ જ્યારે બોલતા તો બોલવાવાળાને ચૂપ કરી દેતા; અને સવાલ કરવાવાળાની સરસ જવાબ આપીને તરસ છિપાવી દેતા; તે દેખાવમાં કમજોર હતા અને લોકો પણ તેને કમજોર સમજતા હતા; પરંતુ જ્યારે કોઈ જંગની વાત આવતી યા કોઈ અહમ કામ રહેતું તો શેરની જેમ બહાદુર અને જંગલનો અજગર બની જતા; અને જ્યારે દલીલ આપતા તો તે એવી સચોટ દલીલ રહેતી કે છેલ્લો ફૈસલો બની જતો; જ્યારે કોઈ વાતમાં બચાવવાની શક્યતા હોય તો તેને ઠપકો આપ્યા વગર છોડી દેતા; જ્યાં સુધી દુખ અને તકલીફ વિષે કોઈને વાત ન કરતા જ્યાં સુધી

તકલીફ અને દુઃખ દૂર ન થઈ જતું; અને તે જ વાત કહેતા જેના ઉપર અમલ કરતા તે વાત ન કરતા જેના ઉપર અમલ ન કરતા; અને બોલવામાં જો તેમના સામે કોઈ જીતી પણ જતું તો ખામોશીમાં તેમનાથી કોઈ જીતી શકતું ન હતું; અને તેમને બોલવા કરતાં સાંભળવું વધારે પસંદ હતું.

અને જ્યારે તેની સામે બે કામ આવતા તો તે વિચાર કરતા કે કયું કામ હવસ (શૈતાનને પસંદ)થી નજીક છે તો તે કામનો વિરોધ કરતા.

એટલે તમારે પણ આવી સારી આદતો રાખવી અને હંમેશાં તેની ઉપર અમલ કરતું રહેવું જોઈએ; અને તેવા કામોની હંમેશા ઇચ્છા

હોવી જોઈએ; અને જો આ બધા જ કામ ન કરી શકતા હોય તો અમુક કામો કરો; કેમકે બિલકુલ ન કરવા કરતાં બહેતર છે કે થોડાક સારા કામો કરવામાં આવે.

ઇમામ અ.સ.ના આ નુરાની કલામમાં ૧૧ સિફત બયાન કરવામાં આવી છે અને આ બધી જ સિફતો કુરઆન મજીદ અને હદીસોમાં વારંવાર બયાન થઈ છે.

અને જે દીની ભાઈનો આ હદીસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે કોઈ એક ખાસ આદમી પણ હોય શકે અથવા ફક્ત સમજાવવા માટે પણ બયાન કર્યું હોય જે અરબોમાં રિવાજ છે; અમુક આલિમોનું કહેવું છે કે ઇમામ અ.સ. અબુઝર અથવા

ઉસ્માન ઇબ્ન મઝઊનની વાત કરી રહ્યા છે; અને અમુક આલિમોનું કહેવું છે કે રસૂલે ખુદા સ.અ.વ. માટે બયાન કરી રહ્યા છે; જેના માટે પણ ઇમામ બયાન ફરમાવ્યું હોય; પરંતુ એક સારા માણસમાં જે ખૂબીઓ હોવી જોઈએ તે આ નુરાની હદીસમાં બયાન કરી છે.

૧. લોકોની નજરમાં દુનિયાનું મહત્વ છે તે એમની નજરમાં મહત્વ નથી.

આ એક હકીકત છે કે લોકોની નજરમાં દુનિયાને વધારે મહત્વ આપે છે અને તેને મોટી ગણે છે; જ્યારે કે દુનિયા નાની અને અલ્લાહ મોટો હોવો જોઈએ જેથી તે દુનિયાની

મામૂલી વસ્તુઓ માટે અલ્લાહની નાફરમાની ના કરે.

૨. પેટની પાછળ ન પડ્યા રહો એટલે હંમેશા પેટનો વિચાર ન કરો.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: બે વસ્તુના લીધે લોકો જહન્નમમાં જશે પેટ અને યોની (શરમગાહ).

તો જો કોઈ પેટની અને હવસની ઇચ્છા વધારે રાખશે તો તે જહન્નમમાં જશે.

૩. વધારે પડતું ચૂપ રહેવું અને જો બોલવું તે સામેવાળાને ચૂપ કરી દેવું.

એટલે જ્યારે પણ વાતો કરો સમજી વિચારીને બોલો અને સાંભળવાવાળાને ફાયદો થાય એવી વાતો હોય.

૪. મોમીન સામે ભલે કમજોર હોય પરંતુ જ્યારે દીનને જરૂરત પડે યા કોઈ અહમ કામ રહે તો જંગલના શેરની જેમ બહાદુર હોવું જોઈએ જેથી ઇન્સાનમાં ઘમંડ ન આવે અને દુશ્મન પણ ડરીને રહે.

૫. એવી દલીલ આપો કે તમારી વાત જ ફૈસલો બની જાય. તેના માટે જે શરીયતના કાનૂન રહેતા તે મુજબ દલીલ પેશ કરતા જેના પછી કોઈ બોલી ન શકતું.

૬. જે માણસ (ખોટું) કામ કર્યું હોય જ્યાં સુધી તેના માટે બહાનું શોધી શકતા હોય ત્યાં સુધી ઠપકો ન આપો; એટલે કોઈને તેના કામ બદલ તરત ફૈસલો ન આપો. કદાચ તેની પાસે આ કામ કરવાનું કંઈ

કારણ હોઈ શકે અને તેને ઠપકો આપી પરેશાન કરવો જોઈએ નહીં. ખાસ કરીને સમાજમાં ઇઝ્ઝતદાર લોકો અને આલિમના કોઈ પણ કામમાં જલ્દી ફૈસલો ન લો. તેની પાસે જો સફાઈ હોય તો સફાઈ સાંભળી પછી ફૈસલો આપો.

૭. અને જ્યારે કોઈ તકલીફ આવે અથવા દુખ પડે તો બધાને કહેતા ન ફરો. સારું થઈ ગયા પછી પણ ફરિયાદ ન કરો.

જો લોકો જ્યારે પરેશાન હોય અને ફરિયાદ કરે તે વ્યાજબી છે; પણ પરેશાની ખતમ થઈ જાય પછી લોકો સામે ફરિયાદ કરવું તે વ્યાજબી નથી.

જો કોઈ રાત્રે બીમાર થઈ જાય અને સવારે સારો થઈ જાય અને રાતે સબ્ર કરે તો તેને ૬૦ વર્ષનો ઇબાદતનો સવાબ મળે છે.

૮. જ્યારે પણ વાતો કરો તો જેની ઉપર અમલ કરો તે બોલો અને જે નથી કરતા તેને ના બોલો.

કુરઆનમાં આવ્યું છે કે: "અય લોકો! જેઓ ઇમાન લાવ્યા છો શા માટે એવી વાતો કરો છો જેની ઉપર અમલ નથી કરતા?"

જો કોઈ આવી રીતે કરે છે તો અલ્લાહ તેની ઉપર ગઝબનાક થાય છે; એટલે જે વાયદો કરો તેને વફા કરી વાયદાખિલાફી ન કરો.

૯. જો બોલવામાં કોઈ જીતી જાય પણ ચૂપ રહેવામાં તેનાથી કોઈ જીતી શકતું નહીં.

એટલે ઓછી વાતો કરો અને વધારે ચૂપ રહો.

વધારે પડતાં ગુનાહ જીભથી અને બોલવાથી થાય છે અને ચૂપ રહેવામાં ફાયદો છે; જેથી લોકો સારી વસ્તુ વિચારી શકે અને અલ્લાહની કુદરત ઉપર વિચારવું સવાબ છે.

ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: "તમારી જીભને બચાવીને રાખો જેથી તમે તંદુરસ્ત રહો અને લોકોને પોતાના ઉપર હાવી થવા ન દો."

૧૦. બોલવા કરતાં સાંભળવું વધારે પસંદ હોય.

વધારે પડતું ઇલ્મ લોકો સાંભળીને શીખે છે અને ત્યારે કોઇ ઇલ્મ હાસલ કરી શકે છે જ્યારે તે ધ્યાન રાખીને સાંભળે; અને ઇલ્મ શીખવવું પણ એક મોટી ઇબાદત છે જો સરખી રીતે શીખવવામાં આવે.

૧૧. બે કામ સામે હોય તો જે હવસ અને શૈતાની કામ હોય તેના વિરુદ્ધમાં જવું.

ઘણા લોકો બે કામની વચમાં સહી ફૈસલો નથી કરી શકતા કે કયું કામ કરવું અને કયું છોડવું; એમાં જ ફસાયેલા હોય છે; ત્યારે તે કામ અંજામ આપવું જોઈએ જેનાથી અલ્લાહ રાજી થાય; અને જે નારાજ કરે તે કરવું નહીં.

અંતમાં ઇમામ અ.સ. આ હદીસનો નતીજો બયાન ફરમાવે છે કે આવા સારા કામ બધાને કરવા જોઈએ અને આવી આદતો લોકોને અપનાવવી જોઈએ. જો આવા બધા કામ કરી શકતા હોય તો કરે અને જો બધા ન કરી શકતા હોય તો જેટલા કરી શકતા હોય તે કરે.

હિકમત ૨૯૦

અલ્લાહની નાફરમાનીથી બચો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જો અલ્લાહે તેની નાફરમાનીના અઝાબથી ડરાવ્યા ન હોત (સજા ન રાખી હોત) તો પણ તેની આપેલી નેઅમતોના બદલામાં નાફરમાની ન કરવામાં આવે.

ઇમામ અ.સ. અહીંયા અલ્લાહની ફરમાબરદારી અને નાફરમાની વિષે

ફરમાવે છે કે જો અલ્લાહે ગુનાહના બદલે અઝાબ અને સજાથી ન ડરાવ્યા હોત તો પણ જે નેઅમતો અલ્લાહે રાત દિવસ આપણને આપી છે તેના શુક્રિયા માટે અલ્લાહની નાફરમાની ન કરવી જોઈએ.

અલ્લાહની ઓળખાણ હાસલ કરવી વાજિબ છે જેને દરેક લોકોએ સમજવાની જરૂરત છે; એટલે આપણે આ દુનિયામાં રહીને જાણવાની કોશિશ કરવાની છે કે આ દુનિયા કોને બનાવી? અને અલ્લાહની કઈ કઈ સિફતો છે? કેમકે આપણી પાસે જે પણ કંઈ નેઅમતો છે ચાહે તેને જોઈ શકતા હોય કે ન જોઈ શકતા હોય, માંના પેટથી લઈને કબર સુધી નેઅમતો

કોણ આપી? જો વિચાર કરશું તો સમજમાં આવશે કે આ બધી જ નેઅમતો અલ્લાહ તરફથી છે અને તેમાં પણ વધારે પડતી વગર માંગે આપેલી છે; તો શું અક્કલ નથી કહેતી કે જે આટલી બધી નેઅમતો વગર માંગે આપીને એહસાન કર્યો હોય તેનો શુક્ર અદા કરવામાં આવે?

દરેક માણસ કબૂલ કરે છે કે નેઅમતો આપનારની તલાશ કરે અને તેનો શુક્રિયા અદા કરીએ. એ જ પ્રમાણે જેને બેહિસાબ નેઅમતો મફ્તમાં મળી હોય તો શું તે મહેરબાન દેવા વાળાની નાફરમાની કરવી જોઈએ? બિલકુલ નહીં; બલ્કે દરેક હાલમાં તેના સામે માથું અને દિલ ઝુકાવીને રાખવું જોઈએ;

અને અલ્લાહના હુકમની પેરવી કરનારનું નામ જ ઇબાદત રાખવામાં આવ્યું જેમાં દિવસની પાંચ સમયની નમાઝથી લઈને બીજી બધી ઇબાદતો શામિલ છે.

પયગંબરે ઇસ્લામ દરેક રીતે પરફેક્ટ હોવા છતાં રાતમાં ઊભા થઈને નમાઝમાં મશગુલ રહે છે. એક વખત તેમની એક પત્નીથી કહેવાય ગયું કે: "તમે શા માટે આટલી બધી તકલીફ ઉઠાવો છો?" તો જવાબમાં ફરમાવ્યું કે: "શું હું અલ્લાહનો શુક્રગુઝાર બંદો ન બનું?"

અને જો આપણે અલ્લાહની ઇબાદત કે શુક્ર ન કરીએ તો પણ અલ્લાહને કોઈ ફરક નથી પડતો. દુનિયાની કોઈ પણ વસ્તુ

અલ્લાહની ઇબાદત ન કરે તો પણ અલ્લાહને કોઈ ફરક નથી પડવાનો. અલ્લાહ છે અને અલ્લાહ રહેશે જ.

અલ્લાહે આપણને જે નેઅમતો આપી છે તેના સામે જો આપણે અલ્લાહનો શુક્ર અને ઇબાદત ન કરીએ તો કેટલી નાશુક્રી અને નાફરમાની કરી કહેવાય.

અલ્લાહનો શુક્ર એ પણ છે કે જે હાથ આંખ કાન વગેરે...આપ્યું છે તેનાથી ગુનાહ ન કરો; જે માલ અતા કર્યો છે તેને ખુદા સિવાય બીજા રસ્તામાં ન વાપરો.

અલ્લાહની આપેલી નેઅમતોને તેના ગુનાહમાં ન વાપરો.

એક વસ્તુ યાદ રાખવું જોઈએ કે અગર કોઈ પૂરી જિંદગી પણ શુક્ર કરશે તો શુક્રે ખુદાનો હક અદા નહીં કરી શકે; તેથી થોડીક નમાઝો પઢીને શુક્ર કરવામાં આળસ ન કરવી જોઈએ; તેથી હંમેશા અલ્લાહનો શુક્ર કરતા રહો અને તેના શુક્રગુઝાર બંદાઓમાં શામિલ થઈ જાવ.

હિકમત ૨૯૧

પુરસો

ઇમામ અલી અ.સ. અશઅસ બિન કયસને તેના દીકરાની મોત ઉપર પુરસો આપતા ફરમાવે છે:

"જો તું તારા દીકરાની મોત ઉપર ગમગીન હોય તો એ તારો ખૂનનો રિશ્તો છે અને હક પણ છે (ગમગીન થવું જોઈએ); અને જો તું

સબ્ર કરીશ તો અલ્લાહના ત્યાં દરેક મુસીબત પર બદલો રાખવામાં આવેલો છે."

"અય અશઅસ! જો સબ્ર કરીશ તો અલ્લાહની તકદીર તો થઈને રહેશે તેમાં તું સવાબનો હકદાર બનીશ; અને જો બેસબ્રી કરીશ તો પણ અલ્લાહનો હુકમ તો જારી થવાનો જ છે; અને તું ગુનેહગાર બનીશ."

"અય અશઅસ! તારો દીકરો તારી માટે ખુશીનું કારણ બન્યો (મોત પછી સબ્રના લીધે) જ્યારે કે તે તારા માટે તકલીફ અને પરીક્ષા હતો; અને તારા માટે ગમગીન થવાનું કારણ બન્યો જ્યારે કે (તેના

મરવાથી) તારા માટે અજર અને સવાબનું કારણ બન્યો."

ઇમામ અ.સ. અશઅસ બિન કયસના દીકરાની મોત ઉપર પુરસો એવા શબ્દોમાં આપે છે જેથી તેના દિલને સુકૂન મળે; અને ઇમામ અ.સ.નો આ એક એવો પયગામ છે જે બધા જ લોકોને મરણના સમયે યાદ રાખવો જોઈએ.

પહેલી વસ્તુ કે જ્યારે પણ કોઈ સગાંસંબંધીમાં મોત આવે તો ગમગીન થવું જોઈએ અને સગાંવહાલાનો હક છે અને ફિતરત છે કે જ્યારે પણ ગમ આવે તો ગમગીન થવું જોઈએ; અને જો ગમગીન ન થાય તો તાજુબની વાત ગણાશે.

જ્યારે રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝંદ ઇન્તકાલ થયો ત્યારે આપ રડ્યા હતા અને જ્યારે પણ આપના કોઈ સગાંસંબંધીને મોત આવતી ત્યારે પણ આપ અ. ત્યાં જતાં તેમજ ગમગીન બની રડતા પણ હતા; પરંતુ ગમમાં જે વસ્તુની મનાઈ કરવામાં આવી છે તે નાશુક્રી અને બેસબ્રી છે; જો કોઈ અલ્લાહના ફૈસલા વિરુદ્ધ હાયવાય અને ફરિયાદ કરે તો તે ગુનેહગાર બની જાય છે.

ઇમામ અ.સ. અહીંયા ફરમાવે છે આવા મોકા ઉપર ગમગીન થવાની સાથે સાથે સબ્ર પણ કરવી જોઈએ અને જો સબ્ર કરશો તો અલ્લાહ તરફથી સબ્રનો સવાબ પણ મળશે.

અને કોઈ પણ એવા શબ્દોનો ઉપયોગ ન કરવો જોઈએ જેનાથી સબ્ર નથી કર્યું કહી શકાય.

અને અલ્લાહની મસ્લહતનો વિરોધ દેખાવા લાગે; અને ન બોલવાના શબ્દો બોલવા લાગે જેનાથી અલ્લાહના ફૈસલાનો વિરોધ થતો હોય.

જો મુસીબત પર સબ્ર કરવામાં આવે અને અલ્લાહના ફૈસલા ઉપર રાજી રહે તો તેનો બદલો અલ્લાહ બેહિસાબ આપે છે.

અલ્લાહ ચાહે તો દુનિયા અને આખેરત બંને જગ્યાએ બહેતરીન બદલો આપે છે; જેવી રીતે જનાબે અયૂબ અ.સ.ની પરિક્ષામાં થયું હતું. અલ્લાહે આપનો માલ, ઓલાદ,

કારોબાર બધી જ વસ્તુ લઈ લીધી... અને આપ હઝરતે સબ્ર કરી તો ફરી પાછું અલ્લાહે એ બધી જ વસ્તુ આપી: માલ-દૌલત, ઓલાદ... અને આખેરતમાં પણ સબ્રનો સવાબ...

બીજી વસ્તુ મોત અને જિંદગી આપણા હાથમાં નથી. આ કાર્યમાં અલ્લાહની મરજી હોય છે અને મસ્લહત હોય છે તો અલ્લાહના ફૈસલા ઉપર રાજી રહેવું જોઈએ. જો કોઈ રાજી નથી રહેતું અને ફરિયાદ કર્યા કરે છે અને અલ્લાહના ફૈસલા ઉપર નાશુક્રી કરે છે તો તે ગુનેહગાર છે.

ત્રીજી વસ્તુમાં ઇમામ અ.સ. અશઅસને કહે છે કે તારા દીકરાએ

તને ખુશ કર્યો; કેમકે જ્યારે તે જીવતો હતો તારા માટે તે પરિક્ષા હતો અને તેની માટે તારે અલ્લાહને હિસાબ અને કિતાબ દેવો પડત; કેમકે જેટલી પણ વસ્તુ અલ્લાહે આપણને આપી છે તે અલ્લાહની અમાનત છે અને તેનો હિસાબ કિતાબ અલ્લાહને દેવાનો છે અને આ તારો દીકરો તારી માટે પરિક્ષા અને હિસાબ કિતાબનું કારણ હતો. હવે એ નથી રહ્યો તો તારી પરીક્ષા ઓછી થઈ ગઈ અને તું તેની મોત પછી સબ્ર કરીશ તો તું સવાબનો હકદાર બનીશ; અને જો કોઈ બેસબ્રી કરશે તો સજા મળશે.

મોત ઉપર સબ્ર કરીને સવાબ મેળવો યા બેસબ્રી કરીને ગુનેહગાર

થાવ આ બંને વસ્તુ આપણા હાથમાં છે.

હિકમત ૨૯૨

રસૂલની કબર ઉપર વિલાપ

રસૂલે ખુદા સ.અ.વ.ના દફન પછી તેમની કબર ઉપર ઇમામ અલી અ.સ. આ શબ્દો ફરમાવ્યા: "સબ્ર બહુ જ સારી વસ્તુ છે સિવાય તમારા ગમમાં. બેતાબી ખરાબ વસ્તુ છે સિવાય તમારી જુદાઈમાં. બેશક તમારી મોતનો સદમો બહુ જ મોટો છે. તમારા પહેલાં અને તમારા પછી દરેક ગમ તમારા ગમના સામે હલકા છે."

આ નૌહા અને આ ગમગીન શબ્દો ઇમામ અલી અ.સ., રસૂલે ખુદા સ.અ.વ.ની કબર ઉપર બયાન

કરે છે અને કહે છે કે સબ્ર સારી વસ્તુ છે સિવાય આપના ગમમાં.

આ હિકમત પહેલાં ૨૯૧ નં.ની હિકમતમાં જે વસ્તુ બયાન કરી તેમાં કહેવામાં આવ્યું હતું કે ગમ અને મોતના સમયે વધારે ગમગીન ન થવું જોઈએ; પરંતુ જ્યારે દુનિયાની કોઈ મહાન હસ્તી જેના થકી આ દુનિયા બની હોય જ્યારે આ દુનિયાથી ઇન્તકાલ કરે; ત્યારે ઇમામ અ.સ. ફરમાવે છે: આવી મહાન હસ્તીના ગમમાં ગમગીન થવું જોઈએ અને સબ્ર કિનારે મૂકી દેવું જોઈએ.

બધા જ કાયદા-કાનૂનમાં એક ઇસ્તેસના (ખાસ લોકો માટે અલગ) હોય છે. અહીંયા પણ તે કાયદો લાગુ થાય છે કે આપણા રસૂલ ખુદા

સ.અ.વ. અને આઇમ્માની શહાદત ઉપર ગમગીન થવું જોઈએ અને ગમગીન ન થવું તે વ્યાજબી નથી અને આ હસ્તીઓ ઉપર ગમગીન થવાનો સવાબ પણ બયાન થયો છે. એટલે જ તો છે કે જ્યારે તમારા ઘરમાં કોઈનો ઇન્તકાલ થાય તો તમે તમારા ત્યાં ઇમામ હુસૈન અ.ના ગમને યાદ કરો, મજલિસ અને મસાએબ બયાન કરો; કેમકે તમારા ગમ સામે આ ઇમામ હુસૈન અ.નો ગમ બહુ જ મોટો છે.

ઇમામ અ.સ. આ હદીસના છેલ્લા ભાગમાં ફરમાવે છે: દુનિયાના તમામ ગમ આપની સામે હલકા છે; કેમકે આપ એ મહાન હસ્તી હતા જે ઉમ્મતની હિદાયત કરવા માટે

આવેલ હતા. આસમાનથી આપની માટે વહી આવતી હતી. દુનિયાની બધી જ ભલાઈઓ આપ થકી છે તો આવા મહાનની મોત કદી ભૂલી શકાય નહીં.

રસૂલ ખુદા સ.ની શહાદત પછી મુનાફિક લોકોના ચહેરા પણ સામે આવી ગયા. આ પણ એક મોટો ગમ હતો કે નબી સ.ની મય્યતને છોડીને સકિફામાં મોટી બિદઅત અંજામ આપવા ભેગા થઈને એક બાતિલ ખલીફાની બયઅત કરી રહ્યા હતા અને ઇમામ અલી અ. રસૂલે ખુદા સ.ની કફન-દફનની વ્યવસ્થામાં મશગુલ હતા.

ઇમામ અ.સ. દરરોજ રસૂલે ખુદા સ.ની કબર પાસે સવાર સાંજ

રડતા હતા અને કહેતા કે આપ જેવી મહાન હસ્તી હવે કયામત સુધી નથી આવવાની. આ એક એવો મોટો ગમ છે જે ખતમ થનાર નથી.

હિકમત ૨૯૩

મૂર્ખ સાથે વ્યવહાર ન રાખો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: મૂર્ખ સાથે ન બેસો; કેમકે તે પોતાના કાર્યોને તમારી સામે સજાવીને પેશ કરશે અને એ ચાહશે કે તમે પણ તેના જેવા થઈ જાવ.

ઇમામ અ.સ. અહીંયા ફરમાવે છે કે મૂર્ખ સાથે સંબંધ રાખવાનું મોટું નુકસાન એ થશે કે તે પોતાના કાર્યોને સહી સમજશે ભલે પછી તેના કામો ખોટા અને નુકસાન આપનાર જ કેમ ન હોય; અને તે પોતાના કામોને સજાવીને પેશ કરશે જેથી

લોકો એમ સમજવા લાગે કે આના કામો સારા છે. એટલું જ નહીં જો કોઈ તેની વાત ન માને યા કોઈને તેના કામ બરાબર ન લાગે તો પણ તેની કોશિશ હશે કે તેની વાતો માનો અને તેનો સાથ આપવામાં આવે.

જેથી તે બીજાઓને કહી શકે કે હું એકલો આ કાર્ય નથી કરતો મારી સાથે બીજાઓ પણ છે.

એટલે જરૂરી છે કે સારા દોસ્ત અને હોશિયાર દોસ્ત સાથે ઉઠ-બેઠ રાખવી જોઈએ; અને કોઈ મૂર્ખ દોસ્ત મળી જશે તો તે તમને પણ પોતાની જેવો મૂર્ખ બનાવી દેશે.

ઇમામ અલી અ.સ. એક બીજી હદીસમાં ફરમાવે છે: મૂર્ખ સાથે

દોસ્તી ન કરો; તેની સાથે દોસ્તીથી બચો; કેમકે જો એ તમને નફો પહોંચાડવા ચાહશે તો પણ તમને નુકસાન પહોંચાડશે.

કેમકે તે મૂર્ખ છે અને તેની મૂર્ખતાના લીધે ખરાબને પણ સારી અને સુંદર બતાવશે અને તેમાં તમને નુકસાન પહોંચશે.

અને બીજી એક હદીસમાં ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: મૂર્ખ સાથે દોસ્તી કરવાથી બચો; નહીં તો એ તમને તેના જેવા વ્યવહાર કરતાં શીખવાડી દેશે જેના લીધે તમારો અખલાક ખરાબ થશે અને તમારો વ્યવહાર તેના જેવો થઈ જશે.

એટલે જ કહેવામાં આવે છે કે મૂર્ખ દોસ્ત કરતાં અક્કલમંદ દુશ્મન સારો.

મૂર્ખથી બધા જ લોકો દૂર રહેવા માંગે છે ચાહે તેના ઘરવાળા, દોસ્ત કે સમાજના લોકો હોય; બધા જ ચાહતા હોય છે કે આવા મૂર્ખથી જલ્દી નજાત મળે.

હિકમત ૨૯૪

પૂર્વ-પશ્ચિમનો અંતર

ઇમામ અલી અ.સ.ને કોઈએ પૂછ્યું કે પૂર્વ અને પશ્ચિમમાં કેટલો અંતર છે? તો આપ અ.સ.એ ફરમાવ્યું: "સૂરજનો રસ્તો એક દિવસનો છે."

ઇમામ અ.સ.ને જ્યારે કોઈ પૂછે છે કે પૂર્વથી પશ્ચિમમાં કેટલો અંતર છે? તો ઇમામ ખૂબ જ સરસ જવાબ આપે છે અને સવાલ કરવાવાળાને

સંતોષ મળી જાય છે. આપ અ.સ. ફરમાવે છે: "સૂર્યના એક દિવસના સફરમાં જેટલો રસ્તો અને અંતર છે એટલો."

અલ્લામા મજલેસી બિહારૂલ અનવારમાં આ હદીસની તફસીરમાં ફરમાવે છે: ઇમામ અ.સ. એક વખત મસ્જિદમાં ફરમાવે છે: "અય કાશ જેટલું મારી પાસે ઇલ્મ છે તેને હું લોકો સુધી પહોંચાડી શકત!" ત્યારે એક ખારજી અથવા મુરતદ શખ્સ ઊભો થાય છે અને ઇમામ અ.સ.ની તોહીન કરવા માટે ઇમામને કહે છે: "તમને તો એ બધી જ વસ્તુની ખબર છે જે બીજા બધાને નથી ખબર. તમે તો એ બધી જ વસ્તુ

સમજો છો જે બીજા બધા નથી સમજતા!" વગેરે...

"હું તમને એક સવાલ પૂછવા માંગુ છું. તમે મને જવાબ આપો." ઇમામ કહ્યું: "તું સવાલ પૂછ, હું તને ઇન્શાઅલ્લાહ જવાબ આપીશ." ત્યારે તે શખ્સ પૂછે છે: "પૂર્વ અને પશ્ચિમમાં કેટલો અંતર છે?" ઇમામ અ.સ. તેને પહેલાં હવા દ્વારા અંતર બતાવે છે અને પછી તેને હવા દ્વારા કેટલો અંતર છે તે સમજમાં ન આવ્યો એટલે તે ફરી પૂછે છે: "?" તો ઇમામ અ.સ. તેને આસમાની અંતર દ્વારા જવાબ આપે છે. પછી આસમાની અંતર વિષે તેને સમજમાં ન આવ્યું એટલે પછી ઇમામ અ.સ. સરળ ભાષામાં સૂર્યનો એક દિવસનો

સફર કહી સમજાવે છે. ત્યાર તે સમજે છે અને કહે છે: "હા, હવે મને ખબર પડી."

અમુક લોકો સવાલ તો પૂછી લે છે પણ લોકો પાસે તે હદ સુધી ઇલ્મ નથી હોતું કે જવાબ સમજી શકે. જ્યારે જવાબ આપવામાં આવે તો તેના સમજની બહાર હોય છે તેથી ફક્ત હા હા કરીને સમજવા જેવો ડોળ કરે છે.

ઇમામ અ.સ.ના જવાબની ખુસૂસિયત એ પણ છે કે સવાલ પૂછનારને જવાબથી સંતોષ ન થાય ત્યાં સુધી સમજાવતા રહે છે.

ઇમામ અ.સ. આ હદીસમાં પણ એમ જ જવાબ આપેલો છે અને છેલ્લે તે સમજી જાય છે. એક વાત

બયાન કરવી જરૂરી છે કે ઇમામ તે સમજે એ મુજબ જવાબ આપે છે જ્યારે કે સૂરજ એની જગ્યાએ છે અને જમીન છે જે હરકતમાં છે અને જો ઇમામ તેને કહ્યું હોત કે આ જમીન હરકતમાં છે તો તે ન સમજી શકત.

આવી જ રીતે બીજા એક માણસે ઇમામ અ.સ.ને સવાલ પૂછ્યો કે જમીનથી આસમાનનો અંતર કેટલો છે? ઇમામ અ.સ. ફરમાવે છે: "એક દુઆ કબૂલ થવા જેટલો."

ઇમામ અ.સ.ની એક હદીસ છે કે લોકોથી તેમની અક્કલ અને સમજ મુજબ વાત કરો. અહીંયા ઇમામે જોયું કે આ માણસને વાત સમજમાં નથી આવતી તો તેની

સમજણ મુજબ જવાબ આપીને સંતુષ્ટ કરે છે.

હિકમત ૨૯૫

દોસ્ત અને દુશ્મન

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: મારા દોસ્તો અને દુશ્મનો ત્રણ પ્રકારના છે.

દોસ્તો આ મુજબ છે: તમારો દોસ્ત, દોસ્તનો દોસ્ત. અને દુશ્મન આ મુજબ છે: તમારો દુશ્મન, તમારા દોસ્તનો દુશ્મન, અને તમારા દુશ્મનનો દોસ્ત.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં ટૂંકમાં દોસ્ત અને દુશ્મનની પરિભાષા સમજાવી દીધી કે કોણ તમારા દોસ્ત છે અને કોણ તમારા દુશ્મન.

જો ઇમામ અ.સ.ના બતાવ્યા મુજબ દોસ્ત અને દુશ્મનના પ્રકાર યાદ રાખશે તો તેને ઓળખવામાં કોઈ દિવસ વાંધો નહીં આવે અને દુશ્મનનું હથિયાર નહીં બને.

એ વાત સાચી છે કે તમારો દોસ્ત હંમેશાં દોસ્ત નથી રહેવાનો અને દોસ્તી ત્યાં સુધી જ બાકી રહે છે જ્યાં સુધી મકસદ એક હોય; અને જો મકસદ બદલાઈ જાય તો દોસ્તી પણ બદલાઈ જાય છે અને આ એક સ્વાભાવિક વાત છે. કદાચ દોસ્તી બાકી પણ રહી શકે છે.

અને જેવી રીતે દોસ્તી હંમેશાં બાકી નથી રહેતી; એ જ રીતે દુશ્મની પણ હંમેશાં બાકી નથી રહેતી. જો મકસદ એક થઈ જાય

તો તમારો દુશ્મન દોસ્ત બની જાય છે. ઇતિહાસમાં અને અત્યારે પણ ઘણા બધા બાદશાહો અને દેશોમાં જોવા મળ્યું હશે કે પહેલા જેઓ એક બીજાના દુશ્મન હતા હવે તેનો મક્સદ એક જેવો થઈ ગયો એટલે દોસ્ત થઈ ગયા.

ઇમામ અલી અ.સ.ની આ હદીસને સામે રાખીને તપાસવું જોઈએ કે જે કોઈ મોમિનોના દુશ્મન સાથે દોસ્તી કરે તો તે આપણો પણ દુશ્મન છે; અને જો આપણા દોસ્તો સાથે દુશ્મની કરે તો તે પણ આપણો દુશ્મન ગણાશે. આ રીતે આપણે જીંદગીમાં સાચા દોસ્ત અને દુશ્મનને ઓળખી શકીશું.

અને જો તમે કોઈ પણ વ્યક્તિની ઓળખાણ કરવા માંગતા હોય તો આ હદીસ થકી તમે તેની ઓળખાણ હાસલ કરી શકો છો. ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે તમે કોઈને અંદરથી કેવો છે ઓળખવા માંગતા હોય અને ઓળખી શકતા નથી કે તે દીનદાર છે કે નહીં? તો તમે તેના સાથીઓને જોવો. જો તેના સાથીઓ દીનદાર હોય તો તે પણ દીનદાર છે અને જો તેના સાથીઓ દીનદાર નથી તો તે પણ દીનદાર નથી.

અને કુરઆન મજીદમાં સૂરએ મુંજાદલા આયત ૨૨થી સમજાય છે કે દુશ્મનો સાથે ન રહેવું જોઈએ.

"તમે કોઈ દિવસ એવા લોકોને નહીં જોયા હોય કે જેઓ અલ્લાહ અને કયામત ઉપર ઇમાન રાખવાવાળા પણ હોય અને અલ્લાહ તથા તેના રસૂલના દુશ્મનો સાથે દોસ્તી પણ રાખતા હોય ભલે પછી તે તેઓના બાપ, દીકરા, ભાઈ યા પછી સગાંવહાલાં જ કેમ ન હોય."

જેઓ પણ અલ્લાહ રસૂલ અને ઇમામ ઉપર ઇમાન રાખતા હોય તે ક્યારે પણ અલ્લાહ રસૂલ અને ઇમામના દુશ્મનો સાથે દોસ્તી નથી કરી શકતો; અને જો કોઈ ઉપર દર્શાવેલી આયત ઉપર અમલ કરી ઇસ્લામના દુશ્મનો સાથે દુશ્મની કરશે તો તે સાચો મોમિન ગણાશે.

હિકમત ૨૯૬

દુશ્મનને નુકસાન

ઇમામ અલી અ.સ.એ એક એવા માણસને જોયો કે જે પોતાના દુશ્મનને એવી વસ્તુથી નુકસાન પહોંચાડવા ચાહે છે જેથી પોતાને પણ નુકસાન પહોંચે; ત્યારે ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "તું તેવા માણસ જેવો છે કે જે પોતાના પાછળ સવારને કતલ કરવા માટે પોતાની છાતીમાં નેઝો મારે."

અમુક લોકો મૂર્ખ હોય છે કે જે પોતાના દુશ્મનને નુકસાન પહોંચાડવા અને મારવા માટે પોતાની જાન પણ ખતરામાં નાખે છે.

એક કિસ્સો.

જૂના ઝમાનામાં એક બનાવ ખૂબ જ મશહૂર હતો. એક ભાઈ પોતાના પાડોશીથી ખૂબ જ વધારે ઈર્ષા

કરતો હતો અને તે ચાહતો હતો કોઈ પણ કારણસર તેનું નુકસાન અને બદનામી થાય; અને લોકો સામે તેને સજા પણ મળે. ઈર્ષા કરવાવાળો તેને સજા અપાવવા અને બદનામ કરવાના બધા જ કાવત્રા કરતો પરંતુ તેના પાડોશીને કોઈ પણ નુકસાન ન પહોંચાડી શક્યો તો દિલમાં ઈર્ષાની આગ એટલા સુધી વધી ગઇ કે દુશ્મનને બદનામ કરવા માટે પોતાના જીવને પણ આપવા તૈયાર થઈ ગયો. એક વખત તે ઈર્ષાની આગમાં ડૂબેલો હતો અને પોતાના ગુલામને કહે છે: "તું મને કતલ કરી મારી લાશને પાડોશીની અગાશીમાં મૂકી દે; જેથી મને કતલ કરવાની સજામાં મારા પાડોશીને

મોતની સજા મળે." આ બનાવ પછી જ્યારે પડોશીને સજા દેવાનો સમય આવ્યો ત્યારે જે ગુલામે કત્લ કર્યો હતો તે આવીને બધી હકીકત બયાન કરી; જેથી તે પડોશીને છોડી મૂકવામાં આવે છે અને તેની જાન બચી જાય છે. ઈર્ષા કરનાર પોતાની જાન પણ ગુમાવે છે અને તેની જે ઇચ્છા હતી તે પણ અધૂરી રહી જાય છે.

ઈર્ષાળુ બીજાને નુકસાન પહોંચાડવા કરતાં વધારે પોતાને નુકસાન પહોંચાડે છે.

અને અત્યારના નામના મુસલમાનો આત્મઘાતી હુમલા થકી બીજાને નુકસાન પહોંચાડે છે. તેઓ પોતાનું નુકસાન કરીને દુનિયા અને

આખેરત બંને જગ્યાએ નુકસાન ઉઠાવે છે: આ દુનિયામાં ઝિલ્લત ભરી મોત અને આખેરતમાં પણ જહન્નમ.

ઇમામ અ.સ.ની આ વાત જંગે જમલના મૈદાનમાં પણ વાકેઅ થઈ હતી જ્યારે જંગે જમલના મૈદાનમાં ઝુબૈર અને જનાબે માલિકે અશ્તર આપસમાં લડાઈ કરે છે અને જનાબે માલિકે અશ્તરે ઝુબૈરને જ્યારે જમીન ઉપર પછાડી દીધા ત્યારે ઝુબૈર લોકો સામે ફરિયાદ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો: "આવો મને અને માલિક બંનેને મારી નાખો." પણ એવું થયું નહીં.

તો અહીંયા ઝુબૈર બીજાને મારવા માટે પોતાને પણ મારવાનું

કહે છે જે બિલકુલ બરાબર ન કહેવાય.

ઇમામ અ.સ.ના કલામથી સમજાય છે કે દરેક પ્રકારના નુકસાનથી પોતાને અને બીજાને બચવું જોઈએ. મૂર્ખ એ છે જે બીજાને નુકસાન પહોંચાડવાના ચક્કરમાં પોતાને મોટું નુકસાન પહોંચાડે છે અને તે નથી જોતો; ભલે તે ઈર્ષા કોર્ટ-કચેરી થકી પહોંચાડે યા ધંધામાં ખોટના ધંધા કરીને બીજાને હેરાન કરે.

હિકમત ૨૯૭

નસીહત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: નસીહતો કેટલી વધારે છે અને તેનાથી લાભ લેવાવાળા કેટલા ઓછો છે.

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં તે લોકો ઉપર અફસોસ કરી રહ્યા છે જેઓ માટે નસીહતો જ નસીહતો હોવા છતાં તેનાથી લાભ નથી ઉઠાવી રહ્યા. આ ચાલતી દુનિયામાં કેટલી બધી નસીહતો અને શીખવા જેવી વસ્તુઓ જુએ છે પરંતુ તેનાથી કંઈ શીખતો નથી.

નસીહતને બીજા શબ્દોમાં ઇબ્રત પણ કહેવાય છે. ઇબ્રત એટલે જૂના ઝમાનામાં અથવા અત્યારે આપણા સમયમાં જે કંઈ થઈ રહ્યું છે તેનાથી શિખામણ લેવી; જેથી બીજા લોકો જેવી ભૂલોને અંજામ ન આપીને સારી અને બહેતરીન જિંદગી ગુજારી શકે છે.

કુરઆન મજીદમાં જગ્યા-જગ્યા ઇબ્રત ભર્યા બનાવો બયાન થયાં છે. તેમાંથી જનાબે યુસુફના બનાવ જોઈએ તો કહેવામાં આવ્યું છે કે: તેમની (જનાબે યુસુફ અ.સ.ની) જિંદગી જોઈને શિખામણ લેવી જોઈએ અને વિચારવાવાળાઓ માટે આ એક વિચારવાની વસ્તુ છે.

બીજી એક આયતમાં છે કે અલ્લાહ તમારી માટે આસમાન અને જમીનમાં કેટલીય વિચારવા જેવી વસ્તુઓ રાખેલ છે; પરંતુ લોકો તેને જોઈને પસાર થઈને મોઢું ફેરવી લે છે.

આ દુનિયામાં કેટલી નસીહત અને ઇબ્રતવાળી વસ્તુ છે. જેમકે ઇન્સાન એક હાલતમાં બાકી નથી

રહેવાનો; આજે જવાન છે તો કાલે ઘરડો થશે; આજે ગરીબ છે તો કાલે અમીર થઈ જશે; અથવા આજે અમીર છે તો કાલે ગરીબ થશે; આજે તંદુરસ્ત છે તો કાલે બીમાર થઈ જાય છે અને આજે બીમાર છે તો કાલે તંદુરસ્ત થઈ જાય છે; આજે જીવતો છે તો કાલે મરી જશે; આજે ખૂબસૂરત મહેલમાં છે તો કાલે ૬ ફૂટની જગ્યા એટલે કબરમાં જવું પડશે. તો આ બધી જ વસ્તુથી લોકોને શીખામણ લેવી જોઈએ; તેમજ અલ્લાહ, રસૂલ અને ઇમામ અ.સ.ની પેરવી કરીને દુનિયા અને આખેરત બંને સુધારવી જોઈએ.

એક મશહૂર હદીસમાં છે: ઇબ્રત હાસલ કરવી અને વિચારવું

બહેતરીન ઇબાદત છે; તો અલ્લાહની કુદરત અને અલ્લાહની નેઅમત જોઈ વિચારવું જોઈએ અને અલ્લાહની ઇબાદતમાં વ્યસ્ત રહેવું જોઈએ અને અલ્લાહની નાફરમાનીથી બચવું જોઈએ.

જેઓ વિચાર કરે અને નસીહત હાસલ કરે તેઓ હૂર જેવા કામયાબ બને છે.

હિકમત ૨૯૮

અલ્લાહનો ડર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જે ઝઘડામાં હદ પાર કરી જાય તે ગુનેહગાર છે અને જે તેના તરફ ધ્યાન ન આપે તે અત્યાચાર કરે છે અને જે ઝઘડો કરે છે તે અલ્લાહનો ડર નથી રાખી શકતો.

ઇમામ અ.સ. આ કલામમાં ઝઘડા વિષે ત્રણ વસ્તુ બયાન ફરમાવે છે:

૧. જે ઝઘડામાં હદ પાર કરી જાય તે ગુનેહગાર છે.

જ્યારે ઝઘડો થાય છે તો માણસ ગુસ્સામાં આવી જાય છે અને ગુસ્સાને અડધું પાગલપન કહેવાય છે ત્યારે શૈતાન પૂરી રીતે ગુસ્સા કરનારને કાબૂમાં કરી લે છે. ગુસ્સાની હાલતમાં માણસ શું બોલે છે તેને કોઈ પ્રકારનો હોશ રહેતો નથી. આવી હાલતમાં માણસ ન બોલવાનું બોલી જાય છે અને બીજાની ઇઝઝતને ઉછાળે છે. નાના અને મોટા માણસ દરમિયાન એહતેરામ ખતમ થઈ જાય છે. આ

રીતે હદ પાર કરીને મોટો ગુનેહગાર બની જાય છે.

૨. જે ઝઘડામાં રસ ન રાખતો હોય, પોતાના હકને છોડી દેતો હોય તે અત્યાચાર કરે છે. લોકો તેને કમજોર સમજીને તેના ઉપર વધારે ઝુલ્મ કરવા લાગે છે અને એક અર્થ એ પણ છે કે તે પોતાના ઉપર ઝુલ્મ કરે છે; કેમકે કુરઆન મજીદમાં સૂરએ બકરા આયત ૨૭૯માં અલ્લાહ ફરમાવે છે કે: "કોઈ ઉપર ઝુલ્મ ન કરો અને ન કોઈ તમારી ઉપર ઝુલ્મ કરે."

ઇસ્લામી તાલીમના વિરુદ્ધ છે કે ઝાલિમના ઝુલ્મનો દેફા ન કરે. જો ઝાલિમના ઝુલ્મનો દેફા નહીં કરવામાં આવે તો ઝાલિમ પોતાને

વધારે મજબૂત સમજશે અને ઝુલ્મ કરવાની વધારે હિંમત મળશે; તો જેમ બીજા ઉપર ઝુલ્મ કરવાની મનાઈ છે એ જ પ્રમાણે ઝુલ્મ સહન કરવાની પણ મનાઈ છે.

૩. લડાઈ-ઝઘડા સારી વસ્તુ નથી. જે લડાઈ-ઝઘડામાં રહેશે તેના દિલમાંથી ખુદાનો ડર પણ ખતમ થઈ જાય છે; કેમકે ઝઘડામાં એક બીજા ઉપર અત્યાચાર થતો હોય છે તો જે માણસ અત્યાચાર કરે તે કોઈ દિવસ અલ્લાહથી નજીક નથી થઈ શકતો; તેના અંદર તકવા નથી આવી શકતો.

એટલે જ તો જે મુત્તકી અને ઇમાનદાર વ્યક્તિ હોય છે તે લડાઈ-ઝઘડાથી દૂર રહે છે અને

ક્યારેક તો તે ઝઘડાથી દૂર રહેવા પોતાના હકને છોડવા તૈયાર થઈ જાય છે.

ખાસ યાદ રાખવું જોઈએ કે દરેક જગ્યા હક છોડીને શાંતિ ચાહવી બરાબર નથી. જો તે ઝુલ્મ થકી દીને ઇસ્લામને નુકસાન પહોંચતું હોત તો પછી તે હક મેળવવા માટે આગળ વધવું જોઈએ; નહીં તો ઝાલિમને વધુ હિંમત મળશે અને દીન પામાલ થતો રહેશે.

ટૂંકમાં કે એ જોવું જોઈએ કે ઝાલિમના સામે ચૂપ રહેવાથી દીને ઇસ્લામનું કોઈ પ્રકારનું નુકસાન ન થાય અને સમાજમાં ઝાલિમને ઝુલ્મ કરવાની રજા ન મળે.

હિકમત ૨૯૯

તૌબા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "હું ક્યારેય એવા ગુનાહ વિષે ગમગીન નથી થયો કે જેના પછી બે રકાત નમાઝ પઢવાની મોહલત મળી હોય; કેમકે અલ્લાહ પાસે (તૌબા અને માફી માંગી શકું) સલામતી માંગી શકું."

(પરંતુ સવાલ એ છે કે શું આપણને ગુનાહ કર્યા પછી તે નમાઝ અને તૌબા કરવાનો સમય મળશે ખરો?)

ઇમામ અ.સ.ના કલામથી કોઈને એવો વિચાર ન આવવો જોઈએ કે ઇમામ અ.સ. નઉઝુબિલ્લાહ પોતાના ગુનાહ વિષે ફરમાવે છે. ઇમામ તો દરેક ગુનાહોથી પાક હોય છે.

બીજું કે અહીંયા ગુનાહ કરવા માટે નથી કહેવામાં આવ્યું. અહીંયા તે ગુનેહગારો માટે બયાન કરવામાં આવ્યું છે કે જો કોઈથી ગુનાહ થઈ જાય તો તેની પાસે એટલો સમય હોવો જોઈએ કે જેથી તે અલ્લાહની બારગાહમાં ઊભો રહી નમાઝ પઢી શકે અને તૌબા કરી શકે અને ગુનાહ કર્યા તેનો અફ્સોસ કરી શકે.

કેમકે મોતનો કોઈ સમય નક્કી નથી. ક્યારે મોત આવશે, કેવી રીતે આવશે અને કંઈ જગ્યા આવશે તે પણ નક્કી નથી; હાર્ડ એટેકથી કે એક્સિડેન્ટથી કે પછી કોઈ અન્ય કારણસર...

તો જે કોઈ માણસ ભૂલથી ગુનાહ કરી લે તો તેને સમય મળતાં જ તરત જ બે રકાત નમાઝ પઢી લેવી જોઈએ અને અલ્લાહ પાસે સલામતીની દુઆ માંગે; ગુનાહોની તૌબા અને માફી માંગે જેથી શૈતાન અને તેના વસવાસા દૂર થાય અને અલ્લાહથી મજબૂત રાબેતો રહે.

અલ્લાહ બહુ જ મોટો માફ કરનાર છે જો ભૂલથી ગુનાહ થઈ જાય અને તેના પછી તરત જ અફસોસ થાય; નમાઝ પઢીને ફરીથી ગુનાહ ન કરવાનું નક્કી કરે અને પોતાના ફૈસલા પર મક્કમ રહે તો અલ્લાહ તેને માફ કરી દે છે.

બીજી એક હદીસમાં ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ગુનાહ ન કરવા, તૌબા કરવા કરતાં સહેલું છે."

કદાચ ગુનાહ કર્યા પછી તૌબાનો સમય ન મળે અથવા શૈતાન બહેકાવી દે યા તૌબા કરવું ભુલાવી દે; બીજા કામોમાં એટલો ઘેરાઈ જાય કે તૌબા કરવામાં આળસ થવા લાગે યા અઘરું લાગવા લાગે. ત્યારે તૌબા કરવું અઘરું બની જશે; તો સૌથી સારામાં સારું અને આસાન છે કે ઇન્સાન ગુનાહ ન કરે.

અને જો ન ચાહવા છતાં પણ ગુનાહ થઈ જાય તો અલ્લાહથી નાઉમ્મીદ ન થવું જોઈએ. અલ્લાહે તૌબાનો દરવાજો રાખ્યો છે.

એટલા માટે જરૂરી છે કે ગુનાહ થઈ જાય તો જલ્દી અલ્લાહ પાસે અને જેનો હક પામાલ થયો હોય તેનાથી માફી માંગવી જોઈએ.

હિકમત ૩૦૦

આસાન હિસાબ-કિતાબ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: જ્યારે એક માણસે ઇમામ અ.સ.ને સવાલ પૂછ્યો કે: "અલ્લાહ કેવી રીતે આટલા બધા લોકોનો હિસાબ લેશે?"

ઇમામ અ.સ. જવાબમાં ફરમાવે છે: "જેવી રીતે અલ્લાહ બધાને રોઝી પહોંચાડે છે."

તે માણસ ફરી વખત પૂછ્યું કે: "અલ્લાહ કેવી રીતે હિસાબ લેશે જ્યારે કે અલ્લાહને કોઈ જોઈ શકતું નથી?"

ઇમામ અ.સ. ફરમાવે છે: "જેવી રીતે અલ્લાહ બધાને રોઝી આપે છે પરંતુ ત્યારે પણ તેને કોઈ જોઈ શકતું નથી."

ઇમામ અ.સ. આ હિકમતમાં સવાલીના એવા જવાબો આપે છે કે સવાલ કરનાર વ્યક્તિને સંતોષ મળી જાય છે.

૧. સવાલ કરવાવાળાના સવાલથી સમજાય છે કે તે અલ્લાહના હિસાબને સામાન્ય વ્યક્તિ જેવો સમજે છે અને અને અલ્લાહને પણ લોકોના જેમ હિસાબ કરવા માટે મહિનાઓ અને વર્ષો લાગી જશે. એવું લાગે છે કે તેમાં અલ્લાહની મારેફતની કમી છે જેના લીધે આવો સવાલ કરે છે: "કે

અલ્લાહ આટલા બધા લોકોનો હિસાબ કેવી રીતે લેશે?" ઇમામ અ.સ.ના સુંદર જવાબથી તે સંતુષ્ટ થઈ જાય છે અને પછી બીજો સવાલ કરે છે.

"કે હિસાબ માટે તો બીજાને જોવા જરૂરી છે પરંતુ અલ્લાહ તો દેખાતો નથી તો પછી હિસાબ કેવી રીતે લેશે?" ત્યારે ઇમામ અ.સ. ફરીથી સુંદર જવાબ આપીને સામેવાળી વ્યક્તિને સંતુષ્ટ કરી દે છે. સવાલ કરે છે કે જેવી રીતે અલ્લાહ બધાને રોઝી આપે છે અને તેને કોઈ જોઈ શકતું નથી એ જ રીતે જ્યારે અલ્લાહ હિસાબ-કિતાબ લેશે પરંતુ તેને કોઈ જોઈ શકશે નહીં.

અલ્લાહ દરેક મખલુકને આસમાન અને જમીનમાંથી અલગ અલગ રોઝી આપે છે. ઝાડ ફળ આપે છે. જમીન અલગ અલગ અનાજ આપે છે. ગાય ભેંસ દૂધ આપે છે; અને આ બધી જ વસ્તુની જરૂરત પૂરી કરવા માટે હવા, વાદળાં, સૂરજ, ચાંદની જરૂરત પડે છે અને આ બધી જ વસ્તુ અલ્લાહની બનાવેલી છે. અને અલ્લાહે દરેક વસ્તુને એકબીજાની મોહતાજ બનાવી છે પરંતુ કોઈ પણ અલ્લાહને જોયું નથી; જ્યારે કે આ બધી જ વસ્તુ અલ્લાહે બનાવી છે અને અલ્લાહના ઈશારા પ્રમાણે ચાલે છે તો એ જ રીતે અલ્લાહ કયામતના દિવસે હિસાબ લેશે અને

અલ્લાહને કયામતના દિવસે અને પછી પણ કોઈ જોઈ શકશે નહીં.

અને કુરઆનમાં પણ સાત જગ્યા ઉપર આવ્યું છે કે અલ્લાહ બહુ જ જલદી હિસાબ લેનાર છે.

અને હદીસોમાં પણ બયાન થયું છે કે અલ્લાહ બધા જ બંદાઓનો હિસાબ એક ટૂંક સમયમાં લઈ લેશે જેવી રીતે એક ઘેટાનું બરચું દૂધ પીવામાં સમય લગાડે છે.

એક હદીસમાં તો આવ્યું છે કે અલ્લાહ એક પલમાં હિસાબ-કિતાબ લઈ લેશે.

કયામતનો એક દિવસ ૫૦ હજાર વર્ષ જેટલો લાંબો હશે તો ત્યાં હિસાબ લેવામાં સમય જશે? તો અહીંયા કયામતના દિવસને

લાંબો કહેવામાં આવ્યું છે. હિસાબ લાંબો નહીં હોય; અને આ કયામતના દિવસે મોમિનને તો એક નમાઝ પડવાના સમય જેટલું પણ ઊભો રહેવું નહીં પડે; જલ્દીથી હિસાબ-કિતાબ કરી જન્નતમાં મોકલી દેવામાં આવશે; પરંતુ જે લોકોએ અલ્લાહની નાફરમાની કરી હશે અને કાફિર અને મુનાફિક લોકો હશે તેઓ માટે આ સમય રાખવામાં આવેલ છે.

હિકમત ૩૦૧

સંદેશો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "તમારો સંદેશો પહોંચાડનાર તમારી અક્કલને બયાન કરે છે અને તમારા તરફથી તમારી વાતને સૌથી બહેતર રીતે બયાન કરનાર તમારો પત્ર છે."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બે વસ્તુ બયાન ફરમાવી છે:

તમે જેને પણ સંદેશો લઈને મોકલો છો તેનાથી તમારી અક્કલ કેવી છે તે બયાન થાય છે. જો સંદેશો પહોંચાડનાર હોશિયાર અને અક્કલમંદ હોય તો તમારી વાતને સારા અને મીઠા શબ્દોમાં પહોંચાડશે. તેનાથી સામેવાળો

સમજશે કે તમે કેટલા અક્કલમંદ અને હોશિયાર છો, તમારી અક્કલ અને તમારા વિચાર કેવા છે; કેમકે તે સંદેશો પહોંચાડનાર અથવા પત્ર એ તમારો નાયબ છે, યા આજના ઝમાનામાં ઈમેલ યા કોઈ મેસેજ મોકલો તો એવી સુંદરતાથી હોવો જોઈએ કે સામેવાળાને આપણું વ્યક્તિત્વ સમજાય આવે.

આ વસ્તુ એવી છે કે જો ધ્યાન ન રાખવામાં આવે તો માણસની ઇઝ્ઝત ઘટી જાય છે, અને બીજાઓને ઓળખવા માટે આ રસ્તાથી પણ ઓળખી શકીએ છીએ.

બીજી વસ્તુ તમારો પત્ર તમારી બહેતરીન વાતો અને વિચારો લોકો

સુધી પહોંચાડે છે કારણ કે જે તમે વિચારો છો તે તમારી પેન બયાન કરે છે અને કાગળ ઉપર લખાણ દ્વારા ઉતારવામાં આવે છે. ઇમામ અ.સ. કોઈને સંદેશો લઈને કહેવા માટે મોકલવામાં આવે તેના કરતાં પત્રને બહેતર ગણે છે કેમકે જો કોઈ પયગામ ઝબાની લઈને પહોંચાડે તો તેમાં પોતાના તરફથી વધારો-ઘટાડો કરવાની શક્યતા રહે છે અને પત્રમાં આપણે જે બયાન કરવા ચાહીએ તેટલો જ મતલબ હોય છે તેમાં બીજું કોઈ વધારો કે ઘટાડો નથી કરી શકતું; એટલા માટે ઇમામે પત્રને સંદેશા પહોંચાડવાવાળા કરતાં બહેતર ગણ્યો છે.

છેલ્લી વસ્તુ જે ખૂબ જ મહત્વની છે કે જ્યારે કોઈને પત્ર, સંદેશો કે ઈમેલ લખો તો ફરીવાર તેને સરખી રીતે વાંચી લો જેથી કોઈ ભૂલચૂક હોય તો સુધારી શકાય; કેમકે આ લખાણ તમારી અક્કલનું પ્રદર્શન કરે છે.

અને છેલ્લે એક હદીસથી કલમ પેન અને લખાણનું મહત્વ સમજીએ. ઇમામ અ.સ. ફરમાવે છે: અક્કલમંદ ઇન્સાનનો વિચાર તેના કલમની ટોચ (નોક)થી થાય છે. એટલે જેવું લખાણ તેવી ઇઝઝતનો હકદાર બને છે.

હિકમત ૩૦૨

દુઆ હંમેશા કરો

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "એવું નથી કે જે માણસ મુસીબત અને બલામાં ઘેરાયેલો હોય ફક્ત તેને જ દુઆની વધારે જરૂરત હોય અને જે મુસીબત યા બલામાં ન ઘેરાયેલો હોય તેને જરૂરત ન હોય."

આ હદીસમાં ઇમામ અ.સ. દુઆનું મહત્વ બયાન ફરમાવી રહ્યા છે; કે એવું નથી કે જ્યારે કોઈ પરેશાની, મુસીબત અને તકલીફ, આફત, બીમારી વગેરે આવે તો જ દુઆ માંગવી જોઈએ અને જો કોઈ આરામ અને સુકૂનથી હોય તો દુઆ ન માંગવી જોઈએ, તેવું નથી.

દુઆના બધા જ લોકો મોહતાજ છે. જે પરેશાન હોય તેની પરેશાની દૂર થવા માટે; અને જે પરેશાન અને તકલીફોમાં ન હોય અને આરામ અને સુકૂનથી રહેતો હોય તો પણ દુઆ માંગે કે તકલીફો ન આવે અને આરામ અને સુકૂન આગળ પણ હંમેશાં માટે બાકી રહે. જો આજે તંદુરસ્ત છે તો દુઆ કરે કે કાલે પણ તંદુરસ્ત રહે. જો આજે કામકાજ સારું ચાલતું હોય તો દુઆ કરે કે કાલે પણ સારું રહે. જો આજે અમન અને શાંતિ હોય તો આગળ પણ અમન અને શાંતિ જળવાઈ રહે...

કેમકે ઘણા એવા હતા કે જેમના જેવું લોકોમાં કોઈ તંદુરસ્ત ન હતું

પરંતુ એવી બીમારી આવી ગઇ કે પોતાના ચહેરા ઉપરથી માખી ઉડાવવાની પણ તાકાત ન રહી. એવા કરોડપતિ દુનિયામાં વસતા હતા કે એક તોફાન અથવા ધરતીકંપમાં અરબોનું કામકાજ ખતમ થઈ ગયું. એવા સુકૂનથી રહેવાવાળા પણ દુનિયામાં વસતા હતા કે નાની એવી વાતમાં કૌમી તોફાનો ફાટી નીકળ્યા અને તેમાં અમન શાંતિ અને સુકૂન ખતમ થઈ ગયું; તો ઇમામ એ જ ફરમાવી રહ્યા છે કે અગર કોઈ મુસીબતમાં ફસાયેલાને જોવો જે દુઆનો મોહતાજ નજર આવે છે તો યાદ રાખો કે તમે પણ દુઆના મોહતાજ

તો છો અને હંમેશા માટે અલ્લાહ પાસે દુઆ કરતા રહેવું જોઈએ.

દુઆના બધા જ મોહતાજ છે ચાહે અલ્લાહના નબીઓ હોય કે અલ્લાહના વલીઓ, અલ્લાહના સૌથી શ્રેષ્ઠ અને તમામ નબીઓના સરદાર પણ અડધી રાત્રે દુઆ કરે છે.

એક વખત જનાબે ઉમ્મે સલમાં સ. કહે છે કે હું રાત્રે ઊઠી અને રસૂલે ખુદા સ.ને તેમના બિસ્તર ઉપર ન જોયા એટલે આજુબાજુ જોયું તો રસૂલ સ.અ.વ. ઘરના એક ખૂણામાં ઇબાદતમાં વ્યસ્ત હતા અને અલ્લાહ પાસે દુઆ માંગી રહ્યા હતા (અય મારા અલ્લાહ તું મને જે બહેતરીન નેઅમતો આપી છે તે મારા

પાસેથી ક્યારેય પાછી ન લેજે, અય અલ્લાહ મારા દુશ્મનો અને મારાથી ઈર્ષા કરનારને મારાથી દૂર રાખ. દરેક બુરાઈથી નજાત આપ, અને મને એક પલ માટે પણ મારા હવાલે ન કર. હંમેશાં તારા સાથે રાબેતામાં રાખ).

જો શ્રેષ્ઠ નબી અલ્લાહ પાસે સલામતીની દુઆ માંગી રહ્યા હોય તો ગુનેહગાર બંદાઓને દુઆની કેટલી વધારે જરૂરત હશે તે સમજી શકાય છે.

ઇમામ અલી અ.સ. બીજી એક હદીસમાં ફરમાવે છે: "આફત આવે તેના પહેલાં દુઆ માંગો," એટલે આપણે જો અત્યારે તંદુરસ્ત છીએ અને કોઈ આફત નથી તો આપણે

વધારે દુઆ માંગવી જોઈએ કે અલ્લાહ તંદુરસ્ત રાખે અને આફતોથી બચાવે.

ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે; જે કોઈ ચાહતું હોય કે આફત અને પરેશાનીમાં તેની દુઆ કબૂલ થાય તો તે આરામ અને શાંતિમાં હોય ત્યારે વધારે દુઆ કરે.

અને જો કોઈ આરામ અને શાંતિની જિંદગીમાં અલ્લાહ પાસે દુઆ નથી માંગતું અને જ્યારે કોઈ આફત આવે ત્યારે દુઆ માંગે છે તો ફરિશ્તાઓ કહે છે કે આ કોની અવાજ છે આ આવાજ તો પહેલાં કોઈ દિવસ નથી સાંભળી એટલે તે અવાજને મહત્વ નથી આપતા.

બધા માટે જરૂરી છે કે હંમેશાં અલ્લાહ પાસે દુઆ માંગે ભલે પછી તંદુરસ્ત હોય કે બીમાર, આરામ અને શાંતિ વાળી જિંદગી ગુજારતો હોય કે આફત અને મુસીબતમાં ઘેરાયેલો હોય.

દુઆ મોમિનનું હથિયાર છે જેથી ઘણી મુસીબતો દૂર થાય છે અને જિંદગીમાં ખુશહાલી આવે છે.

ઘણી દુઆઓ જે ઇમામોના ઝબાનથી જારી થઈ છે તેને સમજીને વાંચે જેથી આપણી મારેફતમાં પણ વધારો થઈ શકે.

હિકમત 303

દુનિયાની ઓલાદ

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકો દુનિયાના પુત્ર છે. કોઈની

તેની માઁથી મોહબ્બતના લીધે નિંદા ન કરવી જોઈએ."

ઇમામ અલી અ.સ. આ કલામમાં એક સાચી હકીકત બયાન કરી છે કે દુનિયામાં રહેતા તમામ લોકો આ દુનિયાના પુત્ર છે અને જો કોઈ આ દુનિયાથી મોહબ્બત કરે છે તો તે એ જ રીતે છે જેવી રીતે કોઈ પોતાની માઁથી મોહબ્બત કરે છે અને કોઈ પણ વ્યક્તિની એ માટે નિંદા ન કરવી જોઈએ કે તે તેની માંથી શા માટે મોહબ્બત કરે છે.

શા માટે દુનિયાની મોહબ્બતને માઁની મોહબ્બત સાથે સરખાવવામાં આવી છે?

દુનિયાની બધી જ વસ્તુ પાણી અને માટીથી બની છે આપણો જન્મ

પણ આ દુનિયામાં જ થયો અને અહીંયા જ તરબિયત થઈ છે, તે માટે આ દુનિયાથી લાગણી થવી સ્વાભાવિક છે અને તેથી આ દુનિયાને માઁ સાથે સરખામણી કરવામાં આવી છે અને દુનિયાથી મહોબ્બત થાય છે.

એક માણસ ઇમામ અ.સ.ને પૂછ્યું છે કે શા માટે લોકો આ દુનિયાથી મોહબ્બત કરે છે? ઇમામ અ.સ. જવાબમાં ફરમાવ્યું કે આપણને આ દુનિયાથી પૈદા કરેલ છે તો શું બની શકે કે જે વસ્તુથી આપણે પૈદા થયા હોય તેનાથી નફરત કરીએ.

આપણને ઇમામ અ.સ.ની બીજી હદીસોમાં અમુક જગ્યા પર

દુનિયાની મઝમ્મત દેખાય છે તેનો શું અર્થ છે?

જો દુનિયાની વસ્તુઓની મોહબ્બતના લીધે અલ્લાહની તાલીમ અને અલ્લાહ ભુલાઈ જાય તો તેવી મોહબ્બતની હદીસમાં મઝમ્મત કરવામાં આવે છે.

જો બાલ-બચ્ચાં, માલ-મિલકત, ઘર, ગામ, દેશ, આ બધી જ વસ્તુથી મોહબ્બત હોવું કોઈ ખોટું નથી જો આનાથી અલ્લાહના રસ્તાથી દૂર ન થઈ શકે.

મઝમ્મત તેની કરવામાં આવે છે કે આ બધી વસ્તુઓથી એટલી મહોબ્બત કરવા લાગીએ કે આપણા ખાલીકને ભૂલી જઈએ, અલ્લાહથી મહોબ્બત કરવાની જગ્યા ફક્ત આ

દુનિયાની વસ્તુઓથી દિલ લગાવીએ, અને અલ્લાહે જે માટે પૈદા કર્યા છે તે મક્સદને ભૂલી જઈએ, જો આ બધી જ વસ્તુ આપણને અલ્લાહની મોહબ્બત અને ઇબાદતથી દૂર કરી દે તો આ દુનિયાની મઝમ્મત કરવામાં આવી છે.

દુનિયાના લીધે ન આખેરતને અને ન આખેરતના લીધે દુનિયાને તર્ક કરે.

હદીસમાં છે જે દુનિયાના લીધે આખેરતને ખરાબ કરે તો તે અમારામાંથી નથી.

અને એ જ પ્રમાણે જે આખેરત માટે દુનિયાને ત્યજી દે તો તે પણ યોગ્ય નથી.

યાદ રાખવું જોઈએ કે આ દુનિયા આખેરત સુધી પહોંચવાનો રસ્તો છે. જે આ દુનિયામાં રહી આખેરતને સારી બનાવે તો આ દુનિયા તેના માટે સારી વસ્તુ છે, અને જો આ દુનિયામાં રહી આખેરતને બરબાદ કરે તો આ દુનિયા તેના માટે ખરાબ જગ્યા છે.

હિકમત ૩૦૪

અલ્લાહનો મોકલેલ

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "જરૂરતમંદ તમારા સામે આવ્યો છે તે અલ્લાહ તરફથી છે અને જે જરૂરતમંદની મદદ ન કરી તે અલ્લાહની મદદથી હાથ રોકી લીધો, અને જે તેની મદદ કરી તે અલ્લાહને અતા કરેલ છે."

ઇમામ અ.સ. આ હદીસમાં જરૂરતમંદની મદદ કરવા પર ભાર મુક્યો છે, એટલી બધી ફઝીલત બયાન ફરમાવી કે જરૂરતમંદને આપનાર અલ્લાહને આપે છે અને તેનાથી હાથ રોકનાર અલ્લાહની મદદથી હાથ રોકે છે.

બધા જ લોકોને અતા કરવાનો અને મદદ કરવાનો હુકમ આપે છે, તેથી સમજાય છે કે જો કોઈ આપણા સુધી જરૂરત લઈને આવે તો તેને મનાઈ ન કરો, જો પૂરી જરૂરત પૂરી ન કરી શકો તો થોડુંક આપો અને જો બિલકુલ ન આપી શકતા હોય તો તેની જરૂરત પૂરી થાય તેવા રસ્તા દેખાડો અને હસતા મોઢે રૂખસત કરો, અને જો મદદ કરી

શકતા હોય અને મદદગાર ન બન્યા તો જાણે અલ્લાહની મદદ નથી કરી.

ઇમામે શા માટે જરૂરતમંદને આપનારને અલ્લાહ તરફ નિસ્બત આપી છે?

કદાચ એટલા માટે હોય કે અમુક લોકો સામે જ્યારે કોઈ જરૂરતમંદ આવે છે તો માન વગર અને હલકાઈની નજરથી જોતા હોય છે, તો ઇમામ એ જ બતાવવા માંગે છે કે આવનાર કોઈ મામૂલી માણસ નથી, બલ્કે અલ્લાહે મોકલેલો છે, તો તેના વિષે માન અને સદભાવના હોવી જોઈએ, ઇઝ્ઝત અને એહતેરામની નજરથી જોવું જોઈએ પોતાનાથી થતી પૂરી કોશિશ કરે

કે જરૂરત પૂરી થાય કેમકે આવનાર કોઈ મામૂલી માણસ નથી અલ્લાહ તરફથી આવેલો છે.

એક વસ્તુ યાદ રાખવું જોઈએ કે જો તમે અલ્લાહના મોકલેલા બંદાની ઇઝ્ઝત કરશો તો અલ્લાહ પણ તમારી ઇઝ્ઝતમાં વધારો કરશે.

કુરઆન મજીદમાં મદદ કરનાર ઉપર એહસાન જતાવીને તકલીફ આપવાની મનાઈ ફરમાવી છે.

ખાસ હંમેશા એ યાદ રાખવું જોઈએ કે અલ્લાહને આપણા માલની કોઈ જરૂરત નથી અને આપણી પાસે જે કંઈ છે એ બધું જ અલ્લાહનું છે, જો કોઈ તમારી પાસે જરૂરતમંદ આવે તો ત્યારે તમારી પરીક્ષા શરૂ થાય છે કે જે અલ્લાહે

તમને આપેલું હતું શું તેમાંથી જરૂરતમંદને આપો છો કે નહીં? જો આપશો તો જરૂર અલ્લાહના ત્યાં કામયાબ થશો અને ખુદાની ખુશી હાસલ કરી શકશો.

કોઈની મદદ કરવાનો તરીકો પણ ઇમામો તરફથી બયાન થયો છે.

ઇમામ અલી અ.સ. રાતના અંધારામાં લોકોને જમવાનું અને જરૂરતની વસ્તુઓ પહોંચાડતા હતા.

ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ. જ્યારે કોઈની મદદ કરતા તો તેનો હાથ ચૂમતા અને કહેતા કે હું આનો હાથ નથી ચૂમતો અલ્લાહનો હાથ ચૂમી રહ્યો છું. કેમકે આ માલ

ફકીરના હાથમાં પહોંચવા પહેલાં અલ્લાહના હાથમાં પહોંચી જાય છે.

બીજી એક હદીસમાં છે કે ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ. જે કંઈ ફકીરને આપતા તેને એ ફકીર પાસેથી પાછું લઈને ચૂમતા અને તેની ખુશ્બુ સુંઘીને ફકીરને પાછો આપી દેતા. અને કહેતા કે ફકીરને આપવા પહેલાં આ અલ્લાહ સુધી પહોંચે છે.

આ બધી હદીસોથી એ સમજવા મળે છે કે જ્યારે પણ આપણે કોઈ જરૂરતમંદની મદદ કરીએ છીએ ત્યારે તેની મદદ સાથે સાથે અલ્લાહ સુધી પણ તે રકમ પહોંચાડીએ છીએ અને અલ્લાહને આ કામો બહુ જ પસંદ આવે છે.

જ્યારે કોઈની મદદ કરવામાં આવે તો તેનાથી એ અલ્લાહ આપણાથી ડાયરેક્ટ જોડાઈ જાય છે, નહીં તો બીજી ઇબાદતોમાં ફરિશ્તાઓ જોડાયેલા હોય છે, અને જરૂરતમંદની મદદ સીધી ખુદા સુધી પહોંચે છે ભલે પછી નાનામાં નાની જ મદદ કેમ ન કરી હોય.

હદીસમાં છે કે "એક ખજૂરનો સવાબ કયામતના દિવસે ઓહદના પહાડ જેટલો હશે"

એટલે જેટલો સવાબ અલ્લાહ માટે ઓહદના પહાડ બરાબર ખર્ચ કરવાથી મળે છે તે આ એક નાની એવી નેકીથી અલ્લાહ કયામતમાં આપશે.

હિક્મત ૩૦૫

ઝિના (વ્યભિચાર)

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "ગૈરતમંદ (સ્વાભિમાન) ક્યારેય ઝિના (વ્યભિચાર) નથી કરતો."

ઇમામ અ.સ. એક સ્વાભિમાન અને ઇઝ્ઝતદાર માણસ માટે ફરમાવે છે કે તે કોઈ દિવસ ઝિના (વ્યભિચાર) નથી કરી શકતો; કેમકે જો આ બુરાઈ બીજાઓ માટે પસંદ કરશે તો તે પોતાના ઘરવાળાઓ માટે પણ પસંદ કરી શકે છે, જે બીજા ના-મહેરમનો ખયાલ ન રાખતો હોય તો તે પોતાના ઘરવાળા માટે શું એ બુરાઈ પસંદ કરશે?

કોઈ પણ માણસ ધીમે ધીમે મોટા ગુનાહ તરફ જાય છે. ઝિનાનું પહેલું

પગથિયું ના-મહેરમ તરફ ખરાબ નજરથી જોવું છે, પછી ધીમે ધીમે બેગૈરત બની જાય છે અને પછી ઝિના જેવા ગુનાહ તરફ આગળ વધે છે.

જે કોઈ ચાહતો હોય કે પોતાના ઘરની સ્ત્રીઓ તરફ પારકા માણસો નજર ન ઉઠાવે તો તેને બીજાઓની માઁ-બહેનો તરફ ખરાબ નજરથી ન જોવું જોઈએ, જે પોતાને આ બલા અને બુરાઈથી બચાવીને રાખે તે ગૈરતમંદ એટલે સ્વાભિમાન છે અને અલ્લાહ પણ તેને ગુનાહથી બચાવવાના લીધે મોટો નેક બદલો આપે છે અને ઇઝ્ઝતમાં વધારો કરે છે, અને અલ્લાહ પણ ગૈરતમંદને દોસ્ત રાખે છે.

હદીસમાં છે કે "ગૈરત ઇમાનનો એક ભાગ છે,"

બીજી એક હદીસમાં છે કે "અલ્લાહ પોતે ગૈરતમંદ છે અને ગૈરતમંદને પસંદ કરે છે અને અલ્લાહ તેના લીધે તમામ જાહેરી અને છુપી બધી જ ખરાબ વસ્તુઓને હરામ કરી છે."

હિકમત ૩૦૬

મોતનો નક્કી સમય

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "જિંદગીનો નક્કી સમય માણસ માટે રક્ષક છે (મોતના સમયથી વધીને માણસનો કોઈ રક્ષક નથી)."

મતલબ એ છે કે આસમાનમાંથી લાખો વીજળીઓ પડે, તોફાન અને સુનામી આવે, ધરતીકંપ આવે. પહાડો આપસમાં ભટકાય. જો

જિંદગી બાકી છે તો મોત બાજુમાંથી નીકળી જશે પણ માણસને કોઈ તકલીફ નહીં થાય; કેમકે મોતનો એક ખાસ સમય છે અને તે ખાસ સમય સુધી માણસને કંઈ નથી થવાનું અને તે પોતાની જિંદગી ગુજારતો રહેશે તો કહી શકાય મોતનો સમય તેના માટે ખુદ એક રક્ષક છે જ્યાં સુધી મોતનો સમય નહીં આવે ત્યાં સુધી આ મોત તમારી રક્ષક બનીને રહેશે.

અને જ્યારે અલ્લાહ તરફથી મોતનો હુકમ આવશે ત્યારે કોઈ પણ તમારી મોતને રોકી શકશે નહીં, અને જ્યાં સુધી અલ્લાહ નહીં ચાહે ત્યાં સુધી તમને કોઈ મોત આપી શકશે નહીં.

જંગે સિફ્ફીનમાં એક સહાબી નકલ કરે છે કે; ઇમામ અલી અ.સ. મુઆવિયાની સામે ઊભા હતા અને ઇમામની તલવાર પણ નિયામમાં હતી ત્યારે એક સહાબી કહે છે: "યા અમીરુલ મોમિનિન! તમારું ધ્યાન રાખજો આ મુઆવિયા અચાનક ક્યારેય પણ હુમલો કરી શકે છે." ત્યારે ઇમામ ફરમાવે છે; "મને ખબર છે તે માણસ પાસે ધર્મ નથી અને દીન નથી અને ખરાબ દુશ્મન છે પરંતુ મોતનો એક ખાસ સમય છે જ્યાં સુધી મોતનો સમય નથી આવતો ત્યાં સુધી મોત હિફ્ઝત કરે છે અને રક્ષક બનીને રહે છે અને જ્યાં સુધી મોતનો સમય નથી આવતો ત્યાં સુધી ફરિશ્તાઓ તેને

મોતથી બચાવતા રહે છે, જો મોતનો સમય નથી આવ્યો તો કોઈ પણ મોટામાં મોટી આફત તેને કંઈ નુકસાન પહોંચાડી શકતી નથી, અને મોતનો સમય આવશે એટલે તેને તેના ફરિશ્તાઓ મૂકીને ચાલ્યા જશે એટલે તેના નસીબમાં જેવી મોત હશે તેવી મોત મળશે."

હિકમત ૩૦૭

માલથી લગાવ

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "ઓલાદની મોત પર માણસને ઊંઘ આવી જાય છે પરંતુ માલ લૂંટાઈ જવાથી ઊંઘ નથી આવતી."

સય્યદ રઝી ર.અ. આ હદીસને સમજાવતા ફરમાવે છે: માણસ ઓલાદની મોત ઉપર સબ્ર કરી લે

છે પરંતુ માલ લૂંટાઈ જાય તો સબ્ર નથી કરતો.

ઇમામ અ.સ.ની આ હિકમત તે દરેક પર લાગુ પડે છે જેની નજરમાં વધારે એહમિયત હોય, અને આપણે આ હકીકતને જોઈએ છીએ કે જ્યારે કોઈના ઘરમાં મરણ થઈ જાય તો પણ રાતના આરામની સાથે ઊંઘ લે છે પરંતુ જ્યારે કોઈનો માલ લૂંટાય જાય અથવા તેમાં નુકસાન આવી જાય તો તેની રાત અને દિવસની ઊંઘ ઉડી જાય છે અને સુકૂન ખતમ થઈ જાય છે, એનો મતલબ એમ થયો કે માણસ ઓલાદની મોત ઉપર તો સબ્ર કરી લે છે પણ માલ જવાથી સબ્ર નથી કરતો એનો મતલબ એમ થયો કે

માલ કરતા ઓલાદથી વધારે મોહબ્બત છે.

દુનિયાની કોઈ પણ વસ્તુથી એટલી બધી મોહબ્બત ન કરવી જોઈએ કે જેને હાથથી ચાલી જવાથી આરામ અને સુકૂન ખતમ થઈ જાય.

બીજી વસ્તુ કે લોકો કોઈના મરવા પછી દિલાસો આપવા આવે છે અને હમદર્દ બને છે જેથી ગમ દૂર થઈ જાય છે, પરંતુ જ્યારે માલ જાય છે ત્યારે ઇન્સાન અંદરને અંદર ગમમાં રહે અને ઇઝ્ઝત જવાના ડરથી પરેશાનીમાં આવી જાય છે.

ઇમામ જાફર સાદિક અ.સ.ના ઝમાનામાં દાઉદ ઇબ્ને અલી

મદીનાનો હાકિમ હતો. તે ઇમામના એક સહાબી મુઅલ્લા ઇબ્ન ખુનૈસ ર.અ.ને શહીદ કરી નાખે છે અને તેમનો માલ લૂંટી લે છે. ઇમામ સાદિક અ.સ. તે હાકિમને કહે છે કે તે મારા દોસ્તને મારી નાખ્યો અને તેનો માલ લૂંટી લીધો તને ખબર છે ઇન્સાન મોત ઉપર તો સબર કરી શકે છે પણ માલ લૂંટાય જવા ઉપર સબર નથી કરી શકતો, અલ્લાહની કસમ હું તારી માટે બદદુઆ કરીશ. ત્યારે દાઉદ ઇમામની મજાક ઉડાવે છે અને કહે છે કે હું તમારી બદદુઆથી નથી ડરતો. ઇમામ રાત્રે પોતાના ઘરે જઈ ઇબાદતમાં મશગુલ થઈ જાય છે અને તેને ઇમામની વાતનો ડર લાગવા

લાગ્યો કે એવું ન બને કે ઇમામની બદદુઆથી મારો માલ ખતમ થઈ જાય તેથી તે ઇમામ પાસે પાંચ આદમીને મોકલીને પોતાના પાસે લાવવા કહે છે.

પરંતુ જ્યારે તે પાંચ લોકો ઇમામ પાસે જાય છે અને ઇમામને સાથે આવવાનું કહે છે ત્યારે ઇમામે ફરમાવ્યું: "જો હું ન આવું તો..." તેઓ કહે છે કે અમને મજબૂર કરીને લાવવા માટે કહેવામાં આવ્યું છે. ત્યારે ઇમામ અ.સ. ઇસ્મે આઝમ થકી હાકિમની મોત માટે બદદુઆ કરે છે. થોડીક વારમાં તે પાંચ સિપાહીઓને કોઈ આવીને ખબર આપે છે કે હવે હાકિમ દાઉદ આ દુનિયામાં નથી રહ્યો અને તે પાંચ

લોકો ઇમામના ઘરેથી ચાલ્યા જાય છે.

હદીસમાં છે કે દુનિયાની મોહબ્બત દરેક બુરાઈનું મૂળ છે.

હિકમત ૩૦૮

સગપણ

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "વડીલોની મોહબ્બત ઔલાદ માટે સગપણનો દરજ્જો રાખે છે."

"મોહબ્બતને સગપણની એટલી જરૂરત નથી જેટલી સગપણને મોહબ્બતની જરૂરત હોય છે."

માણસને સમાજમાં ઘણા સાથે જીવવું પડે છે તેવામાં અમુક પોતાના એવા લોકો હોય છે જેમનાથી રિશ્તો અલ્લાહે જોડેલ છે જેમ કે માઁ-બાપ, બહેન, ભાઈ વગેરે જેમાં કોઈનો દખલ નથી, અમુક રિશ્તા એવા

હોય છે જેમાં માણસને ઇખ્તિયાર હોય છે.

ઇમામ અ.સ. આ હદીસમાં બે વસ્તુ તરફ ધ્યાન દોરે છે:

વડીલોની મોહબ્બત ઔલાદ માટે સગપણનો દરજ્જો રાખે છે, એટલે વડીલોમાં આપસમાં મોહબ્બતનો અસર ઘરમાં રહેતા બાળકો ઉપર પડે છે અને તેઓ પણ મહોબ્બતથી રહેતા હોય છે.

માઁ-બાપના વારસામાં ફક્ત માલો દૌલત જ નથી મળતા માઁ-બાપની લાગણી, તેમનો વ્યવહાર, બાપના દોસ્તો પણ મળે છે, એટલે જ તો બાપના દોસ્તને પણ કાકા કહેવામાં આવે છે, બાપ સાથે જે પણ વસ્તુ જોડેલી હોય તે દરેક વસ્તુ

ઓલાદને મળે છે, જો સારા સંસ્કાર વાળી ઔલાદ હોય તો તે સાચવીને રાખે છે નહીં તો રિશ્તો તોડી નાખે છે.

બીજા વાક્યમાં ઇમામ અ.સ. ફરમાવે છે મોહબ્બતને સગપણની એટલી જરૂરત નથી જેટલી સગપણને મોહબ્બતની જરૂરત હોય છે.

મહોબ્બત દરેક સાથે થઈ શકે છે તેમાં કોઈ પ્રકારની સગાવટની જરૂરત નથી હોતી, દા.ત. દોસ્ત તેમાં કોઈ પણ સગપણ ન હોવા છતાં ઘણી વખત ઘરવાળા અને કુટુંબ કરતાં વધારે મહોબ્બત કરતા હોય છે.

અને જ્યાં સગાવટ હોય ત્યાં મહોબ્બત હોવી જરૂરી છે તેના લીધે આપસમાં ખુશહાલી આવે છે, મોહબ્બતવાળા કુટુંબમાં બરકતો આવે છે. જે કુટુંબમાં માણસો અને સગાવટ કરતાં માલ અને દૌલતની ઇઝ્ઝત થવા લાગે ત્યાંથી મહોબ્બત ખતમ થઈ જાય છે, ભલે પછી ૧૦૦ માણસનું કુટુંબ હોય તેમ છતાં મોહબ્બત ન હોય તો તે કુટુંબ જ નથી એક મજબૂરીવાળો સંબંધનો એહસાસ થવા લાગે છે.

કુટુંબની આપસમાં મોહબ્બત ઔલાદ સુધી પહોંચે છે અને જ્યાં મોહબ્બત નથી ત્યાં કુટુંબ ફક્ત નામનું હોય છે અને આપસમાં ખુશહાલી પણ બાકી રહેતી નથી.

અને જો કોઈ સાથે લાંબા સમયથી આપસમાં દોસ્ત હોય તો તેના માટે ઇમામ અલી રઝા અ.સ. ફરમાવે છે, જો દોસ્તી વીસ વર્ષ સુધી બાકી રહે તો તે સગપણમાં બદલાઈ જાય છે.

બીજી એક હદીસમાં ઇમામ અલી અ.સ. સાચા દોસ્ત વિષે ફરમાવે છે: સાચો દોસ્ત ત્યાં સુધી નથી કહેવાતો જ્યાં સુધી ત્રણ જગ્યા દોસ્તની હિફાઝત ન કરે,

૧- મુસીબતના સમયે

૨- દોસ્તની ગેરહાજરીમાં

૩- તેના મરવા પછી

ઇસ્લામ મોહબ્બત, લાગણી, મેહરબાનીનો ધર્મ છે અને અલ્લાહ

પણ મહેરબાન છે અને મહેરબાન લોકોને દોસ્ત રાખે છે.

પોતાના કુટુંબમાં લાગણી અને મોહબ્બતની સાથે વર્તાવ કરતાં રહેવું જોઈએ. રિશ્તો સાચવવા માટે સગાઓની ભૂલોને માફ કરવું અને એકબીજાનો ખયાલ રાખવો બહુ જ જરૂરી છે.

હિકમત ૩૦૯

મોમિન બંદાઓની આશંકાઓ

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "મોમિનોની ધારણા (ગુમાન)થી ડરો કેમકે અલ્લાહે હક વાતોને તેમની ઝબાનમાં રાખેલી છે."

ઇમામ અ.સ. અહીંયા નુરાની કલામમાં ખૂબ જ અગત્યની વાત બયાન કરે છે કે જેઓ ઇમાનદાર, નેક અને અલ્લાહવાળા છે તેઓની

વાતો અને ધારણાઓથી ડરો કેમકે જ્યારે આવા મોમિન કંઈક બોલે છે તો તેઓ હક બોલે છે અને અલ્લાહની વાત હોય છે અને જે હક વાત આવા મોમિનની ઝબાનથી નીકળી જાય તે સાચી સાબિત થાય છે.

મોમિનનું દિલ સાફ અરીસા જેવું હોય છે જેમાં ફક્ત હક વાત દેખાડવામાં આવે છે એટલે જ તેઓ ભવિષ્યમાં શું થવાનું છે તેની જાણકારી રાખતા હોય છે.

આપણા છેલ્લા નબી હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે; "અલ્લાહના ખાસ બંદાઓ લોકોને પોતાની હોશિયારી થકી ઓળખે છે

અને તેઓના કાર્યોની ખબર રાખે છે."

એક બીજી હદીસમાં આપ હઝરત ફરમાવે છે; "ઇમાનદાર લોકોની હોશિયારીથી બચો કેમકે તેઓ અલ્લાહના નુર થકી જુએ છે."

આ હદીસો થકી આપણને આ વાત સમજાવવામાં આવી રહી છે કે લોકો એકાંતમાં પણ અલ્લાહની નાફરમાની ન કરે કેમકે અમુક અલ્લાહના ખાસ બંદાઓને બધી જ વસ્તુની જાણકારી હોય છે અને જો ઇમાનદાર લોકોને તમારી જાણકારી મળી જશે તો તમારી ઇઝઝત પામાલ થઈ જશે અને બીજી વાત એ પણ અહીંયા સમજાવવામાં આવી રહી છે

કે જો કોઈ મુનાફિક અથવા મુશરિક, મોમિન અને ઇમાનદાર લોકો માટે કાવતરા ઘડે છે તો આ મોમિન બંદાને જાણકારી મળી જાય છે અને તેઓ લોકોને ચેતવે છે કે હવે આ કાર્ય કરો અથવા આ કાર્ય ન કરો જેથી મુસ્લિમ ઉમ્મતને નુકસાન ઉપાડવું ન પડે.

અમુક આલિમોનું કહેવું છે કે આ ઇમાનદાર લોકોમાં નબી, ઇમામ અને અવલીયાએ ખુદા છે જે દરેક સમય અને ઝમાનામાં મોજૂદ હોય છે.

હિક્મત ૩૧૦

અલ્લાહ ઉપર વિશ્વાસ

ઈમામ અલી અ.સ. ફરમાવે છે: "ઇમાન ત્યાં સુધી સાચું નથી કહેવાતું જ્યાં સુધી જે પોતાના પાસે છે તેના કરતાં વધારે જે અલ્લાહ પાસે છે તેના પર ભરોસો ન રાખે."

ઇમામ અ.સ. ઇમાન સાચું ક્યારે બને છે તેના વિષે એક માપ બતાવી રહ્યા છે, ઇમાન હોવાના દાવા તો બધા કરતા હોય છે પરંતુ શું સાચું ઇમાન છે? ઇમામ અલી અ.સ.ની આ હદીસ સામે રાખો અને ઇમાન કેવું છે તેનું માપ કરતાં રહો, માણસ પાસે ત્યાં સુધી ઇમાન નથી જ્યાં સુધી જે અલ્લાહ પાસે છે તેના પોતાના પાસે છે તેનાથી વધારે ભરોસો ન રાખે, એટલે જે કંઈ

પોતાના પાસે છે તે આજે છે કાલે નથી રહેવાની પણ અલ્લાહની કુદરત હંમેશાં બાકી રહેવાની છે, તો જે કંઈ આજે આપણી પાસે છે તે રહે કે ન રહે પણ અલ્લાહની કુદરત હંમેશાં રહેવાની છે તો અલ્લાહ ઉપર હંમેશાં વિશ્વાસ અને ભરોસો રાખવો જેથી સાચું ઇમાન પ્રાપ્ત થઈ શકે, ઇન્સાન પાસે તાકાત કે શક્તિ, ઓહદો કે હુકુમત, માલો દૌલત, પહોંચ કે પહેચાન હોય તો એમ સમજે કે અલ્લાહ પાસે દરેક વસ્તુ મારાથી વધારે છે.

આ વસ્તુ યાદ રાખવાથી હંમેશા ખુદાની યાદ આવશે અને તેના સામે સજદો કરવાનું મન થશે, અને કોઈ

દિવસ તેમાં ઘમંડની બીમારી નહીં આવે.

યાદ રાખવું જોઈએ કે જે કંઈ બંદા પાસે છે તે અલ્લાહનું આપેલું છે તો જે તેના બંદાઓની મદદ કરી ધ્યાન રાખશે તેનું ધ્યાન અલ્લાહ રાખશે, આ મુજબ ભરોસો હોવો જરૂરી છે તો જ ઇમાન સાચું રહેશે.

કુરઆન મજીદમાં અલ્લાહ પર ઇમાન વિષે ઘણી આયતો મૌજૂદ છે.

સૂરએ તલાકમાં છે કે જે કોઈ અલ્લાહ પર ભરોસો કરે છે અલ્લાહ તેના માટે પૂરતો છે.

શૈતાન હંમેશા બંદાને અલ્લાહ ઉપર વિશ્વાસ અને ભરોસો રાખવાથી અટકાવે છે, ખૌફ અને ડરનો માહોલ દિલમાં ઊભો કરે છે.

સૂરએ બકરા આયત ૨૬૮માં છે કે; "શૈતાન તમને ગરીબ થવાનો ડર ઊભો કરે છે અને બુરાઈ તરફ બોલાવે છે."

જ્યારે કે અલ્લાહ તમારાથી પોતાની માફી અને ફઝલનો વાયદો આપે છે, ખરેખર અલ્લાહ ખૂબ જ આપનાર અને બધી જ વસ્તુનો જાણકાર છે.

અલ્લાહ કોઈ વખત પોતાના વાયદાથી ફરતો નથી, તો અલ્લાહ ઉપર વિશ્વાસ અને ઇમાન રાખીને આપણે અલ્લાહની વાત ઉપર અમલ કરવો જોઈએ અને શૈતાનની વાતો તરફ ધ્યાન ન દેવું જોઈએ.

એક વખત ઇમામ અલી અ.સ. પાસે એક જરૂરતમંદ આવીને ઇમામ

પાસે મદદ માંગી, ઇમામ અલી અલયહિસ્સલામે ઇમામ હસન અ.સ. કે જે આપની બાજુમાં બેઠા હતા કહે છે કે બેટા એક દિરહમ આ ભાઈને આપો. ઇમામ હસન અ.સ. તેમના પિતાને કાનમાં કહે છે કે આપણી પાસે ૬ દીરહમ છે અને તેના ઘઉં લેવાના છે. ઇમામ અલી અ.સ. કહે છે તે ૬ દીરહમ આ ગરીબને આપી દો, અને આપે ફરમાવ્યું કે મોમિન ત્યાં સુધી મોમિન નથી બની શકતો જ્યાં સુધી તેના હાથમાં જે કંઈ પણ છે તેના થકી બીજાઓની મદદ કરી અલ્લાહ સુધી ન પહોંચાડે. ઇમામ ત્યાંથી બજાર તરફ ચાલ્યા જાય છે, ત્યાં એક ઊંટ વેચવાવાળો મળે છે તેની

પાસેથી એક ઊંટ ૧૪૦ દીરહમમાં ખરીદે છે અને કહે છે કે હું તમારા આ ઊંટની કિંમત એક અઠવાડિયામાં આપીશ, તે ભાઈ રાજી-રાજી ઊંટને ઇમામ અ.સ.ને આપી દે છે, હજુ ઇમામ અ.સ. તે ઊંટને તેની જગ્યા ઉપરથી ઊભો પણ નહોતો કર્યો કે ત્યાં એક માણસ આવે છે અને પૂછે છે કે આ ઊંટ કેટલામાં વેચવાનો છે. ઇમામ અ.સ. તેને ૨૦૦ દીરહમ કહે છે. તે ઇમામ અ.સ.ને ૨૦૦ દીરહમ આપ્યા અને ઊંટ લઈને ચાલ્યો જાય છે. પછી ઇમામ અ.સ. ઊંટવાળાને ૧૪૦ દીરહમ આપી દે છે અને ૬૦ દીરહમ ઇમામ અ.સ. ઘરે લાવીને આ બનાવ ઘરના તમામ લોકોને કહે છે કે

અલ્લાહે કુરઆનમાં જે ફરમાવ્યું છે તે હક છે અને કેવી રીતે ૬ દીરહમ ૬૦ દીરહમ કરી દીધા.

આપણા ઇમામોએ બતાવ્યું કે કેવી રીતે અલ્લાહ ઉપર ભરોસો કરાવાય, અને એકના બદલામાં અલ્લાહ જરૂર દસ ઘણું આપે છે, ચાહે આ દુનિયામાં હોય કે પછી આખેરતમાં હોય.

આપણને આ વાતનું યકીન હોવું જોઈએ કે જ્યારે આપણે અલ્લાહ ઉપર ભરોસો રાખીશું તો અલ્લાહ તેનો બદલો દુનિયા અને આખેરતમાં આપશે.

હિક્મત ૩૧૧

ઈમામ અ.ની બદદુઆ

જ્યારે ઇમામ અલી અ.સ. જંગે જમલના સમયે બસરા આવ્યા ત્યારે અનસ બિન માલિકને તલહા અને ઝુબૈર પાસે મોકલાવ્યા; અને ઇમામે ફરમાવ્યું કે: "તમે જઈને તે બન્નેને રસુલ ખુદા સ.ની તે હદીસો યાદ અપાવો જે મારા વિષે રસુલે ખુદા સ.એ ફરમાવી છે." અનસ બિન માલીકે આ જવાબદારી સારી રીતે ન નિભાવી અને જ્યારે અનસ પાછો આવ્યો તો ઇમામે તેને પૂછ્યું તો કહે છે કે તે વાત મને યાદ ન રહી. ત્યારે મોલા અલી અ.સ.એ ફરમાવ્યું: "જો તું ખોટું બોલતો હોય તો તેના બદલામાં અલ્લાહ તઆલા તને એવા સફેદ ચમકદાર દાગની બીમારીમાં મુબતેલા કરે જેને કોઈ

ઢાંકવા વાળી વસ્તુ પણ ન છુપાવી શકે."

સય્યદ રઝી કહે છે સફેદ દાગ એટલે રક્તપિત્ત; અને અનસ બિન માલિકને ઇમામ અ.ની બદદુઆ એવી લાગી કે સફેદ દાગની બીમારી લાગી ત્યાર પછી હંમેશા પોતાના ચહેરાને ઢાંકીને રાખતો હતો.

ઇમામ અલી અ.ની અનસ બિન માલિક માટે બદદુઆ કરવી રિવાયતોમાં બે રીતે જોવા મળે છે: એક કે ઇમામ અલી અ.સ. જ્યારે જંગે જમલના સમયે બસરા આવ્યા ત્યારે અનસ બિન માલિકને બોલાવી અમુક વાતો અને હદીસો બયાન કરી અને કીધું કે: "જાવ

તલ્હા અને ઝુબૈરને સમજાવો જંગ ન થાય, ખૂનખરાબા ન થાય અને રસુલ ખુદા સ.એ જે મારા વિષે હદીસો બયાન કરી છે તે બન્નેને બતાવો." તે વાત જે તલ્હા અને ઝૂબૈરને અલ્લાહના રસુલ સ.એ કરી હતી; તે આ મુજબ છે કે: "તમે નજીકમાં અલી સાથે જંગ કરશો ત્યારે તમે ઝાલિમ અને અત્યાચારી હશો."

ત્યારે અનસ બિન માલિક પોતે જાણતા હતા તે છતાં વિલાયતની ગવાહી ન આપી; અને ઇમામ અલી અ.સ.ને કહે છે કે: "હું ભૂલી ગયો છું." ત્યારે ઇમામે તેના હકમાં આ શબ્દો બયાન કર્યા કે: "જો તું ખોટું બોલતો હોય તો તને એવા સફેદ

દાગ થાય જેને કોઈ વસ્તુથી ન છુપાવી શકે."

ઇમામ અલી અ.ની આ બદદુઆનો અસર લોકોએ તેના ચહેરા ઉપર જોયો અને તે લોકોથી છુપાવવાની કોશિષ કરતો રહ્યો પરંતુ ન છુપાવી શકતો.

વિલાયતે ઇમામ અલી અ.ની ગવાહી ન આપી તેના ઉપર અઝાબ આવ્યો અને જે વિલાયતે ઇમામ અલી અ.નો મુન્કિર બન્યો તેના ઉપર પણ અઝાબ આવ્યો.

એક વસ્તુની જાણકારી મળે છે કે જે માણસ વિલાયતનો ઇન્કાર કરે અલ્લાહ તેના ઉપર જલ્દી અઝાબ મોકલે છે.

ઉપરની બે વાતોમાં જે ગદીર વિષે બનાવ છે તે વધારે મશહૂર ગણવામાં આવ્યો છે.

હિકમત ૩૧૨

દિલથી અમલ

ઇમામ અલી ઇબ્ને અ.સ. ફરમાવે છે: "કયારેક માણસનું દિલ (ઈબાદતમાં) લાગે છે તો કયારેક દિલ નથી લાગતું. જ્યારે દિલ લાગે ત્યારે તેને મુસ્તહબ અમલ કરવા તરફ તૈયાર કરો અને જ્યારે દિલ ન લાગતું હોય તો માત્ર વાજિબ અમલ ઉપર બસ કરો."

ઇમામ અ.સ. આ હદીસમાં માણસના દિલની બે હાલતોને બયાન કરી છે. કયારેક તેનું મન ઘણી બધી ઈબાદત કરવાનું કહે છે. તે વિષે ઇમામ અ.સ. ફરમાવે

છે કે તેવી હાલતમાં સુન્નત વસ્તુઓ ભરપૂર કરી લેવી જોઈએ. માણસનું દિલ ઈબાદત માટે તૈયાર હોય તો વાજિબાતની સાથે સાથે મુસ્તહબ અમલ પણ કરવા જોઈએ કેમકે દિલ પહેલાથી તૈયાર છે અને બીજી હાલત છે કે માણસનું દિલ ઈબાદત માટે તૈયાર નથી હોતું. જો માણસનું દિલ તૈયાર ન હોય તો ફક્ત જે વાજિબાત છે તેટલા અમલ અંજામ આપે.

એ જ પ્રમાણે માણસ ક્યારેક ખુશ હોય છે તો ક્યારેક ગમગીન; ક્યારેક તેનું દિલ અને દિમાગ શાંત હોય છે તો ક્યારેક ટેન્શનમાં. તો જેવી માણસની હાલત હોય તેવું તેનું કામ હોય છે. જો સારી હાલત હોય

તો વધારે કામ કરે અને વાજિબની સાથે સાથે સુન્નત કામો તરફ પણ અંજામ આપે; અને જો સુકુન ન હોય તો જેટલું કરી શકતો હોય કરે પણ વાજિબ કામોમાં કોઈ કમી નથી કરવાની અને તે કામોને છોડવાનો ઇખતિયાર નથી.

જો કોઈ સુન્નત કામો વધારે કરે પરંતુ મન વગર હોય એટલે બીજાના કહેવાથી કરે અથવા ખુલુસ અને અલ્લાહ તરફ ધ્યાન ન હોય ફક્ત લોકોને દેખાડવા માટે હોય તો તે અમલની અલ્લાહની બારગાહમાં કોઈ હેસિયત જ નથી.

એટલે જ હદીસોમાં સારા અને સરખા અમલ તરફ ધ્યાન ખેંચ્યું છે કે તમે જે પણ અમલ કરો થોડોક

કરો પણ સરખી રીતે કરો, મનથી કરો દિલ લગાવીને કરો તો અલ્લાહની બારગાહમાં કબૂલ પણ થશે; અને જો અમલ તો વધારે હોય પણ મન વગર હોય તો તે અમલનો જેવો અજર મળવો જોઈએ નહીં મળે.

ઇસ્લામમાં અમલની ગુણવત્તા અને ખાલિસ નિય્યત જોવામાં આવે છે ન કે તેનું પ્રમાણ કે કોણે વધારે કર્યો.

જે માણસ થોડોક અમલ કરે પણ ખુલુસે નીય્યત સાથે દિલથી અમલ કરે તો તેને બેહતરીન બદલો મળશે અને જે વધારે પ્રમાણમાં અમલ કરે પણ મનથી ન હોય અથવા દેખાડવા માટે કરે તો તે અમલનું મહત્વ નથી

રહેતું. આ વાત કુરાનમાં સુરે મુલક આયત ૨ માં બયાન કરવામાં આવી છે: "અલ્લાહ તમને મૌત અને ઝીંદગી આપી છે જેથી તમારી પરીક્ષા લેવામાં આવે કે તમારામાંથી કોણ છે જે બેહતરીન અમલ અંજામ આપે; અને અલ્લાહ તો ખુબ જ વધારે મહેરબાન અને માફ કરનાર છે." અહીંયા બેહતરીન અમલ તરફ ધ્યાન દેવાનું કહેવામાં આવ્યું છે.

અને ઇમામ સાદીક અ.સ. આ આયતની તફસીરમાં ફરમાવે છે: અહીંયા અમલ સારો અને સંપૂર્ણ છે કે નહીં તે જોવામાં આવશે.

ઇમામ અલી અ.સ. પત્ર નં ૬૯ માં હારિસ હમ્દાનીને ફરમાવે છે: "જ્યારે પણ ઇબાદતનો સમય આવે

ત્યારે દિલ તરફ ધ્યાન રાખો અને જેમ દિલ કહે તેવી રીતે કરો અને દિલને કોઈ પણ કામ કરવા માટે મજબૂર ન કરો અને જ્યારે દિલ ખુશ હોય અને દિલ લાગતું હોય ત્યારે અમલ કરો પરંતુ જે વાજિબ છે તેને તેના સમય ઉપર જરૂર અંજામ આપો અને તેનું ફરજિયાત ધ્યાન રાખો."

જો માણસ ચાહતો હોય કે તેને સુન્નત કામો તરફ મન લાગે તો તેને સમજીને કરવા જોઈએ જેમ જેમ મારેફત વધશે તેમ સુન્નત કામોમાં મન પણ વધારે લાગશે.

હિકમત ૩૧૩

કુરાનમાં બધી વસ્તુ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "કુરાનમાં તમારા પહેલાની ખબર અને તમારી પછીની ભવિષ્યવાણી, અને તમારા અત્યારના હાલતના હુકમ બયાન કરવામાં આવ્યા છે."

કુરાનમાં બધી જ વસ્તુનું બયાન છે એટલે કે અત્યાર સુધી જેટલી પણ વસ્તુ થઈ છે તેનું બયાન છે અને પછી જે કંઈ પણ થવાનું છે તેનું પણ છે અને હમણાં તમારે શું કરવાનું છે તેનો હુકમ પણ મૌજૂદ છે અને કેવી રીતે જીવન જીવવું તેનું પણ બયાન થયું છે.

૧. કુરાનમાં પહેલાની ખબર: નબીઓના ઇતિહાસ જેમ કે જનાબે આદમ અ., જનાબે યુસુફ અ.,

જનાબે યાકુબ અ., જનાબે ઇદરીસ અ., જનાબે મુસા અ., જનાબે ઇબ્રાહિમ અ., જનાબે ઇસા અ. વગેરે... ના બનાવો અને પહેલાની કૌમોનો ઇતિહાસ જેમ કે કૌમે લુત, કૌમે સમુદ, કૌમે યુનુસ વગેરે... કેવી રીતે જીવન જીવતા અને શા માટે તેઓ ઉપર અઝાબ આવ્યો. તેમજ જુદા જુદા બનાવો બયાન થયાં છે.

૨. કુરાનમાં ભવિષ્યની વાત: કબર, બરઝખ, કયામત વગેરે બયાન થઇ છે અને કુરાનની લગભગ ૨૦૦૦ આયતોમાં કયામત, મોત, બરઝખ વિષે યા તો સીધી રીતે અથવા ઈશારાઓ અને ટૂંકમાં બયાન થયું છે.

૩. હમણાં માટે કુરાનનો હુકમ: હમણાં તમારા માટે વાજિબ, હરામ, મુસ્તહબ, મકરૂહ અને મુબાહના એહકામ બયાન થયાં છે; એટલે કુરાનમાં બધી જ વસ્તુનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આ હદીસ ઇમામે તે સમયે બયાન કરી જ્યારે લોકો કુરાન છોડીને હદીસો ઉપર વધારે ધ્યાન આપતા હતા ત્યારે ઇમામ અ.સ. આ હદીસમાં ફરમાવે છે કે કુરાનમાં બધી જ વસ્તુની સંપૂર્ણ જાણકારી આપવામાં આવેલ છે અને જો કુરાન સમજવું હોય તો નબી સ.ની તે હદીસ કે જે ખૂબ જ મશહૂર હદીસે સકલૈન છે તેમાં આપણા છેલ્લા નબી ફરમાવે છે: "કે હું તમારી માટે બે

કિંમતી વસ્તુઓ મૂકીને જાઉં છું એક કુરાન અને બીજા મારા અહેલેબૈત અ. જેઓ આ બન્ને વસ્તુથી જોડાયેલા રહેશે તે કયામતના દિવસે હોઝે કવસર પર મારી સાથે મુલાકાત કરશે એટલે જે કોઈ આ બન્નેમાંથી કોઈ એકને છોડી દેશે તે મારી મુલાકાત નહીં કરી શકે અને જન્નતમાં પણ દાખલ નહીં થઈ શકશે."

હવે જે લોકોએ અહલેબૈત અ.ને મૂકી નવી નવી હદીસો પોતાના તરફથી ઘડવાનું શરૂ કર્યું હતું તો ઇમામ તેઓ માટે કહે છે: "કુરાનમાં બધી જ વસ્તુ બયાન કરવામાં આવી છે અને જો કુરાનની કોઈ પણ આયત સમજમાં ન આવે તો

અમો અહલેબૈત અ.થી પૂછો જેવી રીતે ઉપર હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. દર્શાવેલ છે. અમે તમને કુરાનની તફસીર સમજાવશું."

તો બધા જ કરતા પહેલા મુસલમાનો માટે જરૂરી છે કે કુરાનથી પોતાને જોડે; અને પછી રસુલની હદીસો તરફ જાય અને આપણા છઠ્ઠા ઇમામ અ.સ. ફરમાવે છે: "જો તમારે જોવું હોય કે કઈ હદીસ સાચી અને કઈ હદીસ ખોટી છે તો તે કુરાનની આયતોથી મેળવે. જો તે હદીસ કુરાનની આયતોથી મળતી હોય તો તે હદીસ સાચી છે નહીં તો ખોટી."

હિક્મત ૩૧૪

બુરાઈથી બદલો.

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "પથ્થર જ્યાંથી આવે ત્યાં જ પાછો ફેંકી દો કેમકે બુરાઈને દૂર કરવાનો રસ્તો સખ્તી સિવાય બીજું કંઇ નથી."

ઇસ્લામમાં એક કાનૂન છે જેનું નામ કેસાસ છે અને કેસાસમાં ઇસ્લામિક રીતે સજાનો બદલો સજાથી આપવામાં આવે છે. એટલે જો કોઈ ખૂન કરે તો જેણે ખૂન કર્યું તેનું ખૂન કરવામાં આવે; જો કોઈ એક લાફો મારે તો ઇસ્લામ તમને રજા આપે છે કે સામે વાળી વ્યક્તિને એક લાફો મારવામાં આવે; જો સામે વાળા વ્યક્તિ માટે કોઈ સખ્ત પગલાં ન લેવામાં આવે તો તે

બીજાઓ પર બેખૌફ અત્યાચાર કરીને પણ આરામથી રહેશે. આ ઇસ્લામી નિયમનો ફાયદો એ થશે કે દરેક માણસ કોઈ ઉપર ઝુલ્મ કરવા પહેલા વિચારશે.

કુરઆન સૂરએ બકરા આયત ૧૯૪ ના એક ભાગમાં આવ્યું છે: "જે કોઈ તમારા ઉપર અત્યાચાર કરે તમે પણ તેની ઉપર એ જ રીતે અત્યાચાર કરો અને અલ્લાહથી ડરતા રહો અને જાણી લો કે અલ્લાહ મુત્તકી અને પરહેઝગાર લોકોની સાથે છે."

એક બીજી આયત ૧૯૦ માં આવ્યું છે કે: "તમે અલ્લાહની રાહમાં તેમના સાથે જંગ કરો જે તમારાથી જંગ કરે, અને હદથી આગળ ન

વધો અલ્લાહ હદથી આગળ વધી જનારને દોસ્ત નથી રાખતો."

ઇસ્લામમાં સમાધાનનું પણ મહત્વ છે જો કોઈ તમારી સાથે સમાધાન કરવા ચાહે તો સમાધાન કરી લો.

સૂરએ અન્ફાલ આયત ૬૧ માં આવ્યું છે કે: "(અય રસુલ સ.!) જો તેઓ સુલેહ અને સમાધાન કરવા ચાહે તો તમે પણ સમાધાન કરી લો અને અલ્લાહ ઉપર ભરોસો કરો, બેશક તે બહેતરીન સાંભળનાર અને જોનાર છે."

જો કોઈ પોતાને બદલો લેવાથી બચાવવા ચાહે તો એક રસ્તો છે કે અમુક કિંમત ચૂકવીને પોતાને સજાથી બચાવી શકે છે. જેમ કે કોઈ એક ભાઈને કત્લ કરે અને

તેના બદલા રૂપે કતલથી બચવા ચાહે તો પોતાનો માલ આપીને રાજી કરી દે જેથી તેની જાન બચી જાય.

આ હદીસ તે લોકો માટે લાગુ પડે છે જે સમાજમાં ખરાબી કરવા ચાહતા હોય અને અમુક વખત સમજાવ્યા પછી પણ જો બુરાઈ કરતો રહે તો તેને સખ્તીથી રોકવામાં આવે અને જો તેનાથી પણ ન રોકાય તો તેણે તેના જેવી જ સજા આપવામાં આવે.

આજના ઝમાનામાં આ નિયમ તે જગ્યાએ લાગુ પડે છે જ્યાં મુજતહીદ જામેઉશ શરાએતની હુકુમત હોય.

હિક્મત ૩૧૫

સુંદર લખાણ.

ઇમામ અલી અ.સ. પોતાના તરફથી લખનાર ઓબદ્દુલ્લાહ બિન અબી રાફેઅને ફરમાવ્યું: "તમારી સહીમાં 'લીકાહ' (સહીના ખડિયામાં રાખવામાં આવતી વસ્તુ) નાખ્યા કરો, તમારી કલમની અણી લાંબી રાખ્યા કરો, લીટીઓ વચ્ચે અંતર રાખો અને અક્ષરોને સાથે મેળવીને લખો કેમકે તેનાથી લખાણ આકર્ષક અને સુંદર લાગે છે."

ઇમામ અ.સ. અહીંયા લખાણને સુંદર બનાવવા માટે ચાર વસ્તુ બયાન કરે છે.

જૂના જમાનામાં લખાણ લખવા માટે એક નાનું વાસણ લેતા જેને આપણે ખડિયો કહી શકીએ તેમાં

કાળી સહી નાખતા અને તે કલમમાં સહી વધારે ન લાગી જાય. જો સહી કલમમાં વધારે લાગી જાય તો લખાણ બગડી જાય અને કાગળ ખરાબ થઈ જાય. તે માટે ઇમામ અ.સ. એક સારી રીત સમજાવે છે: "તમે તે સહીમાં એક લીકાહ નાખો." લીકાહ એક કાપડ અથવા રૂ છે જે સહીમાં નાખવામાં આવે તો સહી કલમમાં જરૂરત પૂરતી જ લાગે છે અને લખનાર સરખી રીતે લખી શકે છે; બીજું કે તેનાથી સહીનો બગાડ ન થાય.

જ્યારે લખો લીટી વચ્ચે અંતર રાખવામાં આવે જેથી ખબર પડે કે બીજી લાઈન કઈ છે અને ક્યાંથી શરૂ થાય છે કેમકે પહેલાના

સમયમાં સાદો કાગળ રહેતો અત્યારે લાઈન વાળો હોય છે તેવા કાગળ ન હતા. એટલે ક્યારેક ક્યારેક વાંચવા વાળાને ખબર પણ ન રહેતી. એટલે ઇમામ અ.સ. કહે છે: "જ્યારે લખો તો લીટી વચ્ચે અંતર રાખો જેથી પઢવા વાળાને વાંધો ન આવે અને અલગ અલગ લાઈનમાં લખ્યું હોય તો લખાણ પણ સુંદર લાગે."

કુરાનમાં સૂરએ કલમ આયત ૧ માં પણ કલમનો ઝિક્ર થયો છે. અલ્લાહ ફરમાવે છે: કલમની કસમ અને જે કલમ લખે છે તે વસ્તુની કસમ.

અને તરતીબી લિહાજથી રસૂલે ખુદા સ.અ.વ. ઉપર જે પહેલો સુરો

નાઝિલ થયો એ સુરે અલક માં અલ્લાહ ફરમાવે છે આયત ૧ થી ૫: અલ્લાહના નામથી પઢો કે આ બધી જ વસ્તુ બનાવી અને જેણે કલમ થકી તાલીમ આપી અને ઇન્સાન જે કંઈ પણ નહોતો જાણતો તે શીખવાડ્યું.

તો જ્યારે પણ લખો ઇમામની આ વાતને હંમેશા યાદ રાખો. સારું લખો, સુંદર લખો, અંતર સાથે લખો, અક્ષરો...

હિકમત ૩૧૬

મોમિનોના સરદાર અને...

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "હું ઇમાનદાર (મોમિનો)નો યાસુબ (સરદાર) છું અને માલ બેદીન લોકોનો સરદાર છે."

સય્યદ રઝી ર.અ., જેઓ નહ્જુલ બલાગાહ ભેગી કરી અને આપણી સામે પેશ કરી જે એક મહાન આલિમ-એ-દીન હતા, આ હદીસનો અર્થ બયાન કરે છે કે મોમિનો મારી પેરવી કરે છે અને બેદીન માલની પેરવી કરે છે; જેવી રીતે મધમાખી તેના સરદારના કહેવા મુજબ ચાલે છે.

અરબી ભાષામાં મધમાખીના સરદારને યાસુબ કહેવામાં આવે છે.

આ હદીસમાં લોકોના બે ભાગ કરવામાં આવ્યા છે. એક ઇમાનદાર જેઓ ઇમામની પેરવી કરે અને ઇમામ અ.સ.ની વાતોને માને; અને બીજા બેદીન, ગુનેહગાર જેઓનો મકસદ ફક્ત માલ અને દોલત હોય

છે. તે દરેક વસ્તુને ફક્ત માલની નજરથી જોતા હોય છે.

મધમાખી જ્યાં મધ બનાવે ત્યાં બધી મધમાખીઓના વચમાં એક તેમનો લીડર હોય છે જેને અરબી ભાષામાં યાસુબ કહેવાય છે. તેની ઘણી ખાસિયતો અને ખૂબીઓ બયાન થઈ છે. જ્યારે તે મધ લેવા માટે ઉડે છે તો તેની સાથે સાથે અને પાછળ પાછળ બીજી ઘણી બધી મધમાખીઓ પણ ઉડે છે. તેઓ ખુશબુદાર અને સારા ફૂલમાંથી રસ ચૂસે છે અને તેને એક ખાસ જગ્યા ઉપર ભેગું કરે છે અને સરસ મજાનું મધ બને છે. પણ જ્યારે બધી જ મધમાખીઓ ફૂલમાંથી રસ લઈને આવે છે ત્યારે મધમાખીઓના

સરદાર (યાસુબ) બધી જ મધમાખીને તપાસે છે કે જે ફૂલના રસને લઈ આવી છે તે સારા ફૂલનો રસ છે કે કોઈ ખરાબ ફૂલનો. જો ખરાબ રસ લાવી હોય તો યાસુબ તેને મધ જમા કરવા અંદર જવાની રજા નથી આપતી.

ઇમામ અ.સ. પોતાને યાસુબ સાથે સરખાવીને એ જ સમજાવી રહ્યા છે કે જે કોઈના આમાલમાંથી અલ્લાહની પેરવીની ખુશ્બુ આવતી હશે તેને પોતાના ચાહવાવાળા ગણશે અને તેના પોતે સરદાર અને ઇમામ છે.

અને જેઓ અલ્લાહની નાફરમાની કરે છે તેને માલ અને

દોલતના હવાલે કરી દેવામાં આવશે કેમકે માલ ગુનેહગારોનો સરદાર છે.

માલ દૌલતની મહોબ્બત એટલી ખતરનાક હોય છે કે તેના લીધે ઝમાનાના ઇમામને પણ છોડી દે છે જેમ કે ઇતિહાસમાં મળે છે કે

જેઓ માલ અને દોલતના ભૂખ્યા હતા તેઓ ઇમામને છોડીને મુઆવિયા પાસે ચાલ્યા ગયા.

એ જ પ્રમાણે નબીઓ તથા અવલિયાએ ખુદાને છોડીને ઝાલિમ બાદશાહોના પાસે ચાલ્યા જાય છે.

માલની મહોબ્બત ઇમામ અ.સ., નબીઓ તેમજ અવલિયાએ ખુદાથી દૂર કરી દીધા અને તેમના સામે જંગ માટે તૈયાર થઈ ગયા.

ઇમામ અલી અ.સ.થી જે મોહબ્બત દુનિયા અને આખેરતમાં ફાયદો પહોંચાડે છે. અલી અ.સ.ની મોહબ્બતની કિંમત દુનિયાની કોઇ વસ્તુ નથી થઇ શકતી જેથી કોઇ વસ્તુના બદલામાં વેચવી જોઇએ નહીં.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "મારી પછી જલ્દી એક ફિતનો થશે ત્યારે બે વસ્તુથી જોડાયેલા રહો અને આ બંને વસ્તુથી કોઇ દિવસ જુદા થશો નહીં; કુરઆન અને અલી ઇબ્ને અબી તાલિબ અ.સ." ત્યાર પછી ઇમામ અલી અ.સ.નો હાથ ઊંચો કરી રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવ્યું કે: "આ અલી તે છે જે એ બધા જ કરતાં પહેલાં મારો સાથ

આપ્યો અને કયામતના દિવસે મારી પાસે બધા કરતાં પહેલાં મુસાફેહો કરશે અને અલી મારી ઉમ્મતના ફારૂક છે એટલે હકને બાતીલથી જુદા કરનાર, અને મોમિનો માટે યાસુબ (સરદાર) છે અને ઝાલિમો માટે તેનો માલ સરદાર છે."

કુરઆન મજીદમાં સૂરએ અન્ફાલ આયત ૧૨માં પણ દુશ્મનો સામે મુસલમાનની તાકાત વિષે અને દુશ્મનોના ડર વિષે બયાન કરવામાં આવ્યું છે: અને તે સમયને યાદ કરો; જ્યારે તમારો પરવરદિગાર ફરિશ્તાઓને વહી કરી ફરમાવે છે કે તમે ઇમાન લાવનારને સાબિતકદમ રાખો હું તમારી સાથે છું અને બહુ જ જલ્દી કાફિરોના

દિલોમાં ડર નાખી દેવામાં આવશે એટલે તમો તેઓની ગરદન ઉપર વાર કરો અને તેઓના હાથ-પગ ઉપર વાર કરો.

અને રસૂલે ખુદા સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે: "અલ્લાહે અમારા વિરોધીઓના દિલમાં અમારો ડર નાખેલ છે એટલે અમે જીત મેળવીએ છીએ."

અને જ્યારે આપણા છેલ્લા ઇમામ હઝરત મહેદી અ.ત.ફ.શ. નો ઝુહૂર થશે ત્યારે આપ પણ આવી જ રીતે જીત મેળવશે; કેમકે અલ્લાહ દુશ્મનોના દિલમાં ઇમામનો ડર નાખી દેશે અને જેઓ ઇમામની સામે જંગમાં આવશે તેઓ ઇમામના ડર

અને બહાદુરીના લીધે મોતને ગળે લગાડશે.

અને મુસલમાનોની બધી જ જંગમાં દુશ્મનો મુસલમાનોની જીતની વાતો સાંભળી પહેલેથી હાર સ્વીકારી લે છે અને મુસલમાન આવી રીતે બધી જ જંગ જીતેલ છે.

હિકમત ૩૧૭

લોકોના ભડકાવવામાં ન આવવું

અમુક યહુદી ઇમામ અલી અ.સ. પાસે આવે છે અને કહે છે: "હજુ તો હમણાં જ નબી સ.ને દફન કર્યા અને તેમના વિષે તમારામાં ઇખ્તિયાફ થઈ ગયો."

ઇમામ અલી અ.સ. તેને જવાબ આપે છે: "અમારામાં નબી માટે ઇખ્તિયાફ નથી થયો તેમના પછી જાનશીની માટે ઇખ્તિયાફ થયો છે;

પરંતુ તમો તો તે લોકો છો કે જેઓ હજુ દરિયાએ નીલમાંથી બહાર આવીને તમારા પગ પણ સૂકા ન થયા હતા કે તમે તમારા નબીને કહેવા લાગ્યા કે: 'અમારા માટે પણ એક એવો ખુદા બનાવો જેવો આ લોકો પાસે હતો' (એટલે મૂર્તિ બનાવો)." ત્યારે જનાબે મુસા અ.સ.એ આ લોકોને કહે છે: "ખરેખર તમો એક જાહિલ અને અભણ કોમ છો."

યહુદીઓનું કામ જ હતું કે મુસલમાનોને કોઈ પણ રીતે પરેશાન કરતા રહે. તેમાંથી એક યહૂદી ઇમામ અ.સ.ને પરેશાન કરવા માટે આ શબ્દો કહે છે. ઇમામે પણ તેને

એવો જવાબ આપ્યો કે મોઢું બંધ થઈ ગયું.

યહુદી કોમ એક ઝિદ્દી કૌમ છે જેમને જનાબે મુસા અ.સ.એ ઘણા બધા મોઅજિઝા દેખાડ્યા તો પણ છેવટે આ લોકો ખુદાને ભૂલી મૂર્તિ બનાવવા માંગતા હતા એટલે જ જનાબે મુસા અ.સ.એ કીધું કે ખરેખર તમો એક જાહિલ કૌમ છો અને જાહિલને તમે સારી વસ્તુ શીખવાડો તો પણ તે લોકો પોતાની જૂની પરંપરાને છોડવા તૈયાર થતો નથી; અને કહે છે કે અમારા બાપ-દાદાના સમયથી આમજ થતું આવ્યું છે તેમાં કોઈ પ્રકારનો ફેરફાર નહીં કરીએ અને તેમજ કરતા રહીશું.

જ્યારે કે આવો વિચાર અક્કલ અને શરીયતના વિરુદ્ધ છે. અલ્લાહના દીનમાં અલ્લાહની શરીયત મુજબ જ અમલ કરવાનો હોય છે. અને પોતાની મરજી ઉપર કામ કરવાની મનાઈ કરવામાં આવી છે.

ઇમામ અ.સ. અહીંયા તે યહુદીને સમજાવે છે કે અમે અલ્લાહ વિષે ઇખ્તિયારૂ નથી કર્યો અને નબી વિષે પણ ઇખ્તિયારૂ નથી કર્યો; પણ તમે લોકો તો તે છો જે ખુદાનો પણ ઇનકાર કર્યો અને નબીનો પણ ઇનકાર કર્યો.

ત્યારે યહુદી ઇમામ અ.સ.નો આ જવાબ સાંભળીને મુસલમાન થઈ ગયો.

ઇમામ અ.સ.ના આ જવાબથી આપણને એ સંદેશો મળે છે કે જ્યારે કોઈ નાદાન તમારામાં ઇખ્તિયાફ કરાવવા માંગે તો તમે તેની ભાષામાં તેને જોરદાર જવાબ આપો અને આપસમાં કોઈ દિવસ ઇખ્તિયાફ કરો નહીં.

હિકમત ૩૧૮

જંગમાં ઇમામની જીત

ઇમામ અલી અ.સ.ને કોઈ પૂછે છે કે: "તમે કેવી રીતે મુકાબલામાં સામેવાળી વ્યક્તિને હરાવી દો છો?"

તો આપ હઝરત જવાબમાં ફરમાવે છે: "હું જેની સાથે પણ મુકાબલો કરું છું તે પોતાની વિરુધમાં જઈ મારી મદદ કરે છે."

સય્યદ રઝી ર.અ. ફરમાવે છે: ઇમામ અલી અ.સ. અહીંયા પોતાની હયબત અને બહાદુરી તરફ ઇશારો કરી રહ્યા છે.

એટલે જે લોકો પણ મૈદાનમાં ઇમામ સામે લડવા આવતા તેઓને પહેલેથી ખબર હોય છે કે ઇમામ કેટલા બહાદુર છે અને તેઓના દિલોમાં પહેલેથી જ ઇમામની તાકાતનો ડર અને ખોફ બેઠેલો હોય છે અને જ્યારે તે ઇમામની સામે આવે છે તેના દિલમાં જે ડર હોય છે તે ડરના લીધે તે હારી જાય છે અને ઇમામ જીત મેળવે છે; કેમકે ઇમામ જેટલી પણ જંગમાં ગયા છે બધી જ જંગમાં ઇમામ જીત મેળવે છે અને સામેવાળા વ્યક્તિને જહન્નમ

ભેગો કરે છે; એટલે બધા જ લોકોના દિલમાં ડર ફેલાયેલો હતો અને ઇમામની બહાદુરી બધા લોકોમાં મશહૂર હતી.

કુરઆન મજીદમાં સૂરએ અન્ફાલ આયત ૧૨માં પણ દુશ્મનો સામે મુસલમાનની તાકાત વિષે અને દુશ્મનોના ડર વિષે બયાન કરવામાં આવ્યું છે: અને તે સમયને યાદ કરો; જ્યારે તમારો પરવરદિગાર ફરિશ્તાઓને વહી કરી ફરમાવે છે કે તમે ઇમાન લાવનારને સાબિતકદમ રાખો હું તમારી સાથે છું અને બહુ જ જલ્દી કાફિરોના દિલોમાં ડર નાખી દેવામાં આવશે એટલે તમો તેઓની ગરદન ઉપર

વાર કરો અને તેઓના હાથ-પગ ઉપર વાર કરો.

અને રસૂલે ખુદા સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે: "અલ્લાહે અમારા વિરોધીઓના દિલમાં અમારો ડર નાખેલ છે એટલે અમે જીત મેળવીએ છીએ."

અને જ્યારે આપણા છેલ્લા ઇમામ હઝરત મહેદી અ.ત.ફ.શ. નો ઝુહૂર થશે ત્યારે આપ પણ આવી જ રીતે જીત મેળવશે; કેમકે અલ્લાહ દુશ્મનોના દિલમાં ઇમામનો ડર નાખી દેશે અને જેઓ ઇમામની સામે જંગમાં આવશે તેઓ ઇમામના ડર અને બહાદુરીના લીધે મોતને ગળે લગાડશે.

અને મુસલમાનોની બધી જ જંગમાં દુશ્મનો મુસલમાનોની જીતની વાતો સાંભળી પહેલેથી હાર સ્વીકારી લે છે અને મુસલમાન આવી રીતે બધી જ જંગ જીતેલ છે.

હિકમત ૩૧૯

ગરીબી અને મોહતાજી

ઇમામ અલી અ.સ. પોતાના ફરઝંદ મુહમ્મદ ઇબ્ન હનફિયાને ફરમાવે છે: "અય ફરઝંદ! હું તારી ગરીબી વિષે ડરું છું. જેથી ગરીબીથી બચવા અલ્લાહ પાસે પનાહ માંગો; કેમકે ગરીબી દીન અધૂરો કરી દે છે (નુકસાન પહોંચાડે છે) અને અક્કલને પરેશાન કરે છે અને લોકોની નફરતનું કારણ બને છે."

અહીંયા ફરઝંદનું નામ લઈ ઇમામ અ.સ. આપણને ફરમાવે છે

અને સમજાવે છે કે ગરીબીથી ડરો અને અલ્લાહ પાસે ગરીબીથી બચવા માટે મદદ માંગો. જ્યારે ઇન્સાન ગરીબ થઈ જાય છે તો તેને દીન પ્રત્યે મોહબ્બત ઓછી થઈ જાય છે અને શૈતાન તેને બહેકાવી દીનથી દૂર કરવાની કોશિશ કરે છે અને તે ધીમે ધીમે દીનથી દૂર થતો જાય છે અને પછી તેને નુકસાન ભોગવવું પડે છે.

અને તેનું દિમાગ ઠેકાણે રહેતું નથી. એટલે હંમેશા પોતાની જરૂરતો કેવી રીતે પૂરી કરવી તેના વિચારમાં વ્યસ્ત રહે છે જેના લીધે સુકૂન અને શાંતિ ખતમ થઈ જાય છે. અને ગરીબ લોકો ઉપર એક એ પણ મુસીબત આવે છે કે લોકો

તેનાથી દૂર ભાગે છે અને નફરત કરવા લાગે છે.

અને ક્યારેક એવું પણ બને છે કે કોઈ શખ્સ ગરીબ હોય તો તે અમીર બનવા માટે હરામ કામમાં મશગુલ થઈ જાય છે તેના લીધે દીનને નુકસાન પહોંચાડે છે અને

શૈતાન જાત જાતના વસવસા નાખે છે જેથી અલ્લાહ ઉપરથી ભરોસો ખતમ થઈ જાય છે અથવા તો કમજોર થઈ જાય છે; તેનું ઇમાન પણ કમજોર થઈ જાય છે. જ્યારે કે ગરીબ હોવાના ઘણા બધા કારણો હોય શકે છે. અમુક લોકો મહેનત નથી કરતા અથવા જેવી મહેનત કરવી જોઈએ તેવી નથી કરતા. અમુક લોકોનું રિઝક બીજા

લોકો લૂંટી લે છે, હક ખાઈ જાય છે. તો જ્યારે પણ ઇન્સાન ગરીબ હોય ત્યારે તે હંમેશા અલ્લાહ પાસે દુઆ માંગે કે તેને શૈતાની વિચારથી બચાવીને રાખે વગેરે...

અને જ્યારે ઇન્સાન પાસે ગરીબી આવી જાય છે તો તેની અક્કલ બરાબર કામ નથી કરતી; કેમકે ભૂખના લીધે ઇન્સાનની વિચારવાની શક્તિ ઓછી અથવા ખતમ થઈ જાય છે.

અને લોકો પણ ગરીબ ઇન્સાનથી દૂર થવા લાગે છે અને આ ગરીબ ઇન્સાન પણ જ્યારે જુએ છે કે તેની સમાજમાં કોઈ ઇઝ્ઝત નથી એટલે તે પણ સમાજથી દૂર થવા લાગે છે.

અમુક જગ્યા ઉપર હદીસમાં અમીરો માટે પણ યોગ્ય વ્યાખ્યા નથી કરવામાં આવી. તો શું આપણે અમીર હોવું જોઈએ કે ગરીબ?

તો જવાબ રૂપે કે એટલું રિઝક હોવું જોઈએ કે કોઈની પાસે હાથ ફેલાવવાની જરૂરત ન પડે અને આપણી અને આપણા કુટુંબની જરૂરત પૂરી કરી શકીએ. જો ગરીબ હોય તો તે ઇસ્લામમાં કોઈ ખરાબ વસ્તુ નથી. જો તે ફક્ત નેક કામમાં ખર્ચ કરવાની નિય્યત કરશે તો પણ અલ્લાહ તેને અજર આપશે અને અમીર જ્યારે ખર્ચ કરશે ત્યારે અજર મળશે.

તે અમીરી જેનાથી લોકોને ફાયદો થતો હોય, સમાજમાં ઉન્નતિ

આવતી હોય, દીન માટે તેનો માલ કામ આવતો હોય તો તેની અમીરી પણ ઇબાદત કહેવાશે.

અને જો એક અમીર ફક્ત પોતાના માલને એટલા માટે વધારે કે લોકો ઉપર ફખર કરે; અથવા લોકોના સામે દેખાવ કરે; યા તેના તે માલો દૌલત થકી ઘમંડી બની જાય તો પણ જો વધારે માલ આવી જાય તો આવી અમીરીની આલોચના કરવામાં આવી છે અને તેનું ઉદાહરણ કુરઆન મજીદમાં કારૂનનું મળે છે જે પોતાના માલો દૌલતના ઘમંડમાં નબી મુસા અ.સ. ઉપર ખોટા ખોટા આક્ષેપો કર્યા, લોકો સામે બેઇઝઝતી કરવાની કોશિશ કરી...

જો આ પ્રકારની અમીરી હોય તો અલ્લાહની પનાહ ચાહીએ.

"અય અલ્લાહ! તમામ મુસલમાનોની ગરીબીની હાલતને અમીરીથી બદલી આપ."

હિકમત ૩૨૦

સવાલ શા માટે પૂછવો?

ઇમામ અલી અ.સ. પાસે એક માણસ અઘરો સવાલ પૂછે છે તો આપ અ.સ. તેને આ રીતે જવાબ આપે છે: "સમજવા માટે સવાલ પૂછો, મૂંઝવણ વધારવા માટે ન પૂછો કેમકે જે જાહિલ શીખવા માંગે છે તે આલિમ જેવો મરતબો રાખે છે; અને જે આલિમ મૂંઝવણ ફેલાવવા ચાહે છે તે જાહિલ જેવો છે."

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં સવાલ કરવાનો એક સરસ

મજાનો મકસદ બયાન ફરમાવે છે કે જ્યારે સવાલ પૂછો સમજવા અને શીખવા માટે હોવો જોઈએ; લડાઈ-ઝઘડા માટે ન હોવો જોઈએ; સવાલ કોઈને મૂંઝવણમાં નાખવા માટે ન પૂછવો જોઈએ.

સવાલ કરનાર લોકો બે પ્રકારના હોય છે.

૧. જેને નથી આવડતું અને શીખવા માટે પૂછે છે તો તેને ઇલ્મ મળશે અને તે આલિમ જેવો બની જાય છે. આલિમ એટલે જાણકાર, જ્ઞાની.

૨. અમુક લોકો જાણે છે છતાં બીજાને પારખવા માટે સવાલ પૂછતા હોય છે તો તે જાહિલ છે.

ઇમામના સમયમાં અમુક લોકો પોતાની જેહાલત દેખાડવા માટે એવા એવા સવાલ પૂછતા કે ખબર પડી જતી કે આ લોકોના સવાલ બસ ખાલી પરેશાન કરવા માટે છે. એક માણસ ઇમામને પૂછે છે કે: "યા ઇમામ! મારી દાઢીમાં કેટલા વાળ છે?" તો ઇમામ ફરમાવ્યું કે: "જો હું તને જવાબ આપુ તો શું તું ગણી શકવાનો છે?"

સવાલ કોઈ વસ્તુ શીખવા માટે અને સમજવા માટે પૂછવામાં આવે તો તે સારી વસ્તુ કહેવાય; પણ જો કોઈને પરેશાન કરવા માટે પૂછવામાં આવે તો તે યોગ્ય ન ગણાય.

ઇમામે તે જાહિલ કે જે શીખવા માટે કોશિશ કરે તેનો દરજ્જો

આલીમ જેવો બયાન કર્યો અને જે જાણકાર કે આલીમ ફક્ત મૂંઝવણમાં નાખવા માટે સવાલ કરે તો તેને જાહિલ જેવો ગણવામાં આવ્યો છે.

હિક્મત ૩૨૧

ઇમામ અલી અ.સ.ને સલાહ

અબ્દુલ્લાહ ઇબ્ન અબ્બાસ કોઈ કામ વિષે ઇમામ અલી અ.સ.ને સલાહ આપી, જે ઇમામ અલી અ.સ.ના વિચાર વિરુદ્ધ હતું. તેના જવાબમાં ઇમામે ફરમાવ્યું કે: "તમારું કામ સલાહ આપવું છે. ત્યાર પછી શું કરવું તે મારા હાથમાં છે. જો તમારી સલાહને ન માનું તો તમારા માટે જરૂરી છે કે મારી વાતને માનો."

ઇમામ અલી અ.સ.ના હાથમાં જાહેરી ખિલાફત આવી ત્યારે

પોતાના અનુભવ મુજબ અબ્દુલ્લાહ ઇબ્ન અબ્બાસે ઇમામ અલી અ.સ.ને સલાહ આપે છે કે: "તલ્હા અને ઝુબૈરને કુફાની હુકુમત આપી દો, અને હમણાં શામમાં મુઆવિયાને જ હાકિમ રહેવા દો જ્યારે તમારી હુકુમત મજબૂત થઈ જાય ત્યારે હટાવી લેજો." અબ્દુલ્લાહ ઇબ્ન અબ્બાસ જોઈ રહ્યા હતા કે આ લોકો ફિતનો કરશે અને લોકોમાં વિખવાદ ઊભો કરશે તો તે ભલે હમણાં હુકુમત કરે અને મૌલાની નવી નવી હુકુમત છે તો અમુક દિવસમાં મજબૂત થઈ જશે તો તેમને હટાવીને બીજા કોઈને સોંપી દેવામાં શું વાંધો છે; અને આ સલાહ ઇમામ અ.સ.ના હમદર્દીમાં આપી હતી.

તેના જવાબમાં ઇમામે ઉપરોક્ત કલામ બયાન ફરમાવ્યા. ઇમામે એ કલામથી સમજાવી દીધું કે લોકો મારો વિરોધ કરશે કે મને શાબાશી આપશે એ નથી જોવાનું બલ્કે એ તરફ ધ્યાન રાખવાનું છે કે જે પ્રજા પર ઝુલ્મ કરે તેવો ઝાલિમ હાકિમ મારી હાજરીમાં ન હોવો જોઈએ અને જો તે ઝુલ્મ કરશે તો તેનો જિમ્મેદાર કોણ હશે?

ઇમામ અલી અ.સ.ની આ હદીસ પર આજના ઝમાનામાં દરેક નાનો-મોટો ઓહદો સંભાળનારને વિચારવાનું છે કે જો હું કોઈનું ખરાબ નથી કર્યું એ સારી વાત છે; પરંતુ તમારા હાથ નીચે કામ

કરનારના અત્યાચારથી રાજી રહેવું તેના ઝુલ્મમાં ભાગીદાર કહેવાશો.

ઇમામ અ.સ. છેલ્લા વાક્યમાં ફરમાવ્યું કે: "જો તમારી વાત ન માનું અને હું જો હુકમ આપું તો તમારા ઉપર વાજિબ છે કે મારી ઇતાઅત કરવામાં આવે. એવું ન બને કે મારી વાત નથી માની તો તમે વિરોધ કરવા લાગો."

ઇમામ અ.સ.નું કામ લોકોને જોઈને યા કોઈ મસ્લહતમાં નથી રહેતું બલ્કે અલ્લાહની મરજી મુતાબિક હોય છે; તેથી ઇમામનો વિરોધ નબી સ.અ.વ.નો વિરોધ ગણાશે અને નબી અ.સ.નો વિરોધ અલ્લાહનો વિરોધ કહેવાશે.

હિકમત ૩૨૨

કુફાની સ્ત્રીઓ

ઇમામ અલી અ.સ. જંગે સિફ્ફીનથી પાછા ફરતી વખતે જ્યારે કુફા પહોંચ્યા તો શબ્બામ કબીલાના મોહલ્લાથી પસાર થયા જ્યાં સિફ્ફીનના શહીદો ઉપર સ્ત્રીઓ રડી રહી હતી. તે અવાઝ બહુ જ સખત હતી જે ઇમામ અ.સ.ના કાનોમાં પડી. તેવામાં હર્બ ઇબ્ન શરહબિલ જે કૌમનો લીડર હતો ઇમામના પાસે આવ્યો તો ઇમામે તેણે ફરમાવ્યું:

"શું આ સ્ત્રીઓ ઉપર તમારી વાતોનો અસર નથી થતો કે હું તેમની રોવાની અવાજ સાંભળી રહ્યો છું? શા માટે તેમને આ મુજબ રોવાથી રોકતા નથી?"

હર્બ આગળ વધીને ઇમામના સાથે પગપાળા ચાલવા લાગ્યો જ્યારે કે ઇમામ સવારી પર સવાર હતા. ઇમામે ફરમાવ્યું:

"તમે ચાલ્યા જાવ; કેમકે આ રીતે હાકિમ માટે ફિતનો અને મોમિન માટે ઝિલ્લતનું કારણ બને છે." એટલે જે સવારી ઉપર હોય તેનામાં ઘમંડ આવી જાય છે અને પોતે એમ સાબિત કરવા માંગે છે કે લોકોના આગળ પાછળ રહેવાના લીધે હું બીજા મોમિનોથી વધારે બુલંદ છું પછી મોમિનોને ઝલિલ સમજવા લાગે છે તેથી ઇસ્લામ આવી દરેક વસ્તુઓ જેના લીધે મોમિનોની હલકાઈ થાય મનાઈ કરી છે.

આવા કામોથી જે હાકિમ હશે તેનામાં ઘમંડ વધશે અને મોમિન પોતાના અંદર નીચા હોવાનો એહસાસ કરવા લાગશે.

હિકમત ૩૨૩

જંગે નહરવાન

જ્યારે ઇમામ અલી અ.સ. જંગે નહરવાનમાં ખવારિજના કત્લ થયેલા લોકો પાસેથી પસાર થયા તો ફરમાવ્યું:

"તમારા માટે હલાકત અને બરબાદી છે! જે તમને છેતર્યા તે તમને નુકસાન પહોંચાડ્યું છે."

કોઈએ પૂછ્યું કે: "અય અમીરુલ મોમિનિન! કોણ તેમને છેતર્યું?"

ઇમામે ફરમાવ્યું: "ગુમરાહ કરનાર શયતાન, બુરાઈ તરફ લઈ જનાર નફ્સ કે જે આશાઓથી

છેતર્યું, અને ગુનાહોનો રસ્તો ખોલી આપ્યો, અને કામયાબીનું તેમણે વચન આપ્યું અને દોઝખમાં ફેંકી દીધો."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં ખવારિજ વિષે બયાન ફરમાવે છે. ખવારિજ જે નાદાન અને ગાફિલ, કટ્ટર અને પોતાને સૌથી સારા સમજનારા હતા; જાહેરમાં ઇબાદત કરનારા પરંતુ દિલમાં ઇમામ અલી અ.સ. અને તેમના ચાહવાવાળાઓ પ્રત્યે બેહદ દુશ્મની રાખનાર. તેઓ ઇમામ અલી અ.સ.ના સામે જંગ લડી; તેમનું સપનું હતું કે ઇરાક અને તેના આજુબાજુમાં હુકુમત કરે. તે હુકુમત હાસલ કરવા માટે ખોટી રીતે

બેગુનાહ સ્ત્રીઓ, બચ્ચાઓ અને પુરુષોને કત્લ કરવા લાગ્યા. તે લોકોને ઇમામ અલી અ.સ. ઘણી વખત નસીહતો કરી, પયગામ મોકલ્યા તેથી અમુક લોકો ઇમામ અ.સ.ની નસીહત કબૂલ કરી અને અમુક લોકો ઇમામ અલી અ.સ. સાથે જંગ કરી. તે જંગમાં તેઓના ઘણા માર્યા ગયા. પછી ઇમામ અ.સ. જ્યારે તેઓની લાશો તરફથી નીકળ્યા તો એ લોકો ઉપર અફસોસ કરે છે અને તેમની ગુમરાહી બદલ હલાકતની વાત કરે છે; અને આ લોકો શા માટે ગુમરાહ થયા તેના બે કારણ બતાવે છે.

સૌથી પહેલું કારણ શૈતાનના ગુમરાહીમાં આવી ગયા. કુરઆન

મજીદમાં વારંવાર યાદી અપાવવામાં આવી છે કે શૈતાન મોટો દુશ્મન છે તે જુદી જુદી રીતે બહેકાવે છે.

કુરઆન મજીદમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે કોના ઉપર શૈતાન હાવી નથી થઈ શકતો: "અલ્લાહ ઉપર ઇમાન રાખનાર અને અલ્લાહ ઉપર ભરોસો કરનાર".

અને કોના ઉપર શૈતાન હાવી થાય છે: "જે લોકો શૈતાનને પોતાનો વાલી માને છે અને જે અલ્લાહમાં શરીક કરે છે." (સૂરએ નહલ આયત ૯૯-૧૦૦).

ઇમામ અ.સ. આગળ બયાન ફરમાવે છે કે શૈતાન નફ્સમાં લાંબી લાંબી આશાઓ નાખીને ગુમરાહ કરે છે; ગુનાહના રસ્તા સાફ કરે છે

અને તે ગુનાહના કામો કરવાને કામયાબીની ખુશખબરી આપે છે જ્યારે કે તે કામયાબી નથી બલ્કે જહન્નમ તરફ ધકેલે છે.

ઇમામે બતાવી આપ્યું કે શૈતાનના રસ્તાથી, ગુનાહના રસ્તાથી કોઈ કામયાબ નથી થઈ શકતું. ગુનાહના રસ્તાથી ભલે જાહેરી કામયાબી દેખાય પરંતુ તે છેલ્લે દોઝખમાં ફેંકવામાં આવશે.

હિકમત ૩૨૪

ગવાહ અને ફૈસલો કરનાર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "એકાંતમાં ગુનાહ કરવાથી બચો કેમકે જે ગવાહ છે તે જ ફૈસલો કરનાર છે."

ઇમામ અલી અ.સ. આ નાના એવા વાક્યમાં તે વસ્તુ તરફ ઇશારો

કર્યો છે કે જેનાથી ઘણા લોકો ગાફિલ છે અથવા પોતે જ ગફલતમાં પડ્યા છે. ઘણા લોકો ખાસ કરીને જેમને લોકો મુત્તકી અને પરહેઝગાર સમજે છે તેઓ જાહેરમાં તો ગુનાહથી પોતાને બચાવતા હોય છે પરંતુ એકાંતમાં ગુનાહથી નથી બચતા. આવા લોકોને ઇમામ ખબરદાર કરે છે કે એકાંતમાં પણ અલ્લાહની નાફરમાની અને ગુનાહથી બચો કેમકે ત્યાં પણ ખુદા તમારા કરતુતોનો ગવાહ છે ભલે લોકો ન જોતા હોય પરંતુ ખુદા તમને જોઈ રહ્યો છે; અને ઇમામ આગળ ફરમાવ્યું કે જે ખુદા જોઈ રહ્યો છે તે જ તમારા વિષે હુકમ કરવાવાળો

છે, તે જ તમારા કામોનો ઇન્સાફ કરવાવાળો છે.

જ્યારે કોઈ મામૂલી ફૈસલો કરવામાં આવે તો તેના માટે ત્રણ લોકોની જરૂરત પડે છે:

ગવાહ, ફૈસલો કરનાર, હુકમ જારી કરવો.

જો કોઈ ગવાહી આપે તો ફૈસલો કરનાર બની શકે છે કે ગવાહીને કબૂલ ન કરે, શક અથવા ભૂલના લીધે ગવાહી કબૂલ ન કરે. પરંતુ જ્યાં ગવાહ અને ફૈસલો આપનાર એક જ હોય તો બીજા કોઈની ગવાહીની જરૂરત નથી. તે ગવાહી કોઈ કારણસર બેકાર પણ નહીં થાય.

અલ્લાહ દરેક જગ્યા છે તેના વિષે કુરઆન મજીદમાં અલ્લાહ ફરમાવે છે કે: "આ લોકો પોતાની હરકતોને તો લોકોથી છુપાવી શકે છે પરંતુ અલ્લાહથી નથી છુપાવી શકતા અને અલ્લાહ તો ત્યારે પણ તેમના સાથે હોય છે જ્યારે અલ્લાહની નાપસંદ વાતોમાં રાતના મિટિંગ કરે છે. અલ્લાહ તો તેમની બધી વસ્તુઓ પર નજર રાખે છે." (સૂરએ નિસા આ.૧૦૮).

બીજી જગ્યાએ ખુદા ફરમાવે છે કે તે: "તમે જ્યાં પણ હશો તે તમારા સાથે છે અને તમે જે કંઈ પણ કરો છો અલ્લાહ તેનું સરખી રીતે ધ્યાન રાખે છે." (સૂરએ હદીદ આ. ૪નો આખરી ભાગ).

અલ્લાહ તમારા સાથે જ છે.

એક બીજી આયતમાં જ્યાં જ. લુકમાન હકીમ તેમના દીકરાને નસીહત ફરમાવે છે કે: "અય મારા ફરઝંદ! જો રાઈના દાણા બરાબર પણ (નેકી યા બુરાઈ) પથ્થરોમાં, આસમાનો યા ઝમીનમાં હશે તો પણ અલ્લાહ તેને બહાર કાઢશે અને અલ્લાહ બધી જ વસ્તુને સરખી રીતે જોનાર અને બા-ખબર છે." (સૂરએ લુકમાન આ.૧૬).

આ કુરઆન મજીદની આયતો પણ તાલીમ આપે છે કે લોકો સાથે હોય કે એકાંતમાં, પોતાને અલગ અલગ ન કરો પરંતુ દરેક જગ્યા પર પોતાને સરખા રાખો. લોકો સામે હોય કે એકલા હોય અલ્લાહની

નાફરમાનીથી બચવું જોઈએ અને અલ્લાહ દરેક જગ્યા જોઈ રહ્યો છે.

અંતમાં ઇમામ જાફર સાદિક અ.સ.ની એક હદીસ જે અલ કાફીમાં છે રજૂ કરું છું: "અલ્લાહથી એવી રીતે ડરો જાણે તેને જોઈ રહ્યા છો (જે તમારા આમાલનો ગવાહ અને જોનાર છે). જો તમે તેને નથી જોઈ રહ્યા તો તે તો તમને જોઈ રહ્યો છે. જો તું એમ સમજતો હોય કે તે નથી જોઈ રહ્યો તો કાફિર થઈ ગયો; અને જો તું એમ સમજતો હોય કે તને તે જોઈ રહ્યો છે છતાં તું અલ્લાહની નાફરમાની કરે તો તું જોવાવાળાને મામૂલી સમજ્યો." કેમકે એક નાના

એવા બંદા સામે ગુનાહ કરવામાં શરમ આવે છે તો શું ખુદાથી નથી શરમાતો કે એકાંતમાં ગુનાહ કરે છે.

હિકમત ૩૨૫

મુહમ્મદ ઇબ્ન અબૂબક્રની શહાદત

જ્યારે ઇમામ અલી અ.સ.ને જ. મુહમ્મદ ઇબ્ન અબૂબક્રની શહાદતના સમાચાર મળ્યા તો આપે આ રીતે ફરમાવ્યું:

"અમને તેમની મોત ઉપર એટલો જ ગમ અને અફસોસ છે જેટલો દુશ્મનોને તેમની મોત ઉપર ખુશી છે. બેશક તેઓનો એક દુશ્મન ઓછો થયો અને અમે એક સાચા દોસ્તને ખોયો."

તારીખે તબરી નામની કિતાબમાં છે કે ઇમામ અલી અ.સ. આ શબ્દો ત્યારે ફરમાવ્યા જ્યારે શામથી

ખબર પહોંચાડનાર અબ્દુર રહેમાન શબીબ ફઝાઝી ઇમામ પાસે આવીને કહે છે કે શામના લોકોને મુહમ્મદ ઇબ્ન અબૂબક્રની મોત ઉપર જેટલા ખુશ જોયા છે આના પહેલાં તેટલા કોઈ દિવસ ખુશ નથી જોયા. આ ખબર એ લોકો માટે એટલી બધી એહમિયત રાખતી હતી કે મિમ્બર પરથી ખાસ એલાન કરવામાં આવ્યું. ત્યારે ઇમામે ઉપરના શબ્દો બયાન કર્યા.

મુઆવિયા ઇબ્ન અબૂ સુફ્યિાન જંગે સિફ્ફીન પછી પોતાના લશ્કરને તૈયાર કર્યું અને મિસર (ઈજીપ્ત) જેની તે સમયમાં ઘણી અહમિયત હતી તેના ઉપર કબજો કરવા વિચાર કરવા લાગ્યો અને

તેનો વઝીર અમ્ર ઇબ્ન આસને લખાણ લખીને આપી દીધું હતું કે મિસરની હુકુમત તારી હશે. તે સમયે ઇમામ અલી અ. તરફથી મિસરના ગવરનર જ. મોહમ્મદ બીન અબુબકર હુકુમત કરતા હતા. મુઆવિયાએ અમ્ર ઇબ્ન આસને મોટું લશ્કર આપી ઉસ્માન ર.અ.ના ખૂનનો બદલો લેવાના બહાનાથી મોકલ્યો જેથી મિસર પર કબજો કરે અને પોતે હુકુમત કરે. અમ્ર ઇબ્ન આસના લશ્કર સાથે ભારે જંગ થઈ છેવટે જ. મુહમ્મદ ઇબ્ન અબૂબક્રના સાથીઓ સાથ છોડીને ભાગી ગયા. જ્યારે એકલા રહી ગયા તો તે પણ એક જગ્યાએ છુપાઈ ગયા. અમ્ર ઇબ્ન આસના સિપાહીઓ જ.

મુહમ્મદ ઇબ્ન અબૂબક્રને પકડીને માથાને કાપી નાખ્યું અને તેમની લાશને સળગાવી દીધી. જ્યારે શહાદતના સમાચાર ઇમામ અલી અ.સ.ને મળ્યા તો બહુ જ ગમગીન થયા; કેમકે જ. મુહમ્મદ ઇબ્ન અબૂબક્ર એક મુખલિસ, બહાદુર અને વફાદાર સાથી હતા; અને ઇમામ અલી અ.સ. તેમની તરબિયત પણ કરી હતી.

જે લોકો મુઆવિયાના ફઝાએલ બયાન કરતાં થાકતા નથી તેઓને જાણ થવી જોઈએ કે તમારા પહેલા ખલીફા અબુ બકરના દીકરાના કાતિલનું નામ મુઆવિયા ઇબ્ન અબૂ સુફિયાન છે.

હિકમત ૩૨૬

બહાનું નહીં ચાલે

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે ઉંમર સુધી અલ્લાહ સુ.વ.ત. બહાનાને કબૂલ કરશે તે સાઈઠ વર્ષ છે. (ત્યાર પછી બહાનું કબૂલ નથી.)"

ઇમામ અલી અ.સ. આ કલામમાં મોટી ઉંમરના લોકોને ચેતવણી આપી રહ્યા છે કે પોતાનું ખાસ ધ્યાન રાખે ગુનાહ કરવા પર અને વાજિબાતને છોડવા બદલ કે સાઈઠ વર્ષ પછી જો ગુનાહો કરશો અને વાજિબાતને અંજામ નહીં આપો તો તમે ગમે તેવા બહાના કરશો તો પણ બહાનાને અલ્લાહની બારગાહમાં કબૂલ કરવામાં નહીં આવે.

જિંદગીના અમુક ભાગ છે બચપણ જેમાં રમત-ગમતમાં મશગુલ હોય છે; જવાનીમાં તેની શહવત પાછળ દોડતો હોય છે: માલની શહવત, ઓહદાની ચાહત, અને વાસનાની ભૂખ મિટાવવા માટે આમથી તેમ ભટકતો હોય છે. આ દરેક પ્રકારની શહવત છે; પછી જ્યારે જિંદગીના સાઈઠ ઉપર પહોંચે છે તો તે દરેક રીતે કમજોર થઈ ગયો હોય છે કે તેણે કોઈ વસ્તુમાં મજા નથી આવતી અને જો તે ઉંમરમાં પણ ગુનાહ કરે, શહવતનો ગુલામ બની જાય તો તે પોતાના ગુનાહો બદલ અલ્લાહની બારગાહમાં શું બહાનું કાઢી શકશે? જવાબમાં શું નહીં કહેવામાં આવે: "તું તો

કમજોર થઈ ગયો હતો, તારી ઈચ્છાઓ ખતમ થઈ ગઈ હતી તે છતાં મારી નાફરમાની કરી, અને તારા પાસે ટાઈમ જ ટાઈમ હતો તે છતાં શા માટે વાજિબાતને અંજામ ન આપ્યા. શું છે કોઈ જવાબ?"

આ હદીસનો બિલકુલ એ અર્થ નથી કે સાઈઠ વર્ષ સુધી ગુનાહ કરવાની રજા છે. આ હદીસનો એક અર્થ એ થાય છે કે જે જવાનને ગુનાહ કરવાની સજા મળશે તેનાથી વધારે ઘરડા માણસને તેના ગુનાહની સજા મળશે.

અમુક હદીસમાં ચાલીસનો શબ્દ આવ્યો છે. ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. ફરમાવે છે: "જ્યારે માણસ ચાલીસનો થઈ જાય છે તો કહેવામાં

આવે છે: 'હવે પોતાનું ધ્યાન રાખ, હવે પછી કોઈ બહાનું નહીં ચાલે.'"

આ હદીસનો ખાસ અર્થ એ છે કે જો માણસ બાળપણથી જ સારા કામો કરતો રહે, વાજિબાતનો પાબંદ રહે તેમજ હરામથી બચતો રહે તો મોટી ઉંમરમાં તે જ પ્રમાણે જિંદગી ગુજારે છે; અને જો ચાલીસ યા સાઈઠનો થઈ જાય તો તેની આદતો બદલવી મુશ્કેલ છે તેથી તેણે ચેતવવામાં આવે છે કે બાકીની જે જિંદગી છે તે એક સારો ઇન્સાન બનીને પસાર કર.

હિક્મત ૩૨૭

સાચી કામયાબી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે માણસ ગુનાહના રસ્તાથી કામયાબી મેળવે તે કામયાબી નથી અને જે ઝુલ્મ કરીને જીત મેળવે તે હકીકતમાં હાર છે."

ઇમામ અલી અ.સ. આ કલામમાં ઘણા લોકોના તે મક્સદ પર પાણી ફેરવે છે; કે જેઓ એમ સમજતા હોય કે કોઈ પણ રસ્તાથી કામયાબ થવું જ છે તો તે તેમની ભૂલ છે. ઇમામ એ જ સમજાવી રહ્યા છે કે નાજાઈઝ રસ્તાથી કામયાબી નથી મળતી; કોઈના ઉપર ઝુલ્મ કરીને, કોઈનો માલ હડપ કરીને, ડાકુ ચોરી રીતે યા કોઈ ખોટું કરીને કામયાબ નથી થવાતું.

એ જ પ્રમાણે જેઓ ખરાબ રસ્તાથી કામયાબ થવા ચાહે તેઓ જાહેરમાં કામયાબ કહેવાશે; પરંતુ તેઓ શૈતાન, નફ્સ અને ઈચ્છાઓના હાથે નાકામ થયા છે; અને જે આ રીતે કામયાબ થાય છે તેઓનો અંજામ આખેરતમાં ઘણો જ દર્દનાક હશે. તેમનું ઝુલ્મ કરવું આખેરત માટે ખરાબમાં ખરાબ ભાતું હશે.

ઇમામ જાફર સાદિક અ.સ. પાસે બે માણસો પોતાના કારોબારનો ઝઘડો લઈને આવ્યા જેથી ઇમામથી કંઈક તેના વિષે વાતચીત કરે અને કંઈક ફૈસલો કરે.

ઇમામ જાફર સાદિક અ.સ. બંનેની વાતો સાંભળીને નસીહતમાં ફરમાવ્યું:

"જેઓ ઝુલ્મ કરીને કામયાબ થશે તેમાં કોઈ ભલાઈ નથી. યાદ રાખો મઝલૂમ ઝાલિમ પાસેથી જે દીન લઈ લે છે તે ઝાલિમનું મઝલુમ પાસેથી માલ લઈ લેવા કરતા ઘણું વધારે સખત છે." પછી ઇમામે ફરમાવ્યું કે: "જે લોકો સાથે બુરાઈ કરે અને પછી લોકો પણ તેના સાથે એવો જ વર્તાવ કરે તો તેને બૂરું ન કહેવું જોઈએ. જેવું વાવ્યું છે તેવું લણશે. કડવું વાવ્યું હશે તો મીઠું ફળ નહીં મળે અને જો મીઠું વાવ્યું હશે તો કડવું ફળ નહીં નીકળે."

ઇમામ સાદિક અ.સ.ના મુબારક કલામનો બંને ઉપર એટલો અસર થયો કે તે બંને આપસમાં ઝઘડો ખતમ કરીને સુલેહ શાંતિ કરી લીધી.

ઇમામ અ.સ. તેમની ગફલતને દૂર કરી અને બંને સાચા રસ્તા ઉપર આવી ગયા.

એક હદીસમાં છે કે નબી સ.અ.વ. ફરમાવ્યું કે તૌરાતમાં એવા શબ્દો છે કે જે સોનાના પાણીથી લખવા જોઈએ.

૧. ઘરમાં એક ગસબી પથ્થરનો ટુકડો હોવો તેની બરબાદી માટે કાફી છે.

૨. જે ઝુલ્મ કરીને જીતે છે તે હકીકતમાં હાર છે.

૩. જે ગુનાહના રસ્તાથી કામયાબી મેળવે તે હકીકતમાં કામયાબી નથી.

૪. ઓછામાં ઓછો અલ્લાહનો હક બંદાઓ પર એ છે કે તેની નેઅમતોને ગુનાહ માટે ન વાપરવે.

ઇસ્લામ એવો પવિત્ર દીન છે કે દુશ્મન ઉપર પણ નાજાઈઝ અને ગુનાહના રસ્તાથી કામયાબ થવાને પસંદ નથી કરતો.

જંગમાં પણ ધ્યાન રાખવામાં આવે કે પાણીમાં ઝેર ન નાખો, દુશ્મનો પર રાતના અંધારામાં અચાનક હુમલો ન કરવામાં આવે, ફળવાળા ઝાડોને બરબાદ અને સળગાવવામાં ન આવે, પબ્લિક ઉપર હુમલો ન કરવામાં આવે અને

કૈદીઓ સાથે સારો વ્યવહાર કરવામાં આવે.

જે ઇસ્લામ દુશ્મનો ઉપર નાજાઈઝ તરીકાથી વિજય નથી ચાહતો તે ઇસ્લામ મુસલમાનોમાં આપસમાં ગુનાહના રસ્તાથી કામયાબી કેવી રીતે પસંદ કરી શકે?

હિક્મત ૩૨૮

ગરીબોનો હિસ્સો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અલ્લાહ સુ.વ.ત. માલદારોના માલમાં ગરીબોની રોઝી રાખેલી છે. જો કોઈ ગરીબ ભૂખ્યો રહે તો એનો મતલબ કે કોઈ માલદારે દૌલતને ગરીબ સુધી નથી પહોંચવા દીધી; અને અલ્લાહ તે વિષે તેમનાથી સવાલ કરશે."

ઇમામ અલી અ.સ. આ હદીસમાં ઇસ્લામનો એક અહેમ ભાગ બતાવી રહ્યા છે; અને ફરમાવ્યું કે ઇસ્લામમાં ઇકોનોમિકનું સિસ્ટમ એક પરફેક્ટ હિસાબ સાથે છે. જો તેના મુજબ ચાલવામાં આવે તો ઇસ્લામી દેશોમાં કોઈ ગરીબ ન રહે.

"અલ્લાહ સુ.વ. ત. માલદારોના માલમાં ગરીબોની રોઝી રાખેલી છે. જો કોઈ ગરીબ ભૂખ્યો રહે તો એનો મતલબ કે કોઈ માલદાર દૌલતને ગરીબ સુધી નથી પહોંચવા દીધી; અને અલ્લાહ તે વિષે તેમનાથી સવાલ કરશે."

જો માલદાર પોતાના વાજિબ હક ઝકાત, ખુમ્સ અને બીજા વાજિબાત સમયથી અદા કરે અને

ગરીબનો હક તેના હકદાર સુધી પહોંચાડે તો ગરીબી ખતમ થઈ જાય.

ઇમામ જાફર સાદિક અ.સ. એક હદીસમાં ફરમાવે છે કે: "ઝકાત એટલા માટે શરીયતમાં રાખેલું છે જેથી અમીરોનું ઇમ્તેહાન લેવામાં આવે, ગરીબોની મદદ કરવામાં આવે. જો લોકો પોતાના માલમાંથી ઝકાત આપે તો કોઈ પણ મુસલમાન ગરીબ અને મોહતાજ નહીં રહે. આ અમલ થકી બધા માલદાર થઈ જશે; અને જો લોકો ગરીબ, મોહતાજ, ભૂખ્યા અને નવસ્ત્ર રહેતા હોય તો તે અમીરોના ગુનાહના લીધે; જો માલ જંગલ અને દરિયામાં બરબાદ થતો હોય તો તેનું કારણ ઝકાત ન

આપવાના લીધે; જો કોઈ શિકાર શિકારીના હાથમાં ફસાતો હોય તો તે તસ્બીહ ન કરવાના કારણે..."

બીજી એક હદીસમાં ઇમામ જાફર સાદિક અ.સ. ઝકાતની એહમિયતમાં બયાન ફરમાવે છે: "પૂછનારે પૂછ્યું કે: 'મારી જાન આપ ઉપર કુરબાન થાય, શા માટે ઝકાત હજાર પર પચ્ચીસ રાખેલી છે (ચાલીસમો હિસ્સો) ન ઓછી કે ન વધારે, તેની દલીલ શું છે?'"

ઇમામ અ.સ. ફરમાવ્યું: "અલ્લાહે તમામ લોકોને પૈદા કર્યા જેમાં નાના, મોટા, અમીર, ગરીબ છે તે બધાને ઓળખે છે. તો હજાર માણસો પર ૨૫ લોકો ગરીબ છે (તેથી એ મુજબ ઝકાતને વાજિબ કરેલ છે)." ...

અલ્લાહ ખાલીક છે જેણે દરેકની ખબર છે.

આ રીતે હદીસોથી જાણ થાય છે કે અમીરોના માલમાં ગરીબોનો હક છે. અગર કોઈ ગરીબોને તેમનો હક નહીં આપે તો તે ગુનેહગાર થશે અને કયામતના દિવસે તેનાથી તે વિષે સવાલ થશે.

જે અલ્લાહે આપેલું છે તે ફક્ત તમારું નથી બલ્કે જરૂરતમંદને ઓળખીને તેના સુધી પહોંચાડવું જોઈએ.

અલ્લાહ તે માણસના માલ અને જિંદગીમાં બરકતો આપે છે જે અલ્લાહના બંદાઓનું ધ્યાન રાખે છે.

હિક્મત ૩૨૯

માફી માંગવા કરતાં બહેતર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સાચી માફી માંગવા કરતાં બહેતર છે કે (એવા કામો જ ન કરો કે) માફી માંગવાની જરૂરત જ ન પડે."

ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં હંમેશા માટે માફી માંગવાની જરૂરત જ ન રહે તેના તરફ ઇશારો ફરમાવી રહ્યા છે; કે શા માટે ભૂલ કરવી જેથી કોઈના સામે માફી માંગવાની જરૂરત પડે.

શા માટે ગુનાહ કરવા જેથી પોતાના ગુનાહો ઉપર પછતાવો કરવો પડે? એટલે પોતાની ફરજને સરખી રીતે પાબંદી સાથે અદા કરો

તો કોઈની સામે માફી માંગવાની જરૂરત જ ન પડે.

જે માફી માંગવામાં આવે છે ભલે પછી તે કબૂલ કરવા લાયક હોય યા જે માફી માંગી રહ્યો છે તે સાચા દિલથી જ હોય; એટલે કોઈને મૌકો જ ન આપવો કે તેના સામે માફી માંગવાની જરૂરત પડે.

આ માફી અલ્લાહની બારગાહમાં હોય કે કોઈ માણસ સામે હોય. હદીસમાં છે કે: "ગુનાહોને તર્ક કરવું બહેતર છે ગુનાહો કર્યા પછી તૌબા કરવી."

બીજી હદીસમાં ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે અને ઇમામ અલી અ.સ.થી પણ છે કે:

"ગુનાહને છોડી દેવું બહેતર છે તૌબા કરવા કરતા."

ઇમામ અલી અ.સ.થી બિહારુલ અનવારમાં હદીસ છે કે: "એવા કામો કરવાથી બચો કે જેના પછી માફી માંગવી પડે; કેમકે સારા કામની માફી નથી માંગવામાં આવતી, (કોઈ તો ખરાબ કામ કર્યું છે જેની માફી માંગવામાં આવી રહી છે)."

માફી માંગવા પર ઘણી બધી હદીસો છે. ખુલાસો એમ કરીએ કે માણસને એવા કામો જ ન કરવા જોઈએ કે પાછળથી માફી માંગવાની જરૂરત પડે; ભલે કોઈ નાની એવી ભૂલ હોય કે મોટી ભૂલ. જ્યારે કોઈ

ભૂલ કર્યા પછી માફી માંગે તો એક વખત ઇઝ્ઝત તો ચાલી જાય છે.

પરંતુ એક ખાસ વસ્તુ તરફ ઇશારો કરું કે જો કોઈ આપસમાં ઝઘડાને દૂર કરવા અથવા સમાજમાં ફિતનાને દૂર કરવા ભૂલ ન હોય તો પણ જો માફી માંગે તો તેવી માફી ઇઝ્ઝતનું કારણ બને છે.

હિકમત 330

કુફ્રાને નેઅમત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અલ્લાહનો તમારા ઉપર કમ સે કમ હક એ છે કે તેની આપેલી નેઅમતોને તેની નાફરમાની અને ગુનાહ માટે ન વાપરવામાં આવે."

ઇમામ અ.સ. આ નુરાની બયાનમાં અલ્લાહની નેઅમતો વિષે આપડી કમ સે કમ જવાબદારી શું

છે તેના તરફ ધ્યાન ખેંચ્યું છે. મૌલાની નાફરમાની હંમેશા ખરાબ ગણવામાં આવે છે પરંતુ તેનાથી વધારે ખરાબ છે કે મૌલાની આપેલી વસ્તુઓને મૌલાના વિરુદ્ધમાં વાપરવામાં આવે; અથવા મૌલા જે વસ્તુથી નારાજ હોય તે રસ્તામાં વાપરવામાં આવે.

બીજું કે માણસ જે કોઈ ગુનાહ કરે છે તેને યકીન છે કે નેઅમતે ખુદાનો વપરાશ કરી રહ્યો છે: આંખ, ઝબાન, હાથ, પગ, ફિક્ર, તાકાત બધું જ અલ્લાહનું આપેલું છે. આ નેઅમતોના વગર માણસ ગુનાહ નથી કરી શકતો. કેટલું ખરાબ અને શરમની વાત કહેવાય કે જે આપ્યું છે તેના જ વિરુદ્ધ

વાપરવું! કોઈ પણ ઇન્સાફ કરનાર બસ આટલું જ વિચારે તો નાફરમાની છોડીને અલ્લાહની ઇતાઅત કરવા લાગશે.

હદીસે કુદસીમાં ખુદા ફરમાવે છે: "જે મારા ફેંસલા પર રાજી નથી, જે મારી નેઅમતો પર શુક્ર અદા ન કરે, મારી મોકલેલી બલા ઉપર સબ્ર ન કરે તો તેના માટે જરૂરી છે કે મને છોડીને પોતાનો બીજો કોઈ ખુદા બનાવી લે અને મારી ઝમીન અને આસમાનથી નીકળી જાય."

કુફ્રાને નેઅમતના અમુક દરજ્જા છે:

૧. નેઅમત છે તેનો એહસાસ ન હોય: આંખ, ઝબાન...

૨. નેઅમતોને જુએ, સમજે પરંતુ તેનો શુક્ર બજાવી ન લાવે.

૩. નેઅમત આપનારનો વિરોધ કરે.

૪. તેની આપેલી નેઅમતોને તેની બંદગીમાં ખર્ચ કરવાના બદલે તેની નાફરમાનીમાં વાપરે. આ સૌથી મોટો કુફ્રાને નેઅમતનો દરજ્જો છે.

હિકમત ૩૩૧

અક્કલમંદની ખુસૂસિયત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જ્યારે ગાફિલ અને બેદરકાર લોકો અમલ કરવામાં સુસ્તી કરે તો અલ્લાહ તરફથી આ સમય અક્કલમંદો માટે ઇતાઅત કરવાનો બહેતરીન મૌકો હોય છે."

ઇમામ અલી અ.સ. આ કલામમાં અક્કલમંદ ઇતાઅત ગુઝાર અને

ગાફિલ બેદરકાર બદકારમાં સરખામણી કરી રહ્યા છે જાણે આ દુનિયા મયદાને જંગના જેમ છે. જે હોશિયાર અને અક્કલમંદ છે તેઓ શૈતાનથી જંગ લડીને પોતાની ખ્વાહિશાતો પર કામયાબી મેળવીને અલ્લાહની ઇતાઅતમાં જિંદગી ગુજારે છે; અને બેદરકાર અને ગાફિલ જેઓ ખ્વાહિશાતે નફ્સના ગુલામ બનીને શૈતાનની પેરવી કરવા લાગે છે અને શૈતાનના વસવસા સામે હારી જાય છે જેથી બધી જ પોતાની વસ્તુઓ ખોઈ બેસે છે જેમાં જિંદગીનો કિંમતી સમય, ઇમાનની દૌલત તેમજ અલ્લાહની મહેરબાનીઓ પણ હાથથી ચાલી જાય છે.

ઇમામ અલી અ.સ. જંગે સિફ્ફીન વખતે એક ખુત્બો પેશ કર્યો જેમાં ફરમાવે છે: "અલ્લાહે તમોને દીને ઇસ્લામ થકી ઇઝઝત અતા કરી, પોતાની ઇબાદત અને મારેફત માટે તમોને પૈદા કર્યા, તેથી તમે પોતાને આ જવાબદારી માટે તૈયાર કરો, અલ્લાહના વાયદાને હક સમજો, ઇસ્લામની રસ્સીને મજબૂત સાથે પકડો,"

અલ્લાહે પોતાની ઇતાઅતને લોકોના ફાયદા માટે અને અલ્લાહની ખુશીનું કારણ બનાવ્યું. અલ્લાહની ઇતાઅતને હોશિયારો માટે સારો એવો મૌકો રાખ્યો ગાફિલોના મુકાબલામાં. અને હું તમારી બાબતોને જાણું છું કાળા હોય

કે લાલ (સફેદ); અલ્લાહ સિવાય કોઈ પાસે તાકાત નથી. ઇમામે આ ખુત્બો આપીને દુશ્મનો તરફ આગળ વધવાનો હુકમ આપ્યો.

ઇમામ અ.સ. આ કલામમાં બહેતરીન મૌકો અલ્લાહની ઇતાઅતને ગણે છે જેમાં લોકોને વગર મહેનતે યા ઓછી મહેનતે ઇતાઅત કરવી નસીબ થાય છે; અને અક્કલમંદ અલ્લાહની ઇતાઅતને પસંદ કરે છે. ફાજિર અને ફાસિક અલ્લાહની ઇતાઅતને છોડીને ગુનાહને એહમિયત આપે છે.

હિકમત ૩૩૨

રાજાનું કામ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "(આદિલ) રાજા અલ્લાહની ઝમીન પર રખેવાળ છે."

ઇમામ અ.સ. ઇશારો ફરમાવે છે કે અલ્લાહના કાનૂન ફક્ત પોતાને ગુનાહો, ઝુલ્મ, બીજાના હકનો ખયાલ રાખવો જ નથી; બલ્કે સાથે એવી શક્તિ પણ હોવી જોઈએ જેના લીધે લોકોને ખુદાની નાફરમાનીથી રોકે; અને આ શક્તિ આદિલ રાજા પાસે હોય.

અરબીમાં સુલતાન અને આપણે જેને રાજા કહીએ છીએ જે સંપૂર્ણ તાકાત રાખતો હોય.

જો આદિલ અને નેક રાજા હશે તો જ મુમકીન હશે કે તે અલ્લાહનો

સિપાહી બને. જો કોઈ ફાજિરને અલ્લાહનો સિપાહી ગણશું તો જે પોતે જ ઝુલ્મ, ગુનાહ, અત્યાચાર કરતો હોય તે બીજાઓને શું રોકી શકે?

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "રાજા અલ્લાહનો ઝમીન પર છાંયડો છે."

બીજી હદીસમાં છે કે: "આદિલ અને નરમ સ્વભાવવાળો રાજા ઝમીન પર અલ્લાહનો છાંયડો અને નેઝો (તાકાત) છે."

એક સારી અને મજબૂત હુકુમત ચલાવવા માટે આદિલ રાજાનું હોવું જરૂરી છે જેથી લોકો તેની વાતને માને અને સરખી હુકુમત ચલાવી શકે.

હિકમત 333

મોમિનની સિફતો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "મોમિનના ચહેરા પર ખુશી અને દિલમાં ગમ હોય છે; છાતી દરેક કરતાં વધારે હિંમતથી ભરેલી અને નફસાની (ખરાબ) ઇચ્છાઓને દરેક કરતાં વધારે ઝલિલ સમજતો હોય છે; મોટાઈને ખરાબ સમજે છે અને રિયાકારીથી નફરત કરે છે; તેનો ગમ લાંબો અને તેની હિંમત બુલંદ હોય છે; વધારે સમય ચૂપ રહે છે અને હંમેશા મશગુલ રહે છે; શુક્ર અને સબર કરનાર હોય છે; વિચારમાં ડૂબેલો અને બીજાઓ સામે હાથ નથી ફેલાવતો; સારા અખ્લાકનો માલિક અને નરમ સ્વભાવવાળો હોય છે; તેનું દિલ (સખત હાલતમાં) પથ્થરથી વધારે

મજબૂત અને (ખુદા સામે) ગુલામથી વધારે નરમ હોય છે."

ઇમામ અલી અ.સ. આ હદીસમાં મોમિનની અઢાર સિફતો બયાન ફરમાવી છે:

૧-૨. મોમિનનો ચહેરો ખુશ અને દિલમાં ગમ હોય છે. ખુશી અલ્લાહ તરફથી મોટી નેઅમત છે. દોસ્તો અને મુલાકાતીઓ સામે હસતા મોઢે મળવાથી લોકો તેના તરફ મુતવજ્જેહ થાય છે. અને જેનો ચહેરો હંમેશા ગમગીન અને બેચારા જેવો બનાવીને શિકાયત કરતા હોય તેમનાથી લોકો દૂર ભાગે છે અને એવાને નાપસંદ કરે છે. ગમે તેવા ગમ દુ:ખ હોય લોકોના સામે હસતો ચહેરો રાખો અને દિલમાં ગમ

રાખીને અલ્લાહ સામે બયાન કરો, અહલેબૈત અ.સ. સામે પેશ કરો. લોકો ગમગીન જોશે તો મજાક ઉડાવશે અને અલ્લાહ પાસે ગમ દૂર કરવાની દુઆ કરશો તો દુખડા દૂર થશે.

૨-૩. છાતી દરેક કરતાં વધારે હિંમતથી ભરેલી અને નફ્સાની ઇચ્છાઓને દરેક કરતાં વધારે ઝલિલ સમજતો હોય છે. એટલે જો તેના ઉપર મુસીબતોના પહાડ પણ તૂટી પડે તો તે હિંમત સાથે તેનો સામનો કરે છે; નામૂનાસિબ બનાવોને સહન કરે છે; જો લોકો તેના સાથે અન્યાય કરે તો પણ મોટું દિલ રાખી તેમને માફ કરે છે; દોસ્તો યા સગાંવહાલાં તેણે તેના

હકથી મેહરૂમ કરે યા એકલો છોડી દે તો પણ તેમનાથી મહોબ્બત કરે છે અને ખરાબીનો જવાબ ભલાઈથી આપે છે; અને તેની ઈચ્છાઓ પર પૂરેપૂરો કંટ્રોલ હોય છે. મોમિન એવો નથી હોતો કે પોતાની નફ્સાની ખ્વાહિશાતનો ગુલામ બનીને વાસનાનો કૈદી બની જાય; બલ્કે કોઈ કામ કરે તો ઇમાન અને અક્કલ મુજબ હોય છે.

૫-૬. મોટાઈને ખરાબ સમજે અને રિયાકારીથી નફ્રત કરે છે. જે માણસ બડાઈ મારતો હોય યા પોતાને લોકોથી મોટો સમજવું પસંદ કરતો હોય તેણે લોકો નાપસંદ કરે છે અને તેનાથી નફ્રત કરવા લાગે છે. તે પોતાના વખાણ લોકોથી

સાંભળવું પસંદ કરે છે અને બીજાઓની વાતો સાંભળવું પસંદ નથી હોતું. કુરઆન મજીદમાં પણ ઉલ્લેખ છે કે: "આખેરત તેના માટે છે જે ઝમીન પર મોટાઈ નથી કરતો અને ફિતના નથી કરતો અને આકિબત તો ફક્ત પરહેઝગારો માટે છે." મોમિન તો ફક્ત એ ચાહે છે કે મારા આમાલ અલ્લાહના ત્યાં કબૂલ થાય. જ્યારે કોઈમાં મોટાઈની સિફત આવી જાય તો તેમાં રિયાકારી અને દેખાવ આવી જાય છે. મોમિન હંમેશા આવા ખતરનાક કામોથી દૂર હોય છે.

૭-૮. તેનો ગમ લાંબો અને તેની હિંમત બુલંદ હોય છે. એટલે મોમિન પોતાની ભૂલો વિષે હંમેશા ગમગીન

હોય છે; પોતાની ભૂલોને યાદ કરીને લાંબા સમય સુધી તૌબા કરે છે અને જહન્નમની યાદ તેણે ખુશ નથી થવા દેતી; અને મોમિનની હિંમત અલ્લાહની ખુશી હાસલ કરવા માટે બહુ જ બુલંદ હોય છે તે અલ્લાહની ઇતાઅત અને ઇબાદતથી થાકી નથી જતો; જન્નત હાસલ કરવા માટે ગમે તેવી નેકી હોય અંજામ આપે છે. ઇમામ અલી અ.સ. ખુત્બા-એ-હમ્મામમાં મુત્તકીની સિફત બયાન ફરમાવે છે કે: "જેમના દિલ ગમગીન હોય અને થોડો અમલ કરવાથી સંતોષ નથી માનતા."

એક બીજી ઇમામ અ.સ.ની હદીસ છે કે: "માણસની કિંમત તેની બુલંદ હિંમત પ્રમાણે છે."

૯-૧૦. વધારે સમય ચૂપ રહે છે અને હંમેશા મશગુલ રહે છે. મોમિન નકામી વાતો નથી કરતો અને પોતાના સમયનો સદુપયોગ કરે છે. જે માણસ કામ વગરની વધારે વાતો કરશે તો તેણે વિચારવાનો સમય જ નહીં હોય; અને જે નકામા કામમાં સમયને વેડફી નાખશે તો તેનાથી જે જરૂરી અને વાજિબ કામો છે તે છૂટી જશે જે મોટું નુકસાન છે. ઘણા લોકો ઝબાન થકી દોઝખમાં બળશે.

૧૧-૧૨. શુક્ર અને સબર કરનાર હોય છે. જે માણસ દિલ, ઝબાન અને પોતાના અંગોથી શુક્ર કરશે તે ચોક્કસ નેઅમત આપનારથી ગાફિલ નહીં રહે.

મોમિન બહુ જ વધારે સબર કરતો હોય છે. તે તકલીફોને બહુ જ વધારે સહન કરતો હોય છે પરંતુ ઝબાન પર કોઈ દિવસ શિકાયતના શબ્દો નથી લાવતો.

હદીસમાં છે કે ઇમાનનો અડધો ભાગ શુક્રમાં અને અડધો ભાગ સબરમાં છે.

૧૩-૧૪. વિચારમાં ડૂબેલો અને બીજાઓ સામે હાથ નથી ફેલાવતો. અલ્લાહની કુદરત, અઝમત, આખેરત અને લોકોની સમસ્યાઓને ઉકેલવા, લોકોની મદદ કરવા વિષે મોમિન હંમેશા વિચાર કરતો હોય છે. બીજું કે તે બીજાઓ સામે પોતાની હાજત લઈને નથી જતો. ખુદ્દાર હોય છે. પોતાના પાસે જે છે

તેમાં જ જિંદગી ગુજારે છે બીજા પાસે જરૂરતો લઈને નથી જતો.

ઇમામ અલી રઝા અ.સ.થી હદીસ છે કે: "નબી ઇબ્રાહીમ અ.સ.ને અલ્લાહના દોસ્ત બનાવ્યા તેનું એક કારણ કે તે કોઈ પણ માંગનારને ખાલી હાથ પાછા ન ફેરવતા; અને બીજું કે તે કોઈ સામે હાથ પણ ન ફેલાવતા."

૧૫-૧૬. સારા અખ્લાકનો માલિક અને નરમ સ્વભાવવાળો હોય છે. એટલે મોમિનના પોતાની જિંદગીમાં એવા અખ્લાક હોય છે કે કોઈના ઉપર સખતી નથી કરતો. જો સમય પર કોઈ વસ્તુ ન મળે તો ધમાલ નથી કરી બેસતો; બલ્કે શાંત અને નરમ સ્વભાવનો હોય છે.

લોકો સાથે મહેરબાનીથી પેશ આવે છે.

૧૭-૧૮. તેનું દિલ (સખત હાલતમાં) પથ્થરથી વધારે મજબૂત અને (ખુદા સામે) ગુલામથી વધારે નરમ હોય છે. મોમિનના સામે જો દીનનો દુશ્મન આવી જાય તો ત્યારે તે પથ્થરથી પણ વધારે મજબૂત બનીને મુકાબલો કરે છે.

હદીસમાં છે કે: "મોમિન પહાડના જેમ હોય છે જેને તોફાન હટાવી નથી શકતા."

મોમિન સામે ગુમરાહીના તોફાન આવે, બેદીનીના રસ્તા ખુલી જાય અને ચારો તરફથી ગુનાહોના બજાર ગરમ હોય તો પણ પોતાના નફ્સને મજબૂતી સાથે ગુનાહોથી બચાવે છે;

બહાના નથી બનાવતો. બીજું કે અલ્લાહના હુકમ સામે તસ્લીમ હોય છે.

હિકમત ૩૩૪

મોતની યાદ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જો કોઈ માણસ (બસીરતની આંખથી) પોતાની જિંદગી અને તેના અંતને જોઈ લે તો તેની આશાઓ અને ફરેબથી નફરત કરવા લાગશે."

ઇમામ અ.સ. ફરમાવે છે કે લોકોની જિંદગી અને તેનો અંત લોકો જોઈ શકતા નથી. ચાહે જવાન હોય કે બુઝુર્ગ, પુરુષ હોય કે સ્ત્રી, તંદુરસ્ત હોય કે બીમાર; તેથી હર રોજ કોઈને કોઈ બનાવમાં કેટલાય લોકો દુનિયાથી ચાલ્યા જાય છે.

લોકો પોતાના અંતથી સંપૂર્ણપણે જાણકારી નથી રાખતા તેથી દિવસે દિવસે પોતાને હંમેશા આ દુનિયામાં જ રહેવાનું છે એમ સમજી લે છે જેના નતીજામાં પોતાની આશાઓ લાંબી લાંબી કરતા જાય છે અને તેના ફરેબમાં ફસાતા જાય છે. અલ્લાહે જિંદગીને અને તેના અંતને છૂપી રાખી તેમાં પણ ફિલોસોફી છે કે જો અલ્લાહ બધાને મુદ્દત બતાવી દીધી હોત કે આટલા વર્ષ જીવવાનું છે તો જેમ જેમ દિવસો નજીક આવવા લાગે તેમ તેમ તેની જિંદગી કડવી બની જાત. અને જો તેની જિંદગીના દિવસો વધારે બાકી હોત તો ગફલત કરવા લાગી જાત. અલ્લાહે આ જિંદગીની મુદ્દતને

છુપાવીને રાખી જેથી ન કોઈની જિંદગી તેના માટે કડવી બને અને ન તે ગાફિલ બને.

ઇમામ જાફર સાદિક અ.સ. મુફઝ્ઝલને બયાન ફરમાવે છે કે: "અય મુફઝ્ઝલ! વિચાર કરો કે અલ્લાહે માણસની ઉંમરને છુપી રાખી છે. જો તેની જિંદગીની મુદ્દતને જાણતો હોત તો અને તે ટૂંકી મુદ્દત હોત તો તેના માટે જિંદગી કડવી બની જાત અને મોતના ઇન્તેઝારમાં જ દિવસો પૂરા કરતો હોત;.....અને પછી તે નાઉમ્મીદ બની જાત; અને જો કોઈને જાણ થઈ જાત કે ઉંમર મોટી છે, હજુ તો મોતના ઘણા દિવસો બાકી છે તો ગુનાહ, અય્યાશીમાં સમય પસાર

કરત કે હમણાં શૈતાની મજામાં સમય ગુજારવા દો છેલ્લા સમયે તૌબા કરી લેશું."

અલ્લાહે જિંદગીની મુદ્દત એટલા માટે છુપાવીને રાખી જેથી દિલમાં ખૌફ અને ઉમ્મીદ બંને હોય અને સરખી રીતે જીવી શકે.

મોમિન હંમેશા માટે આખેરત માટે અમલ અને કોશિશ કરતા હોય છે.

અલ્લાહનું દરેક કામ હિકમતથી ભરેલું છે તેમ જિંદગી અને મોતના સમયને છુપાવવું પણ મોટી હિકમત છે.

હિક્મત ૩૩૫

તમારા બે ભાગીદાર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "દરેક માણસના માલો દૌલતમાં બે ભાગીદાર છે: વારસદાર અને ઘટનાઓ."

ઇમામ અલી અ.સ. આ કલામથી તે લોકોને ચેતવી રહ્યા છે કે જે લોકો માલને ભેગો કરવા રાત દિવસ મહેનત કરી એક એક કરીને દૌલત જમા કરી છે. તે લોકોને જાણી લેવું જોઈએ કે તે ફક્ત તમારી નથી; બલ્કે તેમાં બીજા બે ભાગીદાર છે. જો કંજૂસી કરીને ફક્ત માલો દૌલત ભેગી કરવામાં જ ઉંમર પૂરી કરી લીધી અને ખર્ચ ન કર્યો તો બધું જ અહીંયા રહી જશે અને બીજા લોકો તેના ધણી થઈ જશે. જો

કંજૂસીના લીધે દૌલત ખર્ચ ન કરી તો શું તે ભેગી કરેલી દૌલત સાથે લઈ જશો? શું એ લોકો એમ વિચારે છે કે સાથે કબરમાં લઈ જશે? એવું તો નથી થવાનું. તો યાદ રાખો તમારા માલો દૌલતમાં બે ભાગીદાર છે: એક તમારા વારસદાર. તમે જેટલી મહેનત કરીને દૌલત ભેગી કરી હોય છેલ્લે તેનો માલિક તો તમારા વારસદાર જ બનશે. માલો દૌલતની લાલચમાં લોકો કેવી કેવી તકલીફો ઉઠાવીને જમા કરે છે; સરખી રીતે ન ખાધું અને ન વાપર્યું એક ગરીબ મિસ્કિનની જેમ જિંદગી જીવતા રહ્યા. જેવી જ આંખ બંધ થશે વારસદાર કહેશે કે અમારા માટે શું

મૂકીને ગયા અને કબરમાં ફરિશ્તા કહેશે કે તમારા માટે શું આમાલ લઈને આવ્યા. હજુ તો મારનારનું કફન પણ મેલું નહીં થયું હોય અને વારસદાર માલને અયશ અને આરામમાં ખર્ચ કરશે; ન હલાલ જોશે કે ન હરામ; ફક્ત પોતાની ઇચ્છાઓ સંતોષવામાં ખર્ચ કરવા લાગશે.

આવા કંજૂસો માટે જ લોકો કહેશે કે જિંદગીમાં ઘણી દૌલત ભેગી કરી પરંતુ જિંદગી ગરીબ જેવી જીવ્યા અને હિસાબ બાદશાહો જેવો આપવો પડશે. જો પોતાના હાથે જ ખર્ચ કરીને હલાલ અને જાયઝ રસ્તા તેમજ નેકીમાં ખર્ચ કરીને દુનિયાથી ગયો હશે તો

જિંદગીની મીઠાસ પણ મળશે અને મરવા પછી અફ્સોસ પણ થશે નહીં.

જિંદગીમાં પોતે જ ખર્ચ કરવું એટલા માટે જરૂરી છે કે જો પોતે જ જિંદગીમાં તે માલો દૌલતને નેક કામમાં ખર્ચ કર્યો હશે તો મરવા પછી વારસદાર ખર્ચ કરશે તેના કરતાં ઘણો સવાબ મળશે. મરવા પછી તો કોઈ ગેરંટી નથી કે વારસદાર નેકીમાં ખર્ચ કરે. અમુક વારસદાર એવા પણ મળે છે કે જો મય્યત પોતાના માલમાંથી ત્રીજા માલની વસિયત પણ કરી હોય નેક કામમાં ખર્ચ કરવાની તો તે પણ ખર્ચતા નથી. જીવતા હોય ત્યારે બહેતરીન રસ્તો અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવું છે. કુરઆન મજીદમાં

અલ્લાહ ફરમાવે છે: "જે તમારા પાસે છે તે ફના થઈ જશે અને જે અલ્લાહ પાસે છે તે બાકી રહેશે."

માલો દૌલત ફક્ત બેંકની શોભા હશે તો તેને મેળવવા માટે જિંદગીમાં જ વારસદાર લડવા લાગશે અને જો તેમને નહીં આપવામાં આવે તો માઁ-બાપના પણ અમુક લોકો દુશ્મન બની જાય છે.

ઇમામે બીજો ભાગ ઘટના એટલે અમુક એવા બનાવો જિંદગીમાં બનતા હોય છે કે જેના લીધે માલો દૌલત ઓછી થઈ જાય યા ખરાબ થઈ જાય છે; જેમ કે વેપારમાં નુકસાન આવી જવું, તોફાનના લીધે ઘર અને મકાન તબાહ-બરબાદ થઈ જવા, માણસ વિચાર્યું પણ ન હોય

કે આવા બનાવો થશે, ચોરી, આગ લાગી જવી વગેરે મુસીબતો અણધારેલી હોય છે જેના માટે તૈયાર રહેવું જોઈએ.

સમજુ માણસ પોતાની આખેરતની તૈયારી પોતે જ કરીને જાય છે બીજાના ભરોસે નથી રહેતો.

હિકમત ૩૩૬

વચન પૂરું કરવું

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જેના પાસે માંગવામાં આવે તે ત્યાં સુધી આઝાદ છે જ્યાં સુધી વચન ન આપે."

ઇમામ અ.સ. આ કલામમાં વચનનું મહત્વ સમજાવે છે કે જો કોઈ વચન આપ્યું હોય તો તે માણસ બંધાઈ જાય છે જ્યાં સુધી વચન પૂરું ન કરે. એવું નથી કે વચન

આપ્યું અને પછી ભૂલી ગયા પોતાની કોઈ જવાબદારી જ ન સમજી. વચન એટલી મોટી જવાબદારી છે કે વચન આપનાર કૈદી બની જાય છે. તે કામને પૂરું કરવા બંધાઈ ગયો છે.

વચનને પૂરું કરવા વિષે કુરઆન મજીદ અને હદીસોમાં ઘણો ભાર આપવામાં આવ્યો છે અને એહમિયત સમજાવી છે.

સૂરએ બની ઇસરાઈલ આયત ૩૪માં અલ્લાહ સુ.ત. ફરમાવે છે: "વચનને પૂરું કરો કેમકે વચન વિષે (કયામતમાં) સવાલ થશે."

નબી સ.અ.વ.ની હદીસમાં ફરમાવે છે કે: "વચન કરજના જેમ છે. વયલ (અફસોસ) છે તેના ઉપર

કે જે વચન આપે અને તેને પૂરું ન કરે. વયલ (અફ્સોસ) છે તેના ઉપર કે જે વચન આપે અને તેને પૂરું ન કરે. વયલ (અફ્સોસ) છે તેના ઉપર કે જે વચન આપે અને તેને પૂરું ન કરે."

આ હદીસમાં ત્રણ વખત વયલનો શબ્દ વાપરવાથી સમજાય છે કે વચનને પૂરું કરવું કેટલું જરૂરી છે અને જેના પાસે ઇમાન છે તે કોઈ દિવસ વચન તોડતો નથી બલ્કે સમયસર પૂરું કરે છે.

વચન પૂરું ન કરવું યા વચનને તોડવું હદીસોમાં બહુ જ સખત રીતે મનાઈ કરવામાં આવી છે.

ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે: "મોમિનને આપેલું વચન

એક પ્રકારની નઝર (માનતા) છે જેનો કોઈ કફ્ફારો નથી. જે કોઈ વચનને પૂરું ન કરે તે અલ્લાહ સાથે વચનને તોડ્યું છે; અને અલ્લાહને ગુસ્સે કર્યો છે. આ તે છે જેણે કુરઆન મજીદમાં અલ્લાહ સુ.ત. ફરમાવ્યું છે: '(અય ઇમાનવાળાઓ શા માટે એ વસ્તુ કહો છો જેણે ન કરી શકતા હોય?)' આ કામ અલ્લાહને બહુ જ ગુસ્સો અપાવે છે અને નારાજ કરે છે."

કુરઆન મજીદની આયતો અને હદીસોથી સમજાય છે કે લોકો વચનને પૂરું કરવામાં જેટલી ગફલત કરે છે તેનાથી બચવું જોઈએ.

આપનું લખાણ મળ્યું, હિકમત ૩૩૭ થી ૩૪૫ માટે. આભાર!

મેં આ હિકમતોનું પ્રૂફરીડિંગ પૂર્ણ કરી દીધું છે. વિરામચિહ્નો, ફકરા અને તમારી સૂચના મુજબ નેઅમતો, નેઅમત, કુફ્રાને નેઅમંત શબ્દોને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે.

હિકમત ૩૩૭

અમલની જરૂરત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે માણસ બીજાને (નેકીઓ તરફ) બોલાવે અને પોતે તેના ઉપર અમલ ન કરે તે તેવા તીરંદાજ જેવો છે કે જે વગર ધનુષ તીરને ફેંકે."

ઇમામ અ.સ. આ નુરાની હદીસમાં તે લોકો તરફ ઇશારો ફરમાવે છે જેઓ પોતે અમલ નથી કરતા અને બીજાને અમલ કરવાની

દાવત આપે છે. આવા લોકોની દાવતનો બીજા ઉપર કોઈ અસર થતો નથી.

આ હદીસમાં તીર અને ધનુષ સાથે સરખાવવામાં આવેલું છે. તીર ધનુષ વગર તેના અસલી મકસદ સુધી નથી પહોંચી શકતું.

જ્યાં સુધી પોતે અમલ નહીં કરીશું આપણી વાતની બીજાઓ પર અસર નહીં થાય. આપણી વાતોનું કોઈ યકીન નહીં કરે.

નબી સ.અ.વ. પાસે એક સ્ત્રી પોતાના દીકરાને લઈને આવે કે નબી સ.અ.વ. નસીહત કરે કે મીઠી વસ્તુ વધારે ન ખાય. નબી સ.અ.વ. તે માઁની વાતો સાંભળીને ફરમાવે છે કે: "કાલે આવજો."

ફરીથી માઁ અને દીકરો પહોંચ્યા તો નબી સ.અ.વ. ફરમાવ્યું કે: "વધારે મીઠી વસ્તુ ન ખાય." આટલું બોલીને નબી સ.અ.વ. ખામોશ થઈ ગયા પરંતુ તે માઁને સંતોષ ન થયો. કહ્યું કે: "આટલી વાત તો ગઈ કાલે પણ તમે કહી શકતા હતા. શા માટે ગઈ કાલે આ વાત ન કરી?" આપ સ.એ ફરમાવ્યું કે: "કાલે હું પોતે ખજૂર ખાધી હતી તો જે વસ્તુ હું કર્યું હોય તે વસ્તુની બીજાને કેવી રીતે મનાઈ કરું?"

જે પહેલા પોતે અમલ કરે અને પછી બીજાને કહેશે તેનો અસર બહુ જ જલ્લી થાય છે.

ઇમામ અલી અ.સ. નહ્જુલ બલાગાહના ખુત્બા ૧૭૫માં ઇર્શાદ

ફરમાવે છે કે: "અય લોકો! અલ્લાહની કસમ! હું તમને કોઈ વસ્તુ માટે ઇતાઅત કરવાનો હુકમ નથી આપતો જ્યાં સુધી પોતે તેના પર અમલ ન કરી લઉં; અને લોકોને ગુનાહથી ત્યાં સુધી નથી રોકતો જ્યાં સુધી હું પોતે ન બચું."

આ મુબારક હદીસનો બીજો અર્થ પણ તફસીરમાં મળે છે કે: "જે દુઆ કરે (રોઝી, બીમારી શફા વગેરે માટે) અને પોતે કોશિશ ન કરે તો તે તેવા તીરંદાજ જેવો છે જે વગર ધનુષ તીર ફેંકતો હોય."

દુઆના પણ આદાબ છે તેનો ખયાલ રાખવાથી દુઆ જલ્લી કબૂલ થાય છે.

હિકમત ૩૩૮

બે પ્રકારના ઇલ્મ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ઇલ્મના બે પ્રકાર છે: એક ફિતરી અને બીજું સાંભળીને મેળવેલું. સાંભળેલું ઇલ્મ ફાયદો નથી આપતું જ્યાં સુધી ફિતરત સાથે ન હોય."

ઇમામ અ.સ. અહીંયા ઇલ્મના બે પ્રકાર કર્યા છે. પહેલું કે જેને અલ્લાહે બધામાં રાખેલું છે દરેકની ફિતરતમાં છે. નવા જન્મેલા બાળકને નથી શીખવવામાં આવતું કે દૂધ કેવી રીતે પીવાય... આ ફિતરતમાં શામિલ છે.

બીજા પ્રકારનું ઇલ્મ સાંભળીને, અનુભવથી, કોઈના પાસેથી શીખીને પ્રાપ્ત કરવામાં આવે છે જેમાં ઘણી કોશિશ અને મહેનતની જરૂરત પડે

છે. ઇમામ આ બંને ઇલ્મને બયાન કરીને બીજા પ્રકારના ઇલ્મ વિષે ફરમાવે છે કે આ ઇલ્મ ફિતરત સાથે મેળ થવો જોઈએ. જો ફિતરત મુજબ હશે તો તે ઇલ્મ ફાયદો આપશે, હિદાયતનું કારણ બનશે; અને જો ફિતરત વિરુદ્ધ હશે તો તે હિદાયત તો દૂર બલ્કે ગુમરાહ પણ કરી શકે છે. અને ફિતરતનું ઇલ્મ લોકોની સલાહિયત મુજબ ખુદા આપે છે.

આલિમો ફિતરતનું ઇલ્મ એટલે ઉસૂલે દીન એટલે તૌહીદ, અદલ, નબુવ્વત, ઇમામત અને કયામત ઉપર અકીદો છે. એટલે આ ઇલ્મ બધામાં અલ્લાહે રાખેલું છે ફક્ત થોડી મહેનત કરીને દલીલો મેળવવાની

છે; અને સાંભળેલું ઇલ્મ એટલે ફુરૂએ દીન જેમાં અમલ કરવાનો છે. જ્યાં સુધી ફિતરતનું ઇલ્મ (ઉસૂલે દીન) ન હોય ત્યાં સુધી ફુરૂએ દીન પર અમલનો ફાયદો નથી.

ભલે કોઈ પણ ઇલ્મ હોય જો તે ઇન્સાનિયત માટે દુનિયા અને આખેરતમાં ભલાઈનું કારણ બને તે બે શક શ્રેષ્ઠ ઇલ્મ છે.

હિકમત ૩૩૯

હુકુમતને અભિપ્રાય

સાચો અભિપ્રાય હુકુમત અને તાકાત સાથે હોય છે. જ્યારે તે આવે છે તો હુકુમત આવે છે અને જ્યારે સારો અભિપ્રાય ચાલ્યો જાય તો હુકુમત પણ ખતમ થઈ જાય છે.

ઇમામ અલી અ.સ.ના આ કલામની ઘણી તફસીર બયાન કરવામાં આવી છે:

૧. જ્યાં સુધી સારા સલાહ સૂચન આપવાવાળા ન હોય તો સારી હુકુમતની સ્થાપના નથી થઈ શકતી. સારી અને મજબૂત હુકુમત માટે તેના પાછળ જે અભિપ્રાય આપવાવાળા હોય છે તેમનો મોટો ફાળો હોય છે અને હુકુમતને ખતમ થવા પાછળ પણ ખોટા સૂચનો અને અભિપ્રાય આપનાર જવાબદાર હોય છે.

૨. બીજી તફસીર બયાન થઈ છે કે જ્યારે હુકુમત અને કુદરત આવી જાય તો દરેક ચાપલુસ અને અભિપ્રાય સારો લાગવા લાગે છે

ભલે પછી તે સૂચન ખોટું જ કેમ ન હોય. અને જ્યારે હુકુમત ચાલી જાય તો સારા સૂચનો પણ ખોટા લાગવા લાગે છે.

જ્યારે કોઈની પાસે હુકુમત અને તાકાત આવી જાય તો બધા રસ્તા ખુલવા લાગે છે. રુકાવટો આવે તો પણ દૂર થઈ જાય છે; અને જ્યારે કોઈની હુકુમત ખતમ થવાની હોય તો રોશનીમાં પણ ઠોકરો ખાય છે. અક્કલ પણ કામ કરવાનું છોડી દે છે. સારા મશવેરા પણ ઊંધા પડે છે.

ઇમામ અ.સ. એના તરફ જ ઇશારો ફરમાવે છે કે હુકુમત અને કુદરત હશે તો બધા સાથ આપશે. જેવી જ હુકુમત હાથમાંથી ચાલી

જાય તો પોતાના પણ પારકા બની જાય છે.

હિકમત ૩૪૦

પાકદામની અને શુક્ર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ગરીબની શોભા પાકદામનીમાં છે અને અમીરની શોભા શુક્રમાં છે."

આ ઇમામના કલામમાં બે વસ્તુ તરફ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. ગરીબી હોવી કોઇ કમી યા કોઇ ખામી નથી પરંતુ લોકો તેને કમી સમજવા લાગે છે. તો જ્યારે કોઇ ગરીબ હોય તો તેના માટે ઘણી વસ્તુઓ જરૂરી બની જાય છે કે તે પોતાની ગરીબીના લીધે કોઇ માલદારના સામે હાથ ન ફેલાવે, બીજાની દૌલત તરફ નજર કરીને અફસોસ ન કરે, હરામના રસ્તાથી

માલ મેળવવાની કોશિશ ન કરે, પોતાની ગરીબીને બીજાઓથી છુપાવે બીજાઓ સામે બયાન ન કરે. આ બધી વસ્તુથી પોતાને બચાવે તો આને પાકદામન રહેવું કહેવાય છે. એટલે ગરીબની મોટી શોભા છે. કુરઆન મજીદમાં આ વસ્તુને સૂરએ બકરા આયત ૨૭૩માં ફરમાવ્યું છે કે: "જાહિલ તેઓને પાકદામન હોવાના લીધે માલદાર સમજે છે." એટલે પોતાની ઝાતને ગુનાહ અને હરામથી બચાવવું એ સૌથી મોટી પાકીઝગી છે; અને ઇમામ એટલા માટે ગરીબ માટે પાકદામન હોવું તેની શોભા બયાન કર્યું છે કે અમુક અસંતોષ માણસો જલ્દીથી અમીર બનવા માટે અથવા પોતાના ખોટા

ખર્ચા પૂરા કરવા માટે હરામ કામો કરવા લાગે છે ભલે પછી તે હરામ કામો શહવત પરસ્તીમાં હોય કે બીજા લોકોનો માલ હડપ કરીને હોય...

બીજી વસ્તુ ઇમામ આ હદીસમાં બયાન ફરમાવ્યું છે કે અમીરની શોભા શુક્રમાં છે. જો ખરેખર અમીરો પોતાની માલદારી પર શુક્ર અદા કરે તો અલ્લાહે જે આપ્યું છે તે જરૂરતમંદોને આપે, ખૈરોખૈરાત કરે, નેક અને ભલાઈના કામો અંજામ આપે તો આ નેકીઓ અમીર માટે ઝીનત અને શોભા હોય છે.

પરંતુ જો કોઈ અમીર કંજૂસ અને ફક્ત પોતાની દૌલતનો રખેવાળ બનીને રહે અને લોકો પર

ખર્ચ ન કરે તો તેની દૌલતમાંથી બરકત ઉઠી જાય છે અને લોકોની નજરોથી પડી જાય છે.

કિતાબ કશફુલ ગુમ્મામાં આવી જ હદીસ વિસ્તારથી બયાન થઈ છે:

"ગરીબની શોભા પાકદામનીમાં છે. અમીરની શોભા શુક્ર છે. બલા (ઇમતેહાન)ની શોભા સબ્ર છે. શખ્સિયતની શોભા નરમાશ છે. કલામની શોભા ફસાહત છે. ઇમાનની શોભા ઇન્સાફ છે. ઇબાદતની શોભા સુકૂન છે. રિવાયતની શોભા હિફાઝતમાં છે. ઇલ્મની શોભા નરમાશ છે. અક્કલની શોભા અદબ છે. હિલ્મ (સહન શક્તિ)ની શોભા ચહેરાનું

ખીલવું છે. ઝોહદની શોભા ઇસાર છે. રૂહની શોભા બીજાને આપવું છે. ખૌફની શોભા વધારે રડવું છે. સંતોષની શોભા ઓછા ખર્ચમાં છે. નેકીની શોભા એહસાન ન જતાવવું છે. નમાઝની શોભા ખુશુઅ છે. વરાઅ (તકવા)ની શોભા નકામી કામોથી બચવું છે."

હિકમત ૩૪૧

ઝાલિમ અને મઝલૂમ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ઝાલિમ માટે ઇન્સાફનો દિવસ મઝલૂમ પર ઝુલ્મ કરવાના દિવસ કરતાં વધુ સખત છે."

દુનિયામાં ઝાલિમનો ઝુલ્મ કેટલો પણ હોય તે જલ્લીથી પસાર થઈ જશે પરંતુ ઝાલિમ માટે કયામતમાં તેની સજા હંમેશા માટે છે અને તે

સજા પણ દુનિયા કરતાં ઘણી સખત હશે.

અને કેટલાય ઝાલિમોને આખેરતના અઝાબ સિવાય આ દુનિયામાં પણ પોતાના ઝુલ્મની સજા મળી છે.

ઝાલિમ માટે કયામતમાં ઇન્સાફનો દિવસ એટલો સખત હશે કે ઇમામ અલી અ.સ. એક બીજી જગ્યા ફરમાવે છે કે ઝાલિમ પોતાના બંને હાથોને દાંતો વડે બટકા ભરશે. તેના માટે આટલું જ બસ છે એટલે પોતાના કર્યા ઉપર પછતાવો કરશે.

અલ્લાહ ઝાલિમ ઉપર બીજા ઝાલિમ થકી બદલો લેશે તેના વિષે ઇમામ બાકિર અ.સ. ફરમાવે છે:

"અલ્લાહ ઝાલિમ ઉપર બીજા ઝાલિમ થકી બદલો લે છે."

ઝાલિમ ઝુલ્મ કરીને ભલે સમજતો હોય કે મઝલૂમનું વધારે નુકસાન કર્યું છે પરંતુ આ વિષે ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે: "મઝલૂમ ઝાલિમના દીનને વધારે લઈ લે છે કે તે મઝલૂમના માલને લે છે."

ઝાલિમ એમ સમજે છે કે: "હું તેનો માલ લઈ લીધો." મઝલૂમનો તો ફક્ત માલ જ ગયો. ઝાલિમ ચોરનું તો ઇમાન ગયું જે માલ કરતાં મોટું નુકસાન છે.

ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. ફરમાવે છે કે કિતાબ-એ-અલી અ.સ.માં છે કે ત્રણ વસ્તુ એવી છે

કે જેની સજા આ દુનિયામાં જલ્લી મળે છે: ઝુલ્મ, સગાંવહાલાં સાથે રિશ્તો તોડી દેવો અને જુઠી કસમ ખાવી.

ઝુલ્મનો અર્થ એ નથી કે કોઈ મોટો ગુનાહ કર્યો હોય બલ્કે જો કોઈની પેન ચોરાવી હોય કે કોઈનો કરોડોનો ઘોટાળો કર્યો હોય બધા જ ઝાલિમમાં છે. કોઈને કત્લ કર્યો હોય કે કોઈને નાહક તમાચો માર્યો હોય, કોઈની હલકાઈ કરી હોય કે મોટા મજમાંમાં બેઇઝ્ઝતી કરી હોય; એ બધા જ ઝાલિમમાં ગણાશે.

હિકમત ૩૪૨

સૌથી મોટી દૌલત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સૌથી મોટી માલદારી એ છે કે જે કંઈ બીજાઓ પાસે છે તેની આશા ન રાખે."

ઇમામ અ.સ. આ હદીસમાં મોટી અખ્લાકી વસ્તુ બયાન ફરમાવી છે કે જો માણસ સંતોષી નહીં હોય તો બીજાઓ પાસે જે કંઈ છે તેને જોઈને પોતાના પાસે જે છે તેની કદરોકિંમત નહીં કરે. ત્યાર પછી ઝબાન પર હંમેશા શિકાયત જ આવે છે: "ફલાણા પાસે આ છે અને મારા પાસે નથી, પેલા પાસે સરસ મોટર છે અને મારા પાસે તો જૂની જ મોટર છે....." આ રીતે બીજાઓ તરફ જોતા જોતા અલ્લાહનો

નાશુક્રો બંદો બની જાય છે; તો ઇમામ અ.સ. આ હદીસમાં માલદાર એ માણસને કહે છે જે તેના પાસે છે તેમાં જ ખુશ રહે અને બીજાઓ પાસે શું છે તેનાથી મતલબ ન રાખે.

બીજાઓ પાસે છે તેના તરફ નજર કરીને પોતાને આગળ વધારે. ત્યાં સુધી પહોંચવા મહેનત કરે સારી વસ્તુ છે; પરંતુ જે વસ્તુ નથી તેના માટે શિકાયત કરવી, તેના માટે ખોટા વિચાર કરવા મૂંઝવણમાં નાખી દે છે.

જે અલ્લાહવાળા હોય છે જે લોકો ઝોહદ ઇખ્તિયાર કરે છે તેઓ પોતાના પાસે જે છે તેમાં જ ખુશ હોય છે તેઓ વલી-એ-ખુદા હોય છે. જે કંઈ છે તેના પર અલ્લાહની

ઇબાદત પણ કરે છે અને તેનો શુક્ર પણ માને છે. તેમને બીજાઓ પાસે શું છે તેની તરફ નજર નથી કરતા. તેમની બહેતરીન મિસાલ આપણા ઇમામોની જિંદગી છે.

કુરઆન મજીદ સૂરએ તાહા આયત ૧૩૧માં છે કે: "(અય રસૂલ સ.અ.વ.!) આ દુનિયાની જિંદગીની રોનક તરફ આંખોને ઉઠાવીને ન ચાલો, જે અમે અજમાવવા માટે જુદા જુદા લોકોને આપી છે અને તમારા પરવરદીગાર તરફથી આપેલું રિઝક બેહતર અને વધારે સમય સુધી બાકી રહેનાર છે."

ટૂંકમાં કહીએ તો હદીસોમાં મળે છે કે તમામ ખૂબી લાલચ ન કરવામાં છે; અને જે માણસ લોકોને

છોડીને ખુદાથી આશા રાખે છે તો તેને અલ્લાહ અતા ફરમાવે છે.

હિક્મત ૩૪૩

પોતાના આમાલનો કૈદી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકોની વાતોને સાચવીને રાખવામાં આવશે, દિલની છુપી વાતોને અજમાવવામાં આવશે. 'દરેક માણસ તેના આમાલથી ગીરવી રાખવામાં આવ્યો છે' અને તમામ લોકોમાં કમી છે અને દરેકમાં ઐબ હોય છે સિવાય કે જેને અલ્લાહ બચાવે. (કેમકે) પૂછનારા બહાનાથી ફસાવવા ચાહે છે; અને જવાબ આપનાર (ઇલ્મ વગર) તવજ્જહ કરે છે અને જવાબ સંતોષી નથી હોતો. અહીંયા સુધી કે તેમના સારા માણસોના સારા વિચારો

(બીજાઓની) દોસ્તી અને દુશ્મનીના લીધે પોતાના સારા વિચારથી હટી જાય છે; અને તેઓમાં જેઓ અક્કલ રીતે પરિપકવ છે તેના દિલ પર એક જ નજર અને એક જ શબ્દ તેઓમાં ઇનકેલાબ બરપા કરી દે છે."

આ કલામમાં ઇમામ અ.સ. ઇન્સાનને અમુક ચેતવણીઓ પેશ કરી છે:

૧. માણસ જે કંઈ બોલે છે તેને સાચવવામાં આવે છે. એટલે આપણી દરેક વાતો, દરેક શબ્દો બલ્કે દરેક ઈશારા અલ્લાહ તરફથી રેકોર્ડ થઈ રહ્યા છે. કોઈ એમ ન સમજે કે અમે જે કંઈ બોલશું તેનો કોઈ હિસાબ નથી. એવું નથી બલ્કે

સારા ખરાબ શબ્દોનો ફરિશ્તાઓ રેકોર્ડ કરી રહ્યા છે.

કુરઆન મજીદમાં સૂરએ કાફ આયત ૧૮માં આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હદીસમાં છે કે મુઆઝ ઇબ્ન જબલ ર.અ. નબી સ.અ.વ.થી પૂછ્યું કે કયા કામો કરવાથી જન્નત મળશે અને કયા કામો કરવાથી દોઝખથી દૂર થઈ શકીએ?

અલ્લાહના રસૂલ સ.અ.વ.એ તેને અમુક વાતો બતાવી છેલ્લે ફરમાવ્યું કે: "શું તમને તે તમામમાં બુનિયાદી વસ્તુ બતાવું?" મુઆઝ ઇબ્ન જબલ ર.અ.એ કહ્યું: "હા યા રસૂલલ્લાહ." નબી સ.અ.વ.એ ઝબાન તરફ ઇશારો કરીને

ફરમાવ્યું કે: "આને સાચવીને રાખો."

એટલે બોલવામાં ધ્યાન રાખો કેમકે ઝબાન જન્નતી પણ બનાવી શકે અને દોઝખી પણ બનાવી શકે.

૨. દિલની છુપી વાતોને અજમાવવામાં આવશે. માણસને એવા ઇમ્તેહાનમાંથી પસાર થવું પડશે જેથી દિલમાં જે હકીકત છે તે જાહેર થઈ જશે. જાહેરમાં ભલે મોમિન હોવાના દાવા કરતા રહીએ પરંતુ એવા ઇમ્તેહાનમાંથી પસાર થવાનું છે જે સત્ય હશે તે જ બહાર આવશે; અને ખબર પડી જશે કે ફક્ત ઝબાનથી મોમિન હતા કે દિલથી પણ ઇમાન રાખતા હતા.

કુરઆન મજીદમાં સૂરએ મુહમ્મદ આયત ૩૧માં અલ્લાહ ફરમાવે છે: "અમે તમારું જરૂર ઇમ્તેહાન લેશું જેથી ખબર પડે કોણ મુજાહિદ છે અને કોણ સબર કરનાર છે અને તમારી હાલતની તપાસ કરીએ."

ઇમામ અલી અ.સ. એક ખુત્બામાં ફરમાવે છે: "દિવસો પસાર થવાથી ખબર પડી જશે કે તમારા દિલોમાં શું છૂપું છે."

એટલે કોઈને પણ ઇમ્તેહાનથી છુટકારો નથી. અલ્લાહ કોઈને સુખથી તો કોઈને દુઃખથી ઇમ્તેહાન તો જરૂર લેશે જેથી હકીકત સામે આવે. તેથી જરૂરી છે કે આપણું ઇમાન એટલું મજબૂત હોવું જોઈએ કે જેવું જાહેરમાં છે તેવું જ દિલમાં

પણ હોય અને જે દિલમાં છે તે જાહેરમાં પણ હોય.

૩. "દરેક માણસ તેના આમાલથી ગીરવી રાખવામાં આવ્યો છે." ઇમામ અ.સ. અહીંયા કુરઆન મજીદની આયત બયાન ફરમાવી છે. તેમાં ખાસ આમાલને ગીરવી રાખવા પર ભાર મુકેલો છે. કોઈ પણ માણસ જ્યારે કોઈ વસ્તુ ગીરવી રાખે તો ત્યાં સુધી પાછી નથી લઈ શકતો જ્યાં સુધી પાછી ન આપે. દાખલા તરીકે એક ભાઈ પાસેથી ૧ લાખ લીધા તેના માટે ૧૦૦ ગ્રામ સોનાના દાગીના ગીરવી રાખ્યા. જ્યારે માણસ ૧ લાખ ભરપાઈ કરશે તો ગીરવી રાખેલો માલ છૂટશે. ઇમામ અ.સ. આયતને બયાન કરીને એ

જ ફરમાવે છે કે લોકો પોતાના આમાલમાં ગીરવી રાખેલા છે; એટલે જેમ જેમ આમાલ અંજામ આપશે તેમ તેમ પોતાની જવાબદારી પૂરી કરી ગણાશે; નહીં તો કબરમાં અથવા કયામતના દિવસે તેને પૂછવામાં આવશે કે શા માટે આમાલ અંજામ નથી આપ્યા.

૪. દરેકમાં કોઈને કોઈ કમી અને ઐબ તો હોય છે સિવાય કે જેને અલ્લાહ બચાવે. ચાહે તે કમી અક્કલ અને અકીદામાં હોય કે આમાલમાં. જેના પર અલ્લાહનો લુતફો કરમ હોય તે જ અકીદા અને અખ્લાકની બુરાઈ અને ગુનાહોથી બચી શકે છે. જેઓને દરેક પ્રકારની બુરાઈઓથી અલ્લાહે

દૂર રાખ્યા છે તેઓ ફક્ત અહલેબયત અ.સ. છે. માટે તમામ ગુનેહગાર માટે હુકમ છે કે ગુનાહ જો થઈ જાય તો તરત જ તૌબા કરે.

આવા માણસો જે બુરાઈ કરવાવાળા છે તેઓની ઇમામે અમુક નિશાની બયાન ફરમાવી છે.

પહેલી નિશાની તેઓનો મકસદ હકીકતમાં સવાલ કરવો નથી હોતો બલ્કે સવાલ કરીને ફસાવવા ચાહે છે તકલીફ આપે છે.

અને બીજી નિશાની જવાબ આપનાર (ઇલ્મ વગર) તવજીહ કરે છે અને જે પોતાના મનને ભાવતી વાત હોય તેને શરીયત બનાવીને જવાબ આપે છે; અને જો તે કોઈ

વસ્તુનો જવાબ ન જાણતા હોય તો એમ કહેતા શરમાઈ છે કે: "હું નથી જાણતો." અને પોતાના રીતે તફ્સીર બિરરાઈ પેશ કરે છે.

ત્રીજી નિશાની કે પોતે જેનાથી મોહબ્બત અને દુશ્મની રાખે છે તે રીતે પોતાના વિચાર પેશ કરે છે. આ એટલું ખતરનાક છે કે પછી તે હકીકત સુધી નથી પહોંચી શકતો કેમકે દિલમાં જેની દોસ્તી યા દુશ્મની રાખે છે તેને જ પોતાનો અકીદો બનાવે છે અને હકીકતથી કોઈ લેવા દેવા નથી.

છેલ્લી નિશાનીમાં ફરમાવે છે કે જ્યારે માણસ પોતાના નફ્સની પેરવી કરવા લાગે છે તો તેને બહેકાવવા માટે એક દગાથી ભરેલો

શબ્દ અથવા હવસ ભરેલી એક નજર પણ કાફી હોય છે ભલે બહુ જ ભણેલો હોય કે હોશિયાર માણસ હોય તેને બરબાદ કરી દે છે. ટૂંકમાં જાણીએ કે ઇમામ અ.સ. આ કલામમાં અમુક વસ્તુઓથી ચેતવ્યા છે: ઝબાન અને દિલની છુપી વાતો, હવસ, ચાપલુસી, લાલચ...

હિકમત ૩૪૪

મોટી ખોટ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અય લોકો! અલ્લાહથી ડરતા રહો; કેમકે કેટલાય લોકો એવી ઉમ્મીદો રાખે છે જેના સુધી કોઈ દિવસ પહોંચી શકવાના નથી; અને એવા ઘર બનાવે છે જેમાં રહેવાનું નસીબ થતું નથી; એવી દૌલત ભેગી કરે છે જેને અહીંયા જ છોડીને જવાનું

છે જેણે ખોટી રીતે ભેગો કર્યો હોય છે યા કોઈના હકને અદા ન કરીને ભેગો કર્યો હોય છે; યા પછી હરામ રસ્તાથી હાસલ થયો હોય છે. આવા માલો દૌલત થકી પોતાના ઉપર હરામનો બોજ નાખ્યો છે અને અલ્લાહની બારગાહમાં તે બોજના લીધે ગમગીન અને અફસોસ સાથે પહોંચશે; તો આ લોકો 'દુનિયા અને આખેરત બંનેમાં નુકસાન ઉપાડનાર છે અને આ બહુ જ મોટી ખોટ છે'."

ઇમામ અ.સ. આ હિકમતમાં દુનિયાદાર લોકોને ચેતવી રહ્યા છે. ઇમામ અ.સ. આ કલામમાં સૌથી પહેલા અલ્લાહનો ખૌફ અને તકવાની તરફ બોલાવી રહ્યા છે.

ઇમામ આગળ ખાસ બે વસ્તુઓ વિષે ફરમાવ્યું છે: મોટા મોટા મકાન,

બંગલા અને વીલા બનાવવા અને માલો દૌલતને ભેગા કરવા. દુનિયાદાર મોટા મોટા મકાન અને મહેલને બનાવે છે તેના પાછળ મહેનત કરે છે અને છેવટે તેને મોત આવીને પકડી લે છે અને તેમાં રહેવાનું પણ નસીબ નથી થતું; જેવી રીતે શદ્દાદને તેની બનાવેલી જન્નતમાં દાખલ થવું પણ નસીબ થયું ન હતું.

અને દુનિયાના પૂજારી માલને ભેગો કરવામાં એટલા મશગુલ હોય છે કે માલ વધી રહ્યો છે; બેલેન્સમાં વધારો જોઈને ખુશ થતા હોય છે પરંતુ પોતાની તે દૌલતને વાપરી નથી શકતા અને મલેકુલ મૌત આવીને રૂહ કબઝ કરી લે છે.

માલ, મિલ્કત, દૌલત, બેંક બેલેન્સ બધું જ આ દુનિયામાં રહી જાય છે અને ખાલી હાથ જવું પડે છે.

આગળ ઇમામ અ.સ. ફરમાવે છે કે જેઓ દુનિયાદાર છે તેઓ આટલી તકલીફો ઉપાડીને માલો દૌલત વાપરી નથી શકતા. સાથે એ પણ મુસીબત છે કે હરામ, બાતિલ અને નાજાઈઝ રસ્તાઓથી ભેગો કરેલ છે અને લોકોના હકને અદા નથી કરતા તેના લીધે ગુનાહોનો બોજ પોતાના ઉપર વધારે છે.

બિહારુલ અનવારમાં ઇમામ અલી રઝા અ.સ.ની એક હદીસ છે કે ત્યાં સુધી માલ ભેગો નથી થઈ શકતો જ્યાં સુધી તેમાં આ પાંચ આદતો ન હોય.

૧. એકદમ વધારે કંજૂસી.

૨. લાંબી લાંબી ઉમ્મીદો.

૩. લાલચ.

૪. સગાંવહાલાં સાથે દૂરી.

૫. દુનિયાને આખેરત પર તરજીહ આપવું.

જ્યારે એક માણસ આવો બની જાય તો જ દૌલત ભેગી કરે છે.

ત્યાર પછી ઇમામ અ.સ. દુનિયાદાર લોકોના અંત વિષે જાણકારી આપે છે કે આવા લોકો કયામતમાં અલ્લાહની બારગાહમાં જ્યારે પહોંચશે તો તેઓ ગમગીન અને અફ્સોસ કરતા હશે કે અમારા હાથમાંથી દુનિયા પણ ગઈ અને આખેરત પણ ગઈ. આટલી મહેનતથી માલો દૌલત ભેગો કર્યો,

આટલા આટલા મકાન અને બંગલા તૈયાર કર્યા પરંતુ અફસોસ કે ન તો દુનિયામાં તેનાથી ફાયદો ઉઠાવી શક્યા અને આખેરતમાં અઝાબના હકદાર બન્યા અને મોટું નુકસાન ઉઠાવ્યું છે.

ઇતિહાસમાં છે કે જેઓ દુનિયાની લાલચ અને હુકુમતની લાલચમાં ઇમામ હુસૈન અ.સ.ને શહીદ કર્યા તેઓ એટલું મોટું નુકસાન ઉઠાવ્યું છે કે જેની જગ્યા બીજી કોઈ વસ્તુ નથી લઈ શકતી.

આ લોકો દુનિયા અને આખેરતમાં મોટા નુકસાનમાં છે.

હિકમત ૩૪૫

અનોખી પાકદામની

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ગુનાહ કરવા માટે સગવડ ન હોવી પણ પાકદામની છે."

આપણે જાણીએ છીએ કે પાકદામનના દરજ્જા છે. નબીઓ અને ઇમામોનો દરજ્જો સૌથી મોટો છે જેઓ પોતાનામાં એવી શક્તિ પૈદા કરે છે જેના લીધે નફ્સાની ખ્વાહિશોથી દૂર હોય છે જેથી તેઓ ગુનાહ પણ નથી કરતા અને લોકો તેમની વાતોનો ભરોસો કરે છે. તેમનાથી નીચા દરજ્જામાં તે લોકો આવે છે જેઓ મોટા મોટા ગુનાહોથી દૂર રહે છે પરંતુ નાના ગુનાહો તેમનાથી થતા હોય છે; અને સૌથી નીચો દરજ્જો કે જ્યાં સુધી ગુનાહ

કરવાની સગવડ ન હોય ત્યાં સુધી ગુનાહથી દૂર રહે છે પરંતુ જ્યારે ગુનાહ કરવામાં કોઈ રૂકાવટ ન હોય તો ગુનાહ પણ કરી લે છે; જેમ કે આંધળો માણસ નામહરમને જોવાનો ગુનાહ નથી કરતો કેમકે તેના પાસે જોવાની શક્તિ નથી. જો આંખેથી જોવા લાગે તો પછી ગુનાહથી નથી બચતો.

ઇમામ અલી અ.સ. એ વાત તરફ આ કલામમાં ઇશારો કરે છે કે જો ગુનાહ કરવામાં અસમર્થ હોય યા ગુનાહ કરવા માટે સગવડો ન હોય તો તે પણ ખુદા તરફથી એક પ્રકારની નેઅમત છે અને ગુનાહ કરવાનો મૌકો ન મળવો પણ ખુદાની નેઅમત છે અને અઝાબે

ખુદાથી બચવાનું કારણ બને છે. જે લોકોથી ગુનાહો થઈ જતા હોય તેમને કોશિશ હોવી જોઈએ કે એવી જગ્યા જ્યાં ગુનાહ થવાની શક્યતા હોય તેવી જગ્યા પર જવાથી પોતાને બચાવે જેથી ખુદાનો નાફરમાન ન બને.

ઇસ્લામમાં પણ હુકમ છે કે જો તમે પોતાના ઇમાન અને દીનને ન બચાવી શકો તો ત્યાંથી હિજરત કરી જાવ. અને અલ્લાહના નબી સ.અ.વ. પોતાના સાથીઓ સાથે મક્કાથી મદીના હિજરત કરી તેનું એક કારણ એ પણ હતું કે મુશરિકોનો ત્રાસ હતો અને શિર્ક તરફ લોકોને દબાણ કરવામાં આવતું હતું. જો કોઈ ઇમાન બચાવવા

અથવા ગુનાહોથી બચવા જગ્યા ન બદલે તો મરવા પછી સવાલ જવાબમાં કોઈ બહાનું નહીં ચાલે. જેમ કે કુરઆન મજીદમાં સૂરએ નિસા આયત ૯૭માં અલ્લાહ ફરમાવે છે.

"તે લોકો જે પોતે (ગુનાહ કરીને) ઝુલ્મ કરે છે તેમની રૂહ કાઢતી વખતે ફરિશ્તાઓ કહેશે કે: 'તમે કંઈ હાલતમાં હતા?' તેઓ કહેશે કે: 'અમે આ ઝમીન ઉપર લાચાર હતા.' તો ફરિશ્તા કહેશે કે: 'શું અલ્લાહની ઝમીન મોટી ન હતી કે ત્યાં હિજરત કરીને જઈ શકતા હતા.' આવા લોકોની જગ્યા દોઝખ છે અને બહુ જ ખરાબ જગ્યા છે."

જરૂરી છે કે જે લોકોને ગુનાહ કરવાનો મૌકો ન મળે તે અલ્લાહનો શુક્ર અદા કરે; અને સમાજના સંચાલકો યા કૌમના લીડરો માટે પણ આ ઇમામના કલામમાં પયગામ છે કે લોકો માટે એવા પ્રોગ્રામ ન રાખવામાં આવે કે જેથી લોકોને ગુનાહ કરવા માટે રસ્તા ખુલ્લી જાય.

હિક્મત ૩૪૬

માંગવું

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "તમારી ઇઝ્ઝત લોકો સામે હાથ ફેલાવવાથી ખતમ થઈ જાય છે. હવે જોવાનું છે કે કોના સામે ઇઝ્ઝતને ખતમ કરી રહ્યા છો?"

ઇમામ અલી અ.સ.ના આ નુરાની કલામનો જો શાબ્દિક અર્થ

કરવામાં આવે તો કદાચ તે સરખો સમજમાં ન આવે તેથી આલિમો સમજાય એ પ્રમાણે ઉપર મુજબ તરજુમો કરેલ છે.

ઇમામ અ.સ. ઇન્સાનની ઇઝઝત વિષે ફરમાવે છે કે દરેક માણસ ઇઝઝતવાળો છે પરંતુ જ્યારે તે બીજાના સામે હાથ ફેલાવે ત્યારે તેની ઇઝઝત પાણી પાણી થઈ જાય છે; અથવા એક અર્થ એ પણ છે કે જ્યારે એક ઇઝઝતદાર માણસ બીજાના સામે મજબૂરીમાં હાથ ફેલાવે તો તેનો ચહેરો શર્મના લીધે પાણી પાણી થઈ જાય છે એટલે કે તેની ઇઝઝત ખતમ થઈ જાય છે.

"એક વખત ઇમામ અલી અ.સ.ના સહાબી જ. હારીસે

હમદાની ર.અ., રાતના ઇમામ અ.સ.ના બાજુમાં બેઠેલા હતા. કહ્યું: 'મૌલા! મારી એક હાજત છે.' ઇમામે ફરમાવ્યું: 'શું તે હાજત માટે મને મુનાસીબ સમજે છે?' કહ્યું કે: 'હાં મૌલા!' પછી ઇમામે ફરમાવ્યું કે: 'અલ્લાહ તને નેક બદલો આપે અને ચિરાગને બુજાવી દે છે.' ફરમાવ્યું કે ચિરાગને એટલા માટે બુજાવી દીધો કે: 'જેથી તારી હાજત બયાન કરતી વખતે હું તારા ચહેરાની ઝિલ્લતની શરમને ન જોઈ શકું. હવે બોલ શું ચાહે છે?' નબી સ.અ.વ.થી સાંભળ્યું છે કે તે ફરમાવતા હતા કે લોકોની હાજત અલ્લાહના બંદાઓ માટે અમાનત છે. જો તેને છુપાવશે તો તેની ઇબાદતમાં

ગણતરી થશે; અને જો કોઈ હાજતને જાહેર કરે તો તેના માટે જરૂરી છે કે તેની જરૂરતને પૂરી કરે."

આ વિષે ઘણી બધી હદીસો છે. એક હદીસમાં ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. ફરમાવે છે: "જો માંગનાર જાણતો હોત કે માંગવું કેટલું મોટું ઐબ છે તો કોઈ દિવસ બીજા પાસે ન માંગત; અને જો આપવાવાળાને ખબર હોત કે આપવામાં કેટલા ફાયદા છે તો કોઈ દિવસ બીજાને આપવાથી હાથને ન રોકત."

આ હદીસમાં ઇમામ બાકિર અ.સ. માંગનાર માટે ઐબ અને આપનાર એટલે સખાવત કરનારના વખાણ બયાન કર્યા છે.

એવું નથી કે સખીદાતા ખર્ચ ન કરે અને કંજુસાઈ કરવા લાગે; બલ્કે તેઓ પણ ખર્ચ કરે પરંતુ યોગ્ય જગ્યા કરે જેના વિષે સૂરએ બકરા આયત ૨૭૩માં ખુદા ફરમાવે છે કે: "તે ગરીબો માટે (ખર્ચ કરો) જે અલ્લાહની રાહમાં એવા ઘેરાય ગયા છે કે તે (કામકાજ માટે) ઝમીન ઉપર દોડધૂપ નથી કરી શકતા. જે લોકો તેમને નથી જાણતા તેઓ તેમની હયા અને પાકદામન હોવાના લીધે માલદાર સમજે છે જયારે કે તેમના ચહેરાથી તેમની (જરૂરતને) ઓળખી શકાય છે. તેઓ કોઈથી સવાલ નથી કરતા અને તમે જે ખર્ચ કરો છો તેને અલ્લાહ બહેતર રીતે જાણે છે."

આ આયતમાં અલ્લાહે તેઓ ઉપર ખર્ચવાનો હુકમ કર્યો છે કે જેઓ અલ્લાહ માટે કામ કરતા હોય અને તેઓ પોતાનું કામકાજ ન કરી શકતા હોય. જેઓ શરમોહયાના લીધે કોઈ પાસે માંગી પણ ન શકતા હોય. હવે લોકોની જવાબદારી બને છે કે તેઓ ઉપર ખર્ચ કરવામાં આવે. સાફ શબ્દોમાં કહીએ તો એવા આલિમો જેઓ પોતાની જિંદગીને નિખાલસ સાથે અલ્લાહ માટે વાપરતા હોય તો તેઓનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. જે ન કોઈને કહી શકતા હોય ઇઝ્ઝતની ખાતર અને ન તો તેમની જરૂરતો પૂરી થતી હોય. તેના મુકાબલામાં અમુક એવા લોકો હોય છે જેઓ સાચું ખોટું

કહીને લોકો સામે હાથ ફેલાવે છે તેમના માટે સખીદાતા પોતાની દૌલતના દરવાજા ખોલી દે છે.

અંતમાં કે કોઈના સામે હાથ ફેલાવવું બેઇઝ્ઝતીનું કારણ બને છે અને જે ઇઝ્ઝતદાર જરૂરતમંદ હોય છે તે લોકોનો ખયાલ રાખવો પણ સખીદાતાઓની ફરજ છે. જો યોગ્ય જગ્યા ખર્ચ થશે તો તેનો અજર પણ વધારે છે.

હિકમત ૩૪૭

ચાપલુસી અને હસદ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "હદથી વધારે કોઈના વખાણ કરવા ચાપલુસી છે; અને જે વખાણના લાયક હોય અને તેના વખાણ ન કરવા તે કમજોરી અને હસદની નિશાની છે."

ઇમામ અલી અ.સ. આ બયાનમાં તે બંને સમૂહને ચેતવી રહ્યા છે જેઓ હદથી વધી જાય છે અને જેઓ હસદના લીધે વખાણમાં કોતાહી કરે છે.

જે માણસ વખાણનો લાયક હોય તેનું વખાણ કરવું સમાજમાં પસંદ કરવામાં આવે છે જેમ કે કોઈ નેક કામ કર્યું હોય જેમ કે સમાજને લાભ થયો હોય યા કોઈ બાળકમાં સારી આદતો હોય વગેરે... તો તેના માટે જો વખાણ કરવામાં આવે તો તેની હિંમત વધે છે સારા કામ કરવા માટે ઉત્સાહ વધે છે. આવા વખાણ કરવા જોઈએ પરંતુ જે જેટલાં વખાણનો લાયક હોય તેટલા જ વખાણ કરવા જોઈએ અને તેનાથી મોટો ન કરવો

જોઈએ. અને જો કોઈ ખોટા વખાણ કરે અથવા હદથી વધારે વખાણ કરે તેને ચાપલુસી કહેવાય છે અને તે ચાપલુસી પાછળ તેનો કોઈ મકસદ હોય શકે છે. અને ચાપલુસીમાં વધારે પડતા વખાણનો મતલબ કે ખોટું બોલી રહ્યા છો પોતાને ઝલિલ કરી રહ્યા છો અને આ કામ સમાજમાં બહુ જ ખરાબી લાવે છે. તેમાં પછી જે દબંગ અને ખરાબ ચરિત્રવાળો હોય તેના પણ વખાણ કરવા પડે છે જેનો ખોટો અસર બાળકો અને જવાનોમાં પડતો હોય છે.

બીજી વસ્તુ કે જે વખાણનો હકદાર હોય અને તેના વખાણ ન કરવામાં આવે તો આ પણ એક

પ્રકારનો ઝુલ્મ કહેવાય. અને તેને નજરઅંદાજ કરી દેવાથી દિલમાં કિન્નો જન્મે છે અને આપસમાં દુશ્મની થઈ શકે છે. લાયકના વખાણ ન કરવા પાછળ યા તો હસદ કારણ હશે યા બયાન ન કરવામાં કમજોરી હશે.

કોઈની નેકી પર વખાણ કરવા અલ્લાહની તાલીમ છે શબે હિજરત ઇમામ અલી અ.સ.ના વખાણ કર્યા.

સૂરએ દહરમાં પંજેતન અ.સ.ની ઇસાર અને સખાવતના વખાણ છે.

ઇમામ અલી અ.સ.ના મયદાને જંગમાં લડાઈના વખાણ છે...

નબી સ.અ.વ. આપણને એ પણ બતાવ્યું છે કે વખાણ લોકોના મોઢા ઉપર ન કરવા. હદીસમાં નબી

સ.અ.વ. ફરમાવે છે કે: "જે માણસના મોઢા ઉપર વખાણ કર્યા તે જાણે તેના ગળા ઉપર છરી ફેરવી."

પીઠ પાછળ માણસની સારી સિફતો અને તેની ખૂબીઓ બયાન કરવી જોઈએ જેથી બીજાઓને પણ નેકીઓ અને ખૂબીઓ કરવામાં હિંમત મળે.

હિકમત ૩૪૮

સૌથી ખરાબ ગુનાહ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સૌથી ખરાબ ગુનાહ એ છે કે ગુનાહ કરનાર જે ગુનાહને મામૂલી સમજે."

ઇમામ અલી અ.સ. આ બયાનમાં ગુનાહ કરવાની લોકોમાં આદત કેવી રીતે આવે છે તેના મૂળ તરફ ધ્યાન દોર્યું છે અને ગુનેહગારને બતાવ્યું છે

કે જે ગુનાહને મામૂલી અથવા નાનો સમજવામાં આવે તે ગુનાહ બહુ જ ખરાબ અને સખત છે કેમકે જ્યારે કોઈ માણસ ગુનાહને મામૂલી સમજવા લાગે તે અહિસ્તા અહિસ્તા મોટા મોટા ગુનાહો કરવા લાગે છે અને પછી તે પોતાને ગુનાહથી નથી રોકી શકતો. અને તેની નજરમાં ગુનાહ મામૂલી હોવાના લીધે તેને વારંવાર કરવા લાગે છે અને એક દિવસ એવો આવે છે કે તેને ગુનાહની આદત થઈ જાય છે અને તેમાં પૂરી રીતે ડૂબાઈ જાય છે ત્યારે તેના ઉપર દુનિયા અને આખેરતમાં અઝાબ આવાનું ચાલુ થઈ જાય છે.

જો વિચાર કરીએ તો કોઈ પણ ગુનાહ નાનો નથી હોતો કેમકે

ગુનેહગાર અલ્લાહના હુકમનો વિરોધ કરે છે. અલ્લાહ જે બુઝુર્ગ અને મહાન છે તેની નાફરમાની કરી રહ્યો છે. અલ્લાહની નાફરમાની કરવી કોઈ નાની વાત નથી.

બીજું કે જ્યારે કોઈ ગુનાહને મોટો સમજશે તો ગુનાહ ઓછા કરશે તેનાથી બચવાની કોશિશ કરશે. જે રીતે અગર કોઈ એમ કહે કે: "ફલાણા દુશ્મનને હું કોઈ એહમિયત નથી આપતો અને બીજો જે મારો દુશ્મન છે તેનાથી ચેતીને રહું છું." એનો મતલબ છે કે જેને એહમિયત નથી આપતો તેના હુમલાથી પણ ગાફિલ બની જાય છે અને જ્યારે તે હુમલો કરે ત્યારે તેનાથી બચવું

મુશ્કિલ થઈ જાય છે. અને જેનાથી ચેતીને રહે છે તેની હાલચાલ તરફ નજર રાખે છે અને જો તે હુમલો કરવાનો હોય તો તેના હુમલાનો જવાબ આપવા માટે પોતાની હોશિયારી અને શક્તિ ભેગી કરે છે. તો ઇમામે જે ફરમાવ્યું છે કે સૌથી ખરાબ ગુનાહ એ છે કે તેને હલકો યા મામૂલી સમજવું છે. એટલે કયા સમયે તમે ગાફિલ બનીને ગુનાહમાં ડૂબાઈ ગયા હોય અને ત્યારે જ તમને અઝાબે દોઝખ તરફ ખેંચીને લઈ જવાય કે તમને ખબર પણ ન પડે.

ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે: "નાના ગુનાહોથી બચો કેમકે તે ગુનાહ માફ નહીં

થાય." પૂછનારે પૂછ્યું કે: "તે કયા ગુનાહ છે?"

ફરમાવ્યું કે: "કોઈ ગુનાહ કરીને કહે કે ખુશીની વાત છે કે મારો તો આના સિવાય બીજો કોઈ ગુનાહ નથી."

આવું કહેવું એટલે અલ્લાહના હુકમને હલકો ગણવું છે અને આ પ્રકારના ગુનાહ માફ નહીં થાય.

ઇમામ મુસા કાઝિમ અ.સ. ફરમાવે છે: "જો તમે વધારે નેકીઓ અંજામ આપી હોય તો તેને ઓછી ગણો અને જો ઓછા ગુનાહ થયા હોય તો પણ તેને વધારે સમજો; કેમકે થોડા થોડા કરીને ગુનાહનો ઢગલો થઈ જાય છે અને એકલા હોય ત્યારે પણ ગુનાહ કરવાથી

બચો કેમકે ઇન્સાફ કરતી વખતે તમારા વિષે ખાસ ધ્યાન આપવામાં આવે."

કોઈ પણ નાની નેકીને નાની સમજીને છોડી ન આપો. બની શકે છે તે નેકી તમારી કામયાબી માટે પૂરતી હોય અને કોઈ પણ ગુનાહને નાના સમજીને અંજામ ન આપો. બની શકે છે બરબાદી માટે તે ગુનાહ તમારા માટે કાફી હોય.

હિકમત ૩૪૯

સારા અને ખરાબ ગુણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે પોતાની ખામીઓ તરફ નજર કરશે તે બીજાની ખામીઓ નહીં કાઢે; જે અલ્લાહની આપેલી રોઝી પર રાજી રહેશે તેના પાસેથી જો ચાલ્યું જશે તો પણ તેના પર અફસોસ નહીં

કરે; જે ઝુલ્મની તલવાર કાઢશે અંતમાં તે તેનાથી જ કત્લ થશે; જે (આયોજન વગર) સખત કામ અંજામ આપશે તે બરબાદ થઈ જશે; જે પોતાને ખતરનાક ભમરીમાં નાખશે તે ડૂબી જશે; જે બદનામીની જગ્યાએ જશે તે બદનામ થશે."

"જે વધારે બોલશે તેનાથી વધારે ભૂલો થશે; અને જેની ભૂલો વધુ હશે તેમાં હયા ઓછી થઈ જશે; અને જેમાં હયા ઓછી હશે તેની પાસે તકવા ઓછો હશે; જેના પાસે તકવા ઓછો હશે તેનું દિલ મુર્દા બની જાય છે અને જેનું દિલ મુર્દા હોય તે જહન્નમમાં દાખલ થશે."

જેને લોકોની બુરી આદતો ખરાબ લાગે પરંતુ તે જ આદતો

પોતાના માટે સારી ગણે તો તે હકીકતમાં પાગલ છે.

સંતોષ ખતમ ન થનાર મૂડી છે.

જે મોતને વધારે યાદ કરે છે તે દુનિયાના થોડા માલથી પણ ખુશ રહે છે.

જે જાણે છે કે તેનું બોલવું પણ તેના અમલનો એક ભાગ છે તે કામની વાતો સિવાય વાત નથી કરતો.

ઇમામ અ.સ. આ હિકમતમાં અગિયાર નસીહતો ફરમાવી છે:

૧. જે પોતાની ખામીઓ તરફ નજર કરશે તે બીજાની ખામીઓ નહીં કાઢે.

બેશક આ દુનિયામાં માસૂમો સિવાય બધાથી નાની મોટી ભૂલો

થતી હોય છે, કોઈને કોઈ ખામી હોય છે. અક્કલમંદ બીજાની ભૂલો તરફ નજર કરવાના બદલે પોતાની ભૂલોને સુધારવામાં પોતાને મશગુલ રાખે છે; અને જેમાં ભૂલ અને ખરાબી હોય તે કેવી રીતે બીજા તરફ તે વિષે આંગળી ચિંધી શકે? તો બીજાઓની ઐબને લોકોના સામે બયાન કરવા કરતાં બીજાઓમાં જે સારી વસ્તુઓ છે તેને બયાન કરવી અને સારી આદતોના વખાણ કરવા જોઈએ.

ઇમામ અલી અ.સ. એક હદીસમાં ફરમાવે છે કે: "અક્કલમંદ માણસ તે છે જે પોતાની ખામીઓને જોવે અને બીજાઓની ખામીઓ જોવાથી આંધળો બની જાય."

(એટલે તેના પાસે બીજાની ભૂલો માટે સમય જ નથી હોતો.)

૨. જે અલ્લાહે રોઝી આપી છે તેના પર ખુશ રહે અને જે માલ હાથથી ચાલ્યો ગયો છે તેના પર અફ્સોસ ન કરે.

ઘણા લોકો એવા છે જ્યારે તેમને ખુદાની રોઝી મળતી રહે ત્યારે ખુશ હોય છે પોતાને સંતોષી કહે છે પરંતુ જો કોઈ કારણસર માલો દૌલત હાથથી ચાલ્યો જાય તો એટલો અફ્સોસ કરે છે કે તેમને જિંદગી જીવવી મહેનત પડે છે અને ગમમાં જ પડ્યા હોય છે. ઇમામ અહીંયા બયાન કરે છે કે બંને તરફ્થી ઇન્સાનને ખુશ અને સંતોષી રહેવું જોઈએ જો હાથથી ચાલ્યો જાય તો

એમ સમજવું કે મારા નસીબનું નહીં હોય...

૩. જે ઝુલ્મની તલવાર કાઢશે અંતમાં તે તેનાથી જ કત્લ થશે.

આપણે જોયું છે કે ઘણી વખત પોતાની મક્કારીથી ઝાલિમ બીજા ઉપર ઝુલ્મ કરવા માટે ચાલ રમતો હોય છે અંતમાં એવી જ ચાલમાં ફસાઈને મોતને ભેટી પડતો હોય છે. ઝાલિમ ગમે તે ચાલો રમે પરંતુ એક દિવસ જરૂર તેનો અંત થાય છે.

ઇમામ અલી અ.સ.ની બીજી જગ્યાએ હદીસ મળે છે કે: "જે માણસ બીજા માટે કૂવો ખોદે છે તે પોતે જ તેમાં પડે છે."

૪. જે (આયોજન વગર) સખત કામ અંજામ આપશે તે બરબાદ થઈ જશે.

આમાં બે વસ્તુ છે કે જો કોઈ તૈયારી વગર અઘરું કામ કરશે તેના વિષે કોઈ માહિતી નહીં હોય, તેના નફા નુકસાનને નહીં જાણતો હોય તો તે હલાક થવાનો જ છે. બીજો અર્થ એ પણ થાય છે કે જ્યારે આપણને પહેલાથી જાણકારી હોય કે કામ અઘરું છે અને આપણાથી નહીં થાય તો તેમાં જબરદસ્તી ન કરવી જોઈએ તે કામને છોડી દેવું અથવા જે જાણતું હોય તેને સોંપવું યા તેનાથી મદદ લેવી જોઈએ.

૫. જે પોતાને ખતરનાક ભમરીમાં નાખશે તે ડૂબી જશે.

જેને દરિયામાં તરતા ન આવડે તેને ખતરનાક ભમરીમાં દાખલ ન થવું જોઈએ. જેને કોઈ કામ ન આવડતું હોય તો શીખ્યા વગર ન જવું જોઈએ નહીં તો નુકસાન થશે. જે મૂડી છે તે પણ ચાલી જશે. જે ઇઝ્ઝત છે તે પણ ચાલી જશે...

૬. જે માણસ બદનામ જગ્યાએ જશે તે બદનામ થશે.

શરીફ અને નેક માણસ જો દારૂના અડ્ડા પર જશે તો એક દિવસ આવશે કે લોકો તેના વિષે ખોટા વિચારો કરવા લાગશે અને તોહમત નાખી દેશે; અને તે નેક માણસ બદનામ થઈ જશે.

શાયર કહે છે કે: "બદ કી સોહબતમે મત બયઠો બદ અચ્છા બદનામ બુરા."

ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે: "શકની જગ્યા પર જવાથી બચો. તમારામાંથી કોઈ પણ રસ્તામાં પોતાની માઁથી પણ ઊભા ઊભા વાત ન કરે કેમકે લોકોને નથી ખબર કે તે તમારી માઁ છે." (જોવાવાળા ખોટો વિચાર કરી શકે છે તેથી તેનાથી બચો).

૭. જે વધારે બોલશે તેનાથી વધારે ભૂલો થશે; અને જેની ભૂલો વધુ હશે તેમાં હયા ઓછી થઈ જશે; અને જેમાં હયા ઓછી હશે તેની પાસે તકવા ઓછો હશે; જેના પાસે તકવા ઓછો હશે તેનું દિલ મુર્દા

બની જાય છે અને જેનું દિલ મુર્દા હોય તે જહન્નમમાં દાખલ થશે.

કેમકે જે વધારે બોલતો હશે તે વિચાર્યા વિના બોલશે એટલે તેની વાતોમાં ઘણી ભૂલો થવાની જ છે.

જ્યારે કોઈની ભૂલો વધુ હશે તો ગુનાહ વધવા લાગશે અને તેમાં તેની હયા ઓછી થઈ જશે અને ગુનાહ જેમ જેમ વધશે તેમ તેમ તે ગુનાહ કરવામાં કોઈથી નહીં શરમાય અને કોઈની પરવાહ નહીં રહે. તો જે વારંવાર ગુનાહો કરતો હોય તેના પાસે તકવા રહેવાનો જ નથી.

દિલનું જીવતું રહેવું મતલબ કે પોતાની જવાબદારીઓ અલ્લાહ, રસૂલ અને આલે રસૂલ તેમજ લોકો પ્રત્યે પૂરી કરવામાં છે અને જ્યારે

દિલ મુર્દા બની જાય છે તો જવાબદારીઓનો એહસાસ નથી થતો અને કોઈની પરવાહ કર્યા વગર ગુનાહ કરતો રહે છે.

દિલ મુર્દા બની જાય તો તેના માટે દોઝખની આગ છે આ મંઝિલ સૌથી છેલ્લે આવે છે કે જ્યારે કોઈ વસ્તુ અસર ન કરે.

૮. જેને લોકોની આદતો ખરાબ લાગે પરંતુ તે જ આદતો પોતાના માટે સારી ગણે તો તે હકીકતમાં પાગલ છે.

જેમ કે પોતે કોઈ બીજાનો માલ હડપ કરે તો તેને સારું લાગે અને પોતાનો કોઈ માલ હડપ કરી લે તો તેના વિષે ખરાબ બોલવા લાગે ફરિયાદ કરવા લાગે કે: "આ

મુસલમાન નથી...." જો બીજો માલ લઈ લે તો ગૈર મુસલમાન બની જાય અને પોતે બીજાનો હક હડપ કરે તો પાક્કો મુસલમાન!!

જે વસ્તુ બીજા માટે ખરાબ હોય તો પોતાના માટે પણ ખરાબ હોવું જોઈએ.

૯. સંતોષ ખતમ ન થનાર મૂડી છે.

ગુજરાતીમાં પણ કહેવાય છે: "સંતોષી નર સદા સુખી" અને તે હદીસથી મેળ ખાય છે. સંતોષ કરનાર અને ખોટા ખર્ચા ન કરનાર ક્યારે પણ જિંદગીમાં પરેશાન નથી થતા. તે લોકો ઓછામાં અને વધારે બંનેમાં સુકૂન સાથે જિંદગી જીવે છે.

નબી સ.અ.વ. ફરમાવે છે: "મારી ઉમ્મતના સારા લોકો સંતોષી છે અને ખરાબ લોકો લાલચું છે."

૧૦. જે મોતને વધારે યાદ કરે છે તે થોડી દુનિયાથી પણ ખુશ રહે છે.

જે મોતને ભૂલી જાય છે તે આ જિંદગીને હંમેશા માટે રહેવાની જગ્યા સમજે છે. તે બસ માલ જમા કરવામાં જ લાગેલો હોય છે તે એવો લાલચું બની જાય છે કે જો તેને પૂરી દુનિયા પણ આપી દેવામાં આવે તો પણ તેનું મન નથી ભરાતું અને ઓછી લાગે છે.

અને જે મોતને યાદ કરે છે તે દુનિયાની રંગીનીઓથી દૂર રહેશે;

પોતાની ખુશી કરતાં અલ્લાહની ખુશીને વધારે એહમિયત આપશે.

૧૧. જે જાણે છે કે તેનું બોલવું પણ તેના અમલનો એક ભાગ છે તે કામની વાતો સિવાય વાત નથી કરતો.

કુરઆન મજીદમાં અલ્લાહ ફરમાવે છે: "જે શબ્દો ઝબાનથી નીકળે છે તેને સાચવીને રાખવામાં આવે છે."

જો આ આયત મોમિનના સામે હોય તો બોલવા પહેલા વિચાર કરશે. જો કોઈ માણસ શબ્દો કે કામની રેકોર્ડિંગ કરી રહ્યું હોય તો બોલવામાં અને કામકાજ કરવામાં ધ્યાન રાખે છે. તો આપણા શબ્દો અને કામોની ફરિશ્તાઓ તરફથી

ફિલ્મ રેકોર્ડ કરવામાં આવી રહી છે. દરેક વસ્તુને સાચવવામાં આવે છે તો શું આ દરેક વસ્તુઓનો જવાબ આપવાની તાકાત છે?

યાદ રાખવું જોઈએ કે ઝબાન એટલે બોલવું એવી ચાવી છે જેનાથી નેક બની શકાય છે અને ખરાબ પણ બની શકે છે.

હિકમત ૩૫૦

ઝાલિમની નિશાનીઓ

હ. ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ઝુલ્મ કરનારની ત્રણ નિશાનીઓ છે:

૧. પોતાનાથી ઉપરવાળાની નાફરમાની કરીને ઝુલ્મ કરે.

૨. પોતાનાથી નીચેવાળા પર જબરદસ્તી કરીને ઝુલ્મ કરે.

૩. ઝાલિમની મદદ કરીને ઝુલ્મ કરે.

ઇમામ અલી અ.સ. ટૂંકમાં ઝાલિમની નિશાનીઓ બયાન કરી છે. હવે જ્યારે જોવું હોય કે કોણ ઝાલિમ છે તો આ ત્રણ નિશાનીઓ તરફ નજર કરવાથી જવાબ મળી જશે.

ઇમામ અ.સ. આ હિકમતમાં એ બતાવી આપ્યું કે ઝાલિમ ફકત એ જ નથી કે જે કોઈનો હક ખાઈ જાય; બલ્કે તે સિવાય પણ ઝાલિમ હોય છે તે માટે ઇમામ અ.સ. ઝાલિમની ત્રણ નિશાનીઓ બતાવી છે:

૧. જે પોતાના ઉપરવાળાની નાફરમાની કરે.

આવા માણસને લોકો ગુનેહગાર સમજે છે પરંતુ સાથે તે ઝાલિમ પણ

કહેવાય છે. જેમ કે અલ્લાહનો હુકમ માનવો જરૂરી છે પરંતુ કોઈ હુકમ ન માને તો તે ગુનેહગાર સાથે ઝાલિમ પણ છે; માઁ-બાપની નાફરમાની કરવી પણ ઝુલ્મ છે; આદિલ હાકિમનો હુકમ ન માનવો પણ ઝુલ્મ છે; ઇમામે માસૂમ અ.સ.ની નાફરમાની પણ ઝુલ્મ છે....

૨. જે પોતાના હાથ નીચે હોય તેમના ઉપર ઝુલ્મ કરે.

જેના હેઠળ રહેતા હોય તેમના હકને ન આપવો, તેમના સાથે અન્યાય કરવો, તેમની તકલીફનો ખયાલ ન રાખવો, હદ ઉપરાંત તેમનાથી કામ લેવું, તેમની ખિદમતની કદર ન કરવી, અહીંયા સુધી કે તેમની મોત પછી પણ તેમને

યાદ ન કરવું... આ બધું ઝુલ્મમાં ગણાય છે.

૩. ઝાલિમોની મદદ કરવી.

ઝાલિમોની મદદને ઇસ્લામમાં મોટા ગુનાહોમાં ગણવામાં આવે છે. ઝાલિમોને ઝુલ્મ કરવાની હિંમત એટલા માટે વધે છે કે તેમની મદદ માટે તેમજ સાથ આપવા માટે સાથીઓ મળી જાય છે.

રિવાયતમાં ઝાલિમનો સાથ આપનારની ઘણી મઝમ્મત કરવામાં આવી છે. રિવાયતમાં છે: "જ્યારે કયામત આવશે તો અવાજ આપનાર અવાજ આપશે કે: 'ક્યા છે ઝુલ્મ કરનારા, તેમની મદદ કરનારા અને તેમના સાથીઓ?' અને તે લોકો જે પેનને લખવા માટે તૈયાર કરી હોય

અથવા ઝુલ્મનો ફતવો લખવા માટે ખડિયામાં સાહી રાખી હોય, તે સૌને એક લોખંડના તાબૂતમાં રાખીને દોઝખમાં ફેંકવામાં આવશે."

નબી સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે: "અગર કોઈ ઘરેથી ઝાલિમની મદદ કરવા માટે નીકળે અને તે જાણતો હોય કે તે ઝાલિમ છે તો તે દીને ઇસ્લામથી નીકળી જાય છે."

ટૂંકમાં કહીએ તો ઝાલિમ અને તેનો સાથ દેવાવાળા કયામતમાં બહુ જ પછતાશે. ઝાલિમ બનવાથી બચવા દરેક પ્રકારના ઝુલ્મથી બચવું જોઈએ.